મોહનલાલ પટેલ



# અમૃતપર્વ

# મોહનલાલ પટેલ અમૃતપર્વ


સંપાદક
મણિભાઈ પ્રજાપતિ
પરામર્શક
ભોળાભાઈ પટેલ
રઘુવીર ચૌધરી



રંગદ્વાર પ્રકાશન
માણસા, અમદાવાદ

**Mohanlal Patel Amrutparv**
Collection of articles on Mohanlal Patel
by Manibhai Prajapati, 2001

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૧

પ્રત : ૧૦૦૦

મૂલ્ય : રૂ. ૧૦૦=૦૦

પ્રકાશક : શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ વતી
**સુનીતા ચૌધરી**
રંગદ્વાર પ્રકાશન
૧૫, યુનિવર્સિટી પ્લાઝા,
દાદાસાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯

ટાઈપ સેટિંગ : **રંગદ્વાર પ્રકાશન**
૧૫, યુનિવર્સિટી પ્લાઝા,
દાદાસાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯

મુદ્રક : **ચંદ્રિકા પ્રિન્ટરી**
મિરઝાપુર રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪

# શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ

### સલાહકાર

ડૉ. બળવંત જાની
કુલપતિ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

### અધ્યક્ષ

શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક

### સ્થાયી સમિતિ

શ્રી માણેકલાલ પટેલ (અધ્યક્ષ)
શ્રી ભોળાભાઈ પટેલ (ઉપાધ્યક્ષ)
શ્રી અનિલભાઈ પટેલ (સભ્ય)
શ્રી એન. કે. પટેલ (સભ્ય)
શ્રી જી. જી. પટેલ (સભ્ય)
શ્રી બિપીનચંદ્ર પટેલ (સભ્ય)
ડૉ. ભોળાભાઈ પટેલ (સભ્ય)
ડૉ. રઘુવીર ચૌધરી (સભ્ય)
શ્રી મોઘજીભાઈ દેસાઈ (સભ્ય)
શ્રી મુકુન્દભાઈ બ્રહ્મક્ષત્રિય (સભ્ય)
શ્રી મણિભાઈ પ્રજાપતિ (સંયોજક)

### અમૃતપર્વ સમિતિ

શ્રી અમૃતલાલ ના. પટેલ
શ્રી આર. કે. પટેલ
શ્રી એન.બી. પટેલ
શ્રી એમ. આઈ. પટેલ
ડૉ. કનુભાઈ ડી. પટેલ
શ્રી કાનજીભાઈ વી. પટેલ
શ્રી કે. સી. પટેલ
શ્રી ગણેશભાઈ પટેલ

શ્રી ગોપાળદાસ ઘીવાળા
શ્રી જયંતિભાઈ પ્ર. પટેલ
શ્રી જેઠાભાઈ ટી. પટેલ
શ્રી જોઈતાભાઈ શિ. પટેલ
શ્રીમતી જ્યોત્સ્નાબેન પટેલ
પ્રિ. ડાહ્યાભાઈ પટેલ
ડૉ. ડાહ્યાલાલ છાટબાર
પ્રા. તુલસીભાઈ પટેલ
શ્રી તુલસીભાઈ જે. પટેલ
ડૉ. દિગીશ મહેતા
શ્રી દિલીપ રૉય
શ્રી નરોત્તમભાઈ જો. પટેલ
શ્રી નરોત્તમભાઈ આઈ. પટેલ
શ્રી નરેન્દ્રભાઈ ગાંધી
પ્રા. નવનીતભાઈ શાહ
ડૉ. પી. જી. પટેલ
શ્રી ભગવત સુથાર
ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ
શ્રી મનસુખભાઈ ના. પટેલ
શ્રી મનુભાઈ પટેલ
શ્રી મહેન્દ્રભાઈ પી. ખમાર
શ્રી મોહનભાઈ પટેલ (ધારાસભ્ય)
શ્રી મંગુભાઈ શં. પટેલ
શ્રી યશવંત કડીકર
શ્રી રજની શાહ
શ્રી રતિલાલ નાયક
શ્રી રમેશ ત્રિવેદી
કુ. રશ્મિબેન શાહ
શ્રી રામજીભાઈ કડિયા
ડૉ. રામભાઈ એમ. પટેલ
ડૉ. સી. કે. પટેલ
ડૉ. સોમભાઈ પટેલ

# અમૃતપર્વની વંદના

શ્રી મોહનભાઈ પટેલે ઉત્તર ગુજરાતની જાણીતી કેળવણી સંસ્થા સર્વ વિદ્યાલય અને સંલગ્ન છાત્રાલયમાં ૩૫ વર્ષ સુધી સેવાઓ આપીને એક નિષ્ઠાવાન શિક્ષક અને આદર્શ ગૃહપતિ તરીકે વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું. એમણે આચાર્યપદે રહીને સંસ્થાની પરંપરાઓને સુરક્ષિત રાખીને સંસ્થાની પ્રતિષ્ઠામાં વધારો કર્યો. બાળકોના ચારિત્ર્યનું ઘડતર એ એમનું લક્ષ્ય. આપણા ચિંતક-મનીષી કવિ ઉમાશંકર જોશીએ શ્રી મોહનભાઈ પટેલને એક નિષ્ઠાવાન શિક્ષક તથા આચાર્ય તરીકે જાહેરમાં બિરદાવતાં કહેલું કે, ''મોહનભાઈ એક અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઉછરતાં બાળકો વચ્ચે જઈને તેઓ બેઠા છે.'' આ જ બાબતને ધ્યાનમાં લેતાં શ્રી રઘુવીરભાઈએ નોંધ્યું છે કે, ''મોહનભાઈની સાહિત્યિક કૃતિઓ ઉત્તર ગુજરાતના ભાવકોને પહોંચી છે એથી વધુ એમની શૈક્ષણિક સેવાઓ પહોંચી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી... ગૃહપતિ તરીકે લોકપ્રિય રહેવું અઘરું, આચાર્ય તરીકે લોકપ્રિય રહેવું એથીય અઘરું, પણ મોહનભાઈની લોકપ્રિયતામાં કદી ઓટ આવી નથી.'' તેમણે પોતાના કાર્યકાળ દરમ્યાન કડીમાં 'સાહિત્ય વર્તુળ'ની સ્થાપના કરી ઘણા વિદ્યાર્થીઓને સાહિત્યનું ઘેલું લગાડ્યું, સાહિત્યમાં રસ લેતા કર્યા અને લખતા કર્યા. બીજા શબ્દોમાં કહીએ તો, કડીની સારસ્વત ચેતનાનો પ્રાણ બની રહ્યા. એક શિક્ષકનું આથી મોટું પ્રદાન કયું હોઈ શકે? તેમના વિદ્યાર્થી રહી ચૂકેલ આપણા નિબંધકાર, પ્રવાસલેખક અને વિવેચક ડૉ. ભોળાભાઈ પટેલે પોતાનાં સંસ્મરણો રજૂ કરતાં નોંધ્યું છે કે, ''મોહનલાલ પટેલ અમદાવાદથી નવા સાહેબ આવ્યા. એમની સાથે મોપાસાં, ચેખોવ, ઓ હેન્રીનું વાર્તાજગત, બ્રાઉનિંગના મોનોલોગ્ઝ, શરદબાબુ અને ખાંડેકરનું જગત આવ્યું. નખશિખ સજ્જન — 'થેન્ક્સ' અને 'સૉરી' બોલતાં એમણે શિખવાડ્યું.. પેન્ટ-શર્ટ પહેરનાર સાહેબે લેંઘો-ઝભ્ભો અપનાવી લીધો તે આજ સુધી. આચારવાન આચાર્ય કોઈ છોકરાને 'તું' ન કહે 'તમે' જ કહે. એમણે લખતાં શીખવ્યું. સાહિત્યને પરખવાની આંખ આપી.''

આવા એક સંનિષ્ઠ કેળવણીકાર અને અભિજાત માનવને સન્માનવાનો ઉમળકો સૌને જાગે એ સ્વાભાવિક છે. શ્રી મોહનભાઈના ૭૫મા વર્ષમાં પ્રવેશ વખતે કેટલાક મિત્રોને એમનું અમૃતપર્વ ઊજવવાનો એક વિચાર સ્ફુર્યો. મોહનભાઈનાં એક સમયના વિદ્યાર્થી અને હાલ ગુજરાત સાહિત્ય અકાદમીના

પ્રમુખ ડૉ. ભોળાભાઈ પટેલ તેમજ ગુજરાત યુનિવર્સિટી હૉસ્ટેલમાં શ્રી મોહનભાઈના એક વખતના સહનિવાસી અને હાલ ગુજરાતી સાહિત્ય પરિષદના વરાયેલા પ્રમુખ ડૉ. રઘુવીર ચૌધરીએ આ વિચારને સહર્ષ વધાવી લીધો એટલું જ નહીં પણ આ પ્રવૃત્તિમાં સહભાગી બન્યા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર તેમજ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી — આ બંને સંસ્થાઓને પોતાના જ એક શિક્ષક, ગૃહપતિ, આચાર્ય અને કાર્યકરનું આવું સન્માન થતું હોવાના કારણે આ ઉત્સવને પોતાનો ગણીને પ્રોત્સાહન આપ્યું એટલું જ નહીં, સંસ્થાના ચૅરમેન શ્રી માણેકલાલ મા. પટેલે આ ઉત્સવ નિમિત્તે થનાર ખર્ચ માટે જરૂરી ભંડોળ એકઠું કરી આપવાની સૌથી મોટી જવાબદારી સ્વીકારી લઈને અમને ઉત્સવની તૈયારીઓ માટે પ્રોત્સાહન આપ્યું.

આ પર્વની ઉજવણી નિમિત્તે અમારી નજર સમક્ષ ત્રણ લક્ષ્ય હતાં.

૧. શ્રી મોહનભાઈના સમગ્ર સાહિત્ય સર્જનને મૂલવતો એક અધ્યયનગ્રંથ પ્રગટ કરવો.
૨. શ્રી મોહનભાઈના વિદ્યાર્થીઓ, મિત્રો અને એમના સંપર્કમાં આવેલા મહાનુભાવો પાસેથી સંસ્મરણ-લેખો મેળવી સ્મરણિકારૂપે એક ગ્રંથ પ્રગટ કરવો.
૩. એમના નામથી એક અખિલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા શરૂ કરવી.

વ્યાખ્યાનમાળા ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજાય તો એને વધારે ગૌરવ પ્રાપ્ત થાય તે હેતુથી એ પ્રકારની વિનંતી કરવા અમે યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. બળવંતભાઈ જાનીને મળ્યા. એમણે આ પ્રવૃત્તિને શિક્ષણનું એક ઉત્તમ કાર્ય ગણીને આવકાર આપ્યો અને પોતાના સંપૂર્ણ સહકારની ખાતરી આપી.

આ પછી અમે અધ્યયનગ્રંથ અને સ્મરણિકાની તૈયારીઓ આરંભી દીધી. અધ્યયનગ્રંથની તૈયારી રૂપે શ્રી મોહનભાઈના સર્જનથી પરિચિત હોય એવા વિવેચકોને શ્રી મોહનભાઈની કૃતિઓને મૂલવતા વિવેચન લેખો માટે વિનંતીપત્રો લખ્યા. વિનંતીને સારો આવકાર મળ્યો અને કામ વેગથી ચાલવા લાગ્યું. અધ્યયનગ્રંથની તુલનામાં લેખ સામગ્રી મેળવવા માટે સ્મરણિકાનું કાર્ય કંઈક અંશે કઠિન હતું. અધ્યયનગ્રંથના સંપાદન માટે જેમનો સંપર્ક સાધવાનો હતો એ વિવેચકોની સંખ્યા મર્યાદિત હતી. એટલે એમનો સંપર્ક સહેલાઈથી થઈ શકે એમ હતો. જ્યારે સ્મરણિકા માટે જેમની પાસેથી લેખ મેળવવાના હતા એવા શ્રી મોહનભાઈના વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી મોટી હતી. એ વિદ્યાર્થીઓ દેશના દૂર દૂરના ખૂણે અને પરદેશ સુધી પણ વિસ્તરેલા હતા. આ વિદ્યાર્થીઓ હવે શાળામાં એમના નોંધાયેલા સરનામે ભાગ્યે જ હોય એવું બનવા સંભવ હતો. આ બધા વિદ્યાર્થીઓના સંપર્કનું કામ અઘરું હતું. વળી, જે વિદ્યાર્થીઓનો સંપર્ક સાધી

શકાયો એ બધા વિદ્યાર્થીઓ શ્રી મોહનભાઈ માટે પારાવાર પ્રેમ ધરાવતા હોય પણ એ સઘળાંને લેખનની ફાવટ ન પણ હોય. કહેવા ઘણું ઈચ્છે, પણ લખી ન શકે. શ્રી મોહનભાઈના મત પ્રમાણે એમના વિષે ઘણું કરી શકે એવા મિત્રોમાંથી તો હવે ઘણા બધા વિદેહ થઈ ચૂક્યા છે. અને એમના સાથી કાર્યકરો પણ ઘણાં વર્ષોથી છૂટા પડી ગયા છે. અત્યારે એક બીજા વચ્ચે કોઈ સંપર્ક નથી. આ સ્મરણિકા માટે લેખો મેળવવા માટે ઘણી અડચણો હતી. છતાં, જોઈ શકાશે કે સારી એવી સંખ્યામાં લેખો પ્રાપ્ત થઈ શક્યા છે. એમાં આલેખાયેલી વિગતો હૈયાની વાણીરૂપ હોઈ એમાં ચીલાચાલુ ઔપચારિકતા કે એક જ સૂરનો ગુંજારવ નથી. પણ પ્રત્યેક લેખની આગવી અભિવ્યક્તિ છે.

અમૃતપર્વ અંગેની સઘળી પ્રવૃત્તિને ધારણા પ્રમાણે આકાર આપીને વેગ આપવામાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ માનનીય શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, વર્તમાન કુલપતિશ્રી ડૉ. બળવંતભાઈ જાની, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમેન શ્રી માણેકલાલ મા. પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ ડૉ. ભોળાભાઈ પટેલ, ગુજરાતી સાહિત્ય પરિષદના વરાયેલા પ્રમુખ ડૉ. રઘુવીરભાઈ ચૌધરીની પરામર્શક તરીકે અમૂલ્ય સેવા મળી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી, શ્રી માણેકલાલ મા. પટેલ, શ્રી આર. કે. પટેલ અને મિત્રો (યુ.એસ.એ.) શ્રી ભોળાભાઈ પટેલ (વિસનગર), શ્રી નરોત્તમભાઈ ટી. પટેલ (સુરત અને ગાંધીનગર), શ્રી એન. આઈ. પટેલ અને ભાઈઓ (સુરત), શ્રી એન. કે. પટેલ (અમદાવાદ), શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) વગેરે મહાનુભાવો આ યોજના પાર પાડવા માટે મુખ્ય આધારરૂપ બન્યા. આ ઉપરાંત શ્રી મોહનભાઈના ઘણા બધા વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોએ પોતાનો શુભેચ્છા ફાળો મોકલીને આર્થિક સહાય કરી. કેટલાક દાતાઓએ એમના ઉદ્યોગધંધા માટે સ્મરણિકામાં વિજ્ઞાપન આપીને આર્થિક સહાય કરી.

સ્મરણિકા માટે સ્નેહીઓ, મિત્રો, શુભેચ્છકો અને શ્રી મોહનભાઈના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અમૃતપર્વ સમિતિની વિનંતીને માન આપીને સ્મરણ લેખો મોકલીને સ્મરણિકાનું પ્રકાશન શક્ય બનાવ્યું. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. બળવંતભાઈ જાની અને કુલસચિવશ્રી ભરતભાઈ શાહે મને આ કાર્યમાં સતત પ્રોત્સાહિત કર્યો છે, જેની નોંધ લેતાં ગર્વ અનુભવું છું. અમૃતપર્વની ઉજવણી સંબંધી ટાઇપની સઘળી કામગીરી સહર્ષ, ઉપાડી લેવા માટે યુનિવર્સિટી ગ્રંથાલયના ટાઈપિસ્ટ શ્રી નરેન્દ્રકુમાર મહેતાનો તથા આ સંબંધી અનેકવિધ કાર્યો માટે ગ્રંથાલયના મારા સાથી મિત્રોનો આભારી છું.

એક અથવા બીજા સ્વરૂપે કે હેસિયતથી અમૃતપર્વના સંકલ્પને ઉજ્જ્વળ રીતે સફળ બનાવવામાં સહાય કરનાર ઉપરોક્ત મહાનુભાવો અને સંસ્થાઓનો

અમૃતપર્વ સમિતિ વતી હૃદયપૂર્વકનો આભાર માનું છું. આ તબક્કે આપણે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થીએ કે મુ. શ્રી. મોહનભાઈનું શેષ જીવન નિરામય નીવડે અને ગુજરાતના સંસ્કાર જીવનને પોષક એવા ઉત્તમોત્તમ ગ્રંથોના સર્જનની શક્તિ અર્પે.

પાટણ
તા. ૧૦-૧૨-૦૧

**મણિભાઈ પ્રજાપતિ**

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧ | અમૃતપર્વની વંદના | મણિભાઈ પ્રજાપતિ | ૫ |
| ૨ | એ કોણ?* | રશ્મિભિક્ષુ | ૧૨ |
| ૩ | વિદ્યા અને વિનયનો સંગમ | કુલીનચંદ્ર યાજ્ઞિક | ૧૩ |
| ૪ | વિદ્યાર્થીપ્રિય આચાર્ય | માણેકલાલ પટેલ | ૧૫ |
| ૫ | મોહનભાઈ પટેલ : એક કેળવણીકાર | મનુભાઈ જે. પટેલ | ૨૦ |
| ૬ | કડીની સાહિત્યિક અને સારસ્વત ચેતનાના પ્રાણસમા — શ્રી મોહનલાલ પટેલ | રામજીભાઈ કડિયા | ૨૯ |
| ૭ | Tribute to and Memories about Mohanlal B. Patel | **Chhaganbhai K. Patel** | ૩૫ |
| ૮ | મને સાંભરે રે... | અનામી | ૩૭ |
| ૯ | એક સર્જકનું દર્શન | આર. એસ. ત્રિવેદી | ૪૧ |
| ૧૦ | લઘુકથાના વિનમ્ર આચાર્ય | રાધેશ્યામ શર્મા | ૪૫ |
| ૧૧ | શ્રી મોહનભાઈ પટેલ — એક પ્રશાન્ત વ્યક્તિત્વ | પ્રો. નવનીત શાહ | ૪૯ |
| ૧૨ | નમ્રતાની મૂર્તિ મોહનભાઈ પટેલ | સાધુ ભક્તિ પ્રિયદાસ | ૫૧ |
| ૧૩ | અમે અજાણ્યા ક્યાં લગ રહીશું — | ડૉ. કેશુભાઈ દેસાઈ | ૫૩ |
| ૧૪ | શ્રી મોહનલાલ — માનવીય ઉષ્માના માનવી | કાલિદાસ ત્રિવેદી | ૫૭ |
| ૧૫ | અમારા ગુજરાતી વિષયના શિક્ષક : મોહનલાલ પટેલ | ડૉ. રામભાઈ એમ. પટેલ | ૫૯ |
| ૧૬ | જાગરુક આચાર્ય | કે. જે. સોલંકી | ૬૨ |
| ૧૭ | મધુ સ્પર્શ | ભગવત સુથાર | ૬૬ |
| ૧૮ | શ્રી મોહનલાલ પટેલ : એક પ્રભાવશાળી આચાર્ય | ડૉ. પી. જી. પટેલ | ૭૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | મોહનલાલ પટેલ : એમની સામાજિક નિસબત | ડૉ. રમેશ એમ. ત્રિવેદી | ૭૩ |
| ૨૦ | વિદ્યા-વ્યાસંગી શિક્ષક | મણિભાઈ પ્રજાપતિ | ૭૫ |
| ૨૧ | चरैवेति चरैवेति | ચંદ્રશંકર પંડ્યા | ૮૦ |
| ૨૨ | ઋજુ સ્વભાવ અને સંવેદનાના સાહિત્યકાર | રજની વ્યાસ | ૮૪ |
| ૨૩ | સર્જાતા હૈયે... | પ્રા. જાદવજીભાઈ તુ. પટેલ | ૮૬ |
| ૨૪ | મોહ ન પામ્યા તે મોહક શિક્ષક | ડૉ. ઈશ્વર પરમાર | ૯૩ |
| ૨૫ | શ્રી મોહનભાઈ મારી દૃષ્ટિએ | અશોક ઠાકોર | ૧૦૧ |
| ૨૬ | સાચુકલા શિક્ષણવિદ્ શ્રી મોહનભાઈ | ડૉ. પ્રફુલ્લ મહેતા | ૧૦૪ |
| ૨૭ | પ્રેરણામૂર્તિ શ્રી મોહનભાઈ | બી. કેશર શિવમ્ | ૧૦૭ |
| ૨૮ | મારી આંખનાં તોરણબિંદુ | પંકજ ત્રિવેદી | ૧૦૯ |
| ૨૯ | સૌજન્યમૂર્તિ શ્રી મોહનભાઈ | વિ. આર. પટેલ (U.S.A) | ૧૧૨ |
| ૩૦ | સ્મરણીકા | ચીમનભાઈ પટેલ | ૧૧૫ |
| ૩૧ | મોહિની મોહનલાલની | પ્રા. કે. બી. ભટ્ટ | ૧૧૭ |
| ૩૨ | મેઘધનુ | ઉપેન્દ્ર રાવળ | ૧૧૯ |
| ૩૩ | શિક્ષણ અને સાહિત્યઃ ઉભય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર : શ્રી મોહનલાલ પટેલ | મુકુન્દ પી. શાહ | ૧૨૧ |
| ૩૪ | મોહનલાલ પટેલ | ઈશ્વરભાઈ જી. પટેલ | ૧૨૩ |
| ૩૫ | સહૃદયી - સંવેદનશીલ સર્જક | પ્રજ્ઞા પટેલ | ૧૨૫ |
| ૩૬ | પરમ શ્રદ્ધેય ગુરુવર્ય સહૃદયી શિક્ષક | ડૉ. એન. જી. પટેલ | ૧૨૮ |
| ૩૭ | સૌજન્યમૂર્તિ મોહનભાઈ | ડૉ. દેવ યોગી | ૧૩૩ |
| ૩૮ | એક પત્ર | મહેન્દ્ર દવે | ૧૩૫ |
| ૩૯ | મીઠાં સ્મરણ | પ્રા. કેશુભાઈ એ. પટેલ | ૧૩૭ |
| ૪૦ | વ્યક્તિત્વનું દ્યોતક શીર્ષક — 'હવા! તુમ ધીરે બહો!' | રામપ્રસાદ ર. જાની | ૧૩૮ |
| ૪૧ | અણથક માર્ગદર્શક મોહનભાઈ | જિતેન્દ્ર ત્રિવેદી | ૧૪૧ |
| ૪૨ | શ્રી ગુરવે નમઃ | જેઠાભાઈ ટી. પટેલ | ૧૪૯ |

| | | | |
|---|---|---|---|
| ૪૩ | મધુર સંસ્મરણો | ડૉ. સુમંત જે. પટેલ | ૧૫૩ |
| ૪૪ | મારી પ્રેરણામૂર્તિ... મોહનભાઈ પટેલ | કેશુભાઈ બી. નાયી | ૧૫૪ |
| ૪૫ | પુત્રનાં લક્ષણ પારણામાં | નાનાભાઈ ના. પટેલ | ૧૫૭ |
| ૪૬ | શ્રી મોહનભાઈ પટેલ: રેખાચિત્ર | પ્રા. ઘનશ્યામ એ. પટેલ | ૧૬૦ |
| ૪૭ | બે ભાવપરિસ્થિતિઓની નેગેટિવ | પ્રેમજી પટેલ | ૧૬૨ |
| ૪૮ | આદર્શ ગુરુ | શ્યામલ | ૧૬૫ |
| ૪૯ | સંસ્મરણો | અંબાલાલ સી. પટેલ | ૧૬૮ |
| ૫૦ | શ્રી મોહનભાઈ પટેલ : એક પરિચય | મહેન્દ્રભાઈ બી. શાહ | ૧૭૦ |
| ૫૧ | To Mohanlal B. Patel | | 171 |
| ૫૨ | ગુજરાત સરકાર | | ૧૭૨ |
| ૫૩ | વિદ્યાર્થીપ્રિય, વિદ્યાવ્યાસંગી વિદ્વાન આચાર્યશ્રી શ્રી મોહનલાલ બા. પટેલને સન્માનપત્ર | | ૧૭૩ |
| ૫૪ | મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘના મંત્રીશ્રી વિદ્યાનુરાગી, વિદ્યાવ્યાસંગી, વિરલ સર્જક, પ્રતિભાવંત શ્રી મોહનલાલ બા. પટેલને સન્માનપત્ર | | ૧૭૫ |
| ૫૫ | સંસ્કાર ઍવૉર્ડ | | ૧૭૭ |
| ૫૬ | શ્રીયુત મોહનભાઈ પટેલને 'અમૃતપર્વ' નિમિત્તે ભાવવંદના | મનસુખ સ્વામી | ૧૭૯ |
| ૫૭ | શ્રી મોહનભાઈ પટેલ : એક અનોખું વ્યક્તિત્વ | ડૉ. આર. જે. વ્યાસ | ૧૮૧ |
| ૫૮ | 'લઘુકથા'ના જનક શ્રી મોહનલાલ પટેલ | પ્રા. મુકુન્દભાઈ પી. બ્રહ્મક્ષત્રિય | ૧૮૪ |
| ૫૯ | ગુરુનો પ્રતિબોધ | ડૉ. માણેકલાલ પટેલ (વિદ્યાપીઠવાળા) | ૧૮૭ |

## એ કોણ?*

(ઉપજાતિ-વસંતતિલકા)

અતીતની યાદમાં આજ કહેશો,
એ કોણ આવી ઉરમાં વિરાજે?
વસુંધરાના મૃદુ રમ્ય અંકે;
સ્વસ્તિક થૈ આંગણને સુહાવે?

સંભાવનાની ક્ષણ પાળી-પોષી,
આનંદ લોકોત્તર કોણ અર્પે?
ગાઢાં વનોનાં ગહનાન્ધકારે;
પ્રદીપ થઈને પથને પ્રકાશે?

વાસંતીગાન થકી કુંજ-નિકુંજ મધ્યે,
પુષ્પેલચેલ ધરતી પર પાય માંડી
પ્રીતિભર્યાં હૃદયની રચી રમ્ય ગાથા;
સંવેદનો લઘુકથામહીં કોણ ગૂંથે?

જાણું ન કિંતુ ઉર આ પુલકિત થાતું;
એનાં અગોચર નિવાસભણી તણાતું.

રશ્મિભિક્ષુ

અમૃત મહોત્સવે : શીલભદ્ર વિદ્યાપુરુષ, સર્વપ્રિય લઘુકથાકાર શ્રી મોહનલાલ પટેલને સપ્રેમ સવિનય સમર્પિત

# વિદ્યા અને વિનયનો સંગમ

કુલીનચંદ્ર યાજ્ઞિક
પૂર્વ કુલપતિ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ

કોઈ પૂછે કે આદર્શ શિક્ષક કેવા હોય? તો શ્રી મોહનભાઈને ઓળખનાર અવશ્ય કહેશે, ''મોહનભાઈના જેવા!'' એમનો અમૃત મહોત્સવ તો આજે ઊજવીએ છીએ, પણ એમનાં જ્ઞાનદાન અને સત્સંગનાં અમૃત તો એમના શિષ્યો અને સ્નેહીઓએ દાયકાઓથી માણ્યાં છે.

વાયકા એવી છે કે મોટી ઉંમરે મિત્રો થતા નથી. એ વાત ખોટી છે. એવું મેં કેટલાક સ્વજનો વિષે અનુભવ્યું છે : તેમાંના શ્રી મોહનભાઈ એક છે. મારી સાઠ વરસની ઉંમરે એમની પહેલી મુલાકાત. પાટણમાં યુનિવર્સિટીના નિમિત્તે ક્યાંક મળ્યા હોઈશું. તે વખતે એ સર્વ વિદ્યાલય, કડીમાંથી નિવૃત્ત થઈ પાટણ રહેવા આવ્યા હતા. સાહિત્ય અને શિક્ષણમાં એમનો રસ જોઈને મેં આમંત્રણ આપ્યું કે અમારા વિદ્યાર્થીઓના ચર્ચાવર્તુળ — બુધવારીઆમાં — આવો. એ એક-બે વાર આવ્યા. પછી તો કાયમના સભ્ય બની ગયા. તેમની વિદ્વત્તાથી, તેમના અગાધ સામાન્ય જ્ઞાનથી અને શિક્ષણનાં કૌશલ્યોથી એ વિદ્યાર્થીઓને પ્રેરતા રહ્યા. અહીં એમણે ભાષણ કરવાનાં નહોતાં. પણ ચર્ચામાં ભાગ લેવાનો હતો, અને વિદ્યાર્થીઓને વિચારતા અને બોલતા કરવાના હતા. આ કાર્યક્રમમાં બીજા નિયમિત સભ્ય નિવૃત્ત અધ્યાપક શ્રી નવનીતભાઈ શાહ હતા. આ ચર્ચાવર્તુળ એટલું ઉપયોગી અને આકર્ષક જણાયું કે તે એક પણ ખાડો પાડ્યા વગર દર બુધવારે નિયમિત મળતું રહ્યું ને હજુ ૧૦ વરસ થયાં પણ તે ચાલુ રહ્યું છે.

થોડા સમય બાદ શ્રી મોહનભાઈએ પાટણ છોડી અમદાવાદ રહેવાનું રાખ્યું. તેની ખોટ અમને ઘણી લાગી, પણ એ જ્યારે જ્યારે બુધવારે પાટણમાં હોય ત્યારે બુધવારીઆમાં આવતા અને એને ચેતનવંતુ બનાવતા.

પોતે એટલા વિનયી અને મિતભાષી કે એમની સિદ્ધિઓની જાણ તો મને રફતે રફતે થયેલી. કડીના વિદ્યાલયમાં અને તેની મારફત ઉત્તર ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે તેમનું મોટું પ્રદાન રહ્યું. તેમના વિદ્યાર્થીઓ આજે દૂર દેશાવરમાં પણ વસે છે. સમૃદ્ધ થયા છે ને તેમને અહોભાવથી યાદ કરે છે. તે એક સારા

નવલકથાકાર-સાહિત્યકાર છે, અને ગુજરાતીમાં લઘુકથાના આદ્યસર્જક છે. શિક્ષણકાર્યની સાથોસાથ એમ. એ.ની ઉપાધિ મેળવી અધ્યાપકની યોગ્યતા હાંસલ કરી, પણ માધ્યમિક શિક્ષણનું ક્ષેત્ર છોડ્યું નહિ. ઉચ્ચ શિક્ષણનાં પ્રલોભનો જતાં કર્યાં પણ માધ્યમિકના પાયાના ક્ષેત્રને તો અમૂલ્ય લાભ જ થયો.

પોતાના વ્યવસાયમાં એ શિરમોર રહ્યા, પણ તેનાથીયે એ વેંત ઊંચેરા માનવી રહ્યા છે. તેમનું ચારિત્ર્ય ભવભૂતિના શબ્દોમાં જ વર્ણવી શકાય.

''હંમેશા પ્રિય થઈ પડે તેવું વર્તન, વાણીમાં વિનયને લીધે મધુર સંયમ, સ્વભાવથી જ કલ્યાણકારક બુદ્ધિ અને મંગલકારી પરિચય — આવું ઉપાધિ વગરનું અને વિશુદ્ધ એવું પહેલાં કે પછી — સદા સદ્‌ગુણોથી ભરેલું સાધુ-પુરુષોનું ચારિત્ર્ય સર્વથા વિજય પામે છે.''

અનેક ઉપાધિઓને કારણે ઇચ્છીએ તેટલો તેમનો સત્સંગ થઈ શકતો નથી, પણ તેમનું ઉષ્માભર્યું તેમજ શાંત રસ વહાવતું વ્યક્તિત્વ જોઈને બીજું સુભાષિત યાદ આવે છે: ''જેમનું વદન એ પ્રસન્નતાનું સદન છે, જેમનું હૃદય સદય છે અને જેમનાં કાર્યો પરોપકારનાં છે, તેવા મહાનુભાવો કોના વંદનીય નથી? અર્થાત્ સૌએ વંદન કરવા યોગ્ય છે.''

આજીવન બીજાઓને અમૃતનું પાન કરાવનાર શ્રી મોહનભાઈનો અમૃત મહોત્સવ ઊજવીએ છીએ ત્યારે એમના નિરામય અને સમાજને ઉપકારક દીર્ઘાયુ માટે પ્રાર્થના કરીએ. એમનું જીવનકાર્ય સૌને પ્રેરણા આપતું રહો!

# વિદ્યાર્થીપ્રિય આચાર્ય

માણેકલાલ પટેલ
ચેરમેન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી - ગાંધીનગર

સંસ્મરણોની પણ એક દુનિયા છે. મધુર સંસ્મરણો જીવનની એક મોંઘી મૂડી છે. સંસ્મરણો ખટમીઠાં પણ હોઈ શકે. સંસ્મરણો નાનામોટા પ્રસંગોની નીપજ હોય છે. મધુર અને સંતુલિત વ્યક્તિત્વ ધરાવનાર વ્યક્તિ સાથે અનેક સંસ્મરણો સંકળાયેલાં હોય છે. સંસ્મરણો એટલે એક નાનો સરખો ઈતિહાસ.

હું આ સંસ્થાનો વિદ્યાર્થી અને છેલ્લાં પાંત્રીસ વર્ષથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ — કડીનો મંત્રી અને છેલ્લાં ત્રણ વર્ષથી ચેરમેન અને શ્રી મોહનલાલ પટેલ અમારા માનવંતા શિક્ષક-આચાર્ય. વહીવટમાં જ્યારે જડતા નથી હોતી ત્યારે તેમાંથી સુગંધ પ્રગટે છે. સંસ્થાના છેલ્લા ૮૫ વર્ષના ઈતિહાસમાં જે આચાર્યો આવ્યા — સદ્ગત બાપુભાઈ ગામી, પોપટભાઈ પટેલ, નાથાભાઈ દેસાઈ, મોહનલાલ પટેલ અને મનુભાઈ પટેલ એ બધા જ ગુરુકુળોની પરંપરાને દિપાવે તેવા. બધા જ સંસ્થાના ભાગરૂપ. સંસ્થાને ઉઠાવે તેવા. બધા જ ચોવીસે કલાકના સેવક. વિદ્યાર્થીઓ એક વિશાળ સંસ્થાની મેનેજમેન્ટ અને આચાર્ય તથા શિક્ષકો પણ. સર્વ વિદ્યાલય પરિવાર. પરિવારમાં તો ક્યાંક વાસણ ખખડે છે પણ અહીં એટલો બધો સુમેળ અને એવું સુંદર મર્યાદાપાલન છે કે આ સંસ્થા વિકાસના વિવિધ તબક્કા ઝડપભેર સર કરી શકી. સંસ્થાનાં કડી અને ગાંધીનગરનાં રળિયામણાં ફુલ્લકુસિમિત કેમ્પસ જુઓ ત્યારે આનો ખ્યાલ આવે. બાલમંદિરથી નૂતન ઉચ્ચ શિક્ષણક્ષેત્રે આ સંસ્થાનું બહુમૂલ્ય પ્રદાન છે.

કડી ઉત્તર ગુજરાતનું કાશી છે. સર્વ વિદ્યાલયે કડીને આ માનવંતો દરજ્જો આપ્યો છે. સર્વ વિદ્યાલય એટલે સર્વ માટેનું અને સર્વ વિદ્યાઓનું આલય. ઉ. ગુજરાતની આ પાયોનિયર સંસ્થા. 'કર ભલા, હોગા ભલા' એ આ સંસ્થાના આદ્યસ્થાપક પૂ. છગનભાનો સેવામંત્ર. મેનેજમેન્ટ અને એના આચાર્યો બધા જ આ ફિલસૂફીને વરેલા.

આ સંસ્થાનું હૃદય તો એનાં છાત્રાલયો છે. છાત્રાલય એટલે ચોવીસે કલાક ચાલતી ઘડતરશાળા. આજે સમાજ તેમજ રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ વિવિધ ક્ષેત્રે

નમૂનેદાર નેતૃત્વ પૂરું પાડતા હજારો વિદ્યાર્થીઓ આ સંસ્થાએ રાષ્ટ્રને સમર્પિત કર્યા છે.

૧૯૫૦માં શ્રી મોહનભાઈ જ્યારે સર્વ વિદ્યાલય — કડીમાં શિક્ષક તરીકે જોડાયા ત્યારે મૂળ તો તેઓ પાટણના પણ અમદાવાદ જેવા મોટા નગરમાં ભણીગણીને તાજામાજા આવેલા. પૂરા શહેરી રંગે રંગાયેલા. બગલાની પાંખ જેવાં સફેદ કપડાં અને ચમકદાર પૉલિશવાળા બૂટમાં સજ્જ, ફૂટતી યુવાની અને શહેરી ઢબછબવાળા મોહનભાઈ નોખા તરી આવતા. એ વખતે કડી શહેરનો દરજ્જો પામ્યું નહોતું. વિદ્યાર્થીઓ આસપાસનાં ગામડાંમાંથી ખભે દફતર (થેલી એ જ દફતર) લટકાવીને વગડા વીંધતા વીંધતા આવે. રસ્તામાં આવતી બોરજામફળની વાડીઓમાં ઘૂસી પણ જાય અને બોર સાથે ઝઘડા પણ લેતા આવે. બહુ જ ઓછા વિદ્યાર્થીઓનાં કપડાંએ એ વખતે સાબુનો સ્પર્શ કર્યો હશે. હા, છાત્રાલયના વિદ્યાર્થીઓ એમનાં ઊજળાં કપડાંને કારણે (સાબુ અને ગળીને કારણે) જુદા તરી આવતા. વળી તેઓ શહેરથી દૂર ૫૦ એકરના વિશાળ પરિસરમાં આવેલા છાત્રાલયમાં ખીલેલી પ્રકૃતિ વચ્ચે રહેતા. વિશાળ અને વાત્સલ્યપૂર્ણ મોકળાં મેદાનો, સત્ત્વશીલ ભોજન અને ગુજરાત ગૌશાળાના તાજા દૂધથી આ વિદ્યાર્થીઓ જેમ કપડે જુદા તરી આવતા તેમ અભ્યાસમાં પણ નોખા તરી આવતા.

એ વખતે વાત્સલ્યમૂર્તિ નાથાભાઈ સાહેબ આચાર્ય અને મુખ્ય ગૃહપતિ. એમની પ્રેમભરી દોરવણી નીચે શ્રી મોહનભાઈ એક વિદ્યાર્થીપ્રિય આદર્શઘેલા શિક્ષક તરીકે ઊપસી આવ્યા. સદ્ગત દેસાઈ સાહેબ (ના.ના. દેસાઈ)ના હાથ નીચે કામ કરવું એ જીવનની એક ધન્યતા ગણાતી. મો. પટેલ અહીં બરાબર ઘડાયા. મંદિરને પૂજવાયોગ્ય તો એનો પૂજારી બનાવે છે. નિર્મળ વ્યક્તિત્વ ધરાવતા દેસાઈ સાહેબે શાળા અને છાત્રાલય — બંનેને જીવંત બનાવી દીધાં હતાં.

છાત્રાલયને કેળવણીનું ધરુવાડિયું કહે છે. કેમ કે સમૂહજીવન વિના સાચી કેળવણી થાય જ નહીં. જીવનઘડતરના ધ્યેય સાથેનાં આ છાત્રાલયોમાં ગૃહપતિની જરૂર પડી. સ્વાધ્યાય, સ્વાશ્રય અને સ્વાવલંબન એ જેના શ્વાસોચ્છ્‌વાસ છે એવાં અહીંનાં છાત્રાલય માટે ગૃહપતિની પસંદગી કરવી એ જરા કપરું કામ હતું. શ્રી મોહનભાઈ પટેલે ત્યાં સુધીમાં ઉત્તમ શિક્ષક તરીકેની છાપ ઊભી કરી જ હતી. ગુજરાતી ભાષાના એક સારા શિક્ષક તરીકે તેમણે વિદ્યાર્થીઓમાં એક ખાસ પ્રકારની રુચિ ઊભી કરી જ હતી. પોતે એક સારા લેખક પણ ખરા. પાઠ્યપુસ્તકના માધ્યમ દ્વારા તેમણે વિદ્યાર્થીઓને સાહિત્યપદારથ માણતા કરી દીધા હતા; હવે અનેક વિદ્યાર્થીઓ પુસ્તકાલયનાં કબાટ ફંફોળીને શ્રી મોહનભાઈએ દર્શાવેલા લેખકોનાં પુસ્તકો વાંચતા થયા હતા. એક એવી આબોહવા સર્જાઈ કે વિદ્યાર્થીઓ ખૂબ વાંચતા થયા હતા. લાઈબ્રેરી જીવંત બની ગઈ. આજે પણ સર્વ વિદ્યાલયની

આ લાઈબ્રેરી વિષયવૈવિધ્ય અને પુસ્તકસંખ્યાની દૃષ્ટિએ અત્યંત સમૃદ્ધ છે. શાળા કે કૉલેજકક્ષાએ આવી વાચનાલય સાથેની લાઈબ્રેરી ભાગ્યે જ જોવા મળે. વાચનાલયનાં ટેબલો ઉપર સામયિકો પણ એટલાં જ આવે. એ સામયિકોમાં સદ્‌ગત અંબાલાલભાઈ શિ. પટેલ અને મોહનભાઈ પટેલ વિદ્યાર્થીઓને વાંચતા કરવા માટે અલગ કાગળો ચોંટાડીને મહત્ત્વની સામગ્રીની નોંધ કરે; હોંસિયામાં નોંધ કરીને માર્ગદર્શન આપે. આ બધાને કારણે વિદ્યાર્થીઓમાં એક ખાસ પ્રકારની સાહિત્યપ્રીતિ ઊભી થઈ અને એમાંથી આપણને શ્રી ભોળાભાઈ પટેલ (ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ), શ્રી રમેશ ત્રિવેદી, શ્રી દિલીપ રૉય, શ્રી ભગવત સુથાર જેવા લેખકો મળ્યા. શ્રી મોહનભાઈ પટેલે આ રંગ લગાડ્યો. આ કંઈ નાનુંસૂનું પ્રદાન નથી. આવો રંગ લગાડે એ જ સાચો શિક્ષક.

એટલે ગૃહપતિપદ માટે અમારા સૌની નજર મોહનભાઈ ઉપર ઠરી. મનમાં સહેજ અંદેશો તો હતો જ કે સાદગી અને સ્વાશ્રયને વરેલા છાત્રાલયમાં સૂટબૂટવાળા મોહનભાઈ પટેલ ફિટ થશે કે કેમ. પણ જેવી એમના ઉપર પસંદગી ઊતરી તે જાણે એક ચમત્કાર થયો. મોહનભાઈ આખા ને આખા બદલાઈ ગયા. જૂના વાઘા ઊતરી ગયા. એની જગ્યાએ લેંઘો, ઝભ્ભો ને ધોતી આવી ગયાં, અને તે પણ ખાદીનાં. આમ ૧૯૫૧થી છાત્રાલય સંચાલનની કપરી જવાબદારીમાં તેઓ જોતરાયા. ગૃહપતિ તો છાત્રાલયની ઈમારતની પાયાની ઈંટ છે. ભાતભાતના અને જાતજાતના પ્રશ્નો વચ્ચે ગૃહપતિ ઘડાય છે અને છાત્રાલયને ઘડે છે. આચાર્ય કરતાંય ગૃહપતિની પસંદગી કરવામાં વિશેષ કાળજી રાખવી પડે છે. છાત્રાલયમાં ગૃહપતિ અને ઘંટ જાગ્રત ન હોય તો છાત્રાલય 'એદીઓનો અખાડો' બની જાય છે.

છાત્રાલય વિદ્યાર્થીઓનું ઘર પણ ખરું; એ સ્નેહની શાળા પણ ગણાય. મનને અશાંત પણ કરી મૂકે અને ઊંચાનીચા કરે તેવા અનેક પ્રશ્નો છાત્રાલયમાં ઊભા થાય, ઉકળતો ચરુ જ સમજો. 'હું છાત્રાલય સંચાલન દ્વારા એક સુંદર સામાજિક સેવા કરી રહ્યો છું,' એવા આદર્શ સાથે કામ કરે એ જ લાંબા સમય સુધી ગૃહપતિપદે ટકી શકે. જેનામાં આવાં ભાવ અને ભાવના ન હોય તે ઝટપટ ક્ષેત્રસંન્યાસ લઈ લે છે.

પણ મોહનલાલ પટેલે આ ગૃહ (છાત્રાલાય)ને એક સારા, સુંદર અને જાગૃત સ્પીકરની જેમ ચલાવી. છાત્રાલયની સમસ્યાઓ અને એના ઉકેલ — બધું જ તેઓ બરાબર જાણેપિછાણે. મોહનભાઈ એટલે મીણ જેવા માનવી. મિતભાષી અને વળી મૃદુભાષી. ભગવાને ભૂલથી એમને પારસીને બદલે પટેલ બનાવી દીધા લાગે છે. ગમે તેવો લડવૈયો પણ પારસી આગળ પાણી પાણી થઈ જાય. કોઈ પ્રશ્ને ક્ષુબ્ધ થઈને છાત્રો રિસામણાં લે કે જમવા ન જાય ત્યારે આખાય સમૂહને પ્રાર્થનાભૂમિ ઉપર એકઠો કરીને શ્રી મોહનભાઈ એવી ઢબે છાત્રોને સમજાવે કે

છાત્રો ઓળઘોળ થઈ જાય. પ્રશ્નો ઊભા થાય ત્યારે ગૃહપતિના કૌશલ્યની કસોટી થતી હોય છે. છેક ૧૯૮૪ સુધી શ્રી મોહનભાઈએ ગૃહપતિ અને મુખ્ય ગૃહપતિ તરીકે એવું સુંદર સંચાલન કર્યું કે મેનેજમેન્ટને એક મોટી નિરાંત મળી.

સંસ્થા ચાર અંગોથી બને છે — શિક્ષકો-આચાર્ય, મેનેજમેન્ટ, વિદ્યાર્થીઓ-વાલીઓ અને સમાજ. આ ચારે અંગો સદ્ભાવ અને સહકારથી કામ કરે તો જ સંસ્થાની પરંપરાઓ મજબૂત બને અને તેનું તેજ વધે. આ ચારે અંગ સમરસતાથી કામ કરે છે. એટલે જ આ સંસ્થા ઉત્તરોત્તર વિકાસ પામતી પામતી આજે મિની યુનિવર્સિટીના દરજ્જાને પામી છે.

સર્વ વિદ્યાલય કે.મં.ની ૮૫ વર્ષની વિકાસયાત્રામાં નાનામોટા અનેક ઉતારચઢાવ આવ્યા છે. પણ એની વિકાસયાત્રા વણથંભી ચાલ્યા જ કરી છે. ઋષિ જેવા આચાર્ય નાથાભાઈસાહેબ જ્યારે ૧૯૬૦માં બાવળા આ. કે. વિદ્યામંદિરમાં જોડાયા ત્યારે સંસ્થામાં એક ખાલીપો ઊભો થયો. હવે આચાર્ય તરીકે કોની પસંદગી કરવી — આ પદ કોણ સંભાળશે એવો મેનેજમેન્ટને અકળાવનારો પ્રશ્ન ઊભો થયો. કેમ કે નાથાભાઈસાહેબ વિનાની સર્વ વિદ્યાલયની કલ્પના જ નહોતી થઈ શકતી. આ ધરતીના કણકણ સાથે તેઓ ઓતપ્રોત થઈ ગયા હતા. પણ જ્યાં સદ્ભાવ છે ત્યાં પ્રશ્ન ઓગળી જાય છે. આ સમયે પણ જે સંસ્થાને પોતે ઉછેરી હતી એનું હિત નાથાભાઈસાહેબના હૈયે હતું જ. એટલે એમના અને મેનેજમેન્ટના મનમાં એક નામ રમી રહ્યું હતું : અને તે મોહનભાઈ પટેલ. આ રીતે ૧૯૬૧માં આ રાષ્ટ્રીય શાળાના આચાર્ય તરીકે એમની પસંદગી થઈ. છેક ૧૯૮૪માં તેઓ નિવૃત્ત થયા ત્યાં સુધી એમણે સૌની સાથે સમરસ બનીને એવું સુંદર કામ કર્યું કે એમનું આચાર્યત્વ દીપી ઊઠ્યું. સંસ્થાના કોઈ પણ અંગ સાથે ક્યાંય કડવાશ ઊભી ન થઈ એનો હું મંત્રી તરીકે સાક્ષી છું. આચાર્ય, મુખ્ય ગૃહપતિ, જિલ્લા શાળા સંઘના મંત્રી — એમ અનેક જવાબદારીઓ ઉઠાવીને તેમણે તે સાંગોપાંગ પાર પાડી.

અહીંના આચાર્ય એટલે કે ચોવીસે કલાકના સેવક. બધો ભાર વેંઢારે. એના વિકાસની હર પળે હાજર. વિકાસ માટેના ફંડફાળા માટે સંસ્થાના દીર્ઘકાલીન અને ચીવટવાળા મંત્રીશ્રી ધનાભાઈ વકીલ સાથે અને હાલના ચૅરમૅન એટલે કે આ લેખના લેખક સાથે પણ તેઓ બે વાર યુ.એસ.એ. ગયા અને કરોડો રૂપિયા લઈ આવ્યા. સંસ્થાની ભક્તિનું આ એક ઊજળું ઉદાહરણ છે.

સમાજ અને યુવક-યુવતીઓમાં સાહિત્યપ્રીતિ વધે અને ગુજરાતી ભાષાના ગૌરવમાં વધારો થાય એવા ઉમદા ઉદ્દેશથી કડી નાગરિક સહકારી બૅન્ક, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેમજ અન્ય સાહિત્યપ્રેમી સજ્જનોના ઉમદા આર્થિક સહયોગથી શ્રી મોહનલાલ પટેલના નામે 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ'ની રચના પણ કરવામાં આવી છે. એમના પ્રત્યેના સદ્ભાવ અને પ્રેમનું આ પ્રતીક છે.

આમ એમની સાથે સાથેનાં મધુર સંસ્મરણોને તાજાં કરતો આ લેખ લખતાં મને અનહદ આનંદ થાય છે. આવો જ આનંદ આ સંસ્મરણો વાંચતાં આપને પણ થશે.

સમગ્ર શાળા સુધાર જ્ઞાનસત્ર - અડાલજમાં જે દિવસે હું જઈ ચડ્યો તે જ દિવસે શાળામાં સાહિત્યિક પ્રવૃત્તિ વિષેનો તમારો નિબંધ વંચાયો હતો. નિબંધ ઘણો સરસ લખાયો છે અને મને તેના વસ્તુમાં ખૂબ રસ પડ્યો.

- પ્ર. ચુ. વૈદ્ય

(તા. ૨૮.૮.૬૫ના પત્રમાંથી)

# મોહનભાઈ પટેલ : એક કેળવણીકાર

મનુભાઈ જે. પટેલ
મંત્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી

"મોહનભાઈ એક અચ્છા સાહિત્યકાર તો છે જ પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે, પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખીને ગ્રામ્યસમાજનાં ઊછરતાં બાળકોની વચ્ચે જઈને તેઓ બેઠા છે."

આ ઉદ્ગાર હતા ગુજરાતના સુપ્રસિદ્ધ કેળવણીકાર કવિ સાક્ષર (સ્વ.) ઉમાશંકર જોષીના.

## શિક્ષણનાં પ્રેરક પરિબળો

મોહનલાલ પટેલનો જન્મ તા. ૩૦-૪-૧૯૨૭ના રોજ તેમના માદરે વતન પાટણમાં થયો હતો. તેમનામાં સાહિત્યકાર અને શિક્ષણશાસ્ત્રીનાં સંસ્કાર-બીજ બાળપણથી રોપાયાં હતાં. શિક્ષણ બાબતે તેઓશ્રીને એક પરંપરાગત ઢાંચામાં ચાલવાનું થયું હતું. તેમના પિતાશ્રી શિક્ષક હતા એટલે આરંભનાં ત્રણ ધોરણ (એકડી, પહેલી અને બીજી ચોપડી) પોતાના ઘેર જ કરાવેલ. એ પછી ત્રીજા ધોરણમાં પાટણની શાળા નં-૩માં પ્રવેશ અપાવ્યો. એ ધોરણ તેમના પિતાશ્રી જ સંભાળતા હતા. બીજા વિદ્યાર્થીઓ જે રીતે અભ્યાસ કરતા તે રીતે જ તેમણે પણ અભ્યાસ કર્યો. ઘેર પણ જાતે જ ભણવાનું, તેમના પિતાશ્રીનું કોઈ ખાસ માર્ગદર્શન પણ નહીં; અર્થાત્ ખાનગી ટ્યૂશન જેવું પણ મળેલું નહીં. ગુજરાતી ચોથું ધોરણ કર્યા પછી પાટણ હાઈસ્કૂલમાં પાંચમા ધોરણમાં દાખલ થવાનું બન્યું. એ વખતે પાંચમું એટલે ફર્સ્ટ — પહેલું. અહીં શિક્ષકો અને વિદ્યાર્થીઓનો કોઈ સીધો કે અંગત સંબંધ નહીં, બધું એકદમ Formal. આમ છતાં ધો. ૫-૬-૭માં શ્રી રામલાલ દવે (જે એક પ્રોફેશનલ ફોટોગ્રાફર પણ હતા) પાસેથી વર્ગમાં તેઓશ્રીને અભ્યાસક્રમ ઉપરાંત બહારનું અને વિજ્ઞાનવિષયક ખૂબ જ જાણવાનું મળેલું. કૃત્રિમ વરસાદ કેવી રીતે વરસાવવામાં આવે છે એની માહિતી એ વખતે શ્રી દવેએ તેમને ધોરણ પાંચમાં વિગતે આપી હતી... અને અંગ્રેજીનો પાયો પણ એમણે ખૂબ જ મજબૂત કરી નાખ્યો હતો.

આ વર્ષોમાં મોહનલાલ પટેલના મોટા ભાઈઓમાંના એક ઈશ્વરભાઈ પણ પાટણ હાઈસ્કૂલમાં ઉપલા ધોરણમાં ભણતા હતા. તેમને વાંચનનો ઘણો શોખ. પુસ્તકાલયમાંથી પુસ્તકો લાવે. તે વાંચતા ન હોય ત્યારે શ્રી મોહનભાઈ આ પુસ્તકો વાંચી લેતા. શરદબાબુનાં 'પથેર દાબી' જેવાં (જેમાં રાજકારણની છાંટ) પુસ્તકો અને મુનશીની ઐતિહાસિક શ્રેણીમાં 'મહારાજાધિરાજ' (નવલત્રયીનો ત્રીજો ભાગ) તેઓશ્રીએ સાતમા ધોરણમાં ભણતા હતા તે વખતે વાંચેલાં. આમ શિક્ષકશ્રી રામલાલ દવે અંગ્રેજી ભાષામાં અને જ્યેષ્ઠબંધુ ઈશ્વરભાઈ બંને તેમની હૃદયભોમમાં સાહિત્યપ્રીતિનો અંકુર નાખવામાં મદદરૂપ થયેલા. ધોરણ આઠમાં શ્રી એમ.એમ. અધ્યારુએ શ્રી મોહનભાઈને અંગ્રેજી ભાષાનું શિક્ષણ આશ્ચર્યકારક કહી શકાય એટલા ગજાનું આપ્યું. કેટલાયે અંગ્રેજી શબ્દોનાં લેટિન મૂળ (latin roots) શીખવતા, શબ્દ જેટલી વાર આવે એટલી વાર એ બોલી જાય. આજે પણ એમાંનાં કેટલાંક મૂળ રૂપો મોહનભાઈને યાદ છે. આમ શ્રી અધ્યારુ અંગ્રેજી ભાષામાં તેમને મદદરૂપ નીવડેલા. એટલું જ નહીં, પણ એ ભાષાની તેમની રુચિ પણ બળવત્તર બનાવી. એ વર્ષોમાં તેઓ અંગ્રેજી વિષયમાં ઇતર વાંચન તરીકે જાણીતા સાહિત્યકારોની સુખ્યાત નવલકથાઓ અથવા પુસ્તકો સંક્ષિપ્ત રૂપે ભણેલા. બધા ભાઈઓમાં શ્રી મોહનભાઈ નાના એટલે આગળ પાંચે ભાઈઓ આવાં જે ઇતર વાંચનનાં પુસ્તકો ભણી ગયા હોય તે ઘરમાં મેડી ઉપરના કબાટમાં સંઘરેલાં હતાં એ બધાં પુસ્તકો શ્રી મોહનભાઈ પાંચમા (એટલે કે હાલના નવમા) ધોરણમાં હતા ત્યારથી વાંચવા માંડેલા અને એ રીતે A. L. Bright Story Readers, 'વિકાર ઑફ વેક ફિલ્ડ', 'એ ટેલ ઑફ ટુ સિટીઝ' વગેરે પુસ્તકો ન સમજાય તોપણ તેઓ વાંચવા પ્રેરાયા હતા. ત્યાર પછી તો અર્થગ્રહણની ફાવટ આવી ગઈ અને આ રીતે મોટા ભાઈઓ પરોક્ષ રીતે તેમના વાચનશોખમાં મદદરૂપ બન્યા હતા.

મોહનભાઈ ૧૯૪૩માં વડોદરા કૉલેજમાં દાખલ થયા. તેમનું વલણ વિજ્ઞાન કૉલેજમાં દાખલ થવાનું પણ મોટા ભાઈ ઈશ્વરભાઈ તેમની સાહિત્ય અભિરુચિથી સુપરિચિત હતા ને આથી જ એમણે આર્ટ્સમાં દાખલ થવા ભારપૂર્વક સલાહ આપેલી. પરિણામસ્વરૂપે તેઓશ્રી આર્ટ્સમાં દાખલ થયા અને કૉલેજનાં ચાર વર્ષો ઉપરાંત એ પછીનાં બીજાં બધાં વર્ષો સ્વપુરુષાર્થથી જ પૂરાં કર્યાં.

## જીવનઘડતરનાં પ્રેરક પરિબળો

તેઓશ્રીના જીવનઘડતરનું સૌથી મોટું પ્રેરકબળ અથવા તો જીવન ઘડવૈયા જે ગણો તે તેમના પૂ. પિતાશ્રી જ રહ્યા હતા. તેઓશ્રીના પિતાશ્રીએ હાયર-લોઅરની પરીક્ષાઓ પસાર કરેલી. મુલ્કી ખાતામાં નોકરી અને બઢતીની સારી તકો હોવા છતાં એમને જતી કરીને એક અદના શિક્ષક થવાનું જ પસંદ કરેલું એટલું જ

નહીં પણ શિક્ષણક્ષેત્રે આદર્શ શિક્ષક તરીકે ઘણી મોટી નામના પણ મેળવી હતી. ગામનાં બધાં જ સાર્વજનિક કાર્યો અને વહીવટનું તેઓ કુશળતાપૂર્વક સંચાલન કરતા હતા. વળી પૂરી નિષ્ઠા અને પ્રામાણિકતાથી નીતિયુક્ત વહીવટ કરતા, જેથી સમાજના અઢારે ગામમાં તેમની આગવી અનોખી પ્રતિષ્ઠા અને ગૌરવ ઊભાં થયાં હતાં. તેમને એક પણ વ્યસન નહિ. પોતાનું બધું જ કામ પોતે કરે. ઘરનું નાનુંમોટું બધું રિપેરિંગ કામ હોય તો તે તેઓ જાતે જ કરતા. ઘડિયાળ જેવી વસ્તુ પણ એ રિપેર કરે, ઘરના વૉલ-ક્લૉકમાં ઍલાર્મ પણ એમણે પોતાની આગવી સૂઝથી બહારનાં ચક્રો મૂકીને ગોઠવેલું! તેઓશ્રી શિસ્તના આગ્રહી. જીવનમાં કશું અનિયમિત નહીં. કોઈના ઉપર ગુસો કરે નહીં પણ ધાક એવી કે મહોલ્લાના નાકે એ પ્રવેશતા દેખાય કે ફળિયામાં કોઈ મોટેમોટેથી ઝઘડતાં હોય તો તે આપોઆપ જ ચૂપ થઈ જાય. તેમનો દયાભાવ પણ એટલો જ ઉત્કૃષ્ટ. ફળિયાનું કોઈ મુશ્કેલીમાં આવી પડ્યું હોય તો તેઓ અચૂક મદદ કરતા. ટૂંકમાં શ્રી મોહનભાઈને સદ્‌ગત પિતાશ્રીના મોંઘેરા જીવનમાંથી ઘણુંબધું પ્રેરણાપાથેય પ્રાપ્ત થયેલું. શ્રી મોહનભાઈની માતાની ગરિમા વળી બીજા પ્રકારની હતી. માતા સ્વભાવે શાંત અને ઉદાર. કોઈનાય બોલ્યા સામે ન જોવું અર્થાત્ કોઈ કદાચ કડવાં વેણ કહી જાય તોપણ મન પર ન લેવું એ એમની નીતિપરાયણતા હતી. છ છ વહુવારુઓનાં એ સાસુ હતાં. પણ આ છયે વહુઓને તેમણે એવી રીતે સાચવી કે સૌનો અઢળક પ્રેમ પામ્યાં હતાં. આજે તો એ છ વહુઓમાંથી ફક્ત બે જ હયાત છે. એ બંને મળે ત્યારે 'મા'ની વાત ખૂબ ઉમળકાપૂર્વક કરે છે. કોઈનીય સાથે કઠોર વર્તન ન કરવાનો સૌમ્ય-સરળ સ્વભાવ શ્રી મોહનભાઈને પોતાનાં માતા પાસેથી જ મળ્યો છે એમ કહેવામાં કશી જ અતિશયોક્તિ ગણાશે નહિ.

## શિક્ષણક્ષેત્રની પસંદગી

શ્રી મોહનલાલ ગ્રેજ્યુએટ થયા પછી એલએલ.બી.ના અભ્યાસ માટે અમદાવાદની લૉ કૉલેજમાં પ્રવેશ મેળવેલો. એલએલ.બી. થવા પાછળ વકીલાત કરવાનો તેમનો હેતુ ખરો પણ વકીલાતના ધંધામાં નીતિ, સત્ય અને પ્રામાણિકતા કેટલાં જાળવી શકાશે?... આવી આશંકાથી પ્રેરાઈને મનમાં અસંપ્રજ્ઞાતપણે પણ ઘેરી ગડમથલ ચાલ્યા કરતી હતી અને એથી જ વકીલાત માટે એમના આંતરમનમાં બહુ ઉમળકો જાગતો નહોતો. શ્રી મોહનભાઈ તેમના એક મિત્ર બિપિનચંદ્ર પટેલ (આજના ડ્યુટ્રોન ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીઝના માલિક)ની સાથે અમદાવાદમાં રહેતા હતા. તેમનો આગ્રહ એવો કે લૉ કૉલેજ સવારની હોઈને આખો દિવસ મુક્ત રહેવા કરતાં નોકરી કરવી સારી. પરંતુ શ્રી મોહનભાઈના પિતાશ્રીની સલાહ એવી કે અભ્યાસ સાથે નોકરી કરવી નહિ. શ્રી મોહનભાઈ એક દિવસ એટલે

કે ૧૯૪૭ના જૂનની ૯મી તારીખે એ મિત્ર સાથે સવારે ફરવા નીકળેલા. વચ્ચે ઘીકાંટા રોડ ઉપર આવેલી ન્યૂ હાઈસ્કૂલનો ખાંચો આવ્યો ત્યારે તેમના મિત્રે કહ્યું કે 'આવો આપણે ન્યૂ હાઈસ્કૂલની ઑફિસે જઈએ અને નોકરીની વાત કરીએ.' માત્ર કુતૂહલ અને તરંગવશ જ શ્રી મોહનભાઈ સંમત થયા. ઑફિસમાં હેડ ક્લાર્ક જેઠાભાઈ શાહ હતા (જેઓ પાછળથી પ્રકાશ હાઈસ્કૂલના સંચાલક બન્યા) .નોકરીની વાત નીકળતાં જ જેઠાભાઈએ સાનુકૂળ પ્રતિભાવ આપ્યો — ''ઑર્ડર લેતા જાઓ.''

'હજુ પરિણામ બહાર પડ્યું નથી' એમ મોહનભાઈએ જણાવ્યું.

''હરકત નહીં, અત્યારે પ્રોવિઝનલ ઑર્ડર લેતા જાઓ, પરિણામ પછી બદલી શકાશે.''

જેઠાભાઈએ એક ક્લાર્કને સૂચના આપી અને તત્કાળ જ ઑર્ડર તૈયાર થયો. જેઠાભાઈની સહીથી તે શ્રી મોહનભાઈના હાથમાં મુકાઈ ગયો. શિક્ષણ ક્ષેત્રમાં પ્રવેશવાનો તો આ એક અકસ્માત હતો, પણ તેઓશ્રી દૃઢપણે માને છે કે તેમના ઘરની આબોહવા જ શિક્ષણની હતી — પિતા શિક્ષક, સૌથી મોટા ભાઈ શિક્ષક, મામા શિક્ષક. આમ વારસાગત પ્રેરણાથી જ સહજપણે આ વ્યવસાય તરફ વળવાનું થયું હશે ને એટલે જ પેલો પ્રોવિઝનલ ઑર્ડર લઈને સ્વીકૃતિપત્ર પણ ત્યાં ને ત્યાં જ આપી દીધો! જોકે શિક્ષણના વ્યવસાયમાં જોડાયાને એમણે કદીય અફસોસ નથી અનુભવ્યો. ઊલટાનું એમાંથી ઘણુંબધું પામી શકાયાનો પરિતોષપૂર્ણ અહેસાસ હંમેશાં એમણે અનુભવ્યો છે. એક વાત ભારપૂર્વક નોંધવી રહી કે એમણે જીવનમાં અર્થોપાર્જનને એક ધ્યેય તરીકે ક્યારેય મહત્ત્વ આપેલ નથી.

## 'સર્વ વિદ્યાલય' — સાધનાનું પરમ કેન્દ્ર

શ્રી મોહનભાઈના જીવનમાં ૧૯૫૫માં એક મહત્ત્વનો વળાંક આવ્યો. ૧૯૫૫માં એ. જી. ટીચર્સ કૉલેજમાં ટ્યુટર તરીકે સેવાઓ આપવાની તેમને અનોખી તક મળી હતી પરંતુ તેમનું ધ્યેય તો આર્ટ્સ કૉલેજમાં કામ કરવાનું હતું એટલે એ પ્રસ્તાવને ખૂબ વિવેકપૂર્વક તેમણે નકારેલો. સને ૧૯૬૦-૬૧માં સર્વ વિદ્યાલયમાંથી મદદનીશ શિક્ષક તરીકેનું રાજીનામું આપીને એમ.એ.નો અભ્યાસ યુનિવર્સિટી-હૉસ્ટેલમાં રહીને કરવાનું શરૂ કર્યું. ભવિષ્યમાં કૉલેજમાં નોકરી મળવાની પૂરેપૂરી ખાતરી અને શ્રદ્ધા હોવાથી જ સર્વ વિદ્યાલય જેવી માતબર સંસ્થામાંથી તેઓશ્રીએ રાજીનામું આપેલું!

૧૯૪૭માં જે ઘટના ભજવાઈ હતી એ જ ઘટના લગભગ એ જ પાત્રો દ્વારા એમના જીવનમાં ફરીથી ભજવાઈ. જેઠાભાઈ શાહ અને તેઓ બંને જ પાત્રો, ભૂમિકા પણ એ જ. એમ.એ.નું પરિણામ હજુ જાહેર થયું ન હતું અને

શ્રી આર. એસ. ત્રિવેદી મારફતે તેમને મળવાનો સંદેશો મળ્યો ને એ જ રાત્રે તેઓશ્રી ત્રિવેદીસાહેબના ઘેર ગયા. 'તમારે પ્રકાશ કૉલેજમાં કામ કરવાનું છે,' —જેઠાભાઈએ જણાવ્યું. મારે ટ્રેઈનિંગ કૉલેજમાં કામ કરવું હોત તો ૧૯૫૫માં ઑફર હતી જ. હું તો આર્ટ્સ કૉલેજમાં જ જોડાવા માગું છું — એમ મોહનલાલે ખૂબ વિનમ્રપણે જણાવ્યું. અને પરિણામની જાહેરાત થાય તે પહેલાં તો તેમને આર્ટ્સ કૉલેજમાં કામ કરવાની શરતે જ બી. એડ્. કૉલેજના વ્યાખ્યાતાનો ઑર્ડર મળ્યો! હા, જેઠાભાઈએ આ પ્રમાણે કહી ઉમેર્યું: ''પરિણામ પડે એટલે ઓડર બદલી આપીશું. પાંચ દિવસ આર્ટ્સ કૉલેજમાં કામ કરજો અને એક દિવસ બી.એડ્. કૉલેજમાં'' આમ તેમણે ઑર્ડર સ્વીકાર્યો. હજુ વૅકેશન ચાલતું હતું. કૉલેજમાં સ્ટાફ મીટિંગમાં હાજરી આપી પણ એ દિવસો દરમિયાન કડીની સંસ્થામાં એક મોટી કટોકટી ઊભી થવા પામી. સર્વ વિદ્યાલય - કડીના ઋષિ સમાન ગરવા આચાર્યશ્રી નાથાલાલ દેસાઈએ સંસ્થામાંથી રાજીનામું આપ્યું! ને વિદ્યાર્થીવર્ગમાં એક ભારે હલચલ મચી ગઈ. ઘણા બધા વિદ્યાર્થીઓએ સંસ્થા છોડી જવાનું વલણ દાખવ્યું. સંસ્થાની આ કટોકટીભરી પરિસ્થિતિ નિવારવાના ઉપાય અંગે સંસ્થાના ધુરંધરો ભારે મૂંઝવણમાં મુકાયા હતા ને એ વખતે ખુદ નાથાલાલ દેસાઈએ જ માર્ગ સૂચવ્યો કે : ''મોહનભાઈને આચાર્યપદે લાવો તો બધું તરત શમી જશે. વિદ્યાર્થીઓને એમના માટે ઘણો — અપાર પ્રેમ છે.''

કડીના કાર્યકરોએ મોહનભાઈનો સંપર્ક સાધ્યો. મોહનભાઈની સામે વળી આ એક મોટો પ્રશ્ન આવીને ઊભો રહ્યો. મોહનભાઈએ સર્વ-વિદ્યાલયમાં સાચા દિલથી કામ કર્યું હતું. એ સંસ્થા માટે સહજપણે જ માન અને લાગણી હતાં. ત્યાગ અને સેવાની ઉમદા ભાવનાના પાયા ઉપર એ સંસ્થા રચાઈ હતી, એટલે ગન્તવ્ય સ્થાન તો ઊંચા શિખર પરનું હતું છતાં હૃદયધર્મ બજાવવા કડી આવ્યા. આમ તો મોહનભાઈ માટે અમદાવાદ સાહિત્ય પ્રવૃત્તિ માટેનું ઉત્તમ ક્ષેત્ર હતું. સાહિત્યના ક્ષેત્રમાં તેમને સારી એવી નામના પણ મળી ચૂકી હતી. શ્રી નાથાભાઈએ મંડળને જે સલાહ આપી હતી તે શ્રી માધવલાલ પ્ર. પટેલે (હિસાબનીસ) મોહનભાઈને સંદેશા મારફતે કહેવરાવી : ''મોહનભાઈ સંસ્થાની ધૂરા સંભાળશે તો બધું રાગે પડી જશે.'' એવો માધવલાલનો ખુદનો પણ સૂર હતો. શ્રી નાથાભાઈની લાગણી એવી હતી કે શ્રી મોહનભાઈ આચાર્યની જવાબદારી સ્વીકારે તો સંસ્થાને નુકસાન થાય નહિ કેમ કે મોહનભાઈએ નાથાભાઈના હાથ નીચે નવ વર્ષ સુધી અવિરત કાર્ય કર્યું હતું અને તેમનો અપાર પ્રેમ પણ સંપાદિત કર્યો હતો. શ્રી નાથાભાઈએ સંસ્થામાં ઊભી થયેલી કટોકટીની નાજુક પળે મોહનભાઈમાં પૂરેપૂરી શ્રદ્ધા મૂકી હતી. અને એ શ્રદ્ધાના બળ થકી જ કડી - સંસ્થાની ગંજાવર લાગતી જવાબદારી સ્વીકારવાની મોહનભાઈએ સહમતિ દર્શાવી. આ માટે અગાઉ સંસ્થાના એક કાર્યકરે પાટણ મુકામે મળીને આગ્રહ કર્યો હતો. વળી સંસ્થાના

મહત્ત્વના ચારેક હોદ્દેદારોનું એક ડેપ્યુટેશન પણ મોહનભાઈને અમદાવાદ ખાતે મળવા આવ્યું હતું. આ બધાનો ભારે આગ્રહ હોવા છતાં શ્રી નાથાભાઈની ઇચ્છાએ જ કડીની સંસ્થાની જવાબદારી સ્વીકારવામાં સવિશેષ બળ પૂરું પાડ્યું હતું. અલબત્ત, મોહનભાઈએ એક સંતોષ એ માનેલો કે કૉલેજમાં કામ કરવા કરતાં માધ્યમિક-અભ્યાસ કરતાં બાળકોમાં પાયાનું કામ સવિશેષ થઈ શકે છે. આ કક્ષાએ આત્મીયતા માટે પૂરો અવકાશ હોવાથી શિક્ષણ વધારે જીવંત અને ફળદાયી બને છે. મોહનભાઈએ આ દૃષ્ટિથી જ કૉલેજમાં જવાનું પ્રલોભન જતું કરીને આ કાર્ય સ્વીકાર્યું હતું. જેમાં તેમણે પરમ સંતોષની અનુભૂતિ અનુભવી છે.

## વાત્સલ્યમૂર્તિ કેળવણીકાર

સર્વ વિદ્યાલય એ કેળવણીની પાયાની સંસ્થા. સમગ્ર કૅમ્પસમાં સર્વ વિદ્યાલયના આચાર્યશ્રીનું મહત્ત્વનું સ્થાન. આદરભરી ગરિમા. વળી છાત્રાલયોના મુખ્ય ગૃહપતિ તરીકેની વિશિષ્ટ જવાબદારી પણ શાળાના આચાર્યશ્રીએ જ પ્રત્યક્ષ રીતે સંભાળવાની હોય છે. જેથી મદદનીશ ગૃહપતિ અને મુખ્ય ગૃહપતિ તરીકેના મોહનભાઈના ખૂબ જ વિશિષ્ટ અનુભવો. ચોવીસ કલાકની સીધી જવાબદારી માનવીય ધોરણ, આત્મીયતા, આગવી સૂઝ અને વિશિષ્ટ દૃષ્ટિ ઉપરાંત વાત્સલ્યભાવથી છાત્રો સાથે આત્મભાવ ખૂબ જ પ્રેરક અને પ્રોત્સાહક બનેલો. સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ અને છાત્રાલયના વિશાળ અને સમૃદ્ધ અનુભવોથી અનેક છાત્રોના જીવનપથને તેઓશ્રી ઉજવાળતા બની રહેલા. આચાર્ય તરીકેના ૨૪ વર્ષના કાર્યકાળ દરમિયાન શિક્ષકો તરફથી કે વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી મોહનભાઈને એક પણ કડવો અનુભવ થયો નથી. કોઈ અધ્યાપકે કે વિદ્યાર્થીએ કટુ વલણ અપનાવ્યું હોય કે અવગણના કરી હોય એવું બન્યું નથી. શાળામાં પરિણામની કશી જ પરવા કર્યા વગર આસપાસના ગામડામાંથી આવતા સાવ નબળા વિદ્યાર્થીઓને, એમના સંજોગો અને પરિસ્થિતિ જોઈને મોહનભાઈએ શાળામાં પ્રવેશ આપેલો છે. ગામડેથી આવતી બહેનો ક્યારેક તો સાવ નબળું પરિણામ હોય તોપણ પ્રવેશ પામતી. ગ્રામ્ય વિસ્તારમાંથી આવતાં બાળકો માટે અગત્યની સેવા થઈ શકી છે. મોહનભાઈને તેનો પરમ સંતોષ છે. અલબત્ત, સેવાકાર્ય શાળાના પરિણામના ભોગે થતું હતું. છતાં સમાજના વ્યાપક હિત અને વિશિષ્ટ દૃષ્ટિએ તેનો મોહનભાઈએ અમલ કર્યો હતો. પરિણામસ્વરૂપે સર્વ વિદ્યાલય સાચા અર્થમાં 'સર્વ' ગ્રામસમાજની પોતીકી સંસ્થા બની શકી છે.

## સાહિત્યપ્રીતિ અને સંગીતનો શોખ

શાસ્ત્રીય સંગીત સાંભળવાનો (વિશેષરૂપે વાદ્ય સંગીત), ખ્યાત ચિત્રકારોનાં

ચિત્ર જોવાનો, સમજવાનો અને એ વિષે વધારે ઊંડાણમાં જાણવાના શોખની અભિરુચિ મોહનભાઈ ધરાવે છે. આ ઉપરાંત અંગ્રેજી સાહિત્યમાં કાવ્ય, વાર્તા અને કંઈક અંશે નવલકથા વાંચનનો શોખ ધરાવે છે. ગુજરાતી સાહિત્યમાં સંશોધન, વિવેચન અને થોડેઘણે અંશે સાહિત્યનાં અન્ય સ્વરૂપો વિશે ચિંતન અને વાંચન-રુચિ કેળવી છે. મોહનભાઈને ઇતિહાસ તરફનો લગાવ ઘણો સારો. ગુજરાત તેમજ વિશ્વ ઇતિહાસ અને તેમાંય રોમ અને ગ્રીસના ઇતિહાસ પ્રત્યે સવિશેષ શોખ ખરો. સર્વ વિદ્યાલયમાં મદદનીશ શિક્ષક તરીકે ૧૯૫૦માં તેઓ આવ્યા ત્યારે અગિયારમા ધોરણમાં ભૂગોળ ભણાવતા એક શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે ગજગ્રાહ જેવી સ્થિતિ ઉત્પન્ન થયેલી. શિક્ષકે અગિયારમા ધોરણમાં ભૂગોળ ભણાવવાની અનિચ્છા દર્શાવી અને એનો હઠાગ્રહ પણ રાખેલો. જેથી આચાર્યશ્રી નાથાભાઈએ પૂછ્યું : ''મોહનભાઈ, તમે અગિયારમા ધોરણમાં ભૂગોળ શીખવશો?'' મોહનભાઈએ અરજીપત્રકમાં કોઈ પણ ધોરણમાં કોઈ પણ વિષય (ફક્ત ગણિત Arithmetic સિવાય) ભણાવવાની તૈયારી બતાવેલી જેથી શ્રી નાથાભાઈના પ્રશ્નના ઉત્તરમાં અડધી ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય મોહનભાઈએ હકારાત્મક પ્રત્યુત્તર આપ્યો હતો. આ સમયે શાળાના મુખ્ય પટાવાળા જોઈતારામ આ સંવાદ સાંભળતા હતા. જ્યારે મોહનભાઈ આચાર્યશ્રીની ઑફિસમાંથી બહાર નીકળ્યા ત્યારે જોઈતારામ બહાર ઊભા હતા. એમણે મોહનભાઈને રોકીને કહ્યું : ''સાહેબને ના કહેશો તો તમને એ ધોરણ નહીં આપે. ના કહેવી હોય તો ના કહી દો!'' એ સમયે મોહનભાઈ ૨૩ વર્ષના યુવાન. તેમના જેટલા જ કદના મૅટ્રિકના વિદ્યાર્થીઓ. આ જોઈને જ કદાચ આ ભલી લાગણીવાળા જોઈતારામે આમ જણાવ્યું હશે. પણ એ બિચારા શું જાણે કે કૉલેજના વિદ્યાર્થીઓને ભણાવે એવો તરવરાટ એ સમયે મોહનભાઈમાં ભરપૂર ભર્યો હતો! અને એ રીતે ભૂગોળમાં રુચિ ઉત્પન્ન થઈ. એટલું જ નહિ પણ તેમની અધ્યયન-અધ્યાપનવૃત્તિ તેજસ્વી બનતી ગઈ.

સર્વ વિદ્યાલયનું પુસ્તકાલય સમૃદ્ધ. પુસ્તકાલયમાંથી ભૂગોળનાં પુસ્તકો મોહનભાઈએ વાંચવા માંડ્યાં. ડડલી સ્ટેમ્પ, લેક, થોરન્ટન, એચ. એલ. કાજી વગેરે લેખકોનાં અંગ્રેજી પુસ્તકો અને ફેરગ્રીવનું ભૂગોળ ભણાવવા માટેનું મેથડને લગતું પુસ્તક વાંચી નાખ્યાં. વિજ્ઞાન તો બાળપણથી જ મોહનભાઈનો પ્રિય વિષય. ભૂગોળનો અડધોઅડધ ભાગ તો વિજ્ઞાન આધારિત (પ્રાકૃતિક Physical Geography). એ ભણાવવાની મોહનભાઈને ખૂબ મજા પડી ગઈ. વિદ્યાર્થીઓ પણ ઘણા પ્રસન્ન રહેવા લાગ્યા. આજે કોઈ પણ વ્યક્તિ મોહનભાઈને પૂછે કે તમારું અધ્યાપન સૌથી વધારે સફળ કયા વિષયમાં રહ્યું — તો તેઓ નિઃશંકપણે જણાવે કે 'ભૂગોળ'. અને ક્રમમાં જણાવવાનું હોય તો તેમનો જવાબ આ હોય : ભૂગોળ, અંગ્રેજી અને છેલ્લે ગુજરાતી (અલબત્ત). જે સાહિત્યના રસિયા વિદ્યાર્થીઓ

હતા એ તો હજુય મોહનભાઈના ગુજરાતી વિષયના અધ્યાપનને પૂરા આદર અને પ્રેમથી યાદ કરે છે. પ્રા. આર. એસ. ત્રિવેદીએ મોહનભાઈનો એક પાઠ જોઈને કવિ વર્ડ્ઝવર્થની કવિતા — "The Solitary Repear'ની છેલ્લી બે લીટીઓ ફેરફાર સાથે આ પ્રમાણે ટાંકી હતી :

"I Could See a teacher at work as the music of your teaching.
I bore in my heart though long after it was heard no more."

મોહનભાઈના અધ્યાપન કાર્યનો એક નોંધવા જેવો અનુભવ એ હતો કે ગમે તેટલો માનસિક તણાવ હોય કે પછી શારીરિક થાક, વર્ગમાં ગયા પછી તેઓને કંઈક જુદી જ દિવ્ય અનુભૂતિ થતી. ન કોઈ તણાવ ન કોઈ થાક. ઉમાશંકર જોષીએ કદાચ આવી અનુભૂતિથી જ ''વર્ગને સ્વર્ગ'' તરીકે ઓળખાવ્યો હશે!

પ્રિલિમિનરી પરીક્ષાઓ પછી જ્યારે S.S.C.ના વર્ગ — પાંચ તાસ ચાલતા ત્યારે એ કાર્ય પૂરું થયા પછી રિસેસ શરૂ થતાં જ સંસ્કાર ભવનની બાજુના લીમડાઓના શીતળ છાંયડા નીચે S.S.C.ના ત્રણેય વર્ગોને એકઠા કરીને સામટા બે કલાક જેટલો સમય ભૂગોળ ભણાવતાં મોહનભાઈને ક્યારેય થાક કે કંટાળો લાગ્યો નથી. (અને વિદ્યાર્થીઓ પણ રસમય બનીને એકાગ્રતાથી અભ્યાસમાં લીન રહેતા.)

## ઍવૉર્ડ અને પારિતોષિકો

શ્રી મોહનભાઈ જેવા સાચા અને આદર્શ અધ્યાપક/આચાર્યશ્રીને ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષકનો ઍવૉર્ડ મળેલ છે. આ ઉપરાંત સાહિત્ય જગતમાં ૧૯૫૪માં ટૂંકી વાર્તા માટે સવિતા સુવર્ણચંદ્ર, જ્યારે ૧૯૭૨માં 'સંદેશ' સુવર્ણચંદ્રક પણ ટૂંકી વાર્તા માટે મળેલ છે. ગુજરાત સરકાર તરફથી નવલિકાસંગ્રહ 'પ્રત્યાલંબન'ને શ્રેષ્ઠ પુસ્તકો માટેનું તૃતીય પારિતોષિક ૧૯૭૦માં મળેલ છે. ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી લઘુકથાસંગ્રહ 'ઝાકળમાં સૂરજ ઊગે'ને વર્ષ ૧૯૯૧ના શ્રેષ્ઠ પુસ્તકો માટેનું દ્વિતીય પારિતોષિક અને વર્ષ ૧૯૯૭માં નવલકથા 'લાંછન'ને શ્રેષ્ઠ પુસ્તકો માટેનું દ્વિતીય પારિતોષિક મળેલ છે, એ જ વર્ષમાં ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી 'લાંછન'ને શ્રેષ્ઠ પુસ્તકોમાં નવલકથા માટેનું પારિતોષિક મળ્યું છે. ૧૯૫૦માં 'કુમાર'નું વર્ષની શ્રેષ્ઠ વાર્તા માટેનું પારિતોષિક પણ મળેલ છે. શિક્ષણ અને સાહિત્ય ઉપરાંત સમાજસેવા માટે આનર્ત ઍવૉર્ડથી પણ વિભૂષિત થયા છે. આ ઉપરાંત તેઓ આજે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના મંત્રી તરીકે અને 'ધરતી' (સામાજિક માસિક)ના તંત્રી તરીકે પ્રશસ્ય સેવાઓ અને ચિંતનાત્મક તંત્રીલેખો દ્વારા વાચકોની ચેતનાને જગાડે છે. 'મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ,' કડીના તેઓશ્રી પ્રમુખ છે અને ખ્યાત અને નવોદિત સાહિત્યકારોને યોગ્ય માર્ગદર્શન આપીને સમગ્ર ગુજરાતમાં અતિ મહત્ત્વનું

કાર્ય હાલ કરી રહ્યા છે.

## અધ્યયન મંડળના સુકાની

ગુજરાતમાં ૧૦+૨+૩ની નવી તરેહની શરૂઆત થતાં શાળાના અધ્યાપકોને વિશિષ્ટ તાલીમ અને અધ્યયન સાહિત્ય આપવાનું કાર્ય મહેસાણા જિલ્લાના માધ્યમિક શાળા સંઘના ઉપક્રમે રચાયેલ અધ્યયન મંડળ દ્વારા સવિશેષ થયું છે. નવી તરેહની શરૂઆતનાં વર્ષોમાં આ માટે શ્રી મોહનભાઈએ સવિશેષ કાળજી રાખી અને સતર્ક રહીને અધ્યાપકોમાં નિષ્ઠા અને અધ્યયનશીલતા વિકસાવી હતી. લગભગ તમામ વિષયોમાં અધ્યયન-અધ્યાપન સાહિત્ય સુપેરે તૈયાર રાખીને તેની ઝેરોક્ષ નકલો આપી હતી. અને ૧૦+૨+૩નો પાયો સુદૃઢ કરવામાં મોહનભાઈએ ઉઠાવેલ ભારે પરિશ્રમ નવોદિત અધ્યાપકો માટે પ્રેરણાદાયી બન્યો હતો.

## વિશ્વસાહિત્ય પ્રત્યે સમાદર

મોહનભાઈને વિશ્વ સાહિત્યના બધા જ પ્રખ્યાત લેખકો પ્રત્યે સમાદર હતો. એમના સાહિત્ય પ્રત્યે તેઓ ઊંડી પ્રીતિ ધરાવતા હતા. અંગ્રેજીમાં જ્હૉન સ્ટાઈનબૅક, હેમિંગ્વે (બંને અમેરિકાના) કવિઓમાં ઈન્ગ્લૅન્ડના વધારે પ્રિય કીટસ, શેલી, બ્રાઉનીંગ અને હાર્ડી એમાં મોખરે. રશિયાના (અંગ્રેજીમાં અનુદિત) ટૉલ્સ્ટૉય, ચેખોવ, જર્મનીના : ટોમસ માન, બંગાળીમાં શરદબાબુ, ટાગોર, શરદેન્દુ બંદોપાધ્યાય, ગુજરાતીમાં પન્નાલાલ પટેલ, હિન્દીમાં પ્રેમચંદ, મૈથિલીશરણ ગુપ્ત. ઉપરોક્ત વિશ્વસાહિત્યના વિવિધ ભાષાઓના મહાન સર્જકો સદૈવ તેમના સન્માનનીય અને પ્રીતિપાત્ર રહ્યા છે.

મોહનભાઈની પ્રતિભાના ઘડતરમાં અધ્યયનશીલતા અને વાચનશોખ મહત્ત્વનાં છે. સ્વભાવે તેઓ સાવ સરળ અને શાંત લાગે પણ રસિકજનોના સાન્નિધ્યમાં વક્રોક્તિ દ્વારા સૌને હસાવી પણ જાણે પણ આત્મપ્રદર્શનવૃત્તિથી હંમેશાં દૂર રહેવાની વૃત્તિ ધરાવે છે. સત્ત્વશીલ અને સાલસ એવો એમનો સહજ સ્વભાવ છે. કોઈને પણ જાણેઅજાણે પરોક્ષ રીતે પણ દુ:ખ ન થાય તેવી સૂક્ષ્મ પ્રકારે અહિંસાવૃત્તિ છતાં મૂલ્ય સંવર્ધનમાં કે કર્તવ્યપરાયણતામાં યથોચિત કડકાઈ પણ ક્યારેક આવી જાય. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કાર્યકરો સૌને મોહનભાઈ સદાય પોતીકા અને સ્વજનસમા લાગ્યા છે કેમ કે જીવન જીવવાની અનોખી કલા એમનામાં છે. સ્વાસ્થ્યની જાળવણીમાં ઝીણામાં ઝીણી બાબતોની જાળવણી કરે છે. ને તેથી જ કદાચ આટલું વિપુલ અને માતબર સાહિત્યપ્રદાન આજેય તેઓ કરી રહ્યા છે. એમના દ્વારા શિક્ષણ અને સાહિત્યની સર્વોત્તમ સેવાઓ થતી રહેશે એવી શ્રદ્ધા પ્રેરે તેવું મોંઘેરું તેમનું જીવન સૌને માટે સદૈવ પરમ પ્રેરક બની રહો.

# કડીની સાહિત્યિક અને સારસ્વત ચેતનાના પ્રાણસમા — શ્રી મોહનલાલ પટેલ

રામજીભાઈ કડિયા
મૅનેજિંગ ટ્રસ્ટી મો. પ. સાહિત્યવર્તુળ કડી

કવિ સુન્દરમે ગાયું... 'જગની સહુ કડીઓમાં સ્નેહની સર્વથી વડી'. એ શ્રી મોહનલાલ પટેલે અનુભવ્યું. મહાનગર અમદાવાદમાં શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે અનેક તકો હોવા છતાં કડી જેવા નાના શહેરમાં સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે (૧૯૫૧) આવવામાં મોહનભાઈએ ગૌરવ જોયું. એ કરતાંય વિશેષ કંઈક પૂ. છગનભાએ સ્થાપેલી આ શાળાના વિદ્યાર્થીઓમાં આત્મીયતા જોઈ અને સ્નેહબંધન થયું. ખાસ્સો એક દસકો એમણે આ શાળાના પ્રિય શિક્ષક તરીકે સેવા આપી. 'હવા! તુમ ધીરે બહો!' જેવો વાર્તાસંગ્રહ પ્રગટ કરી સાહિત્યક્ષેત્રે મૂલ્યવાન અર્પણ કર્યું (૧૯૫૪).

દેશના સ્વાતંત્ર્યના ઉદયકાળે મોહનભાઈ જેવા ઘણા દેશપ્રેમી યુવાનો આદર્શોથી ભરેલાં સ્વપ્નાં સેવતા હતા ત્યારે દેશની કોરી સ્લેટ ઉપર નવા આંકડા પાડવા આવા યુવાનો થનગની રહેલા. પૅન્ટ-શર્ટ, ટાઈ છોડી ખાદીનાં ધોતી-ઝભ્ભા, ટોપી મોહનભાઈએ અપનાવી લીધાં.

મહાત્મા ગાંધીજીએ આ શાળાને રૂબરૂ જોઈને બિરદાવેલી, એવી આ રાષ્ટ્રીય શાળા 'સર્વ વિદ્યાલય' પાટીદાર સમાજનું ઘરેણું હતું. અને એ ઘરેણું ઘડનારા એ વખતના મુખ્ય કર્ણધારોમાં શ્રી બાપુભાઈ ગામી અને શ્રી પોપટભાઈ હતા. સમગ્ર ઉત્તર ગુજરાતના ગામેગામ એમની નામના હતી. પછી શ્રી નાથાભાઈ દેસાઈ આચાર્ય હતા. 'નો સ્ટડી વિધાઉટ કડી'... એવું કહેવાતું. કવિ મેઘાણીએ આવી ખ્યાતિ જાણીને પોતાના બે પુત્રોને અહીં ભણવા મૂકેલા. ઉમદા છાત્રનિવાસ રૂબરૂ જોઈ કવિ ઉમાશંકરને ફરી વિદ્યાર્થી બનવાનું મન થયેલું. એવી આ શાળાના સંકુલમાં મોહનભાઈ પટેલે શિક્ષક બની વિદ્યાર્થીઓમાં સંસ્કાર ઘડતરનાં અને વિદ્યાનાં ઊંચાં મૂલ્યો ઉગાડ્યાં. પ્રેમાળ ગૃહપતિ તરીકે પણ અમુક સમય વિશાળ છાત્રાલયનું સંચાલન કરેલું.

જાણીતા સાહિત્યકાર શ્રી ભોળાભાઈ પટેલ કહે છે કે : 'આ શાળામાં ભણતાં શ્રી મોહનભાઈસાહેબે અમને બોલતાં, લખતાં શીખવ્યું. સાહિત્યમાં 'શબ્દ'નું સ્થાન સમજાવ્યું. દૂરદૂરથી ખેંચાઈને ભણવા આવતા વિદ્યાર્થીઓ માત્ર આ શાળાની ઈમારત કે વિશાળ છાત્રાલય જોઈને નહિ પણ અગાઉના આચાર્યશ્રીઓની વિદ્વત્તા ઉપરાંત શ્રી નાથાભાઈ અને શ્રી મોહનભાઈ જેવા શિક્ષણના મહાનુભાવોને લીધે આકર્ષાતા. ગામડાની ધરતીના ખેડૂતપુત્રો અહીં ભણીને ડૉક્ટરો, એન્જિનિયરો, પ્રિન્સિપાલો, ઉદ્યોગપતિઓ બન્યા છે અને કેટલાક રાજકીય આગેવાનો પણ બની ગયા છે. ગુરુપ્રેમના ઉચ્ચ ભાવને અનુસરતા અમેરિકા સ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ મોહનભાઈને અમેરિકા નિમંત્ર્યા. પોતાની માતૃસંસ્થાને વધુ પગભર બનાવવા પોતાના પ્રિય શિક્ષકનાં ચરણોમાં ધનના ઢગલા કરી દીધા, અને મોહનભાઈએ 'ગુડ મૉર્નિંગ, અમેરિકા' જેવું પ્રવાસપુસ્તક સાહિત્યને ચરણે ધરી દીધું. એમાં એમણે અનોખી દૃષ્ટિથી બદલાતાં સામાજિક વલણોને નીરક્ષીરથી માપ્યાં છે.

કોઈ એક વ્યક્તિ ભાગ્યે જ બે ક્ષેત્રોને એકસાથે સમાંતર ગતિ આપી પ્રગતિ કરી શકે. મારી દૃષ્ટિએ શ્રી મોહનભાઈ તેવા છે. તેઓ વિદ્યાર્થી અને વાલીપ્રિય સારસ્વત તેમજ લોકપ્રિય સાહિત્યકાર છે. તેઓ કાર્યે શિક્ષક છે અને પ્રકૃતિએ સર્જક છે. શિક્ષણ એ એમના પરિવારનો વ્યવસાય છે. ભાઈઓ અને પિતાજી પણ શિક્ષક હતા. મોહનભાઈ શિક્ષક આત્મા છે. શિક્ષણ એ એમની અભિરુચિ છે. તેમના વતન પાટણમાં (જન્મ ૧૯૨૭) તે કાળે તેઓ ઘણા ઉત્તમ શિક્ષકો પાસે ભણેલા છે. એ વારસો અને એ જ્ઞાન તેમનામાં જળવાઈ રહ્યાં છે. એથી તેઓ માત્ર શિક્ષણપ્રેમી નહિ પણ સાચા કેળવણીકાર છે. કવિ ઉમાશંકરે કહેલું : 'આવા વિદ્યાર્થીઓના ગુરુ બનવામાં અપૂર્વ ગૌરવ રહેલું છે.' એમ.એ.માં મોહનભાઈ તેમના વિદ્યાર્થી હતા.

મોહનભાઈ કડી છોડી અમદાવાદ ગયા. પ્રકાશ કૉલેજમાં પ્રોફેસર તરીકે જોડાવાનું મળ્યું. વિદાય થતા આચાર્ય નાથાભાઈ અને કડવા પાટીદાર કેળવણી મંડળના કાર્યવાહકોએ તેમને ફરી કડી આવવાનો આગ્રહ કર્યો — 'તમે હવે અહીં આચાર્યપદ સ્વીકારો.' વિદ્યાર્થીઓમાંથી પણ અવાજ આવ્યો... 'આવો, સાહેબ આવો.' અમદાવાદ અને કૉલેજનું પ્રબળ આકર્ષણ અને બીજી બાજુ કડીની વિશાળ સંસ્થાની જવાબદારી સ્વીકારવા દબાણ થતું રહ્યું. હા-ના, હા-ના એવી મનઃસ્થિતિમાં કવિતાની પેલી પંક્તિનો વિજય થયો : 'કડી, સ્નેહની સર્વથી વડી'.

તેઓ ૧૯૬૧થી સર્વ વિદ્યાલયના આચાર્યપદે નિમાયા, ફરીથી કડી તેમની કર્મભૂમિ બની. પોતાનામાં રહેલી શક્તિઓની તેમનેય ખબર નહિ હોય એ રીતે વિવિધ સંસ્થાઓ વચ્ચે કામગીરી આરંભી અને નિવૃત્ત થતાં સુધી શોભાવી. સાચા અર્થમાં તેઓ આચારવાન એવા આચાર્ય બન્યા. ભારરહિત થઈને સહજપણે તેમણે

આ પદ શોભાવ્યું.

ગુજરાત રાજ્યે તેમને 'શ્રેષ્ઠ શિક્ષક'થી નવાજ્યા; પણ દિલ્હીનો રાષ્ટ્રીય ઍવૉર્ડ તેમને મળે એવી સમગ્ર યોગ્યતા હતી. જુદા જુદા શિક્ષણાધિકારીઓએ તેમની ભલામણ કરેલી પણ ઍવૉર્ડ તેમની નજીક આવ્યો ને સરકી ગયો. આપવડાઈ બાબતમાં કશું પણ કોઈને કહેવાની એમનામાં જન્મજાત વૃત્તિ નહિ તેમ સામા પગલે જઈ કોઈને પોતાની ઓળખ આપે નહિ. સ્વાભાવિકપણે માન, સન્માન, ચંદ્રક જે કંઈ આવી મળે તે સ્વીકારવું. તેના માટે ફાંફાં ન મારવાં કે ભલામણો, લાગવગ કરવાં નહિ. એવા સંનિષ્ઠ આચરણવાળા, મૃદુભાષી, નિખાલસ, વિનમ્ર એવા મોહનભાઈને રાષ્ટ્રીય ઍવૉર્ડ ન મળે એ તો બને જ નહિ. પણ રાજકારણના આટાપાટા હવે બધાં ક્ષેત્રોમાં ખેલાય છે. એનો અફસોસ એમણે કર્યો જ નહિ, એને યાદ પણ કર્યો નથી.

સાહિત્યસર્જન એ એમની મનગમતી પ્રવૃત્તિ છે. ઍવૉર્ડ જેવું જ બહુમાન સાહિત્યજગતે એમનું કર્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમીએ અને ગુજરાતી સાહિત્ય પરિષદે તેમનાં કેટલાંક પુસ્તકોને જે-તે વર્ષનાં શ્રેષ્ઠ ગણી પારિતોષિકોથી સન્માન્યાં છે. ઘણાં વરસ પહેલાં ગુજરાત સમાચારે 'અંતિમ દીપ' અને હમણાં સંદેશે 'લાંછન' નામની એમની નવલકથાઓ છાપીને ઐતિહાસિક પાટણની સામાજિક ભૂમિ કેવા સ્તરે હતી તેનું ઝીણું બયાન તેમની અભ્યાસી દૃષ્ટિએ આલેખ્યું છે. ક. મા. મુનશી પછી અણહિલપુર પાટણ વિશે નવલકથા લખનારા મોહનભાઈ એકમાત્ર સમર્થ લેખક છે એવું શ્રી રઘુવીર ચૌધરીએ કહેલું. પાટણ એમનું માદરે વતન છે. એ દટાયેલ ધરતીના કણેકણને પારખીને, સંશોધક બનીને એમણે કર્ણદેવ, આમ્રદેવ, મંજુઘોષા જેવાં અવિસ્મરણીય પાત્રો ખડાં કર્યાં છે.

તે અગાઉ 'કુમાર'ના આદરણીય તંત્રી સ્વ. બચુભાઈ રાવતે મોહનભાઈની શક્તિઓ પારખી ગુજરાતી સાહિત્યમાં 'લઘુકથા'નું સર્જન કરી આપવાનું ઈજન આપ્યું. તે એમણે પાર પાડ્યું. ઈ. સ. ૧૯૬૪ના જુલાઈ મહિનાના 'કુમાર'માં 'છાપું' નામની તેમની વાર્તા નાના કૉલમમાં પ્રગટ થઈ. આવી વાર્તા માટે 'લઘુકથા' નામ સૌપ્રથમ બચુભાઈએ આપ્યું. આજ સુધી એ નામ રહ્યું છે. 'છાપું' લખ્યા પછી એમાં શું રહેલું છે એની શોધ આદરી; અને એક દેખીતી હકીકત એ સ્પષ્ટ થઈ કે, કોઈ સૂક્ષ્મ લાગણી — માત્ર એક જ લાગણી આ લઘુકથામાં ધબકતી કરી શકાય છે. મોહનભાઈના આ સર્જનકર્મને બચુભાઈએ પ્રોત્સાહન આપ્યું. એ અરસામાં 'કુમાર' દ્વારા તેમણે આવી સૂક્ષ્મ લાગણીઓવાળી એક પછી એક લઘુકથાઓ લખી. પરિણામે 'કુમાર'નો તે વેળાનો વાચક 'કુમાર' જોતાં જ સૌપ્રથમ મોહનભાઈની લઘુકથા શોધી લેતો.

ત્યાર પછી તો મોહનભાઈ અને લઘુકથા એકબીજાના પર્યાય બની ગયા. એની સીધી અસર કડીના લેખકોએ ઝીલી. કડીનગર લઘુકથાના સર્જનનું પ્રમુખ

કેન્દ્ર બની ગયું. ગુજરાતના ખૂણેખૂણે લઘુકથાનો સાદ પહોંચી ગયો. ઘણા લઘુકથાકારો પ્રગટ્યા. એમાંથી કેટલાક સમર્થ લઘુકથાકારો નીવડ્યા છે. લઘુકથાનું સ્વરૂપ જોતાં એ લખવામાં સહેલી પ્રક્રિયા છે એમ ધારી એમાં ઘણા લેખકોએ એકડા ઘૂંટ્યા છે; પણ એકડા પછી આગળ વધી શક્યા નથી. સાચી લઘુકથા દૂર રહી છે. ટુચકો, બોધકથા, રહસ્યકથા, પ્રસંગકથા કે ચાતુરીકથાની નજીક એવી લઘુકથાઓ પહોંચેલી જોવા મળે છે. મોહનભાઈએ લઘુકથાની કરેલી વિભાવનામાં આવી કથાઓનો ક્યાંય મેળ બેસતો નથી.

એવાં કેટલાંક કારણોથી આ કલામય અને લઘુકથાના પ્રકારને અલગ સ્વરૂપે ખુલ્લા દિલે સ્વીકારતાં હજી કેટલાક સર્જકો, વિવેચકો અચકાય છે. એના વિકાસને વેગ આપી પુરસ્કારતા નથી. માત્ર ટૂંકી વાર્તા–નવલિકાના કુળનો એક પ્રકાર ગણી લે છે. ભારતની અન્ય ભગિની ભાષાઓ અને તેના સાહિત્યના મુકાબલે ગુજરાતી લઘુકથા સંપૂર્ણ અને વિશિષ્ઠ મુદ્રા ધરાવતી એક છબી છે એ પરભાષી સર્જકોએ પણ સ્વીકારેલી હકીકત છે; પણ ઘરઆંગણે આ કુમળી બાળા મૂરઝાય છે. પણ એના જનક મોહનભાઈએ આ બાબતથી સચિંત થઈને ઉપરાઉપરી લઘુકથાના સંગ્રહો આપ્યા છે. તેનાં સંપાદનો કરી આપ્યાં છે. એમનો આ પુરુષાર્થ ગુજરાતી સાહિત્યમાં લઘુકથાના પ્રકારને સમૃદ્ધ કરી આપવા પૂરતો છે એમાં એમની સિદ્ધિ છે. સાહિત્યપ્રેમીઓએ એમને લઘુકથાના 'જનક' કહીને ઍવૉર્ડ આપ્યો છે તો શ્રી રાધેશ્યામ શર્મા જેવા પ્રસિદ્ધ સર્જકે એમને લઘુકથાના 'દ્રોણાચાર્ય' કહી બિરદાવ્યા છે; એમાં અનુગામી બનીને કડી અને ગુજરાતમાં નામી, અનામી અસંખ્ય લઘુકથાકારોએ પોતાની કલમ ચલાવી છે. સામયિકો અને અખબારોમાં લઘુકથાઓ ખૂબ છવાઈ ગઈ છે. વિદાય લેતી આ સદીના પાંચમા દાયકાથી ઘડાતી ટૂંકી વાર્તાના સંક્રાન્તિકાળના એ મહત્ત્વના વાર્તાલેખક છે; સાહિત્યમાં એ કોઈ વાડાના પૂજારી કે ગુરુ બન્યા નથી. નિજબળે જે લખાયું તેનો નિજાનંદ તેમણે માણ્યો; અને સહુને વહેંચ્યો છે. નવલિકા અને લઘુકથામાં એમનું ઉત્કૃષ્ટ પ્રદાન છે. ટૂંકી વાર્તાના સર્જનમાં ઘટના, ભાવપરિસ્થિતિ, સંક્રમણ અને અભિવ્યક્તિ ઉપર એમણે વિવેચનાત્મક પુસ્તકો લખી વાર્તાસાહિત્યનું વ્યાકરણ સિદ્ધ કરી આપ્યું છે.

'ટૂંકી વાર્તા : મીમાંસા' (૧૯૭૯) એમનું આ ક્ષેત્રે ઉત્તમ પ્રદાન છે. અખબારોમાં ક્યાંક ક્યાંક હાસ્યલેખોની કૉલમો પણ લખી છે. સામાજિક નવલકથા એમનો બીજો મનગમતો વિષય છે. માનવીના ભીતરને આલેખતી સામાજિક સંદર્ભવાળી કેટલીક નવલકથાઓ તેમણે લખી છે. 'હેતનાં પારખાં' વન્યજીવન આલેખતી નવીનોખી નવલકથા છે. પન્નાલાલની વાર્તાસૃષ્ટિની હરોળમાં ઊભી રહે તેવી સક્ષમ કથાવસ્તુ એ ધરાવે છે.

સાહિત્ય અને શૈક્ષણિક કારકિર્દી બદલ અપાતો ઉત્તર ગુજરાતનો 'આનર્ત'

એવૉર્ડ સ્વીકારતાં એમણે કહ્યું હતું : ''શિક્ષણ એ એમનો જીવનરસ છે તો સાહિત્ય એમનો હૃદયરસ છે.'' આવા હૃદયરસથી ભરેલા ગુજરાતી સાહિત્યમાં એમણે ચાલીસ જેટલાં વિવિધ પુસ્તકો લખ્યાં છે. એમાં મોપાસાં, ચેખોવ, સાર્ત્ર વગેરેની શ્રેષ્ઠ વાર્તાઓના અનુવાદો ઉપરાંત નવલકથાઓ, નવલિકાઓ, લઘુકથાઓ, તેનાં સંપાદનો, વિવેચન અને પ્રવાસનાં પુસ્તકો આવી જાય છે. આમ વિવિધ વિષયો પર તેમનું સર્જનકર્મ ચાલતું રહ્યું છે.

મોહનભાઈ સહૃદયી, સ્વાશ્રયી અને ક્યાંય પણ કોઈને 'ડિસ્ટર્બ' ન કરવાની મનોવૃત્તિ ધરાવનાર એક નખશિખ સજ્જન છે. અણગમતી બાબતને સહન કરીને પણ પોતાની આગવી રીતથી એને નવાજે, પછી સ્વીકારે અને માર્ગદર્શન આપે એવા ખેલદિલ માનવી છે. કડીના અમારા સાહિત્યવર્તુળના એ પ્રણેતા છે. કડીના દસેક લેખકો આ વર્તુળના સભ્યો છે. કડીમાંથી તેમના નિવૃત્તિટાણે તેમના એક ચાહક અને ઉદ્યોગપતિ એવા શ્રી માણેકલાલ મા. પટેલે 'શ્રી મોહનભાઈ પટેલ સાહિત્યવર્તુળ' કડી એવું નામાભિધાન કરી આપીને આર્થિક રીતે વર્તુળને સધ્ધર કરી આપ્યું છે. શ્રી મોહનભાઈનું એ રીતે કડીમાં અભિવાદન થયું છે. આ નગર સાથે 'સ્નેહની કડીથી' તેઓ હંમેશ માટે જોડાઈ ગયા છે.

એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં તેઓશ્રી સદા આદરણીય છે. વરસો પહેલાં પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ઈશ્વર પેટલીકર સર્વ વિદ્યાલય કડીમાં આવેલા ત્યારે શાળામંડળના વાહકોને કહેલું — ''મોહનભાઈ જેવા શિક્ષકો અને લેખકો ક્યાંક જ મળે છે અને મળે તો મોંઘી મૂડીની જેમ આવી સંસ્થાએ સાચવવા જોઈએ.''

ટૂંકી વાર્તા ક્ષેત્રે તેમને સવિતા સુવર્ણચંદ્રક (૧૯૫૪) અને સંદેશનો સુવર્ણચંદ્રક (૧૯૭૨) મળેલા છે. આમ ટૂંકી વાર્તામાં તેમનું પ્રદાન અગ્રિમ રહ્યું છે. પણ ક્યાંય વાહ વાહ! કરી ને 'આ હું છું' એવો દેખાડો તેમણે ક્યારેય કર્યો નથી. મૌન અને મૂક રહી એ ઘણીવાર પોતાની 'ઇમેજ'ને ઢાંકી રાખે છે. કોઈ અભરખા કે ઇનામથી કલમ એમણે ચલાવી નથી એ જ તો છે સત્ત્વશીલ સર્જકની અદબ. મહાન તત્ત્વચિંતક હેન્રિ (હેનરી) ચેનિંગે કહ્યું છે કે — ''સારા દેખાવા કરતાં સારા બનવા પ્રયત્નશીલ રહેવું એ મારું જીવનસૂત્ર છે'' ...શ્રી મોહનલાલ પટેલમાં પણ એ દેખાય છે.

— શ્રી મોહનભાઈની આ ઉજ્જ્વળ પ્રતિભાની છબી પાછળ તેમનાં ધર્મપત્ની અ. સૌ. હીરાબહેનનો મૂક સહયોગ વિસરી શકાય નહિ. પ્રત્યેક ગતિશીલ પુરુષની કારકિર્દીમાં પત્નીની સુવિધા સમાયેલી છે. આ ઉપરાંત તેમનાં ચાર સંતાનોને પણ યાદ કરવાં ઘટે. સુપુત્ર ડૉ. મયંક અને ત્રણ સુપુત્રીઓથી ભરેલું પ્રસન્ન દામ્પત્ય જીવન તેઓ ધરાવે છે.

તેઓશ્રીએ અત્યારે અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં વસવાટ કર્યો હોવા

છતાં માદરે વતન પાટણ સાથેનો નાતો અકબંધ છે. જોગીવાડામાં તેમનું ઘર છે તથા અન્ય કુટુંબીજનો છે. તેમને મળવા અને બાપદાદાનાં ખેતરવાડીને સ્પર્શવા અવારનવાર પાટણ પહોંચી જાય છે. પ્રકૃતિપ્રેમી મોહનભાઈ આ ધરતીમાંથી તાજો શ્વાસ ભરી લે છે. અમદાવાદ અને પાટણ લચ્ચે જતાંઆવતાં કડીને પોતાની કર્મભૂમિ ગણીને તેઓ પ્રસંગોપાત્ત આવી જાય છે. તેમની હાજરીથી કડીનું શિક્ષણ અને સાહિત્યજગત ચેતનવંતુ બની જાય છે.

પાટણના સુજ્ઞ નાગરિકો, કડીના અગ્રણીઓ, તેમના ચાહકો સાથે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તેમના ૭૫ વર્ષના નિરામય પ્રવેશ ટાણે અમૃતપર્વનો ઉત્સવ ઉજવે તેમાં સૌને નોંતરી સહભાગી બનાવે એ ઘટના સર્વને પ્રતિષ્ઠા આપનારી છે. શ્રી મોહનભાઈની પાટણ ખાતે કાયમી સ્મૃતિ માટે યુનિવર્સિટી વ્યાખ્યાનમાળાનું આયોજન કરે, અધ્યયનગ્રંથ તેમજ સ્મરણિકાગ્રંથ પ્રગટ કરે એમાં મોહનભાઈનું માત્ર સન્માન જ નહિ પણ ભાવિ પેઢી માટે એ એક અમૂલ્ય વારસો બની રહેશે.

ગુજરાતી એમનો પ્રિય વિષય હોય એ સ્વાભાવિક છે પણ ભૂગોળ વિષયમાં પણ તેઓ એટલા જ ઊંડા ઊતરેલા છે. એક પાઠ્યપુસ્તકનું તેમણે સંપાદન પણ કરેલું. વર્ગખંડોમાં તેમણે બધી ભાષાના પિરિયડો તો લીધા છે પણ ભૂગોળ ય ભણાવી છે; પછી એ ધોરણ પાંચનો વર્ગ હોય કે ધોરણ બારનો.... સામે વિદ્યાર્થીઓ બેઠેલા જોઈ તેમનામાં સાચો શિક્ષક જાગૃત થઈ જાય. એકધારી લગનથી તેમણે શિક્ષણકાર્ય કર્યું છે; તેમના એક વિદ્યાર્થી તરીકે, પ્રખ્યાત હાસ્યલેખક શ્રી વિનોદ ભટ્ટ આજે પણ ગૌરવ અનુભવે છે.

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળમાં તેમની સેવાઓ લેવાઈ છે અને પોતાના લાંબા શૈક્ષણિક અનુભવનો લાભ રાજ્ય શિક્ષણ મંડળને અભ્યાસક્રમો ઘડવામાં, સેમિનારો ગોઠવવામાં તેમજ વ્યાખ્યાનો દ્વારા આપ્યો છે. તેમની લઘુકથાઓ ધોરણ-૧૦ અને ધોરણ -૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં સમાવાઈ છે. એ રીતે લઘુકથાની ગણના થઈ છે. ઊગતી વિદ્યાર્થી પેઢી આ લઘુકથાથી પરિચિત થઈ તે એક મહત્ત્વની ઘટના છે. એ રીતે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ તેમની શ્રેષ્ઠ વાર્તાઓના એક પુસ્તકને પણ કૉલેજના અભ્યાસક્રમાં સ્થાન આપેલું. કડીની આર્ટ્સ અને કૉમર્સ કૉલેજે પણ તેમની વિદ્વત્તાનો લાભ લેવા વિઝિટિંગ પ્રોફેસર તરીકે તેમની સેવાઓ લીધેલી. આમ સાહિત્ય અને શિક્ષણક્ષેત્રે તેમનું બહુમૂલ્ય પ્રદાન છે. એક સાહિત્યિક અને સારસ્વત ચેતનાના પ્રાણસમા શ્રી મોહનલાલ પટેલનો કડી સાથે અભિન્ન નાતો છે. આ નગર તેમની પ્રતિભાનું સદા ગૌરવ કરતું રહેશે.

# Tribute to and Memories about Mohanlal B. Patel

**Dr. Chhaganbhai K. Patel**
Professor emeritus and former chairperson,
Department of behaviroral science,
Triton College, River Grove, Illinois, U.S.A

Mohanlal has been my very good friend, Guruji and guiding source of inspiration throughout my life and he has also influencedmany members of my extended family. For many years, he has carried the torch of education and creative writing and has provided leadership in several educational institutions in Gujarat state. His accomplishments as well as his curiosity and sense of humor have been a significant inspiration for me.

I consider myself fortunate being one of his students, eventually his co-worker and family friend. As a young student, I had planned to major in an engineering career, but I changed to a literature major being his student. I then chose a teaching career and tried to follow his model. My work as Assistant Gruhpati at S.V. High School, kadi, when I taught together with Mohanlal and became his friend, was one of the most rewarding, inspiring and pleasant experiences of my life. We spent many hours together in discussing new short stories, novels, literature in Gujarati, Hindi and English. Mohanlal, Shri Rambhai saheb, Shri Amabala saheb and myself also formed a group that read, reflected, discussed and analyzed world events. I remember taking long walks together at sunset on a sandy road and also sharing our knowledge at the evening prayer at the Kadi Ashram. I was enriched by this for the rest of my life.

I also witnessed Mohanlal's dedication to help students seven days a week, twenty-four hours a day; a rare dedicationž! part of his job was to ensure discipline and to enforce the rules. He always was very fair. No matter where I have met former students, I always found that they remembered him and his dedicated wife Shrimati Hiraben with great respect and affection.

While being a devoted husband, loving father, caring grandfather, an honest, effective educator and leader in educational circles, Mohanlal has also been a remarkably productive contributor to the world of Gujarati literature. His whole life has been a stream of success and service to the society. In spite of all these many accomplishments, he always retained his characteristically modest and soft-spoken ways. His earnest desire to improve society and to help his students, colleagues and friends helped many to reach a potential that often they could not see on their own. I consider myself fortunate to have been one of these people. It is a great privilege and honor to know him as my Guruji, associate, colleagues and "down-to-earth" genuine life-long family friend. God bless him for ever.

December 2000

# મને સાંભરે રે...

**અનામી**
પૂર્વ અધ્યક્ષ ગુજરાતી વિભાગ
મ. સ. યુનિવર્સિટી, વડોદરા

આજથી બરાબર સાડા પાંચ દાયકા પૂર્વે, આજના 'અમૃત મહોત્સવ'ના પરમ સદ્ભાગી સજ્જન આચાર્યશ્રી મોહનલાલ બાભાઈભાઈ પટેલને, વડોદરાના શ્રી મોહનલાલ હરગોવિંદદાસ પટેલ છાત્રાલયમાં બી.ટી.ના એક વડા વિદ્યાર્થી અને સહછાત્ર તરીકે પ્રથમ વાર મળેલો. આમ તો અમારી વચ્ચે ખાસ્સો એક દાયકાનો ફેર પણ મનનો મેળ મળવામાં ઝાઝો સમય લાગ્યો નહીં. કેવળ મનનો મેળ મળવામાં નહીં, પણ મેળ જામવામાંય તે. આમ થવાનાં હું ત્રણ કારણો સમજું છું. તે કાળે અમારા છાત્રાલયમાં, એબ વાળા શ્રી રામભાઈ પટેલ 'બારડોલી સુગર ફૅક્ટરી'ના મૅનેજર શ્રી નાનુભાઈ એન. પટેલ, કેસલીના શ્રી યુ. આર. પટેલ અને આપણા મોહનલાલ પટેલ જેવા કેટલાક આદર્શવાદી છાત્રો રહેતા હતા જેઓ ગૃહપતિની કાર્યપદ્ધતિ અને વ્યવહાર-વર્તનના કડક, જાગ્રત આલોચક હતા. મને લાગે છે કે ભવિષ્યના આદર્શ-સફળ ગૃહપતિ તરીકેનાં બીજ શ્રી મોહનભાઈમાં અહીં નંખાયાં — માંડ વીસેક વર્ષની વયે. આપણામાં જો જાગ્રત વિવેકબુદ્ધિ હોય તો નિષ્ફળ વ્યક્તિના જીવનમાંથી પણ સફળતાનો પદાર્થપાઠ શીખી શકીએ. મૂળ કરજીસણના વતની પણ અતિ મહત્ત્વાકાંક્ષી શ્રી રામભાઈ પટેલ વડોદરાની સાયન્સ કૉલેજમાં ભણે, શ્રી મોહનલાલ આર્ટ્સ કૉલેજમાં ને હું સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનિંગ કૉલેજમાં. આપણા આ રામભાઈ પટેલે ત્યારે એક નિયમ રાખેલો કે સાચું કે ખોટું પણ બોલવું તો અંગ્રેજીમાં જ. એમના કોઈ શિક્ષકે સલાહ આપેલી કે જો અંગ્રેજી સારું કરવું હોય તો બધો જ વ્યવહાર અંગ્રેજી ભાષા દ્વારા કરવો. શ્રી રામભાઈ આ નિયમનું ચુસ્ત પાલન કરવા જતાં વ્યાકરણની દૃષ્ટિએ એને શબ્દના ઉચિત ઉપયોગની દૃષ્ટિએ ભૂલો કરે. શ્રી મોહનલાલ રામભાઈ ભણવામાં આગળ. રામભાઈની આવી મર્યાદાઓ સુપેરે જાણે ને મરક મરક હસે. રામભાઈને અંગ્રેજી બોલતાં સાંભળું એટલે મને પૂ. બાપુની આત્મકથાના નારાયણ હેમચંદ્ર યાદ આવે. શ્રી મોહનલાલ રામભાઈથી ભણવામાં આગળ. રામભાઈની

આવી મર્યાદાઓ સુપુરે જાણે ને મરક મરક હસે. આ જ રામભાઈ પછી અમેરિકન 'એક્સેન્ટ'વાળું અંગ્રેજી બોલતા થઈ ગયા, પણ કૉલેજકાળના એમના 'રેલવે-બ્રાન્ડ અંગ્રેજી'ના મર્મજ્ઞ તે આપણા મોહનલાલ પટેલ. તે કાળે પણ મોહનલાલે મારા ઉપર એક મોટો ઉપકાર કરેલો તે હજી સુધી હું ભૂલ્યો નથી. મેં 'બેઝિક એજ્યુકેશન' ઉપર એક ઠીક ઠીક લાંબો અંગ્રેજીમાં લેખ લખેલો. સારા અક્ષરે એની 'પ્રેસ-કૉપી' તૈયાર કરવાની હતી. ટી.ડી.માં ભણતા કેસલીના શ્રી યુ. આર. પટેલના અક્ષર સારા હતા પણ એમનાથીય સારા અક્ષર — મોતીના દાણા જેવા — ભાઈ શ્રી મોહનલાલના હતા. મેં સ્હેજ વાત કરી ત્યાં તો ભારે ઉમળકાથી એમણે 'પ્રેસ-કૉપી' તૈયાર કરી દેવાની તત્પરતા દર્શાવી અને સત્વરે એ તૈયાર કરી દીધી. મારી સાથે બી. ટી.માં ભણતા હતા નવસારીના શ્રી જે. જે. શુક્લ, મટવાડના શ્રી મગનભાઈ પટેલ અને સોજિત્રાના શ્રી ડાહ્યાભાઈ જીવાભાઈ પટેલે એ 'પ્રેસ-કૉપી' જોઈ અતિ પ્રસન્નતા વ્યક્ત કરેલી ને મગનભાઈ બોલેલા : 'ખરાબ અક્ષર એ ગાંધીજીને મન અધૂરી કેળવણીનું પરિણામ છે તો મારે મન સારા અક્ષર એ પૂર્ણ કેળવણીનું પરિણામ છે.' શ્રી મોહનલાલના ઉપકારની આ વાત થઈ સને ૧૯૪૫ની તો અર્ધી સદી વીત્યા બાદ પણ તેમણે એ ઉપકારવૃત્તિ દાખવવાની જીવનરીતિ ચાલુ રાખેલી. ડૉ. ગોવિંદ કાછિયાએ 'અનામી; વ્યક્તિ અને વાઙ્મય' નામે શોધપ્રબંધ લખ્યો જેમાં તેમને એક કૃતિ મળતી નહોતી. મેં શ્રી મોહનલાલનું સરનામું આપ્યું. ડૉ. કાછિયા 'પ્રાસ્તાવિક'માં લખે છે : ''મને મારા આ શોધપ્રબંધમાં બીજી પણ અનેક વ્યક્તિઓનો સહાય-સહયોગ મળ્યો છે, અનામીકૃત 'દાંત અને તેની સંભાળ' નામક પુસ્તક મને પ્રિ. મોહનભાઈ પટેલે મેળવી આપ્યું હતું. તેમાં કેટલાંક પાન ખૂટતાં હતાં, તેની ઝેરોક્ષ નકલ મને આચાર્યશ્રી યશવંત શુક્લે મોકલી આપી હતી.''

સને ૧૯૪૫-૪૬માં મેં શ્રી મોહનલાલને પૅન્ટ-શર્ટમાં દીઠેલા. ધોતિયું એમને પહેરતાં આવડતું હશે કે કેમ? ન જાને! 'કર્લી હેર', 'ડિસેન્ટ ડ્રેસ', 'મૅન્લી ફેસ' આર્દ્ર અવાજ ને વિશિષ્ટ પ્રકારની 'કર્ટસીવાળા મોહનલાલ પટેલની તુલનામાં શ્રી નાનુભાઈ પટેલ, શ્રી ડાહ્યાભાઈ પટેલ, શ્રી યુ. આર. પટેલ ને મારા જેવા અન્ય ખાદીના ધોતી-ઝભ્ભાવાળાઓ જુદા જ તરી આવે. કડીની ગુજરાતખ્યાત શિક્ષણસંસ્થા — શ્રી 'સર્વ વિદ્યાલય'માં શિક્ષક તરીકે જોડાયા બાદ મેં એમને ખાદીના લેંઘા-ધોતી-ઝભ્ભામાં જોયા. એમનું શરીર-સૌષ્ઠવ જ એ પ્રકારનું છે કે કોઈ પણ પ્રકારનો પોશાક એમના વ્યક્તિત્વને ઉઠાવ આપે પણ એમનો બદલાયેલો પોશાક પણ એમની બદલાયેલી જીવનશૈલીનો દ્યોતક બની રહ્યો. એમના કૉલેજકાળ દરમિયાન, વડોદરા કૉલેજમાં પ્રિ. રોમન્સ, પ્રો. તિલક, પ્રો. સલગાંવકર, પ્રો. ગોવિંદભાઈ ભટ્ટ, પ્રો. ભાવે, પ્રો. બુચ, પ્રો. સી. એસ. પટેલ, ડૉ. મંજુલાલ મજમુદાર, પ્રો. કામદાર જેવા, જુદા જુદા વિષયના વિદ્વાન પ્રોફેસરો હતા. રિઝર્વ

બૅન્કના ભૂતપૂર્વ ગવર્નર ને અત્યારના લૉર્ડ આઈ.જી. પટેલ, તે કાળના, બરોડા કૉલેજના અતિ તેજસ્વી વિદ્યાર્થી. વડોદરાની સેન્ટ્રલ લાયબ્રેરી જેવી સમૃદ્ધ લાયબ્રેરી, આ બધાંની જાણ્યે-અજાણ્યે, પ્રત્યક્ષ વા પરોક્ષ અસર નીચે આવેલા શ્રી મોહનલાલને કૉલેજના પ્રાધ્યાપક થવાનો અભિલાષ જાગ્યો હોય તો તેમાં 'કશું જ આશ્ચર્યજનક કે અસ્વાભાવિક લાગતું નથી, કિન્તુ સર્વ પ્રકારની વ્યુત્પત્તિ, સજ્જતા ને લાયકાત હોવા છતાં પણ, કૉલેજ કે યુનિવર્સિટીના પ્રાધ્યાપક થવાને બદલે પ્રથમ કક્ષાની હાઈસ્કૂલના અધ્યાપક ને આચાર્ય બન્યા તે હું શ્રી મોહનલાલના જીવનની ઇષ્ટાપત્તિ અને માધ્યમિક શિક્ષણજગતનું સદ્‌ભાગ્ય સમજું છું. અધ્યાપક બન્યા તો આદર્શ અધ્યાપક બન્યા, આચાર્ય બન્યા તો આદર્શ આચાર્ય બન્યા. શ્રી મોહનલાલ પટેલના જીવનમાં કોઈને નખશિખ અધ્યાપકનો આદર્શ જીવંત થયેલો ન લાગે તો જ નવાઈ!

આકાશવાણી અમદાવાદ-વડોદરા પરથી અવારનવાર પણ મોહનભાઈ પટેલના કાર્યક્રમો રિલે થાય પણ ઉદ્‌ઘોષક ભાઈ કે બહેન કોઈ પણ મોહનભાઈના પિતાનાનું નામ બોલે નહીં! અવાજ પરથી શ્રી મોહનભાઈ બા. પટેલ, પ્રો. મોહનભાઈ શંકરભાઈ પટેલ અને ત્રીજા મોહનભાઈ પટેલ પરખાઈ જાય. આપણા મોહનભાઈએ આકાશવાણી-અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી પ્રસારિત થતા કેટલાય સિમ્પોઝિયમોમાં સક્રિય ભાગ લીધો છે ને કેટલાકનું સમર્થ ને સફળ સંચાલન કર્યું છે. અવારનવાર આવતા એમના પત્રોમાં પણ પરમ આત્મીયતા વરતાય. 'અનામી- ગીત-સુધા ભાગ-૧'ની કૅસેટ ભેટરૂપે મોકલી તો સાંભળીને વળતી ટપાલે જ લખ્યું કે ઘરમાં તમારું સાહિત્ય નહીં વાંચનાર પણ તમારાં ગીતોનો આનંદ માણી શકે છે. મારો દશમો કાવ્યસંગ્રહ 'શિવમ્' મોકલ્યો તો પ્રતિભાવરૂપે લખ્યું કે 'ચક્રવાક'થી માંડી 'આપણી વાત' સુધીના તમારા બધા જ કાવ્યસંગ્રહો મેં રસ ને આનંદપૂર્વક વાંચ્યા છે. તૂટત તૂટક પણ એનો સંબંધ જળવાઈ રહેવામાં ત્રણ વ્યક્તિઓએ વર્ષોથી મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એક તો, રાષ્ટ્રપતિ ઍવૉર્ડ વિજેતા ને અશોક ઍન્જિનિયરિંગના માલિક, એમના વેવાઈ શ્રી ભગવાનદાસ પટેલ, બીજા શ્રી ભાઈલાલભાઈ જીવાભાઈ પટેલ અને ત્રીજા શ્રી માધવલાલ પ્ર. પટેલ. છેલ્લા બે મહાનુભાવોએ તો, કડી કેળવણી મંડળ સંચાલિત કેટલીક સંસ્થાઓની અનેક વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક સેવા કરી છે. 'ધરતી' અને 'સર્વપ્રિય'ના માધ્યમ દ્વારા પણ અમારા સંબંધો સૌમ્ય ને મધુર રહ્યા છે.

શિક્ષકની મૂળભૂત ભાવનાઓને સમજેલો અને શિક્ષણના ઉચ્ચ આદર્શોને વરેલો સારો ને સાચો શિક્ષક, નિષ્ઠાપૂર્વક અધ્યાપનનું કાર્ય કરતાં કરતાં કંઈ ને કંઈ ન લખે તો જ નવાઈ! શ્રી મોહનલાલે લલિત તેમજ લલિતર સાહિત્યનાં બહુવિધ સ્વરૂપોનું સઘન ખેડાણ કર્યું છે — લગભગ સાડા ત્રણ ડઝન ગ્રંથો — એમના ખાતે જમા થયા છે.... ને એમાંના કેટલાકને તો પ્રતિષ્ઠિત સાહિત્યની

સંસ્થાઓ દ્વારા, વિવિધ પ્રકારનાં પારિતોષિક પ્રાપ્ત થયાં છે — એ દ્વારા એમની સાહિત્યિક શક્તિઓનો સ્વીકાર તો થયો જ છે, છતાંયે આપણા સમાજનું એ દુર્ભાગ્ય છે કે જેટલું મહત્ત્વ ચોપડાપૂજનમાં (લક્ષ્મીને) આપવામાં આવે છે તેટલું મહત્ત્વ ચોપડી-પૂજનને (સરસ્વતીને) આપવામાં આવતું નથી. લગ્નમાં લાખોનું ફીઝુલ ખર્ચ કરનારને આવા સાહિત્યકારો ને આવા પ્રકારના સાહિત્યને ઉત્તેજન આપવાનો વિચાર સરખો આવતો નથી. આ સાડા ત્રણ ડઝન ગ્રંથો ઉપરાંત, 'ધરતી' માસિકના તંત્રી તરીકે નિયમિત પ્રગટ થતા તેમના લેખો પણ અભ્યાસપૂર્ણ, ચિંતનપ્રધાન અને સમાજકલ્યાણકારી હોય છે. સમાજના અનેક નવોદિત લેખકોને આપેલું માર્ગદર્શન ને આપેલી સાહિત્યદીક્ષાનું મૂલ્ય તો એ સદ્ભાગી આત્માઓ જ જાણે-સમજે.

સાચું કહું તો, એક પ્રતિષ્ઠિત સાહિત્યકાર કે 'કમિટેડ સમાજ સુધારક મોહનલાલ કરતાં પણ એક નિષ્ઠાવાન, પ્રાજ્ઞ ને શીલવંત આચાર્ય શ્રી મોહનલાલનું મૂલ્ય મારે મન સ-વિશેષ છે. પૂ. બાપુભાઈ ગામી, પૂ. પોપટભાઈ પટેલ, પૂ. છગનભાઈ પટેલ, પૂ. નાથાલાલ એન. દેસાઈ જેવાઓએ, એમનાં પ્રજ્ઞા ને શીલ દ્વારા, કડી સર્વ વિદ્યાલયની જે ઉજ્જ્વલ પરંપરા ઊભી કરી તેનું સાતત્ય આચાર્ય શ્રી મોહનલાલે અંત જાગૃતિપૂર્વક જાળવી રાખ્યું છે, ને હજારોના હૃદય મંદિરમાં સ્થાન નિશ્ચિત કર્યું છે. એમનું સાહિત્ય શતાયુ બને વા ન બને પણ શુદ્ધ આચાર અને પવિત્ર વિદ્યા દ્વારા એમણે અનેકોનું જે જીવનઘડતર કર્યું છે તે કદી ભુલાવાનું નથી. સાડા પાંચ દાયકા પુરાણા મારા આ 'ડાયનેમિક' સુહૃદ ઉત્તમ સ્વાસ્થ્ય સાથે, સાહિત્ય-સમાજને શિક્ષણ-સેવા અસ્ખલિત ચાલુ રાખે એવી પ્રભુપ્રાર્થના.

# એક સર્જકનું દર્શન

આર. એસ. ત્રિવેદી
ચૅરમેન, ઉ. મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગર

વિદ્યાર્થી ગમે તે વય અને કક્ષાનો હોય પણ વિદ્યાર્થી પ્રત્યેનો મારો ભાવ એકસરખો રહ્યો છે. શિક્ષક અને વિદ્યાર્થી એ બંને શિક્ષણવ્યવહારનાં સબળ પાસાં છે અને આ બંને પાસાંનું એક પ્રકારનું સમતુલન સચવાય તો શિક્ષણવ્યવહાર દીપી ઊઠે.

આજે પણ મારો વિદ્યાર્થી સમુદાય મારું એક અનોખું આકર્ષણ છે. કોઈ સંસ્થામાં વા કોઈ કાર્યક્રમમાં જવાનું થાય તો ત્યાં અચૂક એકાદ-બે વિદ્યાર્થીને મળવાનું થાય. ખાસ ભાવ સાથે મળે અને કયા વર્ષમાં વિદ્યાર્થી હતા એની યાદ અપાવે. શિક્ષક પાસે આ એક ઉત્તમ ઍવૉર્ડ (Award) છે. મને ક્યારેય અટૂલાપણું લાગ્યું નથી. એકલવાયા અત્યારના જીવનમાં પણ અટૂલાપણું આ વિદ્યાર્થીજગતને લીધે લાગતું નથી — બધું જીવંત લાગે છે. અને એમની સાથે બેસી વાતો કરું છું ત્યારે વધારે બળથી શિક્ષણ અંગે વિચારો રજૂ કરવાનું બળ મળે છે. આવા વિદ્યાર્થી સમુદાયના કેટલાંનાં નામનો ઉલ્લેખ કરું? ડૉ. દાઉદ ઘાંચી, ડૉ. રવીન્દ્ર દવે, સાહિત્યરસિક વિદ્યાર્થીઓમાં શ્રી (સ્વ.) વજુભાઈ દવે, પ્રો. વિનોદ અધ્વર્યુ, ડૉ. જગદીશભાઈ દવે!!! આ વિદ્યાર્થીના મેળામાં શ્રી મોહનભાઈ પટેલને કેવી રીતે ભૂલી શકાય?

શ્રી મોહનભાઈનું સ્મરણ અનેક રીતે થાય છે — એમની વાર્તા દ્વારા એમનો પરિચય. એમનાં માર્મિક વિવેચનો દ્વારા એમનું અહમ્‌ભાવ વિનાનું અને નિર્દંભ વ્યક્તિત્વ વગેરેનો પરિચય મોહનભાઈની આજે પણ યાદ તાજી કરાવે છે. પરંતુ આ ઉપરાંત મારા પર મોહનભાઈની છાપ એક મૌલિક અને સર્જક વિદ્યાર્થીની છે. પ્રશિક્ષણ મહાવિદ્યાલયના એક વિદ્યાર્થી તરીકે મોહનભાઈનો મને પરિચય થયો. મોહનભાઈના વ્યક્તિત્વને કેવી રીતે વર્ણવું? વર્ગમાં ખૂબ ઉત્સાહથી ધ્યાનપૂર્વક બધી જ ક્રિયા-પ્રક્રિયાની નોંધ લેનાર મોહનભાઈ એક જુદા પ્રકારના વિદ્યાર્થી હતા. પ્રશિક્ષણ મહાવિદ્યાલયના રોજિંદા, ચીલાચાલુ કાર્યક્રમમાં મોહનભાઈ એમની આગવી શિસ્ત અને એમના વિનયવિવેક પ્રમાણે ભાગ લેતા રહે. ન ભાવતા વ્યવહારથી થોડા અલગ પણ રહે. આમ છતાં એ વ્યવહારમાં જમાનાની

માંગ પ્રમાણે અનુરૂપ થવાનો ભારે પ્રયત્ન કરે. પ્રશિક્ષણ મહાવિદ્યાલયનો શૈક્ષણિક ભાર શિક્ષણશાસ્ત્ર કરતાં 'પદ્ધતિ' પરનો જ રહ્યો છે — પદ્ધતિ એક પ્રકારનું tranzquilzer છે. કદાચ મોહનભાઈને આ વ્યવહાર કઠતો હોય! 'આ પ્રકારના જડ વ્યવહારની વેદના મોહનભાઈને જરૂર થતી. એમના પાઠો જોવાનું મારે ભાગે પણ આવતું પણ એમના શિક્ષણ વ્યવહારમાં એમની વેદના ક્યારેય ડોકાતી નહિ. વિદ્યાર્થીઓને રસ પડે એવો વ્યવહાર અને પ્રશિક્ષણ મહાવિદ્યાલયના વ્યવહારમાં પણ પ્રાણ પૂરવાની પૂરી જહેમત ઊઠાવતા રહે. મોહનભાઈના પ્રિય વિષયો હતા — ગુજરાતી (ભાષા) અને ભૂગોળ. ભૂગોળનું આકર્ષણ એમને જુદી રીતે હતું. અભ્યાસક્રમના ભાગરૂપે નહિ પણ ભૂ-રચનાની નૈસર્ગિક ઘટનાનું અધ્યયન એ મોહનભાઈના અભ્યાસનું કેન્દ્રબિંદુ હતું.

પ્રશિક્ષણ મહાવિદ્યાલયના ચીલાચાલુ વ્યવહારની વાત કરું છું ત્યારે જાણીતા કવિ સ્વ. રમણિક અરાલવાળા યાદ આવે છે. શ્રી અરાલવાળા પણ મારા વિદ્યાર્થી. મોટી ઉંમરે શિક્ષકની તાલીમ માટે આવેલા. એક દિવસ એમના જ કાવ્યનું શિક્ષણ એમને વર્ગમાં કરવાનું હતું. જે શાળામાં તાલીમાર્થી તરીકે શ્રી અસરાલવાળા જવાના હતા તે શાળાના આચાર્યે વર્ગમાં આવી શ્રી અરાલવાળાની ઓળખ આપેલી — એમણે કહ્યું, 'વિદ્યાર્થીઓ, આજે ખુદ કવિ પોતે વિદ્યાર્થી-સ્વરૂપે તમને શીખવવા આવ્યા છે' પ્રશિક્ષણ મહાવિદ્યાલયની પ્રણાલી મુજબ શિક્ષક પાઠ આપે ત્યારે એક પ્રાધ્યાપક નિરીક્ષક તરીકે પાછળ બેસી શિક્ષણવ્યવહાર અંગે નોંધ લખે.... આ અરાલવાળાને આ પ્રકારની નોંધ કઠતી. એમને આ નોંધમાં કોઈ પ્રકારની પ્રેરણાના અભાવે અસંતોષ રહેલો. છેવટે આ અભ્યાસ છોડવાની અણી પર આવેલ પરંતુ મારી સાથેના સંપર્કથી એમને સમજાવી-પટાવી રાહ પર મૂક્યા અને આમ વ્યાવસાયિક ડિગ્રી લઈને પ્રશિક્ષણ મહાવિદ્યાલય છોડ્યું. આ પ્રસંગ મને પણ હલાવી ગયેલ. જે મૌલિક છે — જેનામાં સંવેદન છે - સર્જનશીલતા છે — એની અવગણા કરી કોઈ પણ વ્યક્તિને યંત્રવત્ બનાવવાનો શો અર્થ...? આ તો શિક્ષણવ્યવહારની વિરુદ્ધની વાત કહેવાય.

શ્રી અરાલવાળાના સંદર્ભમાં મેં મોહનભાઈ સાથેનો વ્યવહાર સાચવી રાખેલ. મોહનભાઈની મૌલિકતા, સર્જનશીલતાનાં દર્શન ક્યારેક વર્ગમાં થતાં પણ આ પ્રકારનો માહોલ કાયમી બને એ મારા પ્રયત્નો હતા. મોહનભાઈ પોતાને ફાળે આવતા શિક્ષણ વ્યવહારને બને તેટલો રસમય બનાવતા છતાં પ્રશિક્ષણના શિસ્તની અવગણના કરતા નહિ. પરંતુ મને કાયમ લાગ્યા કરતું કે મોહનભાઈમાં રહેલ સર્જકને જીવાડવો હોય તો કોઈ જુદા પ્રકારનું પ્રોત્સાહન આપવું જરૂરી છે. વિદ્યાર્થી તરીકે એમને મારું આકર્ષણ ખરું એટલે ઘેર પણ આવે અને પોતાના લખાણની પણ વાતો કરે અને પ્રશિક્ષણ વ્યવહારની પણ વાતો કરે. ન ગમે છતાં પણ ટીકાટિપ્પણીથી દૂર રહેવાનો એમનો સ્વભાવ મને સ્પર્શી જતો. હું હંમેશ

એમને યાદ અપાવતો કે શિક્ષકે પોતાની મૌલિકતા કોઈ પણ ભોગે સાચવવી જોઈએ. આ વાત મોહનભાઈને સ્પર્શી જતી પણ નિયત થયેલ વ્યવહારમાંથી બહાર નીકળવાની હિંમત દર્શાવવા એ અનેક નૂસખા અજમાવતા.

વાર્ષિક પરીક્ષાનો સમય આવ્યો અને રાબેતા મુજબ મોહનભાઈએ પણ પોતાને શીખવવાનું એકાદ એકમ પસંદ કરી મારી પાસે આવ્યા. મેં તો મોહનભાઈને સ્પષ્ટ જણાવ્યું કે વાર્ષિક પરીક્ષામાં જ શિક્ષકે પોતાની મૌલિકતાનાં દર્શન કરાવવાનો મોકો જતો કરવો જોઈએ નહિ. આથી પોતાની મૌલિકતાના પરિચય માટે સામાન્ય શૈક્ષણિક એકમ પસંદ કરવાની જરૂર નથી. વિદ્યાર્થીના વિચારોને ઉત્તેજે અને સાથે સાથે વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત અવસ્થામાં પડેલ સર્જકતાને ઢંઢોળે એવા એકમની પસંદગી મોહનભાઈએ કરવી જોઈએ. આ એક પડકાર હતો અને ઘણા દિવસોના મંથન પછી મોહનભાઈએ એક પ્રકારની પોતાની સાહજિક વૃત્તિને સતેજ કરી આ પડકાર ઝીલી લીધો. નવલિકાના લેખકનો આત્મા સળવળ્યો. એકાદ ચોટદાર પ્રસંગ લઈ એના પરથી ટૂંકી વાર્તાના લેખનના મુદ્દા વિદ્યાર્થીઓ પાસેથી માગવાનો નિર્ણય કર્યો. આ પ્રમાણે પોતાના શિક્ષણપાઠનું આયોજન કર્યું. પરીક્ષકોને પોતાની મૌલિકતાનો પરિચય આપવાનું મન થયું પણ સાથે સાથે ચીલાચાલુ પરીક્ષાપદ્ધતિનો ડર પણ હતો. પણ છેવટે એ ડર ખંખેરી માહેનભાઈએ પોતાનું વિશિષ્ટ કાર્ય — વિદ્યાર્થીના લેખનકાર્યને વિકસાવવાનો પ્રયોગ હાથ ધર્યો. વાર્તાના મુદ્દા વિકસાવવા એક કેન્દ્રવિચાર રજૂ કર્યો. આમ એમની લેખકની શૈલી પ્રમાણે એમણે એક ચોટદાર પ્રસંગ મૂક્યો. ઘટના આ પ્રમાણે હતી : ''આઠમા ધોરણના એક વિદ્યાર્થીની શાળાફી ન ભરી શકવાના કારણે શાળા છોડવી પડે છે. (અહીં એ નોંધવું ઉચિત ગણાશે કે એ વર્ષોમાં માધ્યમિક શાળાઓમાં નક્કી કરેલા ધોરણે ફી ભરવી પડતી હતી.)'' બસ આ પ્રસંગને વિદ્યાર્થી સમક્ષ મૂકી એમણે વાર્તાના મુદ્દા વિકસાવવા પ્રયત્ન કર્યો. આ વાર્તામાં કેટલાં અને કેવાં પાત્રો હોવાં જરૂરી છે વગેરે ચર્ચા મોહનભાઈએ શરૂ કરી. જે વિદ્યાર્થીઓ નિષ્ક્રિય અવસ્થામાં રહેવા ટેવાયેલા હતા તે આજે જાગૃત થયા અને વિવિધ સૂચનો કરવા લાગ્યા. શિક્ષણ વ્યવહાર ચેતનવંતો બન્યો. વિદ્યાર્થીઓ સહકાર આપવા ઉત્સુક બન્યા. વાર્તામાં કયું પાત્ર પ્રમુખતઃ લઈશું એ પ્રશ્નના ઉત્તરમાં વિદ્યાર્થીઓનું સૂચન : યુવાન-વિધવાના પાત્રથી વાર્તાની શરૂઆત કરીએ? આવા સૂચને વાર્તાને નવો વળાંક આપ્યો.

આવી રીતે સાહિત્ય સર્જકે વિદ્યાર્થીઓમાં રહેલ સર્જનશક્તિને ઢંઢોળી.

આ પ્રસંગ તો ઘણાં વર્ષોપૂર્વે થયો પણ આ લખું છું ત્યારે હૂબહૂ મોહનભાઈને પુનઃ વિદ્યાર્થી તરીકે જોયાનો એક અનોખો આનંદ અનુભવું છું. કહેવાની ભાગ્યે જ જરૂર હશે કે શ્રી મોહનભાઈ બી.એડ્.ની તે સમયની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા. ચીલાચાલુ વ્યવહારના બંધનમાં રહીએ તો જ પરીક્ષાનું પરિણામ સારું આવે એવો ભ્રમ પણ કદાચ મોહનભાઈમાંથી દૂર થયો હશે. પછી તો વર્ષો

પસાર થતાં ગયાં અને એક સમયે જે કૉલેજનો હું આચાર્ય હતો તેવે સમયે મેં મોહનભાઈને મારી કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે આવવા નિમંત્રણ પાઠવ્યું. પરંતુ નિષ્ઠાવાન શિક્ષક પોતાની માતૃસંસ્થા — કડી સર્વ વિદ્યાલયને છોડવા તૈયાર ન હતા. હોદ્દાના પ્રલોભનને વશ થયા વિના મોહનભાઈએ મારા નિમંત્રણને સ્વીકાર્યું નહિ. આ પ્રસંગની નોંધ ગૌરવ સાથે કરવાનું મન એટલા માટે થાય છે કે સાચા અર્થમાં સાહિત્ય અને શિક્ષણના સુભગ મિલનને મોહનભાઈએ ઉજળું બનાવ્યું.

સાહિત્યકારો મોહનભાઈને લેખક તરીકે જરૂર સન્માનશે પણ મારી દષ્ટિએ મોહનભાઈ પ્રામાણિક, નિષ્ઠાવાન, મૌલિક શિક્ષક જ આજે સન્માનિત થાય છે.

આજે શિક્ષણ વ્યવહારમાં મોહનભાઈ જેવી વ્યક્તિના અભાવે એક પ્રકારની દુર્દશા દેખાય છે. આશા રાખીએ કે ભલે મોહનભાઈ શિક્ષણ વ્યવહારમાં સક્રિય ન રહ્યા છતાં એમની કૃતિઓ દ્વારા, એમની સર્જનશક્તિ દ્વારા સાહિત્યના માધ્યમ દ્વારા શિક્ષણ વ્યવહારને ઢંઢોળતા રહે. એક ઝંઝાવાતી પરિવર્તનના સંદર્ભે આજના ચેતનવંતા વિદ્યાર્થીઓ માટે મોહનભાઈ પ્રેરણારૂપ રહે. ગાંધીયુગમાં એક વખત સાક્ષર શ્રી સ્વ. ર. વ. દેસાઈએ આ ભૂમિકા પૂરી પાડી હતી અને આપણા જેવા વિદ્યાર્થીઓમાં એક આદર્શ ભાવના જન્માવી હતી. સ્વ. ર. વ. દેસાઈની યાદ આજે પણ તાજી છે. પરિવર્તિત થતા નવા યુગનો સંદેશો કેવળ વિજ્ઞાન અને ટેક્નોલૉજી નથી પરંતુ ટેક્નોલૉજીના સંદર્ભે નવો યુગ આપણને પડકાર ફેંકે છે કે ટેક્નોલૉજીના યાંત્રિક વ્યવહારમાં માણસ યંત્રવત્ ન બને પણ ટેક્નોલૉજીની સહાય એ મનુષ્યત્વ માટે કેટલી સૂચક છે એ સંદેશો છે. આ ભાવ વિજ્ઞાનનો નથી પણ સાહિત્યનો છે. મોહનભાઈ એક સાહિત્યકાર તરીકે આ ભાવને પોતાની કૃતિઓ દ્વારા પ્રગટ કરતા રહે એ જ પ્રાર્થના.

જાણીતા ફિલ્મ સંગીત નિર્દેશક ઉસ્તાદ નૌશાદસાહેબને કોઈએ પૂછ્યું કે ભારતીય શાસ્ત્રીય સંગીત અને પશ્ચિમી સંગીતમાં શો ફેર છે? નૌશાદસાહેબનો ઉત્તર હતો — ''પશ્ચિમનું સંગીત શરીર હલાવે છે જ્યારે ભારતીય સંગીત હૃદય હલાવે છે'' શિક્ષણ પણ ભારતીય સંગીતની સમકક્ષ ભૂમિકા ભજવે છે. આથી તો કવિવર રવીન્દ્રનાથ ટાગોરે લલિતકળાને શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકારવાનો આગ્રહ સેવ્યો હતો.

મોહનભાઈની હવે વિશિષ્ટ ભૂમિકા છે. એમની સર્જનશક્તિ દ્વારા શિક્ષણની જ્યોત જલતી રાખે અને શિક્ષણ વ્યવહારમાં પ્રાણ પૂરતા રહે અને કવિશ્રી મેઘનાથ ભટ્ટી એમના 'છીપલાં' કાવ્યમાં પ્રગટ કરેલ ચિંતા મોહનભાઈ એમની કૃતિઓ દ્વારા દૂર કરતા રહે એ જ પ્રાર્થના. શ્રી મેઘનાથ ભટ્ટ કહે છે :

પેઢી જૂની શગડીમાં શેકતાં
નિવૃત્ત મનોવૃત્તિવાળાં,
આવતી કાલના શીત પવનોનો સામનો શી રીતે કરશે?

# લઘુકથાના વિનમ્ર આચાર્ય

રાધેશ્યામ શર્મા

મોહનલાલ પટેલ. ભલે તેર નવલકથાઓ, છ વાર્તાસંગ્રહો લખ્યાં, પણ સર્જક લેખે મોહનલાલ પટેલ વિખ્યાતિ પામ્યા છે — લઘુકથાના પ્રખર પુરસ્કર્તા અને લેખક તરીકે સાચા અર્થમાં સાક્ષર એવા વાર્તાકાર મોહનલાલભાઈને લઘુકથાના આચાર્ય કહેવા ઘટે. 'ઝાકળમાં સૂરજ ઊગે' (૧૯૯૧)માં લેખકે લઘુકથાના સ્વરૂપ વિશે લખ્યું છે :

"લઘુકથા જીવનના એક જ સંદર્ભને સ્પર્શે છે જે એના કેન્દ્રરૂપ પેલી સિચ્યુએશન સાથે સીધો સંકળાય છે અને બીજા સંદર્ભો તો સિચ્યુએશનનાં પૂરક અંશો જ હોય છે."

લેખકને પોતાને પણ એક અનુભવ-સંદર્ભ બબ્બે વાર સ્પર્શ્યો છે અને લઘુકથાની સચોટતા અને સરસતાપૂર્વક ફળ્યો છે. એ જીવનસંદર્ભ છે કડીનો. કડીના સર્વ વિદ્યાલયનો. ૧૯૫૦માં આ જ સંસ્થા માટે અમદાવાદની સાહિત્યિક આબોહવા તેમને છોડવી પડેલી, એ જ રીતે ૧૯૬૧માં અમદાવાદની આર્ટ્સ કૉલેજમાં ગમતું અધ્યાપકપદ છોડી ફરી પાછા સર્વ વિદ્યાલયના વડા તરીકે — સાહિત્યિક મહત્ત્વાકાંક્ષાના મોહને મેલી — મોહનલાલે કડી જવું પડેલું. કદાચ સુન્દરમે ગાયું છે તેમ, લેખક માટે તો જગતની સર્વ કડીઓમાં સ્નેહની સર્વથી વડી, કેવળ કડી જ હશે ને! હજારો પાંખોની ગતિ હોય કેની, પણ મોહનભાઈએ તો ગાયું હશે — 'હવા! તુમ ધીરે બહો!' and quiet flows, 'KADI'. All quiet on Kadi (northern) front ? ૧૯૫૦ સુધી જેમણે મોંઘા કાપડનાં કોટ-પાટલૂન પહેરેલાં તેમણે ખાદી - ખરબચડા લેંઘાઝભ્ભા ચઢાવ્યા અને ૧૯૬૫ના અરસામાં કડી, સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં એવા વૃક્ષચૈતન્યનું સિંચન કર્યું કે ત્રણસો છાત્રોએ મોહક આચાર્યની આનાકાની છતાં એક વિશાલ વટવૃક્ષને મેદાનમાંથી — રમતસ્પર્ધા માટે વચ્ચે પડતું હોવાથી — અધ્ધર ઉઠાવી લઈ વ્યાયામ શાળામાં રોપી બતાડ્યું! હર્ષ સાથે શોક જોડાયો હોય છે એમ એ વડને પછીથી ઊધઈ લાગતી હતી! કલ્પવાની મજા પડે છે કે મોહનલાલ એ વટવૃક્ષની રોમાંચકારી કરુણ વાર્તા આલેખવા ક્યારેક બેઠા હશે ત્યારે એમના પ્રિય લેખક

સ્ટાઈનબેકના 'To start a story still scaraes me to death" શબ્દો સંવિદમાં રણઝણી જતા હશે.

લઘુકથાના તેમજ કડીના સર્વપ્રિય આચાર્યે એક અઘટિત ભય-ગ્રંથિના કારણે પણ સ્વૈચ્છિક સંયમવ્રત લીધેલું — નવલકથાઓ નહિ લખવાનું! કારણ? કારણ કેવળ એટલું કે પ્રણયનું ચિત્રણ કરવાનું આવે અને રામ કરે ને કશુંક પુત્રવત્ છાત્રોને અભડાવી કરડી જાય તો?! ખાદી-પરિધાન કરતાંયે ચઢી જાય એવો નવલકથા લખવાનો મોહ કોઈ વીરલો જ જતો કરે! એવા સાક્ષર તે મોહનલાલ પટેલ. ભલું થજો ભલાભોળા આખાબોલા બીજા પટેલ પીતાંબરભાઈનું (જે 'આરામ'ના ઉદ્યમી સંપાદક હતા!) જેમણે ટકોર કરી મોહનલાલને નવલકથાના વટવૃક્ષને પુનઃસિંચન અર્પવા ઉત્તેજ્યા! 'સંદેશ'ને એનાં બે નવલકથા-ફળો ત્યારે મળ્યાં...

નિર્ભેળ સાક્ષર, શુદ્ધ શિક્ષક ક્યારેય વિદ્યાર્થી અવસ્થા વટાવી જીવતો નથી કે વટાવી ખાતો નથી! છેક ૧૯૬૧માં (લાભશંકર અને હું મોહનલાલ કરતાં નવેક વરસ નાના છતાં ૧૯૫૮-૫૯માં) ઉમાશંકર જોશી - રમણલાલ જોશી જેવા સર્જક શિક્ષકના હાથ હેઠળ લેખક એમ.એ. થયા. ઉમાશંકર, કડીના આ સુપ્રતિષ્ઠિત શિક્ષકને નખશિખ ઓળખે તે એટલી હદે કે એમને એકદા દિલ્હી જવું પડ્યું ત્યારે મૉનિટર જેવા મોટા છાત્ર મોહનલાલે — ઉમાશંકરનો વર્ગ લેવાની અન્યોની દરખાસ્તને ઉ.જો.એ જ વધાવી લીધેલી! ભાષા-સાહિત્ય ભવનમાં ઉમાશંકર અનેક વાર કહેતા સંભળાયા — ''મોહનભાઈ પાટલી ઉપર સામે બેસે છે એ તો એક અકસ્માત છે...!'' ભદ્રેશ્વર ઉજાણી પર વિદ્યાર્થીઓ સાથે કવિ ઉમાશંકર ગયા ત્યારે એકલા મોહનલાલ સાથે 'સરસ્વતીચંદ્ર'ની પંચરાત્રિના પોતાના ઑડિટની ચર્ચા કરે ત્યારે લેખક શેક્સપિયરના 'મિડસમર નાઈટ્સ ડ્રીમ'માંના ચાર-ચાર અહર્નિશની ગોષ્ઠી ચલાવે. કેવા શિષ્ય, કેવા ગુરુજી!

આની પાછળ મોહનલાલભાઈની શિક્ષણસેવાનો એક અવિસ્મરણીય ઇતિહાસ હતો. કડી-મહેસાણાની જાહેર સભાઓમાં ઉમાશંકરે લેખકની કેળવણીની કુંદનભરી કારકિર્દીનો ઉલ્લેખ કરેલો જે એક પત્રમાં પ્રસ્તુત છે : ''મોહનભાઈ એક અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજમાં ઊછરતાં બાળકો વચ્ચે જઈને તેઓ બેઠા છે.''

એ તદ્દન સ્વાભાવિક છે કે ૧૯૮૪નો શિક્ષક માટેનો સ્ટેટ ઍવૉર્ડ મળ્યો.

પણ એ તેટલું જ અસ્વાભાવિક અને અકલ્પ્ય છે કે પાંચ પાંચ શિક્ષણાધિકારીઓની ભારપૂર્વક ભલામણ છતાં નેશનલ ઍવૉર્ડ નથી મળ્યો!

એમાં કમભાગ્ય નેશનલ ઍવૉર્ડનું! સાક્ષર ચલત હૈ અપની ગતિ સે, ઈશ્વરભાઈ પરમારે આ વિચિત્ર છતાં વિસંવાદી વરવી વાસ્તવિકતા તરફ ઘટતો

નિર્દેશ બે વાક્યમાં કર્યો છે કે ''રાષ્ટ્રીય ઍવૉર્ડ'' ના મળ્યો! 'ઍવૉર્ડના નસીબમાં સાચા સન્માન્યને મળવાનું નહીં હોય!''

મહંમદસાહેબ પાસે માઉન્ટન જાય ત્યારે જ અણધાર્યો ચમત્કાર સર્જાયો કહેવાય.

માઉન્ટન યાને કિ પર્વત પાસે પયગંબર સમા પુરુષ — જવાની મજા પડે — તો જાય, બાકી શી જરૂર છે જવાની! મહંમદ પાસે માઉન્ટન ના જાય તે ક્ષણ સુધી તે જડ પથરો જ છે. દ્રાક્ષ ખાટી નથી, મધમીઠી છે. પણ અહીં શિયાળ નથી ને...!

ડૉ. રમણલાલ જોશી, હાલ નિવૃત્ત આચાર્ય અને સાક્ષર મોહનલાલ પાસે 'જાત-અનુભવના નિચોડરૂપ'' એક શિક્ષણગ્રંથ અંગ્રેજીમાં (but why in ENGLISH ?) મળે એવી ''ઊંચી' અપેક્ષા સેવે છે. આ કોઈ ઍવૉર્ડથી ઓછું લાગે છે?

એક અન્ય ખ્યાતનામ પટેલ, વિવેચક ભોળાભાઈ જેને દિલ્હી સાહિત્ય અકાદમીનો નેશનલ ઍવૉર્ડ 'દેવોની ઘાટી' માટે મળ્યો છે, તે ઉત્તર ગુજરાતના આ સાક્ષર મોહનલાલ પટેલના એક કાળે વિદ્યાર્થી શિષ્ય હતા! કળિકાળમાં શિષ્યના નામે ગુરુ ઓળખાય એનું આશ્ચર્ય નથી, પણ મૂળે ઓળખાય એનો જ હર્ષ છે. 'બોલે ઝીણા મોર'માં (૨૮-૭-૧૯૯૧) ભોળાભાઈ પોતાના રમ્ય ભવ્ય ભૂતકાળને વાગોળતાં લખે છે : ''નો લાઇફ વિધાઉટ વાઇફ''ની માફક ''નો સ્ટડી વિધાઉટ કડી'' એ બૉર્ડિંગનું (જાણે કે હોર્ડિંગ સમું!) સૂત્ર હતું. ત્યાં નાથાભાઈ જેવા પ્રૌઢશીલવાન આચાર્ય હતા, બાળસાહિત્ય લેખક - પંડિત શા શિક્ષક રતિલાલ સાં. નાયકસાહેબ હતા... અને મોહનલાલ? સન્મિત્ર ભોળાભાઈની જ મુગ્ધકર વાણીમાં વાંચીએ —

''મોહનલાલ પટેલ — અમદાવાદથી નવા સાહેબ આવ્યા. એમની સાથે મોપાસાં, ચેખોવ, ઓ'હેનરીનું વાર્તાજગત, બ્રાઉનિંગના મોનૉલૉગ્ઝ, શરદબાબુ અને ખાંડેકરનું જગત આવ્યું.

નખશિખ સજ્જન. 'થૅન્ક્સ' અને 'સૉરી' બોલતાં એમણે શીખવાડ્યું.

અમે તો ગામડિયા ઉજ્જડ. (સાહેબ) કપડાંમાં અપટુડેટ. કડી ગામમાં રહેતા. એમની વાર્તાઓ 'કુમાર', 'મિલાપ'માં આવતી.

પછી એ અમારી બૉર્ડિંગમાં ગૃહપતિ બનીને પણ આવ્યા. અમે જોયું, પૅન્ટ-શર્ટના પહેરનાર સાહેબે ખાદીના લેંઘો-ઝભ્ભો અપનાવી લીધા તે આજ સુધી. આચારવાન આચાર્ય કોઈ છોકરાને 'તું' ન કહે, 'તમે' જ કહે. એમણે 'લખતાં' શીખવ્યું. સાહિત્યને પરખવાની આંખ આપી. એ પોતે તો હવે જાણીતા સાહિત્યકાર છે (એક રાષ્ટ્રીય સરકારને જ આની પૂરતી માહિતી નથી!)... એમનું હેત સતત મળતું રહ્યું છે, પણ જ્યારે કંઈ નવું લખાયું હોય તો એમને મોકલું.''

(મોહનલાલ કશું નવું લખે તો ભોળાભાઈએ હવે એ અંગે સરકારને લખી મોકલવું ઘટે)....

૧૯૫૦ આસપાસનો કાળ. કડીથી થોડેક દૂર... વીડજ પાસે લઘુકથા સમા કાસ્વા ઘોઘાબાપાનું ગામ. મારા પિતાનું મોસાળ. ત્યાં એકાદ વરસ પ્રાથમિક શાળામાં ભણેલો. કડીથી બસ રાતે ઊપડી ગઈ. સર્વ વિદ્યાલય પાસેની બૉમ્બે સોસાયટીમાં રાત્રિવાસ દરમ્યાન મુકેશનું 'અંદાઝ' ગીત મિત્ર શિવપ્રકાશ જાનીની સંગાથેલલકારેલું :

''તૂ કહે અગર જીવનભર
મૈં ગીત સુનાતા જાઉં,
મન બીન બજાતા જાઉં...''

ગીત સાથેનો સંબંધ સ્પષ્ટરેખાબદ્ધ ત્યારે નહોતો. અત્યારે છે, સઘન, સંકુલ. કડી રેલવે સ્ટેશનના પાટા અંડોળી સર્વ વિદ્યાલય આજેય વિદ્યમાન છે. મોહનની મોહિનીનું મહુવર ત્યાં એક જમાનામાં રણકારતું હતું! મારા ચિદાકાશમાં માનનીય મોહનલાલ પટેલ જાણે કે કડીની કૅપ્સૂલમાં બેઠાબેઠી લઘુકથા અર્થે ઝડપભેર ગાઈ રહ્યા છે : 'તૂ કહે અગર જીવનભર... અને હું અહીં એકલો બોલું છું : મોહન, તુમ ધીરે... મત બહો!



યુવાવસ્થાએ



પદવી ગ્રહણ કર્યા પછી



પર્યટનમાં ઉમાશંકર  જોશીના વિદ્યાર્થી



ગુલાબદાસ બ્રોકર સાથે, સન્માન સ્મૃતિચિહ્ન સ્વીકારતાં  - ૧૯૭૧



ઈશ્વર પેટલીકરના હસ્તે 'સંદેશ' સુવર્ણચંદ્રક સ્વીકારતાં



શ્રીમતી હીરાબેન યુવાવસ્થાએ



પન્નાલાલ પટેલ સાથે સર્વ વિદ્યાલયના એક સમારંભમાં



કડી સાહિત્ય વર્તુળ : નિરૂબેન રાવળ અને કડીના સાહિત્યકારો સાથે



શ્રી મોહનભાઈ પટેલ : તસ્વીર શ્રી જગન મહેતા



ક.પા.કે.ઉ. મંડળના પ્રમુખ કેશવલાલ વિ. પટેલના હસ્તે સન્માન સ્મૃતિ ચિહ્ન સ્વીકારતાં



બોસ્ટન (U.S.A.) રીવર ચાર્લ્સ ઉપર યજમાન મંગળદાસના કુટુંબ સાથે





૪૦ લઘુકથાઓના વિમોચન પ્રસંગે
બકુલ ત્રિપાઠી પ્રવચન કરી રહ્યા છે

U.S.A. ૧૯૮૨
ફિલિપ સાથે ચર્ચામાં



વર્લ્ડ ટ્રેડ સેન્ટર પાસે



૪૦ લઘુકથા વિમોચન પ્રસંગે વક્તવ્ય



આચાર્યની ઓફિસમાં સર્વ વિદ્યાલય, કડી



પ્રવચન કરતાં હાસ્ય મુદ્રામાં





નિવૃત્તિ વેળાએ મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ તરફથી સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન સ્વીકારતાં ઉમાશંકરભાઈના હસ્તે, બાજુમાં શ્રી યશવંતભાઈ શુક્લ



કેનેડામાં ૧૯૮૨માં નાયાગ્રા ધોધના પરિવેશમાં



U.S.A. રિવર ચાર્લ્સ ઉપર



U.S.A. ૧૯૮૨ વર્મોન્ટની એક ખાનગી ડેરી પાસે



પુત્રવધૂ સીમા, પુત્ર ડૉ. મયંક - સત્યાગ્રહ છાવણી ખાતેના મકાનના વાસ્તુ પ્રસંગે



પુત્રીઓ શર્વરી, દીના, જલધારા



'લાંછન'ના લોકાર્પણ સમારંભ સમયે ડાબેથી શ્રી માણેકલાલ પટેલ,
શ્રી મોહનભાઈ, કુલપતિ શ્રી દવે, શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી ભોળાભાઈ પટેલ



પુત્રવધૂ સીમા , પૌત્રી અભિજ્ઞા, પુત્ર ડૉ. મયંક, પત્ની હીરાબેન,
મોહનભાઈ તથા પૌત્ર ઈપ્સિત

# શ્રી મોહનભાઈ પટેલ — એક પ્રશાન્ત વ્યક્તિત્વ

નવનીત શાહ

પાટણ રહેવાનું થયું એટલે ગુજરાતીના એક પ્રાધ્યાપકની રૂએ ગુજરાતી લઘુકથાના જન્મદાતા શ્રી મોહનભાઈ પટેલને હું નામથી જાણું. ૧૯૭૨માં તેમના વાર્તાસંગ્રહ 'પ્રત્યાલંબન'ને ગુજરાત રાજ્ય સરકારનું પારિતોષિક મળ્યું તે શુભ અવસરને લઈને પાટણના હીંગળાચાચરમાં પાટણવાસીઓએ તેમનું જાહેર સન્માન કર્યું ત્યારે એ સભામાં હું હાજર હતો. ત્યારે પહેલવહેલા મેં શ્રી મોહનભાઈ પટેલને જોયા. તેમને હાથ મિલાવીને અભિનંદન આપવાની ઈચ્છા થઈ છતાં સંકોચશીલ સ્વભાવને કારણે હું રૂબરૂ અભિનંદન આપી શક્યો નહિ. પણ પાટણના એક નિવાસી તરીકે અને એક સાહિત્યકાર તરીકે મેં પ્રત્યક્ષપણે તેમનો પરિચય મેળવી લીધો, તેમની લઘુકથાઓ પણ વાંચી.

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પાટણમાં સ્થાપના થઈ ત્યારે તેના પ્રથમ કુલપતિ કુલીનચંદ્ર યાજ્ઞિકસાહેબે કૉલેજમાં વિદ્યાર્થીઓ તેમની વક્તૃત્વકલા ખીલવી શકે એ હેતુને લક્ષમાં રાખી ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની લાયબ્રેરીના જૂના અલાયદા મકાનમાં 'બુધવારિયું'ની સ્થાપના કરી. શ્રી મોહનભાઈ પટેલ 'બુધવારિયું'માં હાજર રહેતા. હું કૉલેજમાંથી વયમર્યાદાને કારણે નિવૃત્ત થયો. કુલપતિશ્રી યાજ્ઞિકસાહેબ કૉલેજ ટીચર્સ સોસાયટીમાં રહેતા હતા. હું પણ ત્યાં જ રહું. અતઃ શ્રી યાજ્ઞિકસાહેબનો મને પરિચય થયો. તેમણે મને 'બુધવારિયું'માં રસ લેવાનું કહ્યું. હું 'બુધવારિયું'માં નિયમિત જવા લાગ્યો. ત્યાં શ્રી મોહનભાઈ પટેલનો મને પ્રત્યક્ષ પરિચય થયો. તે ત્યારથી આજ સુધી હું તેમને મારા એક અદના માર્ગદર્શક માનું છું. શ્રી મોહનભાઈ પટેલ 'બુધવારિયું'માં સક્રિય રસ લેતા હતા. તેઓ વિદ્યાર્થીઓને સાહિત્યવિષયક અને વક્તૃત્વકલા વિષયક માહિતી અને માર્ગદર્શન આપતા હતા. હું તેમને મનોમન અહોભાવથી જોતો. પ્રતિષ્ઠિત સર્જક, કેળવણીકાર, ઇતિહાસ-ભૂગોળના ઊંડા જ્ઞાતા એવા શ્રી મોહનભાઈ પટેલની માનવ અસહજ નમ્રતા મને સ્પર્શી ગઈ અને તેમનું પ્રશાન્ત વ્યક્તિત્વ મને આકર્ષી ગયું.

'બુધવારિયું' પૂરું થાય પછી અમે બંને પગપાળા ઘેર સાથે જતા. મારું ઘર

પહેલાં આવતું. પણ હું તેમની વિદ્વત્તાનો લાભ લેવા 'થોડે સુધી તેમને મૂકવા આવું છું' કહી તેમની સાથે જતો. નમ્ર અને બીજાનો વિચાર કરતા શ્રી મોહનભાઈ ચાલતાં ચલતાં મને વારંવાર કહેતા : 'હવે તમે પાછા વળો. તમને મોડું થશે.' ને છેવટે હું તેમની વિદ્વત્તાનું રસપાન કરવું અધૂરું મૂકીને પાછો વળતો. 'બુધવારિયું' પૂરું થયા બાદ મારો આ નિત્યક્રમ થઈ ગયો હતો. હું તેમની નિકટ આવવા લાગ્યો. મને તેનાથી ખૂબ જ લાભ થયો. પ્રતિષ્ઠિત લેખક છું, કેળવણીકાર છું, ઇતિહાસ-ભૂગોળનો ઊંડો જાણકાર છું એવો ભાર લઈને તેઓ મારી સાથે વર્તતા નહોતા. કોઈ પણ વ્યક્તિ ગમે તે ક્ષેત્રમાં અતિ પ્રતિષ્ઠિત હોય, પણ આખરે તેનું મૂલ્ય એક માનવ તરીકે જ થાય છે. એક નમ્ર, સૌજન્યશીલ, મળતાવડા, નિરભિમાની માનવ તરીકે જ મેં તેમને સદા જોયા છે અને તે કારણે તેમનું વ્યક્તિત્વ મને પ્રશાન્ત લાગ્યું છે.

નિકટના પરિચયે મેં જે થોડી લઘુકથાઓ લખી હતી તે તેમને વાંચવા આપી અને તે અંગે સૂચનો કરવા જણાવ્યું. તેમણે મારી લઘુકથાઓ વાંચી અને તે અંગે તેમણે વિવેચકભાવે નહીં, અપિતુ મિત્રભાવે થોડાં સૂચનો કર્યાં. આ સૂચનો મને ખૂબ જ ખપમાં લાગ્યાં. મારામાં ઊગુ ઊગુ થતા લઘુકથાકારનો તેમણે ખાત્મો ન બોલાવ્યો, પણ તેને પસવાર્યો. આને કારણે હું પ્રોત્સાહિત થયો અને આજે હું લઘુકથાઓ લખતો થયો છું.

અમે થોડા મિત્રોએ પાટણમાં 'ભાલણ સાહિત્ય સભા' શરૂ કરી. શ્રી મોહનભાઈ જ્યારે પાટણ હોય ત્યારે તેમાં તેઓ જરૂર હાજર રહેતા અને તેમની કૃતિઓનું અમને, સાહિત્યરસિકોને, રસપાન કરાવતા. તેમને અમારી આ સાહિત્યિક પ્રવૃત્તિ મળી ગઈ હતી. કારણવશાત્ 'ભાલણ સાહિત્ય સભા' સમેટી લેવી પડી. પણ આજે પણ શ્રી મોહનભાઈને તેનો રંજ છે અને તેને પુનઃ શરૂ કરવાનું વારંવાર અમને કહે છે.

તેઓ હાલ અમદાવાદ વસે છે. તેઓ પાટણ આવવાના છે એ સમાચાર મને મળે ત્યારે તેમને મળવાનું મન થતું. નસીબ જોર કરે ત્યારે મળવાનું થતું. તેમની સાથે સાહિત્યચર્ચા થતી. તેમનું આતિથ્ય ઉષ્માભર્યું. તેમની લેખનપ્રવૃત્તિ એકધારી રહી છે. તેમને ઘેર જવાની તક સાંપડે ત્યારે યાદ કરીને તેમનું નવું પ્રકાશિત પુસ્તક તેઓ મને ભેટ આપે.

આવા પ્રશાન્ત અને પ્રચ્છન્ન વ્યક્તિત્વવાળા છે શ્રી મોહનભાઈ પટેલ. તેમના ૭૫ વર્ષ નિમિત્તે તેમની સુવર્ણજયંતીની ઉજવણી થાય છે તે એક સ્તુત્ય પગલું છે.

પરમકૃપાળુ પ્રભુ તેમને નિરામય દીર્ઘાયુ બક્ષે એ જ આ સુપર્વે મારી અંતઃકરણપૂર્વકની શુભેચ્છા.

# નમ્રતાની મૂર્તિ મોહનભાઈ પટેલ

**સાધુ ભક્તિ પ્રિયદાસ**

સર્વ વિદ્યાલય કડીના અભ્યાસકાળ દરમિયાન શ્રી માહેનભાઈ પટેલનો પ્રથમ આદર્શ શિક્ષક તરીકેનો પરિચય થયો. વિદ્યાર્થીને સારું, ઉચ્ચ, સંસ્કારી શિક્ષણ આપીને સફળ શિક્ષકની છાપ ઉપસાવી હતી. કોઈ પણ વિદ્યાર્થી તેઓને મળે ત્યારે ખૂબ જ આદરપૂર્વક વાતચીત કરતા. તેઓએ જીવનમાં સાદાઈને વણી લીધી છે. ખાદીનાં સફેદ ઝભ્ભો અને ધોતિયું વિશેષે કરીને પહેરતા. તેઓના જીવનમાંથી સાદાઈની પ્રેરણા વિદ્યાર્થીઓને મળતી. દરેક વિદ્યાર્થી સાથે આત્મીયતા રાખતા હતા.

શિક્ષકની જવાબદારી સાથે બૉર્ડિંગમાં ગૃહપતિ તરીકેની પણ તેઓશ્રીની ઉજ્જ્વળ કારકિર્દી રહી. તેમની છત્રછાયામાં રહેલા વિદ્યાર્થીઓ અત્યારે પણ તેઓને આદરપૂર્વક યાદ કરે છે. તેઓ વિદ્યાર્થીની વ્યક્તિગત સંભાળ લેતા ને અભ્યાસમાં પ્રગતિ કરવા માટેનો આદેશ આપતા.

તેઓશ્રીની સેવાની ઉત્તરોત્તર વધતી ધગશને કારણે તેઓશ્રીને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના આચાર્યપદે સ્થાપ્યા હતા. એ સ્થાનમાં વ્યાવહારિક પ્રવૃત્તિ વધારે હોય છતાં તેને પણ કુશળતાપૂર્વક પાર પાડીને 'योगः कर्मसु कौशलम्' એ ગીતા ઉક્તિ મુજબ 'યોગ' સિદ્ધ કર્યો હતો.

સંસ્થાની વિવિધલક્ષી પ્રવૃત્તિઓના વિકાસ માટે જરૂરી ફંડ મેળવવા માટે અમેરિકાની યાત્રાનો પરિશ્રમ કર્યો છે. અમેરિકામાં વસતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેમને શ્રી મોહનભાઈસાહેબ પ્રત્યે આદર હતો તેમણે ખૂબ સારું દાન આપી યાત્રાને સફળતા પ્રાપ્ત કરાવી હતી. સંસ્થાના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા હતા.

આ સેવાઓ સાથે તેઓશ્રીની ગુજરાતી સાહિત્યની સેવા સતત ચાલતી જ રહી હતી. તેઓશ્રીનું સુસંસ્કૃત સાહિત્ય એ ગૂર્જર ભાષાનું ગૌરવ છે.

શ્રી મોહનભાઈસાહેબ સાથે ગાઢ સ્નેહને કારણે ને તેઓશ્રીની સાહિત્યની વિશિષ્ટ સૂઝને કારણે, જે ગુજરાતની અદ્વિતીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા તરફથી

પ્રકાશિત થયેલ તેની સંક્ષિપ્ત આવૃત્તિ બહુજનલાભાય કરવા વિચારેલ. તે કાર્ય કરવા નમ્ર વિનંતી કરેલ. શ્રી મોહનભાઈસાહેબે તે વિનંતી સહર્ષ સ્વીકારી લીધી. તેમણે વિસ્તૃત જીવનચરિત્રના ગ્રંથોનો સૂક્ષ્મ અભ્યાસ કરીને ખૂબ જ સુંદર રીતે, સરળ સાહિત્યિક ભાષામાં સંક્ષિપ્ત આવૃત્તિ તૈયાર કરી આપી જે લોકભોગ્ય બની.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જેઓ દેશવિદેશમાં ભારતીય સંસ્કૃતિની ધજા ફરકાવી રહ્યા છે તેવી વિશ્વવંદ્ય સંતવિભૂતિનું સંક્ષિપ્ત જીવનચરિત્ર-આલેખન શ્રી મોહનભાઈસાહેબે કરી મુમુક્ષુઓ ઉપર મહાન ઉપકાર કર્યો છે.

બંને મહાપુરુષોના ચરિત્ર આલેખન દ્વારા શ્રી મોહનભાઈસાહેબને પણ દિવ્ય અનુભૂતિ, આનંદનો અનુભવ થયો છે તેવું તેઓશ્રી જણાવે છે.

આવા ગુજરાતના પનોતા પુત્રના અમૃતપર્વ પ્રસંગે 'શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ'એ જે જે વિવિધ આયોજનો, તેઓશ્રીના ઋણમાંથી મુક્ત થવા માટે વિચારેલ છે તે સર્વ પ્રકારે, નિર્વિઘ્ને પૂર્ણ થાય એવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના...

# અમે અજાણ્યા ક્યાં લગ રહીશું —

ડૉ. કેશુભાઈ દેસાઈ
ચૅરમેન, યુનિ. ગ્રંથનિર્માણ બૉર્ડ, ગાંધીનગર

લાયક સારસ્વતોને સદંતર ખૂણે સબડતા જોઉં છું અને વ્હેંતિયાઓને મોભારે ચડાવાતા જોઉં છું ત્યારે ખળભળી ઊઠું છું. ગુજરાતી સાહિત્યની ઊડીએ આંખે વળગે એવી વિશેષતા કઈ? ભારતીય પરિપ્રેક્ષ્યમાં ગુજરાતી શબ્દ રણકારવિહોણો બની રહ્યો છે, એનું શું કારણ? આપણા સાહિત્યની ઓળખ વધવાને બદલે દિનપ્રતિદિન ઘટતી જવા પાછળ કોણ જવાબદાર છે? છેલ્લા ઘણા વખતથી આવા એકાધિક સવાલો દિમાગમાં સણક્યા કરે છે. એમાં ક્વચિત્ અંગત રાગદ્વેષ પણ ભળે. આખરે સાહિત્યકાર પણ માણસ છે. એને માણસની બધી જ મર્યાદાઓ નડી શકે. મોહનલાલ ઉપેક્ષિતોની પંગતના સર્જક લેખે મને વધુ પોતીકા લાગતા રહ્યા છે. મોહનલાલ પટેલને સારા શિક્ષક તરીકે જાણીએ. કડી માટે આખા ઉત્તર ગુજરાતમાં એક રૂઢપ્રયોગ છૂટથી વપરાતો : No study without Kadi. કડી સર્વ વિદ્યાલયના જ એક આચાર્ય દ્વારા સંપાદિત ગણિતનું પાઠ્યપુસ્તક અમને ભણાવાતું. ભણતરનો ભારે મહિમા હતો, એ જમાનામાં અંગ્રેજી અને ગણિત — એ બે વિષયો પર વિશેષ ભાર મુકાતો. ગુજરાતી-બુજરાતી તો સૌને આવડે. અંગ્રેજી-ગણિત સાથે વિજ્ઞાનના વિષયો રાખી, મેડિકલ કે ઇજનેરી લાઇનમાં જવું, એ જ હોશિયાર વિદ્યાર્થીનું લક્ષ્ય. 'સાહેબો' પણ એ દિશામાં જ વિચારતા હોય. શાળાની મહત્તા પણ તબીબી-ઇજનેરીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો, એ સંખ્યા પરથી અંકાતી. મારા જેવા બાળવયે સાહિત્યસર્જન તરફ વળી ગયેલા વિદ્યાર્થીને 'છોકરો એની કારકિર્દી બગાડી ન બેસે' એ બીકે ચાંપતી નજર રાખી ગણિત-વિજ્ઞાનના વાતાવરણમાં પકડી રાખવાનું પદ્ધતિસરનું આયોજન કરાતું. મોહનલાલ સાહિત્યના જીવ, છતાં એમની સાચી મૂડી તો સાયંસના વિદ્યાર્થીઓ જ. કડીની ખરી પ્રતિષ્ઠા પણ એ જ.

મોહનલાલ પટેલને ભોળાભાઈ જેવા સંભ્રાન્ત સાક્ષર પણ 'સાહેબ' કહીને સંબોધે ત્યારે ગુરુશિષ્ય સંબંધની મીઠાશનો સુભગ સાક્ષાત્કાર થાય. ઘડીક पुत्रात् शिष्यात् વાળી આપણી જુગજૂની વિભાવના મૂર્ત થતી લાગે. એક વાર એવા

પાવન પ્રસંગે અમદાવાદ ખાતે હાજર રહેવાનો મોકો મળેલો. નિવૃત્ત આચાર્ય મોહનલાલને બધા 'સાહેબ' કહીને સંબોધતા હતા : કડી કેળવણી મંડળના મોભ માણેકલાલ સહિત બધ્ધા જ. કડી ક્ષેત્રમાંથી ચૂંટાઈને પ્રધાનપદું ભોગવતા નીતિન પટેલ પણ અત્યંત — સલૂકાઈપૂર્વક માણેકલાલ અને મોહનલાલ — બેઉને 'સાહેબ' કહેતા હતા. આખા સમારોહમાં રઘુવીર ચૌધરી, રતિલાલ સાં. નાયક અને મારા સિવાય બધા જ કડવા પાટીદારો હતા. મોટા ભાગના સાહિત્ય નામની વસ્તુથી તદ્દન અપરિચિત હતા.

કડી સર્વ વિદ્યાલયની આભાથી અંજાઈને મેઘાણીએ એમનાં છોકરાંને ત્યાં ભણવા મૂકેલાં. પછી ઉમાશંકરને સમયાંતરે એ શાળાના આચાર્ય વિશે સાહિત્યકાર કરતાં સવાયા કેળવણીકાર જેવાં બિરુદવચન બોલવાનું ન સૂઝે તો જ નવાઈ. મૂળે વારતાના જીવ. નવલકથા અને ટૂંકી વાર્તા લખતાં લખતાં ક્યારે લઘુકથા ભણી વળી ગયા, એનો ખુદ એમને પોતાને પણ અંદાજ હશે કે કેમ, તે પ્રશ્ન છે! એ લઘુકથાની એક હરતીફરતી યુનિવર્સિટી બની રહ્યા ત્યાં લગી આપણા સાક્ષરો તો નસકોરાં જ બોલાવતા હતા.

મોહનલાલ પટેલની કદર બીજા કોઈએ ભલે ન કરી; કડીએ તો એમને પાંપણની પથારી પર સુવડાવ્યા છે. સાહિત્યવર્તુળનું નામ જ 'મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' પડી ગયું છે. આ બધું સ્વાભાવિક રીતે બન્યું છે, કોઈ પણ પ્રકારની ચસમપોશી વગર. એક સાહિત્યકાર માટે આ બહુ જ મોટું બહુમાન ગણાવું જોઈએ. પરંતુ આપણે ત્યાં 'દ્વારકાની છાપ'નો ઇજારો લઈને બેઠેલા મઠાધીશોને મન તો કડી એટલે કીડી! એમને બિચારા મોહનલાલ તે 'કિસ ખેત કી મૂલી!' એ થોડા કોઈ ભાષાભવનના રીડર તરીકે રિટાયર થયા છે? શાળાના શિક્ષક. એમને તો માપનું જ મહત્ત્વ ખપે.

કહેવાતા સારસ્વતોને મોહનલાલ વિરુદ્ધ બીજો એક મુદ્દો પણ મળી ગયો. આ માણસ તો જ્ઞાતિના મુખપત્રનું સંપાદન કરે છે. ના ચાલે. સાહિત્યકારે તો અતડા રહેવું જોઈએ!

હું એમને બહુ જ ઓછા પ્રસંગોએ મળ્યો છું. પરંતુ જ્યારે મળ્યો હોઈશ ત્યારે એમણે સહજ ઉમળકાથી મારી સામે અમીનજરે જોયું છે. જોનારની આંખ પારખવાની કળા મને શરૂથી વરેલી છે. એટલે હું સ્પષ્ટપણે સમજ્યો છું કે —

વિવેક ખાતર જેમને મોટા કરવા પડે છે, એમની સરખામણીમાં મોહનલાલ ઘણા ઊંચા અને ઉમદા સર્જક છે. વક્તા તરીકે એ જામતા નથી. પણ વાતચીતમાં એમની વિદ્વત્તા અને બહુશ્રુતપણું વરતાયા વિના રહેતાં નથી. ગયે વર્ષે વિસનગરના વિશ્વકર્મા સાંકળચંદ પટેલની સ્મૃતિમાં ચાલતી વ્યાખ્યાનમાળાનું મુખ્ય વક્તવ્ય મારે આપવાનું હતું. અધ્યક્ષસ્થાને મોહનલાલ પટેલ હતા. પ્રસંગને અનુરૂપ એ ધોતિયું, ઝભ્ભો અને બંડી પહેરીને આવેલા. શુદ્ધ ગાંધીજન અને ખાદીજન લાગતા

મોહનલાલ પાકું લેસન કરીને આવ્યા હતા. પરંતુ સાંકળચંદપુત્રી શાંતાબહેનને અન્યત્ર જવાની ઉતાવળ હોઈ એમનું અધ્યક્ષીય જામ્યું નહોતું. સભામાં છવાઈ જવાની ધખના મુદ્દલ ન મળે. દેવચંદ યોગીની સંસ્થામાં પણ એમનું એ જ સૌમ્ય, શીતળ, ગુણગ્રાહી સ્વરૂપ જોવા મળેલું. પછી એક દલિત સાહિત્યસમારોહ વખતે મળવાનું થયું ત્યાં પણ એ જ નિર્મળ, ગુણદૃષ્ટિભર્યા 'પૉઝિટિવ'નો પારાવાર. નાની કડીના મમતાપુરુષ દેવ યોગી હોય કે બી. કેશર શિવમ્ જેવા દલિત વાર્તાકારો હોય : મોહનલાલ એમને ભૂલથીય અન્યાય ન થઈ જાય એટલી ખેવના સાથે આવકારી શકે છે. આપણા ઉન્નતભ્રૂ સાક્ષરો તો આવા લેખકોનાં નામ સુધ્ધાં જાણતા હશે કે કેમ એ પ્રશ્ન છે.

છેલ્લે મોહનલાલ પટેલને બી. કેશર શિવમ્‌ના વાર્તાસંગ્રહ 'જન્મદિવસ'ના વિમોચન પ્રસંગે સાંભળ્યા. એ જ ગુણનજર, એ જ હેતાળ, વત્સલ શિક્ષકનું આશીર્મય રૂપ. બી. કેશર શિવમ્ કલોલની હાઈસ્કૂલના ભીખા શિવા જાદવ નામધારી છાત્ર હતા ત્યારે કડી સર્વ વિદ્યાલયના આચાર્ય મોહનલાલ પટેલને કેવા સંજોગોમાં મળેલા, એની પણ કથા છે! કેશર શિવમ્‌ની એક ટૂંકી વાર્તા 'રાતી રાયણની રતાશ' એ જમાનાના મશહૂર વાર્તામાસિક 'ચાંદની'માં પ્રકાશિત થયેલી. વાર્તા વાંચીને ગુણજ્ઞ આચાર્યે નવોદિત લેખકને પ્રશંસા અને પ્રોત્સાહનના બે બોલ લખી મોકલ્યા. એ પોસ્ટકાર્ડ તો વાર્તાકાર માટે નૉબેલ પુરસ્કારના પ્રશસ્તિપત્રની ગરજ સારી રહ્યું. રહેવાયું નહીં એટલે દલિત વાર્તાકારે રેલના પાટે પાટે કડીની વાટ પકડી. આવડા મોટા સાક્ષર એક હરિજન કિશોરને સામે ચાલીને એની કૃતિ વાંચી કાગળ લખે! — એમનો ઋણસ્વીકાર તો કરવો પડે ને? ઉઘાડપગો ભીખો સાહેબને આંગણે પહોંચ્યો ત્યારે જ દૃશ્ય સરજાયું એનું હૃદયંગમ વર્ણન બી. કેશર શિવમ્‌ની આત્મકથા 'પૂર્ણ સત્ય'માં કંડારાયું છે. (લખનારે જ એનું પુરોવચન લખી આપ્યું છે.)

મોહનલાલ પટેલે બી. કેશર શિવમ્‌ના વાર્તાસંગ્રહ 'જન્મદિવસ'ના વિમોચન પ્રસંગે એ જૂનું સંસ્મરણ તાજું કર્યું હતું. પરંતુ ૧૯૫૯ની સાલમાં બનેલી એ ચાર દાયકા પૂર્વેની ઘટના સંભારતાં પણ એ તદ્દન તટસ્થ હતા. એ સ્મૃતિને એમણે અતિરંજનનો ઢોળ નહોતો ચડાવ્યો. કેશર શિવમ્ માટે અલબત્ત એ સર્જનયાત્રાની સીમાચિહ્નરૂપ ઘટના હતી. એ દિવસો મોહનલાલ પટેલની કારકિર્દીના સુવર્ણકાળના હતા. 'હવા! તુમ ધીરે બહો!' શીર્ષક હેઠળ એમનો વાર્તાસંગ્રહ છપાઈ ચૂક્યો હતો. 'સવિતા' વાર્તા માસિકનો પ્રતિષ્ઠિત સુવર્ણચંદ્રક એમને મળ્યો હતો. આવા નામી સાહિત્યકાર પોતાના જેવા નાના, સાવ અજાણ્યા નવોદિતને પ્રશંસાપત્ર પાઠવે, એ ઝટ ગળે ન ઊતરે એવી બાબત હતી. કોઈને કહીએ તો માને કે કેમ એય પ્રશ્ન! પગપાળા કલોલથી કડી દોડી આવેલા છોકરાને જોઈને મોહનલાલ પટેલનો શિક્ષક-આત્મા કોળી ઊઠ્યો. એમણે એ છોકરાને પોતાની નવી નવલકથા

'અંતિમ દીપ'ની હસ્તપ્રત બતાવી. એની સાથે મોટા સાહિત્યકાર સાથે માંડતા હોય એવી ગોઠડી માંડી!

મને લાગે છે કે, એક સાચા સાક્ષર માટે આથી મોટી સુખદ ક્ષણ બીજી હોઈ જ ન શકે. મોહનલાલના વહાલપ-શીળા હાથ તળે કેટકેટલા કેશર શિવમ્ પોંખ્યા હશે, કો જાને!

'નવચેતન'ના દીપોત્સવી અંકમાં એની એક લઘુકથા છપાઈ છે : 'સુખિયા લોકો'. મને એમની આ કૃતિ પર પન્નાલાલ પટેલની જાણીતી ટૂંકી વાર્તા 'સુખદુ:ખનાં સાથી'ની સ્પષ્ટ છાયા વંચાય છે. બે ભિખારીઓ જેલની ધીંગી દીવાલને અડીને આવેલી ફૂટપાથ પર કબજો જમાવી બેઠા છે. દત્તુને એક નવી જ ભાતનો વિચાર આવે છે. 'કેવા સુખિયા છે આ લોકો! ભૂખ્યા સૂવાની વાતો જ નહીં.' બંને મિત્રોને જેલવાસી સુખિયા લોકની અદેખાઈ આવે છે. એમને સમયસર ખાવાનું મળી જાય; ઠંડીમાં ઓઢવાનું પણ મળે. આપણે પણ એમના જેવા સુખિયા થઈ જઈએ તો કેવું! પણ જેલવાસી બનવા માટે તો કંઈક ગુનો કરવો પડે ને? બેઉ જણ સામેની દુકાનનાં તાળાં તોડવાની યોજના ઘડી કાઢે છે. મોડી રાતે પોલીસ રોન મારતી હોય ત્યારે એની નજરે ચડાય એ રીતે મુતરડી પાછળના પથરા વડે રસ્તા પરની દુકાન તોડવાનું નાટક કરીએ. આપણને આપોઆપ જેલમાં પ્રવેશ મળી જશે! બેઉ થોડી વાર પૂરતા એમના અફલાતૂન વિચારને અમલમાં મૂકવા સહમત થાય છે ત્યાં એક જણને જુદો જ વિચાર સ્ફુરે છે. 'આપણે એક વખતે એ સ્વર્ગમાં દાખલ તો થઈ જઈએ પણ ત્યાંથી પાછા આવવાનું થાય ત્યારે આ જગ્યા આપણી રહી કે ન રહી! આ સ્વર્ગ પણ ગુમાવવા જેવું નથી, હોં!'

એક સાક્ષર મોવડીને એમના અમૃતપર્વે એમની જમાતનો દુખિયારો જીવ આથી મોટી કઈ શુભેચ્છા પાઠવી શકે? હું એ ક્ષણની પ્રતીક્ષા કરીશ જ્યારે સાહિત્ય પરિષદ કે સાહિત્ય અકાદમી જેવી સંસ્થાના મોવડી તરીકે એકાદ મોહનલાલ બેઠેલા હશે!

# શ્રી મોહનલાલ — માનવીય ઉષ્માના માનવી

કાલિદાસ ત્રિવેદી
ભાષા નિયામક, ગુજરાત રાજ્ય ગાંધીનગર

ભગવાન આદિ શંકરાચાર્યનું કંઈક પણ વાંચું અને 'કૌપીનવન્તઃ ખલુ ભાગ્યવન્તઃ'ની વાતનો નશો ચડે. એ મસ્તીમાં નર્મદાતટે પ્રોબેશનરી (અજમાયશી? નકલી?) સંન્યાસીનો વેશધારી યાદચ્છિક ભ્રમણ કરતો હતો ત્યાં કોઈ સ્નેહીએ મુ. શ્રી મોહનભાઈ બા. પટેલના અમૃતપર્વ સમિતિના પત્રની વાત પહોંચાડી. 'આથમતા સૂરજના અજવાળે' માના કિનારે ઘૂમતો હતો; છેવાડેનો 'અંતિમ દીપ' પ્રગટ્યો ત્યાં સુધી નર્મદાજીનાં શાંત નીરને જોતો બેઠો રહ્યો, ત્યારે મન મોહન(ભાઈ)માં લાગેલું. 'મહામના' સજ્જન, એવું એવું ઘણું એમની સાથે એમના વિષે છેલ્લાં લાંબાં ચાળીસ વર્ષમાં જાણ્યું, માણ્યું, અનુભવ્યું અને છેલ્લાં આઠ-દસ વર્ષમાં ઘણા સત્પુરુષોના મુખે મારા મનની લાગણીઓ પ્રતિઘોષિત થતી પણ સાંભળી — નાનામોટા સમારંભોમાં, સ્નેહી અને સાહિત્યવર્તુળોમાં, કડીમાં અને કડી બહાર — બૃહદ્ કડી સમુદાયોમાં, ગુજરાતમાં, દૂર અમેરિકામાં, ગુજરાતી સાહિત્યરસિક વર્તુળોમાં અને એથીય વિશેષ તો શિક્ષણ સંસ્કારના સચિંત સમુદાયોમાં. મા નર્મદાજીમાં ચાંદોદના દીવાઓનાં પ્રતિબિંબ ચમકતાં હતાં. શ્રી દયારામ, શ્રી ર. વ. દેસાઈ, શ્રી મુનશી, શ્રી રંગ અવધૂત, શ્રી અરવિંદ, શ્રી ડોંગરેજી — અનેક પુણ્યસ્મૃતિઓ સળવળતી રહી. ખરેખર પૂર્વાશ્રમનો સંસ્કાર વારસો વિસરવાનું કપરું છે. અમારા આ મોહનભાઈ (ગુજરાતમાં મોહનલાલ અને મોહનભાઈ (શં.) એવા ભેદ પાડવા પડે એવા સમાંતર ઊંચે લહેરાતા 'મોહન' પૂર્વગવાળા સમકાલીનો છે.) એમની આગવી સજ્જનતાથી, આભિજાત્યથી સૌના હૃદયમાં વસેલા છે — એ છે એમની માનવીય ઉષ્માની અખૂટ મૂડી. ગંગા, નર્મદામાં સ્નાન કરતાં જેમ ક્યારેય ધરાવાય નહીં એમ શ્રી મોહનભાઈની મૈત્રી સુહૃદતા જેમ નિકટ જાઓ એમ આગવાં પરિમાણો ઉઘાડતી જાય! આ એમનો અમૃત મહોત્સવ છે માટે ઔપચારિક રીતે કહેવાયેલું, પ્રસંગોપાત્ત કરેલું વિધાન નથી; મા નર્મદાની સાક્ષીએ મનમાં જાગેલી, ૪૦ વર્ષની સ્મૃતિઓનું કૃતજ્ઞતાપૂર્વકનું સ્મરણ છે. એ 'વહેતા' રહેલા માનવી છે — કોઈએ એ પ્રવાહ વિત્તૈષણા —

અર્થોપાર્જન કરવા ઉપયોગમાં લીધો હશે, કોઈએ લોકેષણા માટે, તો અસંખ્ય પ્રતિભાશાળી સફળ વિદ્યાર્થી-પુરુષોએ પોતાની સફળતાને સંસ્કારિત કરવામાં એનો લાભ લીધો છે. મારા જેવા ઘણા મિત્રોને એમના પ્રતિભા પ્રવાહમાં આકંઠ ડૂબકીઓ મારી સાહિત્ય, સંસ્કાર, શિક્ષણ, મૌલિક વિચાર, સુજનતાની સ્ફૂર્તિ માણવા મળી છે.

૧૯૬૦માં ગુજરાત યુનિવર્સિટીમાં ભાષા-સાહિત્ય ભવનમાં શ્રી ઉમાશંકરભાઈ જોશી, શ્રી યશવંતભાઈ શુક્લ વગેરે જેમને ઘણા આદરથી જુએ એવા એ એમ.એ.ના વિદ્યાર્થી અમે સૌ એમને મુરબ્બી માનીએ. શ્રી બિપિનભાઈ પટેલ જેવા ઉદ્યોગપતિ મિત્ર એમના માટે ઘણો સ્નેહાદર દાખવે એટલે અલ્પસાધન મિત્ર તરીકે મેં પણ શ્રી મોહનભાઈ માટે આદર કેળવેલો. પછી તો 'ટૂંકી વાર્તાનું સ્વરૂપ' ભણતાં શ્રી મોહનભાઈના તે સાહિત્ય સ્વરૂપ વિષેના વિચારોનું ઊંડાણ, પ્રગલ્ભતા અને પ્રયોગોની અનુભૂતિ થવા લાગી — તે આજની 'લઘુકથા'ના પિતા તરીકે સુખ્યાત થયા ત્યાં સુધી એમનાં મૌલિક ચિંતન અને વિચારો માણવાની મજા ક્યારેય ઓછી થઈ નથી.

મારે એ અરસામાં નોકરી બદલવી હતી. એમ.એ.ની ડિગ્રીને અનુરૂપ નોકરી શોધી હતી. તે કડી સર્વ વિદ્યાલયમાં આચાર્યપદે આવવાના જ હતા. એક દિવસ મને તે સંસ્થામાં શિક્ષક અને ગૃહપતિ તરીકેનો નિમણૂકપત્ર આપ્યો. મુ. નાથાભાઈ દેસાઈ અન્યત્ર જવાના હતા. હું તો શ્રી મોહનભાઈનાં આયોજન, વ્યવસ્થાવિચાર અને સવિશેષ તો માનવીય ઉષ્માથી અભિભૂત થઈ ગયો. (પછી તો પૂ. પ્રો. અનંતરાય રાવળે મને સરકારમાં સ્થિર કરી, ક્યારેક એમના સ્થાને 'ભાષાનિયામક' થશો એવા આશીર્વાદ આપ્યા એટલે ત્યાં 'ઉદર કાજ સેવી સરકાર') પરંતુ શ્રી મોહનભાઈએ પ્રેમની, મૈત્રીની હૂંફમાં કદી ઓટ આવવા દીધી નથી.

મારા વ્યક્તિત્વમાં એમનું એક અનોખું પ્રદાન. એ સતત લખે, મને લાંબા પત્રો સિવાય લખવાનું ફાવે નહિ. એ મારા પત્રોના ગુણગ્રાહી પ્રોત્સાહક. પ્રાધ્યાપક બનવાના મારા કોડ અધૂરા રહેલા — મારી એ અતૃપ્ત વાસનાનો મોક્ષ સરકારે મસૂરી ખાતે 'લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ અકાદમી ફોર આઈ.એ.એસ. ટ્રેનિંગ'માં નિમણૂક કરી ત્યારે થયો. ત્યારે પણ શ્રી મોહનભાઈના ગંભીર અધ્યાપકીય ગુણો અને અભ્યાસવૃત્તિનું આછુંપાતળું અનુકરણ-અનુસરણ કરતાં સફળ થવાયું. આનંદ ! આભાર ! જે માર્ગે મહાજનો ગયા એના પગલે ચાલવાની પણ એક મજા છે, મોજ છે.

મા નર્મદાનો તટ આવા પુરાણપ્રસિદ્ધ મહાપુરુષોની ચરણરજ-સ્પર્શથી કંકર એટલા શંકર બની શોભે છે. સર્જક અને સવિશેષ તો નવોદિત સાહિત્યકાર-સર્જક શ્રી મોહનલાલ પટેલનો અમૃત મહોત્સવ એ સંસ્કાર મહોત્સવ બની રહે એવી શુભકામના. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# અમારા ગુજરાતી વિષયના શિક્ષક : મોહનલાલ પટેલ

ડૉ. રામભાઈ એમ. પટેલ
મંત્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી

શ્રી મોહનલાલ પટેલ અમારા ગુજરાતી વિષયના શિક્ષક. ભૂગોળ પણ એમનો ભાવતો વિષય. શિક્ષક એટલે સાદો જીવ, ઝભ્ભો-ધોતી એ શિક્ષકનો મુખ્ય પોષાક એ અમારી કલ્પનાને એમણે સાવ જ ખોટી પાડેલી. અમારા મનના કૅમેરામાં એ વખતે ગુજરાતી શાળાના શિક્ષકોની છબી ગોઠવાયેલી એટલે અમને એમનાં આ ચોખ્ખાચણક અસ્ત્રી ટાઇટ કપડાં, એમની હરવાફરવાની અને બોલવાની સ્ટાઈલનું જબરું આકર્ષણ થયેલું. લઘરવગર પોષાકમાં અમે એમને કદી પણ જોયેલા નહીં; બિલકુલ સુઘડ અને સ્વચ્છ. વળી એમની ફૂટતી જુવાનીનો સમય. અમદાવાદ શહેરની ઝાકમઝાળ છોડીને તાજા જ અહીં સર્વ વિદ્યાલય — કડીમાં જોડાયેલા. એ વખતનું કડી એટલે લગભગ ગામડું જ ગણવું પડે. જોકે છાત્રાલયના વિદ્યાર્થીઓ ગળી અને સાબુ વાપરતા થયેલા હતા. કડી ધીમે ધીમે શહેરનો દરજ્જો પામી રહ્યું હતું.

હું કડીથી પાંચેક કિલોમીટરના અંતરે આવેલા કરણનગર ગામનો છોકરો. પગે ચાલીને મારા અન્ય લંગોટિયા મિત્રો સાથે ખેતરો ખૂંદતો ખૂંદતો સર્વ વિદ્યાલયમાં ભણું. સ્થિતિ સાવ સામાન્ય. પણ મારાં સદ્‌ગત માતુશ્રી કુંવરબા જબરાં હોંશીલાં. મહેનતમજૂરી કરીને પણ મને ભણાવવાની એમને જબરી હોંશ. મારાં કપડાંએ ગળી ભાળેલી નહીં. પછી અસ્ત્રીની તો વાત જ શાની? અમે ધૂળધોયા વિદ્યાર્થીઓ. ગળી નાખેલાં કપડાંવાળા છાત્રાલયના વિદ્યાર્થીઓ અમારાથી ઉજળા લાગે અને જુદા પણ તરી આવે.

પણ મને મારાં સાદાં કપડાંનો કોઈ ક્ષોભ નહીં. શર્ટ કે ચડ્ડી ઉપરના થીંગડાની કોઈ શરમ નહીં. એ તો ઇજ્જતનું થીંગડું ગણાય. ભણવામાં હું ખૂબ તેજસ્વી એટલે વર્ગમાં આપણાં માનપાન સારાં. શિક્ષકોમાં પણ હું પુછાતો વિદ્યાર્થી ગણાઉં.

શ્રી મોહનલાલ પટેલ એ વખતે અમને ધો. ૧૦-૧૧માં ગુજરાતી વિષય ભણાવે. એમનું ગુજરાતી અને અમારું ગુજરાતી — આભજમીન જેટલું અંતર

લાગે. ક્યાં એમનું ગુજરાતી અને ક્યાં અમારું ગુજરાતી! શુદ્ધ ઉચ્ચારો અને મરોડદાર મોતી જેવા અક્ષરો. કાળા પાટિયા ઉપર ડાબી બાજુએથી લખતા લખતા જમણી બાજુએ પહોંચે ત્યારે એ સીધી લીટીઓનું જરાય છેકછાક વગરનું લખાણ જોઈને હું છક થઈ જાઉં. સપાટ સમતલ ખેતરમાં કોઈ ચીવટ અને ચોકસાઈવાળા ખેડૂતના જાણે સીધા ચાસ જોઈ લો. હજુ આજે પણ લીટીઓ વિનાના સફેદ કાગળ ઉપર આ જ ખૂબીથી તેઓ લખી શકે છે. સમગ્ર લખાણમાં ક્યાંય ત્રાંસી લીટી જોવા ન મળે.

અનુકરણ એ મરણ નથી; હા, આંધળું અનુકરણ જરૂર કોઈ ને કોઈ મુશ્કેલી નોતરે છે. પણ સમજપૂર્વકનું અનુકરણ એ ભણવાની અનેક રીતો પૈકીની એક રીત જેવું છે. મારા ગુજરાતી અને અંગ્રેજી અક્ષરો સારા છે એનું શ્રેય હું મારા આ ગુજરાતીના અધ્યાપકને આપું છું. એમના ગુજરાતીના પિરિયડની વિદ્યાર્થીઓ આતુરતાપૂર્વક રાહ જુએ. આજકાલ તો ગુજરાતી ભણાવવું એટલે વાંચી જવું અને એમાંય જેને આદર્શ વાચન કે આરોહઅવરોહ સાથેનું વાચન કહીએ એવું તો જોવા જ ન મળે. શ્રી મોહનલાલ પટેલ વાંચતા નહીં પણ ભણાવતા હતા. સાહિત્યની દુનિયાનો એમણે અમને પ્રવાસ કરાવ્યો.

અમને તો નવલિકા, નવલકથાખંડ, વાર્તા, લઘુવાર્તા, નિબંધ, પ્રવાસવર્ણન બધું એક જ લાગે. આ બધાં સ્વરૂપોને અમે તો 'પાઠ'ના નામે ઓળખીએ. વિવિધ પ્રકારની મીઠાઈઓનાં નામ ન જાણનાર જેમ એ બધી મીઠાઈઓને 'મીઠાઈ'ના લેબલથી ઓળખે તેમ. પણ અમારા આ અભ્યાસી અધ્યાપકે સાહિત્યનાં આ વિવિધ સ્વરૂપોનો સુપેરે પરિચય કરાવ્યો : 'બલિહારી ગુરુ આપકી જિન ગોવિંદ (સાહિત્ય દેવતા) દિયો બતાય.' ગદ્ય કે પદ્ય ભણાવતાં પહેલાં એના લેખક-કવિનો પરિચય કરાવીને એમનાં અન્ય સર્જનો વિશે વાત કરે અને એ લેખક કે કવિ વિશે વધુ જાણવા માટે એમનાં અન્ય પુસ્તકોની યાદી પણ આપે. એટલું જ નહીં પણ સર્વ વિદ્યાલયના એ વિશાળ પુસ્તકાલયના કયા કબાટમાંથી એ પુસ્તકો મળશે એની પણ વાત કરે.

એ પદ્ય બરાબર ગાઈ શકે નહીં પણ ગદ્ય ભણાવતી વખતે તો એના સ્વરૂપથી માંડીને શૈલી; લેખકનું મંતવ્ય તથા ગંતવ્ય વિશે ઊંડાણથી વાત કરીને અનેક સંદર્ભો દ્વારા અને વિવિધ ઉદાહરણો દ્વારા એના પ્રવાહમાં એવા તરતા કરી દે કે બસ તર્યા જ કરીએ. આજે પણ મારો વાચનરસ ટકી રહ્યો છે એનું મૂળ અહીં છે. બાકી આજકાલ વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધ્યાપકો અને અન્ય શિક્ષિતોનો ઘટતો જતો વાચનરસ અને હલકી થતી જતી વાચનરુચિ એ આપણા સૌને માટે એક ચિંતાજનક ઘટના ગણાવી જોઈએ.

સર્વ વિદ્યાલયના પુસ્તકાલયને જ્ઞાનનો ખજાનો કહી શકાય. એ એક માતબર ખજાનો છે. વિષયવૈવિધ્ય અને પુસ્તકસંખ્યા તથા મોકળાશ અને વળી સુવિધાયુક્ત

વાચનાલય. બધું જ સુંદર, સુંદર. સાહિત્ય, સમાજ, વિજ્ઞાન, ધર્મ, ખેલકૂદ, રાજકારણ, શિક્ષણ — એમ અનેક વિષયોની નૂતનતમ માહિતી લઈને આવતાં વિપુલ સંખ્યાનાં માસિકો એ આ પુસ્તકાલયની આગવી વિશેષતા છે. એ વખતનાં મહત્ત્વનાં માસિકોનાં મુખપૃષ્ઠોના પૃષ્ઠ નં.૨ને ચીપકાવેલો એક કાગળ વાચકને મળે અને એ માસિકમાં કયા પાને શું વાંચવા જેવું છે તેની નોંધ કરી હોય. આ નોંધ, આ માર્ગદર્શન અમારા વાચનરસિયા સદ્ગત ઉપાચાર્ય અંબાલાલભાઈ અને સર્જક-શિક્ષક-આચાર્ય શ્રી મોહનલાલ કરતા. લેખના હોંસિયાની નોંધો વિદ્યાર્થીઓને આ બધું વાંચવા પ્રેરતી. આમ આવા સાહિત્યનું ઘેલું લગાડનાર શ્રી મોહનલાલ પટેલ જેવા શિક્ષકો હવે ક્યાં શોધવા?

# જાગરુક આચાર્ય

કે. જે. સોલંકી
નિવૃત્ત નાયબ શિક્ષણ નિયામક ગુજરાત રાજ્ય ગાંધીનર

શ્રી મોહનલાલ પટેલનો મારો સત્સંગ, સર્વ વિદ્યાલય, કડી કૅમ્પસમાં પ્રિ. વૉકેશનલ ટ્રેનીંગ સેન્ટર શરૂ થવાના કારણે થયો હતો. તા. ૨-૨-૧૯૬૫થી તા. ૧૩-૮-૧૯૬૬ અને તા. ૨૧-૪-૧૯૬૭થી ૭-૬-૧૯૬૭ સુધીમાં ટ્રેનિંગ સેન્ટરમાં હતો ત્યારે આ સેન્ટરના માનદ્ આચાર્ય તરીકે શ્રી મોહનલાલ પટેલસાહેબ હતા. પછી તો મહેસાણા જિલ્લામાં આસિ. ઇ.આઇ. હોવાના નાતે શૈક્ષણિક કાર્યક્રમોમાં અને શૈક્ષણિક તપાસોમાં મળવાનું થતું હતું.

'પુરુષાર્થ જેવો કોઈ પારસમણિ નથી, નિષ્ઠા જેવો કોઈ ધર્મ નથી.' જીવનની હરેક પળે કઠિનમાં કઠિન કપરા સમયમાં ઉંમર હોવા છતાં એક યુવાનને પણ લજવે તેવી છટાથી-અદાથી કામ કરતા રહ્યા અને કર્મને સાર્થક બનાવતા રહ્યા. તેઓ કોઈ દિવસ પૂર્વગ્રહ રાખતા નહીં. આવા અજાતશત્રુ અને કર્મનિષ્ઠ તેમજ સુંદર અને મોહક વ્યક્તિત્વવાળા શ્રી મોહનલાલ પટેલનો મારા જીવનમાં પ્રથમ પ્રવેશ કડી ખાતે થયો હતો. તેમના વિચારો, દીર્ઘદૃષ્ટિ, દૂરંદેશી, સ્પષ્ટ અને સચોટ મુદ્દાસરનું વક્તવ્ય તેમજ આત્મનિષ્ઠાપૂર્વકથી રજૂઆતથી હું પ્રભાવિત થયેલો.

શ્રી મોહનલાલ પટેલ ઉંમરમાં મારાથી મોટા એટલે તેમનું વાત્સલ્ય, કર્મે તેઓ શિક્ષક, આચાર્ય-ગુરુ એટલે માર્ગદર્શન અને સંબંધે મિત્ર એટલે નિખાલસતા — આ ત્રણેય વિવિધ પાસાંનો પ્રસંગોપાત્ત સ્વાનુભવ મને થયેલો છે.

કોઈ પણ પ્રકારનો અન્યાય અને અનીતિનો સામનો તેઓ નીડરતાથી કરતા. તેઓ હંમેશાં કહેતા, ''અન્યાયનો સામનો ન કરવો તે એક કાયરતા છે.'' નિખાલસ અને કોઈ પણ દંભ વગર સર્જનાત્મક વિચારોથી સારું કાર્ય હંમેશાં હસતા મુખે કરતા. તેઓ ક્યારેય પણ કોઈ પણ જગ્યાએ ગમગીન કે ઉદાસ ચહેરાવાળા મારા જોવામાં આવ્યા નથી. પોતાનો પ્રભાવ પાડવા માટે એમણે ક્યારેય પણ કોઈ પણ જગ્યાએ કોઈ જ આડંબર કર્યો નથી કે પોતાના કોઈ હોદ્દાનો ઉપયોગ કે ગેર-ઉપયોગ કર્યો નથી. એમના સંપર્કમાં આવનારને એમની સાત્ત્વિક લાગણીઓ વશ કરી લેતી. એમની સાદાઈ, દૃઢતા અને વિદ્વત્તાનો અનુભવ

એમના સંપર્કમાં આવનાર હરકોઈ વ્યક્તિને થતો અને તેથી તેવી વ્યક્તિ વારંવાર તેમની વિવિધ પ્રતિભાનો લાભ મેળવવા ઉત્સુક રહેતી.

શ્રી મોહનલાલ પટેલે તેમના જીવનમાં અને વહેવારમાં, તેમના તમામ કાર્યમાં હંમેશાં સત્ય અને નિષ્ઠાનો આગ્રહ રાખેલો. પોતાને જે સત્ય લાગ્યું તે સ્પષ્ટપણે ડર્યા વિના કે કોઈની શેહમાં આવ્યા વિના કહેલું છે અને તેવે વખતે ક્યારેય પણ રાગદ્વેષ રાખ્યો નથી કે તેવી ભાવનાથી કોઈ કાર્ય કરેલ નથી.

કોઈપણ કામ હોય - ઘરનું કે બહારનું, સમાજનું કે સંસ્થાઓનું તે કામ તેઓ આયોજનપૂર્વક સહૃદયતાથી ચીવટપૂર્વક કરતા અને એટલે તેમની સેવા કરવા ક્યારેય ક્ષેત્રશોધ કરવી પડી નથી. ક્ષેત્ર જ સેવાર્થે તેમની સન્મુખ આવી જતું અને તેનો સ્વીકાર તેઓ હંમેશાં હસતે મુખે કરતા.

શ્રી મોહનલાલના આદર્શમયી સુવિચારો, પ્રેમાળ લાગણી, નિઃસ્વાર્થ સેવાભાવના, યોગ્ય અને સચોટ માર્ગદર્શન, સુસંસ્કાર, સત્ય અને સ્પષ્ટ વક્તવ્ય સાથેની વાણીનો સંયમ, કર્મનિષ્ઠા, આત્મબળ અને હસમુખી પ્રતિભા મને તો હંમેશાં યાદ આવશે જ.

શાળાના મોભાદાર આચાર્ય તરીકે તેમનું મૂલ્યાંકન કરતાં કહી શકાય કે શિસ્ત, શિક્ષણ અને સ્નેહની પ્રતિમૂર્તિ એટલે શ્રી પટેલસાહેબ, આદર્શ આચાર્યનું મૂર્તિમંત સ્વરૂપ હતા. કામ કરાવવાની કુનેહ હતી. શિસ્તના પ્રખર આગ્રહી હતા. વજ્ર જેવું કઠોર અને કુસુમ જેવું કોમળ તેમનું વ્યક્તિત્વ હતું. આચાર્ય તરીકેનો ઉચ્ચ હોદ્દો ધરાવતા હોવા છતાં પણ ખૂબ જ નમ્ર, વિવેકી અને હસમુખા સ્વભાવના, અભ્યાસ માટે જેટલા કડક એટલા જ મજાક કરવામાં રમૂજી.

એક બાહોશ, કુનેહબાજ અને સફળ આચાર્ય હતા. સાહિત્યરસિક શ્રી મોહનભાઈ માત્ર બુદ્ધિજીવી જ નહિ પણ એક ભાવુક અને સંવેદનશીલ આત્મા. ભાષા પર સારું પ્રભુત્વ હતું.

શિક્ષણજગતની શ્રેષ્ઠ વિભૂતિ, સર્વ વિષયના જ્ઞાતા એવા શ્રેષ્ઠ આચાર્ય, સાચા માર્ગદર્શક, મુશ્કેલ પરિસ્થિતિમાં મદદકર્તા, શિસ્ત અને સમયપાલનના કડક આગ્રહી, બાહોશ અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવનાર એવા શ્રી મોહનલાલ પટેલસાહેબ મારા વંદનીય છે.

સર્વ વિદ્યાલય, કડી દ્વારા અનેક વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય ઘડતર, કર્તવ્ય નિષ્ઠા, પ્રામાણિકતા, વફાદારી, રાષ્ટ્રપ્રેમ, માનવતા વગેરે ગુણોનું સિંચન થયું છે. આ ગુણોનું સિંચન કરવા શ્રી પટેલસાહેબે સદાય પ્રયત્નો કર્યા છે. આમ તો શિક્ષકનું જીવન એ જ બાળકો માટે ચારિત્ર્ય ઘડતરનું પુસ્તક છે. શિક્ષકનું જીવન એ જ સાચો અરીસો છે. બાળકોમાં રહેલાં ઉત્તમ તત્ત્વોને તેમનામાં પડેલી સુષુપ્ત શક્તિઓને બરાબર કામે લગાડી તેને બહાર લાવી તેમને યોગ્ય માર્ગે દોરવા શ્રી પટેલસાહેબે શાળામાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરેલી છે.

પ્રસ્તુત અર્થમાં શ્રી મોહનલાલે ક્યારેય પણ હાથ ખિસ્સામાં રાખ્યા જ નથી. તેમને જ્યારે મળો ત્યારે સતત કાર્યશીલ. 'આળસ' શબ્દ તેમના શબ્દકોશમાં છે જ નહીં. તેમની એક વાક્યમાં ઓળખ આપવી હોય તો કહેવું પડે : ''શ્રી મોહનલાલ એટલે ગતિશીલ વ્યક્તિત્વ.'' તેમની સફળતામાં તેમનાં ધર્મપત્નીનો ફાળો અનન્ય છે. તેમનો પરિશ્રમ, તેમની હૂંફ તથા સક્રિય ફાળો પણ મોટો છે. તેમના પ્રેમાળ સ્વભાવ અને આતિથ્યનો લાભ મને અવારનવાર મળતો હતો.

શ્રી મોહનલાલ પટેલ એટલે અમી વરસાવતો એક દિલેર માણસ.

શાળાના વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળી રહે એવી એક માત્ર અભિલાષાથી શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી, નામાંકિત વ્યક્તિઓનાં વ્યાખ્યાનો ગોઠવી શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઉત્તમોત્તમ પ્રેરણાનાં પીયૂષનું પાન કરાવવા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે તેઓ અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરતા. શ્રી મોહનલાલમાં કેળવણીકાર અને શિક્ષણકાર તરીકે પડેલી સૂઝ, સમજશક્તિ જોઈ આનંદની અનુભૂતિ કરીએ છીએ.

શાળામાં સંસ્થાકીય આયોજન દ્વારા શાળા સુધારણા, વિકાસ અને શિક્ષણ ગુણવત્તા સુધારણા માટે તેઓ ખાસ ભાર મૂકીને અમલ કરતા હતા. શાળાનાં સાધનોનો અધિકતર ઉપયોગ, પરીક્ષા સુધારણા અને શાળા કાર્યાલય - વહીવટ સુધારણા વગેરે બાબતો ઉપર વિશેષ લક્ષ્ય આપતા હતા. 'કાર્ય એ જ પૂજા છે' અને કર્તવ્ય એ જ ઈશ્વર છે' એમ માનીને ફરજ બજાવવા સૂચવતા હતા. તેઓ વિશેષ સમજ સાથે સમજાવતા કે કેળવણીની સાથે સાથે વિદ્યાર્થીઓની બૌદ્ધિક ક્ષમતા વધારવા અને ચારિત્ર્ય ઘડતર માટે શિક્ષકોએ મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. શિક્ષકો ચારિત્ર્યશીલ હોવા જોઈએ. તેમનો અભિગમ સર્જનાત્મક હોવો જોઈએ. શિક્ષકોએ અભ્યાસ અને સંશોધન તેમજ શિક્ષણ પદ્ધતિમાં નવા પ્રયોગો કરવા જોઈએ. તેઓનું જીવન વિદ્યાર્થીઓ માટે દૃષ્ટાંતરૂપ હોવું જોઈએ એમ ઘણીવાર સૂચનો કરતા હતા અને આગ્રહ રાખતા હતા.

હું જ્યારે જિલ્લા શિક્ષણાધિકારી તરીકે ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં હતો ત્યારે સ્વ. પૂ. શ્રી દાસકાકા, સર્વ વિદ્યાલય ગાંધીનગરના પ્રશ્નો માટે રહેઠાણે મળતા. શ્રી મોહનલાલ પટેલની સમજ દ્વારા પ્રશ્નોનું સમાધાન કરી શાળા વિકાસ માટે અનહદ પ્રયત્નો કરવામાં આવતા હતા.

શ્રી મોહનલાલ પટેલસાહેબ સાથે અમદાવાદ જિલ્લાની શાળાઓમાં પેનલ નિરીક્ષણ માટે જવાનું થતું ત્યારે શ્રી પટેલસાહેબ શિક્ષકો - વિદ્યાર્થીઓને પોતાનાં જ્ઞાન, અનુભવ અને શોધ દ્વારા સમજ આપતા. જે વિચારો અમલીકરણ માટે નોંધપાત્ર હતા.

શ્રી પટેલસાહેબ આમ તો સિનિયર સિટિઝન કહેવાય પરંતુ હું, તેમનાં કાર્યો જોતાં, હાલ યુવાન સમજું છું. યુવાનીનું કારણ મને લાગે છે કે તેમનામાં

નીચેના ગુણો છે :

- Purity નિર્મળતા-વિશુદ્ધિ
- Patience ધૈર્ય-સહનશીલ-સહિષ્ણુતા
- Perseverance ખંત

શ્રી પટેલસાહેબને, પરમકૃપાળુ પરમાત્મા, શ્રી સાંઈબાબા દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના કરું છું...

શ્રી મોહનભાઈને એક લેખક તરીકે ઓળખવાનું અને બિરદાવવાનું દોઢેક દાયકા પૂર્વે કર્યું હતુ. બાદ એક દાયકે તેમને મળવાનુ થયુ ત્યારે તેમના સૌજન્યથી મારા મન ઉપર પડેલી છાપ હજી તાજી છે.

- ભોગીલાલ ગાંધી

(તા. ૨૧.૭.૭૨ના પત્રમાંથી)

# મધુ સ્પર્શ

પ્રા. ભગવત સુથાર

શ્રી સોમેશ્વર આશ્રમ, કડીના સંસ્થાપક સદ્‌ગુરુ સમર્થશ્રી બ્રહ્મલીન પરમહંસ સંત, કડીના ધર્મસત્સંગ સાહિત્યની અતિ તેજસ્વી કડી સમ 'વેદાંત કેસરી' શ્રી સોમેશ્વરતીર્થજી મહારાજે તેમની એક નાનકડી છતાંયે પૂર્ણ મનનશીલ પુસ્તિકા : 'શિષ્ય, શિક્ષક, સદ્‌ગુરુ'માં માનવજીવનનાં ઘડતર અને વિકાસ, માટીમાંથી માનવનું સર્જનશીલ શિક્ષકનું મહત્ત્વ સ્વીકારતાં લખ્યું છે :

'એકમપ્યક્ષરં યસ્તુ ગુરુઃ શિષ્યે નિવેદયેત્
પૃથિવ્યાં નાસ્તિ તદ્દ્ દ્રવ્યં યદ્દ્ દત્વા ચાનૃણી ભવેત્. (પૃ. ૯)

અર્થાત્ વિદ્યાગુરુ વિદ્યાર્થીને એક પણ અક્ષર શીખવે તેનો બદલો વાળવા વિદ્યાર્થી પૃથ્વી ઉપર જેટલું દ્રવ્ય છે તે બધું આપી દે તોપણ વિદ્યાગુરુનો દેવાદાર મટતો નથી. તેથી વિદ્યાભ્યાસ બાદ વિદ્યાગુરુને દક્ષિણાથી પ્રસન્ન કરવા અર્થાત્ વિદ્યાર્થી વિદ્યાગુરુને જે કંઈ આપે તે સર્વ કંઈ ઓછું જ છે.

મારા જીવનપથની લાંબી યાત્રામાં શાળાથી (પ્રાથમિકથી) માંડીને કૉલેજકાળ દરમ્યાન અનેક ગુરુજનો સાંપડ્યા છે. તેમણે શિક્ષાપ્રદાનમાં નાની મોટી સેવાઓથી મને ઋણી કર્યો છે. પણ જીવનરહસ્યદર્શનનો એકડો ઘુંટાવવામાં જેનો અનેરો સહયોગ છે તેવાં નોંધપાત્ર નામ તો કડી સર્વ વિદ્યાલયના પવિત્ર પ્રાંગણે પગલી પાડી તે અમોઘ ક્ષણથી હૈયાની ભૂમિ પર અંકુરિત થતાં રહ્યાં છે. વિશેષતઃ શ્રેણી નવથી તે અગિયાર સુધી તે વિસ્તરે છે.

મુગ્ધતાનો આ સીમાડો વટાવું તે પહેલાં કેટલાક પૂર્વસૂરિઓનાં મુખ હવામાં તગતગે છે. આ ગુરુજનો પૈકી એક વર્ગીકરણ મને મળે છે. કેટલાક જ્ઞાનગુપ્ત છે; કેટલાક હૃદયગુરુ છે તો વળી કેટલાક જીવનગુરુ છે. જીવનગુરુપદે વિરાટ છબી રૂપે હિમાલયશા હાથમાં સ્નેહ, શિક્ષા, શિસ્ત, જીવનમૂલ્યો અને અનેક કલાઓની મશાલ લઈને દૃઢમૂલ ઊભેલા શ્રી આચાર્યમનીષિ પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય નાથાલાલ દેસાઈસાહેબને પુષ્પાંજલિ અર્પું છું.

શિક્ષણ એ હૈયાની કેળવણી છે. આત્મશિષ્યના સર્જનની શિક્ષા-પ્રક્રિયા છે. એ વાતે જ્યારે વિચારું છું ત્યારે પૂજ્ય રતિલાલ સાં. નાયક મનમાં રમે છે. મુગ્ધ

અવસ્થામાં માણેલું તેમનું કાવ્ય 'લાલપાની' સ્મરણે ચડે છે. ધોરણ નવમાંથી સાહિત્યના વટવૃક્ષનું બીજારોપણ તેમણે કર્યું છે. બીજા શબ્દોમાં કહું તો સાહિત્યસર્જનની અમર કેડીનો એકડો તેમણે દૂરથી દર્શાવ્યો છે. તે બીજને જલસિંચન કરવાની મસમોટી જવાબદારી જેમણે ઉપાડી લીધી કે પેલા સાહિત્યસર્જનની અમર કેડી પર શોભતા એકડાને જેમણે અનેકધા રંગોથી સુશોભિત કર્યો છે અને વિશ્વસાહિત્યના ખાસ કરીને યુરોપના સાહિત્યના વિશાળ પટમાં અમને રમતા કરી મૂક્યા તે માળી સામાન્ય તો નહોતો જ પણ મહાન વનમાળી હતો. ગુજરાતી સાહિત્યમાં પ્રમુખ સર્જકો, કવિઓ, ચિંતકો અને જ્ઞાનીઓની વાતો તો એમને જીભને ટેરવે સ્વભાવતઃ રમે જ, પણ અંગ્રેજી સાહિત્યના વાર્તાકારો, નવલકથાકારો, નાટ્યકારો, કવિઓ, ચિંતકોનો તો ફ્રેન્ચ સાહિત્યકારો — એલેક્ઝાંડર ડૂમા, વિક્ટર હ્યુગો, રોમે રોલાં અને ગાય-દ-મોપાસાં, રશિયન સાહિત્યકારો મહાત્મા ટૉલ્સ્ટૉય, એન્ટની ચેખૉવ, મૅક્સિમ ગોર્કી, પાસ્તરનાક આદિની સાહિત્યિક વાતોથી, સાહિત્યની આબોહવાથી અનેકવિધ સાહિત્યિક પ્રવાહોથી પરિચયના સીમાડા ચીતરી બતાવ્યા છે. મનમાં ભાતીગળ ભાવોની ભરતીના ઉછાળ, ધીંગી લાગણીઓના ઉત્તુંગ શિખર જેવાં ઊછળતાં મોજાં પર તરવાની તાકાત દેનાર, મનમાં રહેલા રસકોશનાં સર્વે બારણાં ખોલીને સાત સમંદરની પેલી પારની સૌંદર્યમૂર્તિના — સૌંદર્યપ્યાસના પ્રેમની વ્યંજનાનો મધુર આહ્લાદક અને સનાતન આસ્વાદ કરવાની અને સાહિત્યક્ષેત્રે સર્જન-વિવેચન-ભાવન અને અમૃતત્ત્વની અમીટ-અમર-અખંડ કેડીએ કોળવાની મૂલતઃ સાચી કેળવણી બક્ષનાર પૂજ્ય ગુરુવર્ય શ્રી મોહનલાલ પટેલને હું સાચા અર્થમાં હૃદયગુરુ માનું છું. ટચુકડી આ આંગળીઓમાં સર્જકતાનું ઝાઝું જોર તેમણે મૂક્યું છે. ઠિંગરાઈ ગયેલા અંગારા પરની રાખને ફૂંકી મારીને અંગારાને લાલચટક ભડકારૂપે પ્રગટ કરવાની અપ્રતિમ અનુનેય શક્તિ-પ્રતિભા તેમના શબ્દોના સંકોરણથી વિવર્ધિત થતી રહી છે અને વિવર્ધિત થતી જ રહેશે. અશબ્દ ઇંગિતમાં અમારામાં પડેલી સર્જનાની સૌંદર્યની લીલી સાપણના ઝેરીલા ડંખનાં ચકામાંને તેમણે સદૈવ દૂઝતાં રાખ્યાં છે જે એક આગવી, અનોખી અને અવનવી જીવનમુદ્રા મૂકી ગઈ છે.

આ સાહિત્યસર્જનની પૂર્વ સંધ્યાનો રંગ — તેની પહેલી ઝલક રૂપે ગુરુવર્યના પ્રથમ નિવાસસ્થાન — જૂની પોસ્ટ ઑફિસની સામે આવેલા બે રૂમના મકાનને બીજે મજલે મળે છે. ગુરુજી ખુરશી પર બિરાજે અને સાહિત્યરસિક વિદ્યાર્થી તેમની સામે હીંચકે બેસે. સાહિત્યજગતની અવનવી વાતોનાં મંડાણ થાય. ક્યારેક પોતાની નવી રચાયેલી કૃતિ વાંચે અને પૂછે 'મારે જે કાંઈ કહેવું છે પમાય છે ખરું? જો તે પમાતું હોય તો ભાષા કે શબ્દ બાબતે તો પછી વિચારી શકાશે.' અને પછી શબ્દ, વાક્ય, પૅરેગ્રાફ એમ કરતાં આખીયે રચનાનું વિશ્લેષણ રચનાના સ્ફુરણ સુધી થાય. મહદંશે રાત્રે જ મળવાનું થતું. ક્યારેક રાત્રે બારના ડંકા પણ

પડે. આવતી કાલે સ્કૂલે જવાનું છે એ વિચારે ઊભા થઈએ, સંપૂર્ણ કચવાતે મને. જાણે હાથમાં રહેલો રસનો પ્યાલો કોઈ છીનવી રહ્યું છે એમ વસવસો થતો. બીજા દિવસની રાતની વાટ એક પ્રેમીની ઇન્તેજારી આંખે ચોપડીને જોવાતી.

મૌલિકતા નખશિખ જાળવી રાખવાની ખેવના અદ્ભુત અને અનુપમ હતી. એક રાત્રે નવી રચનાનું વાચન થયું. રચનાના એક વાક્યમાં ગુજરાતી ટૂંકી વાર્તાના સર્જક શ્રી ધૂમકેતુની એક વાર્તામાંના વાક્યને મળતું આવે છે એમ સહજ લાગતાં તુરત જ એ વાક્યને બદલી નાંખ્યું. કેવી અને કેટલી અનુકરણીય ચીવટ! જ્યારે આજે તો કેટલાક કહેવાતા લેખકો અન્ય ભાષાઓની રચનાઓને પોતાને નામે ચઢાવી મારવામાં અને પુરસ્કારો પ્રાપ્ત કરવામાં ગૌરવ સમજે છે!

અગિયારમું ધોરણ ઉત્તીર્ણ કરીને ગુજરાત કૉલેજમાં પ્રવેશ્યો. ત્યાં અંગ્રેજી અને ગુજરાતીના પ્રાધ્યાપકોને સાંભળતાં લાગ્યું કે અમે તો જાણે અમારી પ્રિય સર્વ વિદ્યાલયમાં જ અધ્યાપકોને સાંભળ્યા છે. આ શેક્સપિયર, મિલ્ટન, કીટ્સ, ડાંટે, લૉર્ડ બાયરન, શેલી, ગટે, એલિઝાબેથ બ્રાઉન, વર્ડ્ઝવર્થ, રસ્કિન, ટૉલ્સ્ટૉય, ટાગોર, શરદબાબુ, પ્રેમચંદજી, ભારતેન્દુ હરિશ્ચન્દ્ર આદિને તો પૂર્વે મળી ચૂક્યા છીએ, પછી ગુજરાતી સાહિત્યના સર્જકોની તો શી વાત કરવી? આજે આ ક્ષણે સંસ્મરણો પૂજ્ય ગુરુજીનાં જ સ્મરણપટે ઊભરે છે. આશ્રમના બંને છેડે આવેલા ગૃહપતિ-નિવાસની દીવાલો જાણે બોલે છે. આચાર્ય-નિવાસનું નાનકડું કટલું અને પ્રથમ આવેલા ખંડમાં થયેલી અનેક સાહિત્ય-ગોષ્ઠિઓ વિશેષ કરીને લઘુકથાના જનક-સર્જક પાસે બેસીને તેમની અને કડીના સર્જકોની લઘુકથાઓની ચર્ચા રોમાંચકારી લાગે છે. દૂરથી ત્યાં નજર નોંધતાં હાથમાં લાકડી (walking stick) લઈને ઊભેલા, મર્માળુ હાસ્ય રેલાવતા... આવો... આવો... એમ આવકારતા પૂજ્ય ગુરુજી પ્રત્યક્ષ થાય છે. તેથી લાગે છે કે ''તે હિ નો દિવસાઃ ગતાઃ' નહીં પણ 'તે હિ નો દિવસાઃ આગતાઃ મધુરેણ'

ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકનો ઍવૉર્ડ મળ્યો ત્યારે તેમના માટે યોજાયેલ સત્કાર-સન્માન-સમારંભમાં ભાવાંજલિરૂપે પઠિત નાનકડી સૉનેટ-રચના 'ઉરબોલ'ને મૂકતાં આનંદ થાય છે :

મોહનની વાંસળી છે તવ લઘુકથા.
હવે રચાશે નિરંતર તેની ગુરુકથા.
નશો પીધો-પાયો 'હવા! તુમ ધીરે બહો!'
લાડ લડાવ્યાં 'ટૂંકા રસ્તા', 'પ્રત્યાલંબ'ને
લગન લગાડી અમ સૌને સ્વસર્જને.

બાની સતત વહે 'અંતિમ દીપ', 'લાંછન',
ભાસ્વતી 'સાંજ ઢળે', 'હેતનાં પારખાં', 'તરસ'.

ઇયત્તામાં ગુણે 'ખાલી ખેપ' 'જલતા હિમગિરિ'.
દાવ લડાવ્યો 'કિનખાબના ઝરી પડદે.'
સરસ 'ટહુકે પંખી કોઈ ઘટામાં', 'મોટી વહુ'.
પહેલ પાડ્યા 'ટૂંકી વાર્તામિમાંસા'ના રૂપેરી
ટેલ સુરમ્યા નાંખીને બેઠા છો લઘુકથાની
લક્ષ્યવેધ અર્જુનની જેમ લીધો છે કરી
નેમ હો સદૈવ ઝાકમઝોળ સ્વસર્જને.

૧૭-૧૦-'૮૪

સમાપનમાં મુંબઈની કવયિત્રી અમિતા મોદીએ માત્ર તેર વર્ષની ઉંમરે પોતાના શિક્ષકને આપેલી શબ્દભાવાંજલિઓ — પ્રથમ THOUGHTFUL' અને બીજી TO THE TEACHER' સમર્પિત કરીને વિરમું છું — 'માધુર્ય બઢો મોક્ષદા'.

## Thoghtful

whoever was so thoughtful?
A spirit of warmth that made me belong?
I don't know who,
But I think it was you,

## TO THE TEACHER

It is a sanskrit saying that a child owes half to its existance to its parents and half to the teachers Howwer, you have been so much more than both of these that I cannot offer you enough.

So I come to you with empty hands and full heart. God may have created this world, but you through the music, have made it more meaningful to me. Thank you very much. With love.

# શ્રી મોહનલાલ પટેલ : એક પ્રભાવશાળી આચાર્ય

ડૉ. પી. જી. પટેલ
માનાર્હ તંત્રી, ગતિશીલ શિક્ષણ અમદાવાદ

ભારતીય શિક્ષણ પરંપરામાં અધ્યાપન વ્યવસાયમાં પ્રવૃત્ત વ્યક્તિ 'આચાર્ય' જ કહેવાતો, શિક્ષક અને આચાર્યનો આજના યુગ જેવો ભેદ નહોતો. શ્રી મોહનલાલ તો શિક્ષક કહેવાતા ત્યારે પણ આચાર્યપ્રતિભા ધરાવતા હતા. વિદ્યાકુળ આચાર્યકેન્દ્રી હતાં, ખૂણે ખૂણેથી છાત્ર આચાર્યના લોહચુંબકીય આકર્ષણથી અધ્યયન માટે જે-તે વિદ્યાકુળમાં પ્રવેશ લેતા હતા. પ્રવર્તમાન યુગમાં સર્વ વિદ્યાલય તેવી વિદ્યાકુળ પરંપરાને બંધબેસતું વિદ્યાકુળ છે. જેમાં વિદ્યાકીય આકર્ષણબળ ધરાવનાર આચાર્યવૃંદ હતું તેમાં શ્રી મોહનલાલ એક દેદીપ્યમાન પ્રતિભા ધરાવનાર આચાર્ય હતા. તેઓ શિક્ષક તરીકે પણ આચાર્ય હતા અને આચાર્ય હતા જ હતા.

તૈત્તરીય ઉપનિષદ્‌ના શિક્ષાવલ્લીમાં આચાર્યની વ્યાખ્યા આપતાં કહ્યું છે :

आचार्यः पूर्व रूपम् । अन्तेवास्युत्तररूपम् ।
विद्या सन्धिः । प्रवचन संधानम् इत्यधिविद्यम् । ।

આચાર્ય પૂર્વરૂપ છે, પ્રારંભ કરનાર આગેવાન છે. અંતેવાસી-શિષ્ય એ ઉત્તરરૂપ છે, (બંનેની એકતામાં અખિલાઈ છે). આચાર્ય અને શિષ્યને 'વિદ્યા' જોડનાર છે. પ્રવચન — ઉત્તમ વચન એ સંધાન સાધનાર — લક્ષ્ય સાધનાર છે અને તે રીતે ઉત્તમ વિદ્યા (મોક્ષકારી) સ્વરૂપ ધારણ કરે છે. ભારતમાં 'સા વિદ્યા યા વિમુક્તયે' ને સાકાર કરવાના ધ્યેયથી પ્રવૃત્ત થયેલા વિદ્યાકુળના તે આચાર્ય બની રહ્યા. તેવા વિદ્યાકુળના સર્જકોના સાથીદાર બની રહ્યા. આચાર્ય શ્રી મોહનલાલ પટેલ. શિષ્ય-ગુરુના વિદ્યાકીય સંબંધ અને પ્રવચનીય શરસંધાનના ઉત્તમ ઉદાહરણ સ્વરૂપ બની રહ્યા આચાર્યશ્રી મોહનલાલ પટેલ.

અથર્વવેદમાં આચાર્યની વ્યાખ્યા આપતાં કીધું છે : आचार्यः मृत्युः वरुणः सोमः औषधः पयः। આચાર્ય મૃત્યુની માફક અડગ, વરસાદની માફક નિષ્પક્ષ, સોમ-ચંદ્રની માફક સૌમ્યતાપૂર્વક પ્રેરક, ઔષધની માફક ઉપચારક અને દૂધની માફક પોષણ આપનાર હોય છે. ઉત્તમ આચાર્યની કાર્યશૈલી, પ્રતિબદ્ધતાને આલેખતી આ વ્યાખ્યામાં વર્તમાન યુગમાં, આઝાદીની લડતના કાળમાં અને આઝાદીના પ્રારંભિક તબક્કે, બંધબેસતા થાય તેવી આચાર્ય પરંપરામાં નક્ષત્ર સમાન આચાર્ય

શ્રી મોહનલાલ પટેલ શોભતા રહ્યા અને આચાર્યપદ છોડવા સાથે 'આચારણયુક્ત' આચાર્ય બનીને કેવળ સાહિત્યસાધના કરતા રહ્યા છે.

આચાર્ય અસરકારક હોય છે ત્યારે એની અસર પ્રત્યક્ષ શિષ્યવૃંદ અને શાળાપ્રાંગણ સુધી વિસ્તરેલી હોય છે. જ્યારે અસર ઊંડાણવાળી અને વ્યાપક બને છે ત્યારે તેનાં તેજવલયના આધારે પ્રભાવકારક બને છે. વ્યક્તિ અનુકરણીય બને છે, તેના પ્રયોગોનાં ઉદાહરણ ચર્ચાય છે ત્યારે તે અસરકર્તા વ્યક્તિ પ્રભાવશાળી કહેવાય છે. કડીમાં ઉગેલા સૂર્યનો પ્રકાશ ઉત્તર ગુજરાતના અન્ય વિદ્યાલયોને પણ દેદીપ્યમાન કરતો હતો. આચાર્યશ્રી મોહનલાલ પ્રભાવશાળી આચાર્ય અને લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર તરીકે શિક્ષણજગતમાં ગૌરવવંતી ઘટના બની રહ્યા. તેમનું વ્યક્તિત્વ શિક્ષકો અને આચાર્યો માટે પ્રેરક અને અનુકરણીય બની રહ્યું.

આચાર્ય શ્રી મોહનલાલ મારાં સૌજન્યશીલ અને સ્નેહસભર ફોઈના દિયર થાય અને તે નાતે બાળપણથી જ તેમના માટે સ્નેહસંબંધ બંધાયો. શ્રી મોહનલાલ પટેલના પિતા 'બાભઈ માસ્તર' અમારા સમાજમાં આગવું સ્થાન ધરાવતા સૌમ્ય આગેવાન. બાભઈ માસ્તરના પરિવારની સમાજમાં ઉમદા પ્રતિષ્ઠા. આમ શ્રી મોહનલાલ પટેલને આચાર્ય, સાહિત્યકાર તથા સૌજન્યશીલ સંબંધી તરીકે અમે સૌ સતત સન્માનિત કરતા રહ્યા. સંબંધી તરીકે વિનમ્રતા, ૠજુતાનો જ અનુભવ થાય. અમારી વચ્ચેનો સંબંધસેતુ તો શિક્ષણ અને સાહિત્યની વસ્તુ વડે જ બંધાયેલો રહ્યો. ૧૯૫૭માં 'ધરતી'માં મારું પ્રથમ કાવ્ય પ્રગટ થયેલું. આ કાવ્ય કડીમાં જ વાંચવા મળેલું, 'ધરતી' તેમના ત્યાં જ આવેલું હતું. તે વખતે આપેલો પ્રોત્સાહક પ્રતિભાવ તેમનામાં રહેલા આચાર્યત્વની સહજ પ્રેરણા આપતી સદ્‌ભાવના હતી. તેની છાપ આજે પણ છે.

શિક્ષક-આચાર્યના ગુણ વિવિધ પણ ઘરેણાં તો બે — પ્રસન્ન ચહેરો અને રણકદાર અવાજ. વિદ્યાર્થી આ બેથી આકર્ષાય. શ્રી મોહનલાલ આ બંને ઘરેણાંના સ્વામી છે. તેઓશ્રી ચિંતનયુક્ત પ્રસન્ન ચહેરાથી ટોળા વચ્ચે તરી આવે. કલાકો સુધી સાંભળવા ગમે તેવો મૃદુ રણકદાર અવાજ ધરાવે છે. વિદ્વતાપૂર્ણ વાતોની અભિવ્યક્તિ મધુર અવાજે થાય ત્યારે સ્વાભાવિક રીતે આકર્ષક બની રહે.

એક જમાનામાં સર્વ વિદ્યાલયના સ્ટાફરૂમમાં એક શિક્ષક તરીકે બેસવું એ પણ ગૌરવવંતી બાબત લેખાતી હતી. સર્વ વિદ્યાલયમાંથી ગામડાની શાળાઓના આચાર્ય પૂરા પાડવામાં આવતા હતા. સર્વ વિદ્યાલયના સિનિયર શિક્ષકો આ આચાર્યમિત્રોના પણ સન્માનનીય વડીલો હતા. જેમાંના ઘણા બહારનાં આચાર્ય થવાનાં નિમંત્રણો ન સ્વીકારનાર હતા. સ્ટાફરૂમમાં ચાલતી ગોષ્ઠિ પરથી શિક્ષક મૂલવાય. સર્વ વિદ્યાલયના સ્ટાફરૂમમાં આચાર્યશ્રી મોહનલાલની (તે વખતે સિનિયર શિક્ષક) આરામખુરશીનો પરિચય કરાવનાર મિત્ર ધીમા સ્વરે બોલેલા, ''એમની

એ ખુરશીમાં કોઈની તાકાત નથી કે બેસી શકે.'' તે આજે પણ કાનમાં ગૂંજે છે અને તેમની ખુરશીનું ચિત્ર દેખાય છે. મોભાદાર શિક્ષકત્વ-આચાર્યત્વના આવા પ્રેક્ષણીય નમૂનાની આજે તો ખૂબ જ જરૂર છે. કેટલાક પ્રસંગોએ શાળાનો આચાર્ય પોતાની ખુરશી ખાલી કરી સામે બેસે ત્યારે ખાસ! તેઓ તે વખતે પણ ખૂબ જ વિનયી, વિવેકી પણ સ્વમાની — મોભાદાર હતા. શ્રી મોહનલાલ પ્રતિષ્ઠા અને પૈસાથી ન ખરીદાઈ શકે તેવા સ્વમાનના સ્વામી છે. હા, પ્રેમે વિદુર ઘર ભાજી!

તેમણે બી.એડ્.ની તાલીમના આધારે લખેલી 'ટૂંકા રસ્તા' દૈનિકપત્રના દીપોત્સવી અંકમાં પ્રગટ થયેલી આજે પણ યાદ છે. તેમાં પ્રશિક્ષણ દરમ્યાન તેઓએ રોમેરોમથી ઝીલેલી નિરીક્ષણ પ્રક્રિયાની ઝલક મળે છે. એક શિક્ષક પોતાના વ્યવસાયને જીવે છે ત્યારે વ્યાવસાયિક પ્રતિબધ્ધતા અને વ્યાવસાયિક કૌશલ્યોની અભિવ્યક્તિ સાહિત્યિક સ્વરૂપે ઝિલાય છે. મનોવૈજ્ઞાનિક છાયા લઈને પ્રગટેલી વાર્તા શિક્ષકો માટે ખૂબ જ રુચિકર બની રહેલી.

અધ્યયનશીલ શિક્ષકનું પોતાનું વ્યક્તિગત ગ્રંથાલય કેવું હોય તે જોવું હોય તો તેમના અંગત ગ્રંથાલયનાં દર્શન કરવાં રહ્યાં. અનેકવિધ પ્રવૃત્તિઓમાં રોકાયેલા, આચાર્ય કલાકો સુધી પોતાના અધ્યયનમાં રત રહી શકે તે માટે તેમની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવું રહ્યું. તેમના રસક્ષેત્રમાં સમગ્ર જીવન આવી જાય પણ સાહિત્ય અને ભૂગોળનું પ્રાધાન્ય જોઈ શકાય. તેમને ભૂગોળના વિષયની ટી.વી. સિરિયલમાં ખલેલ પહોંચાડવાનું તો તેમનો ગુસ્સો વહોરી લેવાની તૈયારી સાથે જ થઈ શકે. શિક્ષકને સ્વાધ્યાયની સમાધિમાં અવરોધ પહોંચાડી ન જ શકાય. આવી છાપ પાડવા માટેના તપસ્-ધૈર્યની શક્તિ — શિક્ષકમાં હોવી જોઈએ. સાચા શિક્ષકનું હિમશૃંગે બિરાજમાન એવું સ્વમાન છે.

તેઓ સાહિત્યકાર તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યા પછી, એમ.એ. ગુજરાતી નિયમિત છાત્ર તરીકે ભણવા માટે દાખલ થયેલા. આ ઉત્તમ શિક્ષકનું ઉત્તમ શિષ્યત્વ છે. તે વર્ષે યુનિવર્સિટીના ભાષા ભવનનું સાહિત્યિક આનંદ ઉન્મેષનું વર્ષ બની રહેલું. તેમનો હૉસ્ટેલનો રૂમ પણ સંદર્ભગ્રંથોથી શણગારાયેલો બની રહ્યો હતો. શિક્ષક તો આજીવન વિદ્યાર્થી!

તેઓ એક ઉત્તમ 'સમાજ શિક્ષક' છે. સમાજ સુધારણાના ઉદાત્ત ધ્યેયથી 'ધરતી' સામયિકમાં લેખ લખવા કે તેના તંત્રી બનીને સેવા આપીને સમાજ-શિક્ષણ કરતા રહે છે.

આવા આજીવન શિક્ષક — સાહિત્યકાર શ્રી મોહનલાલ. સાહિત્યિક સર્જનના તેજકિરણો દ્વારા સમાજમાં દીર્ઘકાળપર્યંત ઉજાસ પાથર્યા કરે તેવી અભ્યર્થના!

# મોહનલાલ પટેલ : એમની સામાજિક નિસબત

ડૉ. રમેશ એમ. ત્રિવેદી
માનદ સંયુક્ત મંત્રી ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર

ઉત્તર ગુજરાતે, ગુજરાતી સાહિત્યને મધ્યકાળથી લઈ અર્વાચીન ગુજરાતી સાહિત્યસર્જનમાં ઉત્કૃષ્ટ ફાળો આપેલો છે. આચાર્ય હેમચંદ્રે પાટણ અને સિધ્ધપુર નગરને પોતાની વિદ્વત્ પ્રતિભાથી ઈતિહાસપ્રસિદ્ધ ખ્યાતિ અપાવી છે. વર્તમાન સમયમાં પણ અનેક સાહિત્યસર્જકો, શિક્ષકોએ ગુજરાતને નેતૃત્વ પૂરું પાડ્યું છે. કડીનગરના વિખ્યાત સાહિત્યકાર મોહનલાલ પટેલ આયુષ્યનાં પંચોતેર વર્ષ સાર્થક રીતે પૂર્ણ કરી અમૃતપુત્ર બને છે એ આનંદદાયક ઘટના છે. એ પ્રસંગે એમના સ્નેહીજનો, વડીલો, સરસ્વતીપુત્રો શબ્દના માધ્યમ મારફતે પણ અંતરની ઉષ્મા પ્રગટ કરે અને અભિનંદન આપે તે ઉચિત અને સ્વાભાવિક છે. એમાં મારો પણ આનંદનો સૂર પુરાવું છું.

લેખક તરીકે મુ. મોહનભાઈનો પરિચય સૌપ્રથમ મને યાદ છે ત્યાં સુધી, પરોક્ષ સ્વરૂપમાં થયો. ત્યારે હું કૉલેજમાં અભ્યાસ માટે કપડવંજથી અમદાવાદ આવ્યો હતો. પાનકોર નાકે આવેલી દાદાભાઈ નવરોજી લાઈબ્રેરીમાં હું વાંચવા જાઉં. ત્યાંથી 'હવા! તુમ ધીરે બહો!'ની વાર્તાઓ લેખકના સાન્નિધ્યમાં પરોક્ષ રીતે ખેંચી ગઈ અને એક સરસ વાર્તાકારની સર્જનસૃષ્ટિએ મનમાં ચટકો લગાડ્યો. એવો વિચાર પણ આવી ગયેલો કે, આ લેખકને રૂબરૂ મળીએ તો સાત્ત્વિક આનંદ થાય. એ ઉંમર પણ કુતૂહલ અને કેટલેક અંશે સર્જકો પ્રત્યે અહોભાવ ધરાવનારી પણ ખરીને! અમદાવાદમાં અભ્યાસ કરવાનું થયું અને પછીથી વસવાનું પણ થયું એનો એક લાભ એ થયો કે કનૈયાલાલ મુનશી, વિજયરાય વૈદ્ય, ધૂમકેતુ, કાલેલકર વગેરે સર્જક મહાનુભાવોથી લઈ સુન્દરમ્, ઉમાશંકર, નિરંજન ભગત, રઘુવીર ચૌધરી, ભોળાભાઈ, ચંદ્રકાન્ત શેઠ વગેરે ઘણાબધા સર્જકોને મળવાનું, તેમનો પરિચય પામવાનું મળ્યું. પેલી સાત્ત્વિક ઝંખના પૂરી થઈ!

પાંચેક વર્ષનો સમય પસાર થઈ ગયો અને એમ.એ.નું છેલ્લું વર્ષ યુનિવર્સિટી હૉસ્ટેલમાં રહેવાનું થયું. બી-૪૩ નંબરની રૂમ સાથે ઘણી સ્મૃતિઓ સંકળાયેલી છે. એક સાંજે ભોળાભાઈ અને મોહનલાલને, સાથે મળવાનું થયું. કદીક ભાષા-

ભવનમાં પણ તેમને આવતા જોયા. પછી નજીકથી મળ્યા ગુજરાતી વાચનમાળાઓના સંપાદનકાર્ય નિમિત્તે પાઠ્યપુસ્તક મંડળની મિટિંગોને લીધે. એમનું શીળું વ્યક્તિત્વ, સાલસ સ્વભાવ અને ઉષ્માપૂર્ણ વ્યવહાર સ્પર્શી ગયો છે. અદ્યાપિવત્ સ્નેહસંબંધ જળવાઈ રહ્યો છે એ મારું સદ્ભાગ્ય છે. હું એમની સર્જનકળાનો પ્રશંસક રહ્યો છું. આ પ્રસંગ પણ મારી હૃદયભાવના વ્યક્ત કરવાનો અવસર બન્યો છે.

એમનું આ અમૃતપર્વ, એમના સર્જનકર્મની સુવર્ણજયંતીનું પર્વ પણ ગણાય. અઢાર નવલકથાઓ, આઠ વાર્તાસંગ્રહો, બે લઘુકથાસંગ્રહો, બે નિબંધસંગ્રહો, ચાર ચરિત્રપુસ્તકો, ચાર શિક્ષણવિષયક પુસ્તકો ઉપરાંત પ્રવાસ, વિવેચન, અનુવાદ અંગેનું સાહિત્ય પણ તેમણે આપ્યું છે. તેમની અક્ષર-આરાધના હજુ ક્રિયમાણ છે. મા સરસ્વતીની સેવા એમના હાથે સતત ચાલુ રહે તે માટે તેમને નિરામય શતાયુની શુભેચ્છાઓ.

કથાસાહિત્યમાં લઘુકથા, ટૂંકી વાર્તા અને નવલકથાના સાહિત્યસ્વરૂપને તેમણે સફળતાપૂર્વક ખેડ્યાં છે. લઘુકથા સાહિત્યસ્વરૂપના તો તેઓ યોગ્ય રીતે જ જનક ગણાયા છે. વર્તમાનપત્રો, સામયિકો, સાહિત્યસંસ્થાઓ — ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, (ગુજરાત રાજ્ય સરકાર તરફથી પણ), મહેસાણા સાહિત્ય સંસ્થા, કડી સાહિત્યવર્તુળ (જે હવે, મોહનલાલ પટેલના નામ સાથે સાંકળીને તેમનું બહુમાન પામ્યું છે) ઉપરાંત સરોજ પાઠક ઍવૉર્ડ, ઈન્ડિયા કમ્યૂનિટી એબ્રૉડ દ્વારા શિકાગોમાં પણ તેમને પ્રશસ્તિપત્ર અર્પણ થયું છે અને એ રીતે એમની સર્જકતા પોંખાઈ છે. સાહિત્યકાર મોહનલાલ નખશિખ શિક્ષક, અધ્યાપક રહ્યા છે. આચાર્ય તરીકેનું પદ સ્વયં ગરિમા પામ્યું છે. કડીની વિશાળ વિદ્યાર્થી સંખ્યાના તેઓ પ્રિય શિક્ષક, આદરણીય આચાર્ય રહ્યા છે. ૧૯૮૪માં તેમને રાજ્ય સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો ઍવૉર્ડ પણ પ્રાપ્ત થયો છે. પ્રમાણમાં ઉચ્ચ શિક્ષણ તેમને મોટી ઉંમરે લેવાનું બન્યું અને પાકા ઘડે કાંઠા ન ચડે એ ઉક્તિને ખોટી ઠેરવી.

# વિદ્યા-વ્યાસંગી શિક્ષક

મણિભાઈ પ્રજાપતિ
યુનિવર્સિટી ગ્રંથપાલ અને અધ્યક્ષ,
ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ,
ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

એક ગ્રંથાલયી તરીકે મારું સદ્ભાગ્ય એ કે વિશ્વ સાહિત્યમાં અનેકવિધ સર્જકોને તેમની કૃતિઓના માધ્યમથી મળવાનું થયું છે. તેમની કૃતિ ઉપરાંત તેનો ફોટો જોવા મળે તો સાક્ષાત્ દર્શનની મનોમન અનુભૂતિ પણ થઈ જાય! ક્વચિત્ કૃતિ અને ફોટાના દર્શનથી સંતોષ ન અનુભવતાં તેમના વિશે વિશેષ જાણવાની ઈન્તેજારી થતાં તે સંતોષવા સાનંદ પ્રયાસ કર્યો છે. પરિણામસ્વરૂપે સવિશેષતઃ ભારતીય અને કંઈક અંશે પાશ્ચાત્ય સાહિત્યના થોડાક સર્જકો સાથે પરિચય કેળવી શકાયો છે. સર્જકો સાથે તાદાત્મ્ય કેળવવું એ પણ જીવનનો એક લહાવો છે, આનંદ છે. આ જ ભાવે શ્રી મોહનલાલ પટેલના નામથી ૧૯૭૧થી પરિચિત છું. આ સમય સુધીમાં તેમની ત્રણ નવલકથાઓ ('હેતનાં પારખાં' (૧૯૫૭) 'ખાલી ખેપ' (૧૯૫૯) અને 'અંતિમ દીપ' (૧૯૬૦) તથા પાંચ વાર્તાસંગ્રહો ('હવા! તુમ ધીરે બહો!' (૧૯૫૪) 'વિધિનાં વર્તુળ' (૧૯૫૬), 'ટૂંકા રસ્તા' (૧૯૫૮), 'મોટી વહુ' (૧૯૬૬) અને 'પ્રત્યાલંબન' (૧૯૭૦) પ્રગટ થઈ ચૂક્યા હોવાથી આ બંને ક્ષેત્રોમાં એક લેખક તરીકે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી શક્યા હતા.

શ્રી મોહનભાઈને આજથી બરોબર ૨૦ વર્ષ પૂર્વે ડિસેમ્બર ૧૯૮૧માં હૈદ્રાબાદમાં ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૧મા અધિવેશનમાં સૌ પ્રથમ જોયેલા. આ અધિવેશનના બીજા દિવસની સવારની બેઠકમાં તેમણે આમંત્રિત વક્તા તરીકે ગુજરાતી ટૂંકી વાર્તા વિશે લેખ રજૂ કરેલ. આ બેઠકના અધ્યક્ષ શિવકુમાર જોષી હતા. આ ગાળામાં ક.મા. મુનશી હિંદી શોધ સંસ્થાન, આગ્રા યુનિવર્સિટી, આગ્રાના નિર્દેશક ડૉ. વિદ્યાનિવાસ મિશ્રના માર્ગદર્શન હેઠળ હિંદી-ગુજરાતી ટૂંકી વાર્તા વિશે શોધકાર્યનો મેં પ્રારંભ કરેલ હોવાથી મને મોહનભાઈને સાંભળવામાં વિશેષ રસ પડેલ. બેઠક પૂરી થયા બાદ તેમને મળવાનું

થતાં તેમની સાથે રસપ્રદ ચર્ચા પણ થયેલ. આ પછી પ્રાયઃ ૧૦ વર્ષ બાદ ૧૯૯૧માં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં યુનિવર્સિટી લાઇબ્રેરિયન તરીકે જોડાયો ત્યારે 'બુધવારિયા'ની મારી પ્રથમ બેઠકમાં જ તેમને મળવાનું થયું. તેમને જોતાં જ હૈદ્રાબાદનું સંસ્મરણ સ્મૃતિપટલ ઉપર તાજું થયું. અમારું આ 'બુધવારિયું' એટલે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના આદ્ય કુલપતિ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક સાહેબ આઇ. એ. એસ. અધિકારી તરીકે કુશળ પ્રશાસક ઉપરાંત ખરા અર્થમાં શિક્ષકનો જીવ હોવાથી વિધાર્થીઓની વર્ક્તૃત્વ અને તર્કશક્તિ ખીલે તથા વિદ્યાર્થીઓને ગ્રંથાલય તરફ વાળવાના હેતુને ધ્યાને લઈ યુનિવર્સિટી ગ્રંથાલયમાં શરૂ કરેલ ચર્ચાવર્તુળ. આ ચર્ચાવર્તુળના પ્રત્યેક સભ્યે ફી તરીકે કોઈ એક બેઠકમાં વક્તવ્ય આપવાનું થતું અને ચર્ચામાં સક્રિય ભાગીદારી ફરજિયાત હતી. કુલપતિશ્રીની નિશ્રામાં આ પ્રવૃત્તિ ખૂબ જ ફૂલીફાલી અને જીવંત બની. યુનિવર્સિટી પરિસર અને બાહર ચર્ચાવર્તુળે એક આગવી હવા ઊભી કરી. પ્રત્યેક 'બુધવારિયા'માં યાજ્ઞિક સાહેબની હાજરી હોય જ! અને તેમની સાથે પ્રો. નવનીતભાઈ શાહ અને શ્રી મોહનભાઈ પણ અચૂકપણે ઉપસ્થિત રહે. અહીં મને મોહનભાઈના એક શિક્ષક - આચાર્ય તરીકેનાં દર્શન થયાં. તેઓશ્રી વિદ્યાર્થીઓને વક્તૃત્વકલા વિકસાવવા સંબંધી તેમજ પોતાના વિષયને ધ્યાનમાં લઈ શું શું વાંચવું જોઈએ, કઈ રીતે માહિતી એકઠી કરી નોંધ તૈયાર કરવી વગેરે વિશે ઝીણી ઝીણી બાબતોનું ચીવટપૂર્વક માર્ગદર્શન આપતા. તેમનું ઇતિહાસ અને ભૂગોળનું જ્ઞાન અદ્ભુત! પાટણના ઈતિહાસના પ્રખર અભ્યાસી. જ્યારે જ્યારે ચર્ચામાં પાટણ વિશે કોઈ વાત નીકળે ત્યારે પાટણના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસની અધિકૃત માહિતી રજૂ કરે. પોતાના વતન પાટણ માટેનો તેમનો સ્નેહ સહજ રીતે તેમનાં વક્તવ્યમાં પ્રગટ થઈ જતો. આ પ્રેમનું ખરું પ્રગટીકરણ તો પાટણના માથે — ગુજરાતના અંતિમ સોલંકી — વાઘેલા શાસક કર્ણ વાઘેલાના માથે લાગેલ કલંકને ધોવા માટે 'લાંછન' નવલકથા — સર્જનમાંથી થયું છે. અહીં એક સફળ અને સિધ્ધહસ્ત નવલકથાકાર ઉપરાંત ઇતિહાસના એક અભ્યાસી વિદ્વાન તરીકેનાં પણ દર્શન થાય છે. તેમણે ધર્મારણ્ય, તીર્થકલ્પ, ચંડુ પંડિત કૃત નૈષધની ટીકા, ક. મા. મુનશી કૃત Glory that was Gorjaradesa, ઈડરનો અભિલેખ, રામલાલ મોદીનો લેખ વગેરેના આધારે કર્ણ વાઘેલા ઉપર લાગેલ લાંછન કે તે અલ્લાઉદ્દીનના પાટણ ઉપરના આક્રમણ સમયે પાટણમાંથી ભાગી છૂટ્યો હતો તથા લંપટ અને ભીરુ હતો — તેને ઐતિહાસિક પ્રમાણો દ્વારા દૂર કરવા પ્રયાસ કર્યો છે. એક ઐતિહાસિક નવલકથાકારે ઐતિહાસિક સત્યોની શોધ માટે આદરેલ ઇતિહાસ-શોધયાત્રા છૂપી રહેતી નથી. આ ઉપરાંત તેમના નિબંધસંગ્રહ 'યક્ષકર્દમ'માં વિવિધ વિષયો ઉપરના ૩૦ લેખો કે જેમાં વિશ્વની પ્રતિભાશાળી વ્યક્તિઓ — ટૉલ્સ્ટૉય, હિટલર, માર્ટિન લ્યુથર કિંગ, સિકંદર વગેરેનાં માહિતીપ્રચૂર ચરિત્રો,

રાણીની વાવની શિલ્પ-સ્થાપત્ય સમૃદ્ધિ અને તેના નાશનાં કારણો સંબંધિત લેખ, રોમ અને જાપાનના ઇતિહાસ વિશે, રેલવેનો ઇતિહાસ, બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અમેરિકા દ્વારા જાપાન ઉપર ફેંકવામાં આવેલ બે અણુબૉમ્બ અને તેની વિનાશલીલા વગેરે વિશેના લેખોનો સમાવેશ થાય છે. અહીં તેમનાં વિશાળ વાંચન અને વિવિધ વિષયોમાં જ્ઞાનપ્રાપ્તિની ઝંખના અને રસવૃત્તિની પ્રતીતિ થાય છે.

ભૂગોળ તો તેમના અધ્યાપનનો વિષય પણ રહેલ. National Geographic ના આકંઠ વાચક-અભ્યાસુ. એક હાઈસ્કૂલનો શિક્ષક પ્રત્યેક અંક રસપૂર્વક વાંચે એ જ તેની પ્રતિભા અને રસવૃત્તિનાં પરિચાયક છે. National Geographic Society, Wosington એ તેમને માનવંતા સભ્ય તરીકે સર્વ વિદ્યાલયમાં પણ એનરોલ કરેલ.

સર્વ વિદ્યાલય, કડીમાં સુદીર્ઘકાળ પર્યંત સેવાઓ આપી વયમર્યાદાને લીધે સેવાનિવૃત્ત થઈ પાટણમાં રહેવા આવેલા. પાટણથી અમદાવાદ સ્થાયી થયા ત્યારે ‘બુધવારિયા’માં તેમનું આગમન પ્રાયઃ બંધ થઈ ગયું. જોકે જ્યારે જ્યારે પાટણ આવે ત્યારે જો તે દિવસે ‘બુધવારિયું’ હોય તો અચૂક ઉપસ્થિત રહે જ! ‘બુધવારિયું’ ન હોય ત્યારે સમય લઈ ગ્રંથાલયમાં આવે અને ગ્રંથાલયમાં શું શું નવું આવ્યું છે તેની પૃચ્છા કરે. તેમની સાથેની પ્રત્યેક મુલાકાત મારી રસવૃત્તિને પોષક બની ગઈ! તેમના આગમનના સમાચાર મને તેમના ભત્રીજા શ્રી અમૃતભાઈ પટેલ કે શ્રી જયંતિભાઈ પટેલ દ્વારા મળે ત્યારે તેમને મળવા જવાનું થતું. આ દરમ્યાન મારાં વિદ્યાર્થિની કુ. વલ્લરીબહેન મજમુદારે MLISCની ડિગ્રીના ભાગરૂપે ‘પાટણના સારસ્વતો : જીવનચરિત્ર અને કૃતિત્વ’ વિશે લઘુશોધ નિબંધ વિષય પસંદ કર્યો ત્યારે ૨૦મી સદીના સાહિત્યકારો વિશે જાણવા તેની સાથે અવારનવાર મુલાકાતો યોજાતી. આ ચર્ચાઓથી મને પાટણના ઇતિહાસ, સાહિત્ય અને શિક્ષણ વિશે ઘણુંબધું જાણવા મળેલ. તેમની સાથેની પ્રત્યેક ગોષ્ઠિ અંતરંગ પરિચયમાં કેળવાતી ગઈ! આમ, થોડુંક સાહિત્ય પણ વાંચ્યું. તેમના વિશે લખાયેલ લેખો — વિવેચનોમાંથી પણ પસાર થવાનું થયું. ડૉ. ભોળાભાઈ પટેલ, શ્રી રઘુવીર ચૌધરી, ડૉ. મોહનભાઈ પંચાલ, શ્રી ઈશ્વર પરમાર અને શ્રી રાધેશ્યામ શર્માએ મોહનભાઈ વિશે લખેલ ચરિત્ર-લેખોથી વિશેષ પ્રભાવિત થયો.

આપણા ચિંતક-મનીષી કવિ ઉમાશંકર જોશીએ શ્રી મોહનભાઈ પટેલને એક નિષ્ઠાવાન શિક્ષક તથા આચાર્ય તરીકે જાહેરમાં બિરદાવતાં કહેલું કે, ‘‘મોહનભાઈ એક સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઉછરતાં બાળકો વચ્ચે જઈને તેઓ બેઠા છે.’’ આ જ બાબતને ધ્યાનમાં લેતાં શ્રી રઘુવીરભાઈએ નોંધ્યું છે કે, ‘‘મોહનભાઈની સાહિત્યિક કૃતિઓ ઉત્તર ગુજરાતના ભાવકોને પહોંચી છે એથી વધુ એમની શૈક્ષણિક સેવાઓ પહોંચી છે

એમ કહેવામાં અતિશયોક્તિ નથી... ગૃહપતિ તરીકે લોકપ્રિય રહેવું અઘરું, આચાર્ય તરીકે લોકપ્રિય રહેવું એથીય અઘરું, પણ મોહનભાઈની લોકપ્રિયતામાં કદી ઓટ આવી નથી.'' તેમણે પોતાના કાર્યકાળ દરમ્યાન કડીમાં 'સાહિત્યવર્તુળ'ની સ્થાપના કરી ઘણા વિદ્યાર્થીઓને સાહિત્યનું ઘેલું લગાડ્યું, સાહિત્યમાં રસ લેતા કર્યા અને લખતા કર્યા. બીજા શબ્દોમાં કહીએ તો, કડીની સારસ્વત ચેતનાનો પ્રાણ બની રહ્યા. એક શિક્ષકનું આથી મોટું પ્રદાન કયું હોઈ શકે?

હાઈસ્કૂલના શિક્ષણ દરમ્યાન મોહનભાઈના વિદ્યાર્થી રહી ચૂકેલ અને ગુજરાતી સાહિત્યના પ્રતિભાશાળી સર્જક-વિવેચક ડૉ. ભોળાભાઈ પટેલના તેમનાં સંસ્મરણો રજૂ કરતા શબ્દો: ''મોહનલાલ પટેલ અમદાવાદથી નવા સાહેબ આવ્યા. એમની સાથે મોપાસાં, ચેખૉવ, ઓ હેનરીનું વાર્તાજગત, બ્રાઉનિંગના મોનોલૉગ્સ, શરદબાબુ અને ખાંડેકરનું જગત આવ્યું. નખશિખ સજ્જન. 'થેન્ક્સ' અને સૉરી બોલતાં એમણે શિખવાડ્યું... પેન્ટ, શર્ટ પહેરનાર સાહેબે લેંઘો-ઝભ્ભો અપનાવી લીધો જે આજ સુધી. આચાર્યવાન આચાર્ય કોઈ છોકરાને 'તું' ન કહે, 'તમે' જ કહે. એમણે 'લખતાં' શિખવ્યું. સાહિત્યને પરખવાની આંખ આપી.'' મને સ્પર્શી ગયા. મોહનભાઈ માટેના આ શબ્દો કોઈ પણ સહૃદય શિક્ષક માટે પ્રેરણાપીયૂષ થઈ પડે તેવા છે. આ શબ્દોને જીવનમાં અપનાવવામાં આવે તો ખરા અર્થમાં શિક્ષક શિક્ષકત્વને પામી શકે. કોઈ પણ વ્યક્તિ 'તું'ની જગ્યાએ 'તમે' શબ્દપ્રયોગ કરતો થઈ જાય તોપણ જીવન હર્યુંભર્યું અને સંવાદિતાપૂર્ણ બની મ્હોરી ઊઠે! શ્રી મોહનભાઈના એક આભિજાત્ય શિક્ષક તરીકેનાં દર્શન થયાં. તેમનાં નમ્રતાપૂર્ણ વ્યવહાર, સાદગીપૂર્ણ જીવન અને મૃદુ સ્વભાવનો ત્રિવેણી સંગમ ભાગ્યે જ અન્યત્ર જોવા મળે. શીલ અને શબ્દના આરાધક શ્રી મોહનભાઈએ પોતાના જીવન દ્વારા કનકની કેડીનો માર્ગ પ્રશસ્ત કરી આપ્યો.

શ્રી મોહનભાઈએ અત્યાર સુધી નવલકથા, ટૂંકી વાર્તા, લઘુકથા, નિબંધ, ચરિત્ર અને વિવેચન વગેરે સાહિત્ય સ્વરૂપોમાં તથા અનુવાદિત, સંપાદિત વગેરે મળી કુલ ૪૦ જેટલી કૃતિઓ આપણને આપી છે. આ બધી કૃતિઓમાં એમની સર્જક પ્રતિભાનો ઉત્કૃષ્ટ નિખાર જોવા મળે છે. ગુજરાતી લઘુકથાના તો પ્રવર્તક-જનક તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. ટૂંકી વાર્તા ક્ષેત્રે પણ તેમનું પ્રદાન વિશેષ નોંધપાત્ર રહ્યું છે. ટૂંકી વાર્તાકળા ઉપરનો તેમનો વિવેચનગ્રંથ 'ટૂંકી વાર્તા : મીમાંસા' આ વિષયક ગ્રંથો પૈકીનો એક પ્રમુખ આધારગ્રંથ મનાય છે.

શ્રી મોહનભાઈની ઘણી કૃતિઓને વિવિધ પારિતોષિકોથી નવાજવામાં આવેલી છે. તેમને ટૂંકી વાર્તા માટે સવિતા સુવર્ણચંદ્રક (૧૯૫૪) સંદેશ સુવર્ણચંદ્રક (૧૯૭૨) અને કુમાર પારિતોષિક (૧૯૫૦) પ્રાપ્ત થયેલ છે. ટૂંકી વાર્તા 'પ્રત્યાલંબન' ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત તથા લઘુકથાસંગ્રહ 'ઝાકળમાં સૂરજ ઊગે'ને ગુજરાત સાહિત્ય અકાદમી પારિતોષિક (૧૯૯૧) તથા સરોજ પાઠક

ઍવૉર્ડ 'પ્રજ્ઞાદીપ છગનભા' માટે જનરલ લાઈબ્રેરી પારિતોષિક (૧૯૮૯-૯૦) મળેલ અને 'લાંછન' નવલકથાને ગુજરાત સાહિત્ય અકાદમી (૧૯૯૭) તેમજ ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી વર્ષના શ્રેષ્ઠ પુસ્તક (નવલકથા વિભાગ) તરીકેનાં પારિતોષિક મળ્યાં છે. તેમને ૧૯૮૪માં રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષક તરીકેના ઍવૉર્ડથી વિભૂષિત પણ કરવામાં આવેલ છે. ઇન્ડિયન કૉમ્યુનિટી એબ્રૉડ, શિકાગો, દ્વારા ૧૯૮૩માં તેમને સાહિત્ય, શિક્ષણ અને સમાજસેવાનાં કાર્યોમાં ઉચ્ચતમ પ્રદાનને લીધે પ્રશસ્તિપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મહેસાણા આનર્ત સંસ્થાએ શિક્ષણ અને સાહિત્યમાં કરેલા પ્રદાન માટે 'આનર્ત' ઍવૉર્ડ આપી સન્માનિત કર્યા છે.

# चरैवेति चरैवेति

**ચંદ્રશંકર પંડ્યા**

શ્રી મોહનભાઈ સાથેનો પરિચય ઘણાં વર્ષો પહેલાં શ્રી રાજેન્દ્ર શાહના 'ધ્વનિ'ની અને 'ઉત્તરરામચરિત'ની ચર્ચાથી કડીમાં થયેલો અને ત્યારે થોડી જ વારમાં હું સમજી ગયેલો કે સામે બેઠેલી સૌમ્ય વ્યક્તિ ગંભીર અભ્યાસી તો છે જ પણ એનું અભિજાત વ્યક્તિત્વ પણ એક દિવસ જરૂર મહોરી ઊઠશે. પળેપળની કિંમત સમજનારી આ વ્યક્તિ એક દિવસ અવનવા ઉન્મેષો પ્રગટ કરી ઉચ્ચ કક્ષાના સન્માનની અધિકારી બનશે. મારી ધારણા સાચી પડ્યાનો આજે મને પારાવાર આનંદ છે.

કૉલેજ - કાળથી માંડીને આજ સુધી શ્રી મોહનભાઈએ चरैवेति (આગળ વધતા જ રહો)ની નીતિ જ રાખી છે. ક્યાંય અટકવાનું પસંદ કર્યું નથી. વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવતા જવાની એમની કળા, નિષ્ઠા અને પરિશ્રમ દાદ માગી લે તેવાં છે. એક વ્યક્તિ સાહિત્યકાર બને, સુંદર શિક્ષક બને, સારા ગૃહપતિ બને, સારા આચાર્ય બને, પોતાના પરિવારની માનનીય વ્યક્તિ બને, સદૈવ ગંભીર પરિશીલન કર્યા જ કરે, જીવનમાં કાંઈ ને કાંઈ નવું ઉમેરતી જ જાય અને ઉત્તમ માનસન્માનની અધિકારી બને એટલું જ નહિ પણ આ બધાથી જરા પણ ફુલાયા વિના સફળતા મેળવવાનો સાત્ત્વિક પ્રયત્ન નિરંતર કર્યા જ કરે — એવું બહુ ઓછાના જીવનમાં બને છે. નિરભિમાની બનવાની વાત કરવી ઘણી સહેલી છે પણ ખરા અર્થમાં નિરભિમાની બની (બધું બનવા છતાં) એક સૌમ્ય સજ્જન બનવું — બની રહેવું ઘણું અઘરું છે. મોટા મોટા ખેરખાંઓને મેં આ બાબતમાં હારી ગયેલા જોયા છે.

શ્રી મોહનભાઈએ માહિતીને નહિ પણ જ્ઞાનને પચાવ્યું છે. જીવનનો મર્મ પિછાણ્યો છે અને अमृतं तु विद्या એ વાક્ય ચરિતાર્થ કરી બતાવ્યું છે. માટે જ આજે આ અમૃતપર્વનો પ્રસંગ યોજાયો છે. જરાય કામચોરી ન કરવી, સામેની વ્યક્તિએ રજૂ કરેલી વાતનું તથ્ય શોધી કાઢવું, વિદ્યાર્થીઓને પારખવા, શિક્ષકોને સમજવા, કુટુંબીજનોને પૂર્ણ પ્રેમ આપવો, સરસ સંબંધો બાંધવા અને સાચવી જાણવા, અયોગ્ય બાબતોને કુનેહથી (ઘૃણા પ્રદર્શિત કર્યા વિના) ટાળવી, સંચાલનની

ખૂબીઓ-ખામીઓ સમજવી અને તેનો યોગ્ય અમલ કરવો, દુ:ખી અથવા માર્ગદર્શન માટે આવેલી વ્યક્તિને દિલસોજીપૂર્વક રસ્તો બતાવવો, નાનામાં નાની વ્યક્તિને પણ સંકોચ ન થાય તેવી રીતે વર્તવું, તોફાની માણસોની ચાવી શોધવી, કોઈ પણ કામ તેને માટે યોગ્ય વ્યક્તિને સોંપવું, આજુબાજુ રહેલા મૂર્ખ માણસોની અમલમાં ન મૂકી શકાય તેવી બાબતોને જરાય ડંખ રાખ્યા વિના સહજ રીતે હસીને ટાળવી, વિદ્વાન અથવા કોઈ પણ ક્ષેત્રની વિશિષ્ટ વ્યક્તિને પૂર્ણ આદર આપવો. પોતાની તકલીફ કે વેદનાને ખૂબીપૂર્વક ગોપવવી, સતત પરિશીલનમાં મસ્ત રહેવું, સર્જનપ્રક્રિયા ધીમી ન પડે તેની કાળજી રાખવી, એક સૌમ્ય સજ્જનની અદાથી પરિસ્થિતિનું સાવધાનીપૂર્વક મૂલ્યાંકન કરતા જવું, ઉદાર હૃદયે દોષી વ્યક્તિને માફ કરવી પણ જરૂર લાગતાં યોગ્ય દંડ પણ (માણસાઈ સાચવીને) કરવો, સહકાર્યકરોનું હિત જાળવવું, પ્રકૃતિનું સાન્નિધ્ય માણવું, પ્રસંગોચિત ગાંભીર્ય જાળવવું, (કડીના ભૂતપૂર્વ સ્વ. આચાર્ય શ્રી નાથાભાઈસાહેબની વિદાયનો પ્રસંગ અત્રે સહજ રીતે યાદ આવી જાય છે.) આતિથ્યમાં ખામી ન રહી જાય તેની ખૂબ કાળજી રાખવી (આ વાતનો વ્યક્તિગત રીતે મને ઘણો અનુભવ થયો છે અને બીજાઓને પણ થયો છે) બીજાની ભૂલ ખૂબીથી સમજાવવી, લખાણ માટે ખૂબ સજ્જતા રાખવી, અધ્યાપનવેળાએ રસની છોળો ઉડાડવી, સમયની કિંમત સાચા અર્થમાં સમજવી, મિત્રો કે સ્નેહીજનો સાથે વિશ્રંભવાર્તાને ટાણે વિચારણીય બાબત હળવાશથી ઉપસ્થિત કરી વાતચીતના પ્રવાહને રમણીય વળાંક આપવો, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરી ગૂંચવણભરેલી પરિસ્થિતિને સરળ બનાવવી, નિશાન ભણી જ નજર રાખવી અને વ્યક્તિત્વનું નિરંતર પરિમાર્જન કરતા રહેવું — આવું અને બીજું ઘણું બધું તેમનામાં છલોછલ ભરેલું છે — એમ નિ:સંદેહ કહી શકાય તેમ છે.

થોડા પ્રસંગો સંક્ષેપમાં વર્ણવું.

'અંતિમ દીપ'ની પ્રેસકૉપી તૈયાર થઈ હતી. હું તે આખી વાંચી ગયો. સૂચવ્યું : કોઈ દૈનિકમાં દર સપ્તાહે હફતે હફતે છપાય તો ઘણું ઉત્તમ. પછી આ નવલકથા 'ગુજરાત સમાચાર'માં છપાઈ. ચર્ચા ચાલી ત્યારે સ્પષ્ટ થયું કે આ પુસ્તક માટે તેમણે ઘણું મંથન કરેલું અને ખૂબ સ્થળોએ ફરેલા. (માતૃભૂમિ પાટણનું મમત્વ પણ તેમાં હતું.) એટલું જ નહિ અમરુશતકના શ્લોકોને સમજીને તેનો પણ યથાયોગ્ય ઉપયોગ કરેલો. આ પુસ્તક લખતી વેળાએ તેમણે નાની નાની વિગતો પણ નજર બહાર નહિ રાખેલી — (લખાણ માટેની સજ્જતા)

'વિધિનાં વર્તુળ'ની પ્રસ્તાવનામાં તેમણે એક સરસ વાક્ય લખેલું તે યાદ છે — વાર્તાના પહેલા સંગ્રહ 'હવા! તુમ ધીરે બહો!'માં પ્રસિદ્ધ થયેલી વાર્તાઓ અને 'વિધિનાં વર્તુળ'ની વાર્તાઓ લગભગ એકસરખા સમયગાળામાં લખાયેલી. નિખાલસતાપૂર્વક લખાયેલું વાક્ય કંઈક આવું જ હતું કે કદાચ આમાં વાચકને

વિશેષ પ્રગતિ જોવા ન યે મળે. પોતાના વ્યક્તિત્વ માટે જાગૃત વ્યક્તિ જ આવો ઉલ્લેખ કરે અને પોતાને અન્યાય ન થાય તેની તકેદારી પણ રાખે.

સારા સાહિત્યકાર હોવા છતાં પ્રાકૃત વ્યાકરણનો પણ તેમણે સરસ રીતે અભ્યાસ કરેલો તેની ચર્ચા હજુ યાદ છે.

પૂ. છગનભાના જીવનચરિત્રમાં તેમણે સામાન્ય લોકો ન જાણતા હોય તેવી ઘણી બાબતો સરસ રીતે રજૂ કરી છે.

લઘુવાર્તાના વિધાયક તરીકે તો તેઓ ઘણી નામના મેળવી ચૂક્યા છે જ. ભાવનગરના કૉન્ગ્રેસના અધિવેશન પ્રસંગે પ્રગટ થયેલા સ્મૃતિગ્રંથમાં શ્રી ચુનીલાલ મડિયાએ ગુજરાતી નવલિકાના ક્ષેત્રમાં સ્થિર થઈ ચૂકેલી કલમોમાં તેમનો ઉલ્લેખ આનંદપૂર્વક કર્યો છે.

આ તો અછડતો ઉલ્લેખ છે. સાહિત્યના વિવિધ પ્રકારોમાં નામના મેળવનાર સાહિત્યકાર મોહનભાઈનું ગજું ઘણું મોટું છે. એકવાર 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ રાવતને મળેલો ત્યારે તેમણે મને સહર્ષ કહેલું કે મોહનલાલ પટેલ સાહિત્યના આકાશમાં સ્ટાર માફક એક દિવસ જરૂર ચમકશે. બચુભાઈની આ ભવિષ્યવાણી આજે કેટલી બધી સચોટ સાર્થક અને પુરવાર થઈ છે!

થોડી બીજી વાતો.

નવો માધ્યમિક શિક્ષણ કોડ આવ્યો ત્યારે મહેસાણા જિલ્લાના કેટલાક શિક્ષકો-આચાર્યો એ અંગે તરેહ તરેહની વાતો કરતા ત્યારે હસતાં હસતાં તેમણે મને કહેલું કે શાસ્ત્રી, આ કોડમાં ક્યાંય શિક્ષકને છૂટો ન જ કરી શકાય તેવી વાત લખી છે ખરી? (પૂરું વાંચીને બધા બોલતા હોય તો કેવું સારું તેવું તે ન'તા બોલ્યા એ મને બરાબર યાદ છે) સૂક્ષ્મ અભ્યાસીએ શું શોધવું જોઈએ તે આ પ્રસંગ ઉપરથી ફલિત થાય છે.

એક વાર મહેસાણા જિલ્લાની ખ્યાતનામ હાઈસ્કૂલના આચાર્ય, પોતાના ૬૦ પ્રશ્નો લઈ, રિક્ષામાં ફાઈલોનો ખડકલો કરી પોતાના કારકૂન સાથે તેમને ત્યાં સાંજના આવેલા. લગભગ ૩૦-૩૫ થીયે વધુ પ્રશ્નો ઉકેલી આપેલા. બીજા માટે આચાર્યશ્રી પાસે પૂરતી માહિતી ન હતી માટે બાકી રહેલા.

ઘેર આવેલી ચિંતાતુર વ્યક્તિને તેમણે હળવીફૂલ બનાવીને વિદાય કરેલી હોય તેવા તો ઘણા બધા પ્રસંગો તેમના જીવનમાં બન્યા છે અને છતાંય કશું ન કર્યાનો ભાવ મેં એમના મુખ ઉપર વારંવાર જોયો છે અને ત્યારે બંગાળી કવિ ચંડીદાસની પંક્તિ યાદ આવે છે કે 'સાબાર ઉપરે માનુષ સત્ય તાહાર ઉપર નાહી.' મનુષ્ય સર્વોપરિ છે અને તેની આરાધના ઈશ્વરની આરાધનાથી જુદી હોઈ શકે નહીં. જીવતો-જાગતો ઈશ્વર જ જ્યાં નજર સામે ઊભો હોય પછી તેને બીજે શોધવા જવાની જરૂર ક્યાં રહી?

આચાર્યપદેથી નિવૃત્ત થયા ત્યારે ઘણી બધી સંસ્થાઓ દ્વારા વિદાય સમારંભો

યોજાયેલા ત્યારે તેમની ઉપર પ્રેમ રાખનારી તથા ઈર્ષ્યા રાખનારી વ્યક્તિઓને ખ્યાલ આવ્યો કે મોહનભાઈ શું છે?

વર્ષો સુધી કડીની સંસ્થાની તથા શિક્ષણક્ષેત્રની તેમની સેવાઓની કદર થઈ ત્યારે એ મોહનભાઈમાં અને સર્વ વિદ્યાલયના પ્રાંગણમાં, હાથમાં પુસ્તક લઈને ફરતા મોહનભાઈમાં કોઈ ફેર જોવા ન મળ્યો. માનસન્માન પચાવવાં કેટલાં અઘરાં છે તે તો જેણે પચાવી જાણ્યાં હોય તેને જ ખબર પડે!

તેમનામાં રહેલી ‘શ્રદ્ધા’ની અને મનુષ્ય જીવનને જોવાની તેમની દૃષ્ટિ ઉપર ઉત્તમ ગ્રંથોની અને તેમાંય ખાસ કરીને ગીતાની તેમજ તેમના પૂ. પિતાશ્રી બાભાઈદાસની ઘણી અસર પડેલી છે તેવું મારું માનવું છે. એક વાર મળ્યા ત્યારે ખૂબ આનંદપૂર્વક ચર્ચા કરેલી કે હમણાં જ ગીતા પદચ્છેદ-અન્વય તથા અર્થ સાથે ધ્યાનપૂર્વક વાંચી. ખૂબ આનંદ આવ્યો. ગીતાનું તથા ગીતાના ગાનાર શ્રીકૃષ્ણનું તેમને આજે પણ ઘણું આકર્ષણ છે.

મનુષ્યનાં તમામ ક્ષેત્રોના તમામ જ્ઞાનનું પર્યવસાન બંધનથી સમાપ્તિમાં છે, આસક્તિથી દૂર રહેવામાં છે એવું મેં ઘણી વાર એમના ચહેરા ઉપર વાંચ્યું છે. કશીયે આસક્તિ રાખ્યા વિના કર્મ કરનાર વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ દિવસે દિવસે નિરાળું બનાવતી જ જાય તે સ્વાભાવિક છે, ધ્યેય સિવાય બીજા કશા ઉપર તેની દૃષ્ટિ ન જ હોય તે સર્વવિદિત વાત છે. મારી સમજણ પ્રમાણે તેમની જીવનયાત્રાનો એક જ મંત્ર રહ્યો છે — चरैवेति चरैवेति ક્યાંય રોકાવું નહિ, આગળ વધતા જ જવું, (આસક્તિ રાખીને) જીવનદૃષ્ટિને કદીયે ધૂંધળી પડવા દેવા નહિ — આવી એમની સૂક્ષ્મ સમજને હું અભિનંદું છું અને હજુયે તેમના વ્યક્તિત્વના નવા નવા ઉન્મેષો પ્રગટ થયા કરે તેવી કામના કરું છું તથા તે માટે પરમાત્મા તેમને નિરાયમ દીર્ઘ આયુષ્ય આપે તેવી હાર્દિક પ્રાર્થના કરું છું.

# ઋજુ સ્વભાવ અને સંવેદનાના સાહિત્યકાર

રજની વ્યાસ
સંપાદક : અર્ધ સાપ્તાહિક અને સાપ્તાહિક પૂર્તિ
'સમભાવ', અમદાવાદ

દસેક વર્ષ પહેલાં 'સમભાવ'ના દીપોત્સવી અંક માટે વાર્તા નિમિત્તે મોહનભાઈનો પહેલો પરિચય થયેલો. ત્યાર બાદ ત્રણ-ચાર વર્ષો સુધી તો એ જ નિમિત્તે વર્ષમાં માંડ બે વાર મુલાકાત થતી. પછી સમભાવ પૂર્તિમાં એમની કૉલમ શરૂ કરી. નવલકથા પણ છાપી. એટલે થોડી વધુ મુલાકાતો થઈ. આમ છતાં તેમના વધુ પરિચયમાં કે ગાઢ પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું નથી કે તેવો દાવો હું કરી શકું તેમ નથી.

અલબત્ત વધુ ને વધુ મિલનોથી વ્યક્તિનો નિકટનો પરિચય જરૂર પામી શકાય છે, પરંતુ થોડા પરિચયે પણ વ્યક્તિઓના અંતરતલમાં ડોકિયું તો જરૂર કરી શકાય છે એવો મારો સ્વાનુભવ છે અને તે પણ મોહનભાઈ જેવા સરળ અને પારદર્શક વ્યક્તિત્વ ધરાવતા સજ્જન હોય ત્યારે તો ખાસ.

મોહનભાઈને પહેલી વાર જોયા કે તેમની સાથે પહેલી પ્રત્યક્ષ મુલાકાત થઈ તે પહેલાં ગુજરાતના એક લબ્ધપ્રતિષ્ઠ વાર્તાકાર અને સિદ્ધહસ્ત લઘુકથા લેખક તરીકેની તો જાણ હતી જ, પરંતુ તેમની સાથે મુલાકાતો દ્વારા તેમનાં — મારે માટે અણજાણ એવાં — અન્ય પાસાંઓ ઉપર પણ મારા ચિત્ત પર પ્રકાશ પાડ્યો: અંગ્રેજી ભાષાના ક્લાસિક્સના ઉત્તમ અનુવાદક, ભાષાવિદ્દ, ઇતિહાસના અભ્યાસી, વિદ્વાન, કલા-સંસ્કૃતિના મર્મજ્ઞ અને નિષ્ઠાવાન કેળવણીકાર.

વ્યવસાયે શિક્ષક. આજના વિદ્યાર્થીને પણ તેમની પ્રત્યે આદર થાય તેવા પ્રેમાળ અને સંનિષ્ઠ શિક્ષક. શિક્ષકો માટે એક આદર્શની સ્થાપના કરે તેવા શિક્ષક. શિક્ષકથીય આગળ જઈને કેળવણીકાર વધુ. તેમની શિષ્ય પરંપરામાં અનેક તેજસ્વી વિદ્યાર્થીઓએ સાહિત્યક્ષેત્રે અને અન્ય દિશાઓમાં ગુરુએ સીંચેલી શિક્ષા અને સંસ્કાર દીપાવ્યાં. મોહનભાઈના વિદ્યાર્થી ભોળાભાઈ (અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી) અને ભોળાભાઈના રઘુવીર ચૌધરી... તેમના અનેક વિદ્યાર્થીઓ વિદેશે વસે છે અને ગુરુને ગૌરવ અપાવે તેવો તેમણે વિકાસ સાધ્યો છે.

કડીમાં પાંત્રીસ-પાંત્રીસ વર્ષો સુધી શિક્ષણકાર્ય કર્યું. તે દરમ્યાન અમદાવાદની કૉલેજમાં અધ્યાપન કરવા માટે દરખાસ્ત આવી. ઑફર લોભામણી હતી. એક તો મહાનગરમાં વસવાટ — શહેરનો માહોલ, બાળકોના ભવિષ્ય માટે વધુ મોટી શક્યતાઓ, પોતાની સાહિત્યપ્રવૃત્તિ માટે પણ મોટું ફલક. અને સંબંધો — સંપર્ક માટે યોગ્ય વાતાવરણ મળી રહે. પણ — કડી હાઈસ્કૂલના દૃષ્ટિવંત સંચાલકો-ટ્રસ્ટીઓ, અગ્રણી નગરજનો મોહનભાઈની શક્તિ અને નિષ્ઠાનો અનુભવ કરી ચૂક્યા હતા. તેમણે મોહનભાઈને પ્રેમથી સમજાવી રોકી રાખ્યા... અને પછી મોહનભાઈએ પણ આ સંસ્થાને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દીધું. તેની સાથે સાથે તેમની વિદ્યાપ્રીતિ-સાહિત્યપ્રીતિએ સંસ્થાના પુસ્તકાલયને ઉત્તમ પુસ્તકોથી માતબર કર્યું. તેનો લાભ અનેક વિદ્યાર્થીઓએ લીધો અને હજી વહી રહેલી જ્ઞાનગંગાના નીર જ્ઞાનાપિપાસુઓની તૃષા છિપાવી રહ્યા છે. મોહનભાઈનું વતન ઉત્તર ગુજરાતનું પાટણ. સિદ્ધરાજ અને હેમચંદ્રાચાર્યની ભૂમિ એક સમયની ગુજરાતની રાજધાની. એક ઐતિહાસિક ભૂમિ. સાહિત્ય, કલા-સંસ્કૃતિ, શૌર્ય અને રાજનીતિની ભૂમિ.... 'પાટણ' મારી પ્રિય ભૂમિ છે. મારી સંવેદનાથી સંકળાયેલી એ ભૂમિ છે. મોહનભાઈ સાથે પાટણની ઘણી વાતો કરું. તેમનું આમંત્રણ હજુ ઊભું છે. 'એક વાર પાટણ આવો.' એમને તો વતન માટે સહજ સ્નેહ-આકર્ષણ હોય જ.

નશશિખ સજ્જન મોહનભાઈ એવા સંકોચશીલ કે જે કામે આવ્યા હોય તે કામ પતાવી ઊઠવાની વાત કરે — મારો સમય ન બગડે એટલે. પણ હું તેમને આગ્રહ કરીને બેસાડું. એટલે જ તો — પોતાના માટે કશું જ ન બોલનારા મોહનભાઈ વિશે આટલું પણ જાણી શક્યો.

પંચોતેર વર્ષ થયાં શરીરની પ્રક્રિયા છે. કોઈને પણ પંચોતેર વર્ષ થઈ શકે છે. મોહનભાઈના સન્માનનો આ અવસર '૭૫' વર્ષનું તો માત્ર ઓઠું શોધીને જ થાય છે, પરંતુ વાસ્તવમાં તો આ સન્માન દાયકાઓ સુધી એમણે કરેલી એમની સાહિત્યસેવા નિમિત્તે છે, સેંકડો વિદ્યાર્થીઓમાં કેળવણી દ્વારા એમણે કરેલા સિંચનને કારણે છે. આમ છતાં આજે પણ તંદુરસ્ત અને સ્વસ્થ એવા મોહનભાઈના મિત્રો,શુભેચ્છકો, એમના વિદ્યાર્થીઓ તેમજ એમના સાહિત્યના વાચકો-ભાવકો માટે આનંદનો અવસર છે એટલો જ હરખ એમના હૈયે પણ હશે કે વિવિધ ક્ષેત્રના એમના વિદ્યાર્થીઓએ સ્નેહથી પરિપ્લાવિત થઈને મોહનભાઈના આયુષ્યને આજે અમૃતમય બનાવી દીધું.

# સર્જાતા હૈયે...

પ્રા. જાદવજીભાઈ તુ. પટેલ (રશ્મિભિક્ષુ)

....હૈયે અષાઢ વરસતો હોય એવી ભીની ભીની ક્ષણોમાં સૂતેલાં સંસ્મરણો આળસ મરડીને બેઠાં થાય છે. સાંભરી આવે છે જૂન ૧૯૬૫નું એક મંગલ પ્રભાત!

સોનેરી સવાર. શાંત કોલાહલ. પંખીઓનો મધુર કલરવ. સૌ કોઈ પોતપોતાના કર્મપ્રવાહે જોડાઈ રહ્યું હતું. અનાગતની મધુર યાદમાં હૃદય ભર્યું ભર્યું હતું ત્યાં કોઈ આગંતુકે ખડકીએ આવીને સાદ દીધોઃ ''જાદવભાઈ છે કે?''

નાની બહેને જઈને બારણું ખોલ્યું. મારા સહાધ્યાયી શ્રી ચીમનભાઈ સામે ઊભા હતા. એ અંદર આવ્યા. મને જોતાં જ આનંદથી બોલી ઊઠ્યા, ''લ્યો, આ ચિઠ્ઠી-પત્ર. આચાર્ય શ્રી મોહનભાઈસાહેબે મને મોકલ્યો છે તેઓ તમને આજે ને આજે મળવા માગે છે. સમયસર આવી જજો. મારે થોડી ઉતાવળ છે એટલે હું જાઉં છું.''

એમને થોડે સુધી વળાવી પાછા આવ્યા પછી મેં ચિઠ્ઠી ખોલી. મારી અધીરાઈનો કોઈ પાર ન હતો!

સુંદર મજાના અક્ષરો. ઉત્તમ વાક્ય-વિન્યાસ અને તેજે મઢ્યાં વિધાનો મારાં મન-હૃદયને પ્રસન્ન કરી રહ્યાં હતાં. પ્રેમભર્યો અનુરોધ અને સમભાવભર્યાં સૂચનો, ચિઠ્ઠીમાં સર્વત્ર વરતાતાં હતાં. આત્મીયતાભરી ભાષા-શૈલીમાં અજબનો જાદૂ હતો. થયું 'શીલ તેવી શૈલી' તે આનું નામ!

ઉલ્લાસભર્યા સ્વરમાં ચિઠ્ઠી મેં સૌને વાંચી સંભળાવી.

શાળામાં મને સર્વિસ મળી રહ્યાના સમાચારથી બાનું હૈયું સૌથી વધુ હરખાયું. એમણે શ્રીજી મહારાજને થાળ કર્યો ને બહેનને કંસાર બનાવવાનું કહ્યું.

જમી, ઠીક ઠીક તૈયાર થઈને બસમાર્ગે હું કડી પહોંચ્યો.

હરિત વૃક્ષોની છાયામાં પથરાયેલું સર્વ વિદ્યાલયનું વિશાળ કૅમ્પસ કણ્વપિતાના તપોવન-આશ્રમનું સ્મરણ કરાવતું હતું.

કૌતુકરાગે એ બધું નિહાળતાં નિહાળતાં હું આચાર્યશ્રીના કાર્યાલયે પહોંચ્યો. શાળાના ઉપલા માળે, મધ્યસ્થ ખંડની જમણી બાજુના પ્રથમ ઓરડાનું પુશડોર

ધકેલતાં, વિનીત સ્વરમાં મેં અંદર પ્રવેશવાની રજા માંગી.

પ્રવેશદ્વારની બિલકુલ સન્મુખની બારી પાસે, ખુરશીને શોભાવતું એક આચાર્યત્વ બિરાજમાન હતું.

ખાદીનાં શ્વેત, સ્વચ્છ અને સુઘડ વસ્ત્રો, ધીરગંભીર મુખમુદ્રા, મુખ પર સૌજન્ય અને શીલની અપ્રતિમ આભા. આત્મસંતર્પક અસ્તિત્વ આચાર્યખંડને ભર્યું ભર્યું બનાવતું હતું.

શ્વેતવસના સરસ્વતીનું કેલેન્ડર અને ભૂતપૂર્વ આચાર્યોના ફોટાઓ દીવાલોને શોભાવી રહ્યા હતા.

''આવો, આવો, જાદવભાઈ! હું તમારી જ પ્રતીક્ષામાં હતો,'' પ્રેમથી આવકારતાં એમણે કહ્યું: ''બહુ સારું થયું, આ તમે આવી ગયા તે!'' એ પછી મને બેસવાનો અનુરોધ કરતાં કહે : ''આ જુઓ,મેં તો તમારું સમયપત્રક પણ ગોઠવી દીધું છે! આજથી જ વહેલા વહેલા હાજર થઈ જજો.''

હું વિચારી રહ્યો : શ્રી મોહનભાઈસાહેબ આટલી નિકટતાથી મને કઈ રીતે ઓળખે? હું ભૂતકાળને ઢંઢોળી રહ્યો.

હાં, યાદ આવ્યું : બે'ક વરસ પહેલાં હું બી.એ.નો વિદ્યાર્થી હતો. એલ.ડી. આર્ટ્સ કૉલેજની હૉસ્ટેલમાં રહી અભ્યાસ કરતો'તો. એ જ દિવસોમાં અમેરિકામાં, રાષ્ટ્રપ્રમુખ શ્રી કેનેડીની હત્યા થયેલી. વ્યથિત હૃદયે મેં એમને એક કાવ્યાંજલિ પાઠવેલી! કાવ્ય મારા મનગમતા 'વસંતતિલકા' છંદમાં ઉતારેલું. મારો રૂમપાર્ટનર શ્રી હરજીવનભાઈ પૂ. સાહેબનો ભૂતપૂર્વ વિદ્યાર્થી હતો. સ્વભાવે ગુણગ્રાહી ને મારો જબરો ચાહક : કહે, ''આ કાવ્ય આપણે શ્રી મોહનભાઈસાહેબને વંચાવીએ તો કેવું? તેઓ સાહિત્યના બહુ મોટા ઉપાસક ને વિદ્યાનુરાગી છે. એમનું માર્ગદર્શન તને બહુ જ ઉપયોગી થશે.'' — તેના સૂચનને મેં વધાવી લીધું. એ વર્ષે શ્રી મોહનભાઈસાહેબ એમ.એ.નો અભ્યાસ કરવા અમદાવાદ આવેલા. ભાષા-ભવન, ગુજરાત યુનિવર્સિટીમાં કવિશ્રી ઉમાશંકર જોશીના એ વિદ્યાર્થી. (અલબત્ત, કવિશ્રી એમને 'ભૂલા પડેલા' વિદ્યાર્થી જ ગણે!)

...શ્રી મોહનભાઈસાહેબે મારું કાવ્ય રસપૂર્વક વાંચ્યું. માર્ગદર્શન આપી મારો ઉત્સાહ વધાર્યો અને મનોમન કંઈક 'નોંધ' પણ લીધી!

— કાવ્યમાં નિરૂપાયેલું પેલું શુદ્ધ સંવેદન, ને સાહેબે લીધેલી પેલી 'નોંધ' જ આજે અમારી વચ્ચેનો 'ભાવસેતુ' બનેલાં!!

લઘુકથાની 'ભાવપરિસ્થિતિ'ના પારદર્શક દ્રષ્ટાની નજરોમાં 'અદીઠ' રહેવાને કશું જ નિર્માયું નહિ હોયને! નહિ તો એમનું પાવન-ભાવન સાન્નિધ્ય મારા નસીબમાં ક્યાંથી?

મેં મારી મૂંઝવણ કહી જણાવી : ''હમણાં તો મારે એકલા રહીને સર્વિસ કરવાની છે.''

તો કહે : ''તમે જરાય ન મૂંઝાશો. સંસ્થાના છાત્રાલયમાં જ તમારે રહેવાનું ને એના જ રસોડે જમવાનું રાખજો. પછી કૈં?'' હું શું બોલું?

''કિશોર છાત્રાલય'માં મને રૂમ આપવામાં આવી.

છાત્રાલયમાં ત્રણ ત્રણ ગૃહપતિઓ તો હતા જ. ચોથા ગૃહપતિ તરીકે મેં મારી માનદ્ સેવાનો શુભારંભ કર્યો.

મારા ઉત્સાહ અને ઉમંગની કોઈ સીમા ન હતી.

'કિશોરકુંજ'માં નિત નવી પ્રવૃત્તિ હાથ ધરું. દર અઠવાડિયે રૂમ-સુશોભન અને રંગોળી હરીફાઈ યોજું. સ્વચ્છતા હરીફાઈ જેવી પ્રવૃત્તિઓમાં સહુ બાલદોસ્તો ભેળો બાલદોસ્ત બનીને હું પણ ભાગ લઉં. સ્વગતોક્તિ, એકપાત્રીય અભિનય અને મિમિક્રી જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં બાલછાત્રો ઉમંગથી ભાગ લે. સૌને નાનકડાં ઇનામો અપાય.

— તો શાળામાં, મારા મનોરાજ્યને હું સુપેરે મૂર્ત કરી શકતો. સાહિત્યપ્રિય વિદ્યાર્થીઓનું જૂથ રચી હસ્તલિખિત ગ્રંથોનું સંપાદન હાથ ધરું. 'અમૃતા', 'સમર્પણ' અને 'અંકુર' એ વેળાનાં અમારાં સાહિત્યિક સંપાદનોઃ વિદ્યાર્થીઓની 'ફૂટેલી પાંખોના ફફડાટ'ને ખુલ્લું આકાશ પૂરું પાડતાં.

બબ્બે-ત્રણ ત્રણ વર્ષે શાળાનું સાહિત્યિક મુખપત્ર 'મંજરી'નું બહુમૂલ્ય પ્રકાશન તો હોય જ. સાહિત્યનાં વિવિધ સ્વરૂપો પર લેખ કૃતિઓ તૈયાર કરાવવામાં આવે. અપરિપક્વ કૃતિઓની માવજત અને સંમાર્જન થાય. શ્રી દિલીપ રૉયના સુરેખ રેખાંકનો એની શોભા વધારી રહે. આચાર્યશ્રી મોહનભાઈસાહેબના માર્ગદર્શન નીચે સંસ્થાના પ્રેસમાં જ એનું કલાત્મક પ્રકાશન થાય. શ્રી પન્નાલાલ પટેલ જેવા સાહિત્યકારોને સંસ્થામાં નિમંત્રણ અપાય ને શાળામાં સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનો અને શિક્ષકવૃંદની વિશાળ ઉપસ્થિતિમાં, એમના વરદહસ્તે એનું 'વિમોચન' થાય. અતિથિ વક્તાનું પ્રવચન અને આચાર્યશ્રીનું માર્ગદર્શન નવાં સર્જનસંપાદન-કાર્ય માટે પ્રેરક બની રહે.

અમારી બધી જ ગતિ-પ્રવૃત્તિઓનું પ્રેરણાબિંદુ શ્રી મોહનભાઈસાહેબ હોય! તેથી જ સંસ્થાના મુક્ત અને ઉષ્માભર્યા વાતાવરણમાં 'વૃક્ષનો નિજ લિલયા વિસ્તાર' મેં સદાય અનુભવેલો.

અનેક સ્મૃતિઓ જીવનપાથેય સ્વરૂપે આજે તાજી થાય છે.

વ્હાલી 'ભારતી' (મારી માતૃસંસ્થા શ્રી ભારતીય વિદ્યાલય, વામજ અને સંસ્થારૂપ, આત્મસ્વરૂપ આચાર્યશ્રી સ્વ. જે. એમ. ત્રિવેદીસાહેબ)એ આપેલું કુસુમસુકુમાર ભાવુક હૃદય, કવિતા પ્રત્યેનો ઊંડો અનુરાગ અને સંગીત પ્રત્યેની મારી અદીઠ ચાહના — મારા સર્જકને, મારા કલાકાર જીવને લગરીક પણ જંપવા દેતાં નહિ.

પરિણામે સપ્તાહના પ્રત્યેક શનિવારે પ્રાર્થના પછી, 'આચાર્યખંડ'માંના

માઈક પરથી હું કાવ્યગાન કરું. ઉન્મુક્ત કંઠે પાઠ્યગીતો, લોકગીતો કે ગરબા-ગીતો વગેરે ગાઉં ને વિદ્યાર્થી ભાઈ-બહેનોને લાભાન્વિત કરું. એમને કલ્પનાના અ-ક્ષય આનંદલોકમાં લઈ જાઉં. એમનામાં રહેલા સર્જક ઉન્મેષને ઢંઢોળું. એમની ચેતનાને નવી નવી ક્ષિતિજો બતાવું.

અતિ ઉલ્લાસમાં કોઈક વાર ઔચિત્યભાન વિસરી જાઉં તો આચાર્યશ્રી મોહનભાઈસાહેબ સમજપૂર્વક મને રોકી પણ લે. કહે : ''આજે તો જાદવભાઈ, આપણે આપણાં વિદ્યાર્થી બાળદોસ્તોને જ વધુ ગાવા દઈશું. આપણે ફરી કોઈ વાર! બરોબરને!''

'વી ફીલ'ની ભાવનાથી રસાયેલું એમનું સૂચન મને સ્પર્શી જતું ને હું એને તરત જ વધાવી લેતો!

મને બરાબર યાદ છે.

શનિવારે, એક વખત મેં 'अभिज्ञान शाकुन्तल'ને બાળભોગ્ય શૈલીમાં, આત્મકથનરૂપે મૂકવા વિચારેલું.

શકુંતલાનું (લેખિત) આત્મકથન મારી એક વિદ્યાર્થિની પોતે કરવાની હતી. માર્ગદર્શન મેં પોતે જ આપેલું. પરંતુ અમારી એક મૂંઝવણ હતી. એક વિદ્યાર્થિની સ્વમુખે (દુષ્યંત સાથેનું) પોતાનું પ્રણયનિવેદન કઈ રીતે કરે? કરી બતાવે? વાંચી સંભળાવે? સંભવ છે કે...

— મુગ્ધાવસ્થાની અદીઠ એવી કંઈ કંઈ સંભાવનાઓના ખ્યાલે કે એમની નિરામય દૃષ્ટિને આવું આવું નહિ રુચ્યું હોય! 'સૌંદર્યબોધ'ની એમની દૃષ્ટિમાં, આજનું આત્મકથન કૈંક અંશે સદોષ જણાયું હશે કે અપ્રસ્તુત લાગ્યું હશે! ન જાણે! મારું હૈયું નંદવાય નહિ એની પૂરી કાળજી લેતાં, સહજભાવે મને એમણે કહ્યું : ''જાદવભાઈ, આખાય વૃત્તાંતનું આત્મકથન તમે પોતે જ કરો તો કેવું?'' એમનું સૂચન મનેય બહુ વાજબી લાગ્યું. આનંદથી વધાવી લીધું. ઉત્સાહભંગ ન થાય એમ પેલી વિદ્યાર્થિનીને પણ સમજાવવામાં આવી. વાર્તા-લઘુકથામાં આકાર ઘડતરની સતત ચિંતા કરતા શ્રી મોહનભાઈનું ચિંતન અને ચિંતા અહીં જીવનધર્મી આચાર્યનાં હતાં, શિક્ષકનાં હતાં, કેળવણીકારનાં હતાં. મારા મન-હૃદયને સ્પર્શી ગયાં.

— એ દિવસોમાં વાર્તાનગરી કડી એના સાહિત્યપ્રિય વાર્તાકારોથી શોભી રહી હતી. એના શુભ પરિણામે શહેરમાં મજાનું 'વાર્તાવર્તુળ' રચાયું હતું. આચાર્યશ્રી મોહનભાઈસાહેબ આ વર્તુળનું સોહમણું કેન્દ્ર. એના પરિઘમાં વિરાજે — શતદલપદ્મ-શા વાર્તાકારો : લઘુકથાકારો — શ્રી રામજીભાઈ કડિયા, રમેશ ત્રિવેદી, ભગવત સુથાર, યશવંત કડીકર, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, ડૉ. નીતિન વોરા, રજની શાહ, ઉપેન્દ્ર રાવળ, ડૉ. કાન્તિ રામી, ડૉ. દેવચંદ યોગી વગેરે.

કોઈક વાર છાત્રાલયના અતિથિગૃહમાં, એકાંતે વિરાજી એ સહુ પોતાનાં

'પ્રિયપાત્રનું નવસર્જન' કરે. 'ભર્યાં રે સરોવર'નો વસ્તુવિચાર કરે. કથાનકનું મનગમતું ગૂંફન કરે. શ્રી પીતાંબર પટેલની પ્રેરણા અને અનુરોધથી 'આરામ'માં, આ પ્રયોગલક્ષી નવલકથા સહિયારા સર્જનરૂપે પ્રગટ થઈ રહી હતી. નિત્યનૂતન પ્રકરણો અને કાર્યકારણ પ્રસંગ પરંપરામાં આકારિત થઈ વિશાળ વાચકવૃંદ અને સહૃદયોમાં મન મોહી રહી હતી. 'શીલ અને શૈલી'નો, 'વ્યક્તિ તેવી અભિવ્યક્તિ'નો પરિચય કરાવી રહી હતી. 'વાર્તાવર્તુળ' કડીનું ગૌરવ બની રહી હતી.

સૂરજમુખી પુષ્પ જેવો હું દૂરથી એ સહુનાં હિરણ્યરશ્મિને મુગ્ધભાવે ઝીલ્યા કરું. મારા સર્જકને કાવ્યકુંજોમાં વિહરવાનું બહુ ગમે. બહુ ફાવે. પણ નવલકથાના અડાબીડ જંગલમાં વિહરવાનું એનું ગજુ નહિ. લઘુકથાના સાહિત્યપદાર્થની ઝાઝી ઓળખ નહિ! આગવું સિચ્યુએશન (વસ્તુસંકલના) અને તેના લાઘવનું અચ્છું જ્ઞાન નહિ, પૂરું ભાન નહિ એટલે કૈં કૈં વાનાં કરું ત્હોય મારાથી લઘુકથા ન લખાય! ન લખી શકું! સર્જાતા હૈયે વાર્તા લખવાના, લઘુકથા રચવાના મિનારા ને મનોરથો વારંવાર ઘડ્યા કરું ને તોડ્યા કરું. નિરાશ હૃદયે છેવટે કવિતાનું જ શરણ શોધું!

ત્યાં, છાત્રાલયમાં બનેલી એક નાની-અમથી ઘટનાએ મને વાર્તા લખવાની પ્રેરણા આપી! મારામાં રહેલા સર્જકને ઢંઢોળી ગઈ. ચૈતન્યને જગાડી ગઈ!

— કોઈ એક છાત્રે એના સાથીદાર-છાત્રના પેટમાં જોરથી લાત મારી. પરિણામે એનાથી ગાળ બોલાઈ ગઈ! ફરિયાદ છેવટે મારી પાસે આવી. આવી નાજુક પરિસ્થિતિમાં એક ગૃહપતિ અને શિક્ષક તરીકે મારે કેમનું કામ લેવું? શિક્ષા, પ્રાયશ્ચિત્ત અને શિક્ષણ — જીવનશિક્ષણના ક્યાં સૂત્ર કે સૂત્રોને અપનાવવાં? વગેરે પ્રશ્નો મને મૂંઝવવા લાગ્યા. જીવનગુરુ આચાર્યશ્રી જે. એમ. ત્રિવેદીસાહેબે મને આપેલું શિક્ષણ અને આચારસંહિતા મારી મદદે દોડી આવ્યાં. અખંડ ધીરજ અને પ્રેમભર્યા વર્તન-વ્યવહારથી બંને છાત્રોને મેં એમના દોષ અને અપરાધનું ભાન કરાવ્યું. આ આખીય ઘટના પાછળથી મારી 'વાત્સલ્ય' વાર્તારૂપે શબ્દદેહે પામી!

—કોઈ એક વાર સંકોચાતાં મને, મારી એ વાર્તા મેં શ્રી મોહનભાઈસાહેબને બતાવી ને એમનું ઉચિત માર્ગદર્શન માંગ્યું.

— એ વાર્તા મારી અપરિપક્વ કલમનો પ્રસાદ હતી. પરંતુ મરમી વાર્તાકારના પારસસ્પર્શની, પ્રતિભાસ્પર્શથી એનું આખ્ખું કલેવર જ બદલાઈ ગયું! 'ચમત્કૃતિજન્ય વસ્તુવિધાન' અને 'ભાવ અને ભાષાના અનન્ય સામંજસ્ય'થી, નિવડેલી કૃતિરૂપે એ ઉપસી આવી. સંવેદનશીલતાથી ભરપૂર હૃદયભાવોનું એમાં આગવું જતન કરાયું હતું. લાગણી અને જીવનફિલસૂફીનો એમાં અપ્રતિમ વિનિયોગ સધાયો હતો. સર્જનસોહ્યો હસ્તસ્પર્શ કથીરનેય કુંદન ક્યાં નથી કરતો? પછીથી, 'વાત્સલ્ય'

શીર્ષક સાથે, મારી એ નવસર્જિત વાર્તા, સંસ્થાના 'સુવર્ણજયંતી'માં છપાઈ. 'સર્જનનો આનંદ' માણતા હૃદયે એ વાર્તા હું વારંવાર વાંચું છું ને મનોમન હરખાઉં છું. પોતાની નાનકડી સીમામાં રહીને જીવનના અનેકવિધ પરિમાણોને પ્રગટાવતી લઘુકાય 'લઘુકથા' અને એક જ માર્મિક ઘટના કે 'અનુભૂતિકણ' વડે હૃદયને હલબલાવી મૂકતી 'વાર્તા' પ્રત્યેનું મારું આકર્ષણ એ પછી બેવડાયું છે, ઉત્તરોત્તર વધ્યું છે. વાર્તાસ્વરૂપની સમજ વધતાં 'કર્તવ્ય', 'રશ્મિના પત્રો', 'લતા-એક સ્ત્રી', 'મેલું પહેરણ' અને 'ભાભી' વગેરે મારી વાર્તાઓ એ પછી રચાઈ ને 'ધરતી'માં પ્રસિદ્ધ પણ થઈ. પૂજ્ય સાહેબની 'છાપું' અને 'એક મિનિટ... એક ક્ષણ' વાર્તાઓનું મારું વિવેચન 'આરામ'માં પ્રસિદ્ધ થયું — 'મારી પ્રિય વાર્તા'ના કૉલમમાં.

વિચારું છું : 'સૌ કોઈ આત્મતેજથી જ ભલે પ્રકાશિત થતું હોય' પણ શક્યતાનાં દ્વાર ખોલનારું કોઈ નિમિત્ત — કોઈ સદ્ભાગ્ય તો મળવું જ જોઈએને? 'વાંસ, વાંસળી થઈ શકે.' 'ઝાકળમાં સૂરજ ઊગી શકે'. પણ એ માટે ઈશ્વરની કૃપા જોઈએ!

સૌમ્યજમૂર્તિ આચાર્યશ્રી મોહનભાઈસાહેબનું ગરવું સાન્નિધ્ય મારા ગભરું હૈયાનું કામણ થઈને આવ્યું. પારસસ્પર્શ થઈને આવ્યું. પરમ સદ્ભાગ્ય થઈને આવ્યું.

*

વીસ સાલ પછી...

પૂજ્ય સાહેબને મળવા, એમની શાતા પૂછવા ને એમનું માર્ગદર્શન મેળવવા હું 'સત્યાગ્રહ છાવણી'માં જાઉં છું. નિવૃત્તિ પછી વાર્તાનગરી કડીને છોડી એમનું 'ગામઠી હૈયું શહેર'માં વિરાજ્યું છે. હિજરાતા હૈયાની મારે કૈં કૈં વાતો સાંભળવી છે. વિદ્યાપુરુષને નિરામય નિહાળવા છે. માંડીને કૈં કૈં કહેવું-કથવું પણ છે. ને ....સત્કાર આપતું એમનું ભાવુક વ્યક્તિત્વ મ્હોરી ઊઠ્યું!..... અભિજાત સંસ્કારો મોગરાની મ્હેંક બની આંગણાને તરબરતર કરી રહ્યા. જોયું તો... શરીર પર વાર્ધક્યને સાર્થક કરતી અદીઠ રેખાઓ ઉપસી આવી છે. પરંતુ ધીરગંભીર વદન પર એ જ વાત્સલ્ય, એ જ સૌજન્ય, એ જ શાલીનતા!

જ્ઞાનવૃદ્ધ વાર્તાકારના શ્રીમુખમાંથી નીકળેલા પ્રત્યેક શબ્દમાંથી અનેકવિધ અર્થચ્છાયાઓ પ્રગટતી જાય છે. મારી સમજને વિશદ અને વ્યાપક કરતી જાય છે. વિસ્તૃત કરતી જાય છે. હું નીરવ થઈને સાંભળી રહું છું. વિદાય લેવા ઊઠું છું તો મારા હાથમાં હોય છે — એમણે આપેલાં ભેટપુસ્તકોનો પાવન પ્રસાદ! 'ભાવનિર્ઝર' સુધી તેઓ મને વિદાય આપવા સાથે આવે છે!!

*

— એમના 'અમૃત મહોત્સવ' પ્રસંગે, 'અભિનંદનગ્રંથ' માટે લેખ લખી

મોકલવાનું આમંત્રણ આપ્યું છે. મારા, સ્મરણભીના હૈયામાંથી મારી પ્રિય વિભાવનાનું ગુંજન પ્રગટે છે :

સદાય વિલસી રહો — પુષ્પકોશસમાં હૈયાં આપણાં એકમેક થૈ.

હું જાણું છું આજે સર્વ વિદ્યાલયમાં જે કંઈ રહ્યું છે, તેમાં તમે એક મોટું બળ છો. તમે ન હોતતો - સર્વ વિદ્યાલય આજે જે છે તે તો ન જ હોત. મારો એ વ્યક્તિગત ભાવ હું તમને જણાવું છું તો તેમાં તમને પ્રસન્ન કરવાની વાત નથી.

- ભોળાભાઈ પટેલ

(તા. ૪.૧.૮૪ના રોજ શાંતિનિકેતનથી)

# મોહ ન પામ્યા તે મોહક શિક્ષક

ડૉ. ઈશ્વર પરમાર

લઘુકથાના લેખક શ્રી મોહનલાલ પટેલે સુમંતભાઈ જેવા સંનિષ્ઠ શિક્ષકથી માંડીને ઊખડ્યાં ઝાડ જેવાં જીવકોરમા જેવાં સેંકડો પાત્રો સર્જીને ભાવકના ચિત્તમાં રમતાં કર્યાં છે; એટલું જ નહીં શિક્ષકને નાતે, વિદ્વાન સાહિત્યકાર ભોળાભાઈ પટેલ, ચિંતન-સર્જક પ્રકાશ ગજ્જર, સિદ્ધ વાર્તાકારો રમેશ ત્રિવેદી, ભગવત સુથાર, દિલીપ રૉય જેવા સર્જકોનું ઘડતર થયું છે.

પાટણના વતની શ્રી મોહનભાઈનો જન્મ તા. ૩૦-૪-૧૯૨૭ના થયો હતો. એમના પિતાજી બાભાઈદાસ મુલકી નોકરી છોડી શિક્ષક થયેલા. જમીનજાગીર પણ સારા પ્રમાણમાં. ભાઈઓમાં સૌથી નાના એટલે મોટા ભાઈઓ જે પુસ્તકો ભણી ગયા હોય તે મોહનભાઈ રસપૂર્વક વાંચે.

શિક્ષકો અંગેની વાત નીકળતાં મોહનભાઈ અભ્યાસકાળના સોનેરી દિવસો સંભારતાં કહે જ કહે : ''ધોરણ પાંચથી સાતના ગાળામાં શિક્ષક રામલાલ દવેઃ વિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી શોધો વિશે એમને કહેતા. ઊગેલા ઘઉંનાં મૂળ એમણે માઈક્રોસ્કોપ દ્વારા બતાવેલાં. આઠમા ધોરણમાં શિક્ષક અધ્યારુસાહેબ તો અંગ્રેજી શબ્દોનાં શક્ય હોય ત્યાં લૅટિન મૂળ આપતા. હજુ યાદ છે : કંપેનિયન માટે તેમણે શીખવેલું — કોન ટુ ગેધર ઍન્ડ પેનસ બ્રેડ, ધોઝ હુ ઈટ બ્રેડ ટુગેધર... આવાં તો અનેક... દસમા ધોરણમાં, જાણીતા ઈતિહાસ-સંશોધક રામલાલ મોદીના અગાધ જ્ઞાનનો લાભ મળેલો... આમ તો લગભગ દરેક શિક્ષક વિદ્વાન અને નિષ્ઠાવાન. ઘડતરના એ દિવસો સોનેરી હતા...''

આવા સોનેરી દિવસોના પ્રકાશમાં મોહનભાઈ ૧૯૪૭માં બી.એ. થયા. શહેરમાં વસવાની તક અને અધ્યાપકના દરજ્જાનો મોહ એમને ઘેરી જ વળતો હતો ત્યાં અવિકસિત વિસ્તારમાં શિક્ષક તરીકે કારકિર્દી કેવી સામેથી શોધતી આવી! બન્યું એવું કે —

ઈ. સ. ૧૯૫૦ની એક સાંજે મોહનભાઈના કોચરબના નિવાસસ્થાને એમના એક મિત્ર મળવા આવ્યા. થોડી ઔપચારિક વાતચીત પછી મિત્ર મોહનભાઈની સામે એક પોસ્ટકાર્ડ ધર્યું.

''કોનું છે?'' મોહનભાઈએ પૂછ્યું.

''વાંચો. બધું સમજાઈ જશે.''

કડી (જિ. મહેસાણા)ની જાણીતી શૈક્ષણિક સંસ્થાના આચાર્ય શ્રી નાથાલાલ દેસાઈએ આ મિત્ર ઉપર લખેલો કાગળ હતો. એમણે એમની સંસ્થા માટે એક સારા ભાષાશિક્ષકની માગણી કરી હતી.

''શું કહો છો?'' જવાબ માગતા હોય તેમ મિત્રે પૂછ્યું.

''શિક્ષકની શોધમાં મારી સહાયની જરૂર હોય તો કહેજો.''

''હું તો 'તમે જાઓ' એવું કહેવા આવ્યો છું. દેસાઈસાહેબ પણ શું જાણે કે રામભાઈએ એક શિક્ષક મોકલ્યો હતો?''

આવી અણધારી દરખાસ્તને હજુ તો મોહનભાઈ એક હળવો સંવાદ માનતા હતા ત્યાં રામભાઈએ ફરી પૂછ્યું, ''શું કહો છો?''

અત્યારે જાણીતી એબટ લૅબોરેટરીના પ્લાન્ટ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા રામભાઈ, સર્વ વિદ્યાલય, કડીના એક વખતના તેજસ્વી વિદ્યાર્થી. સંસ્થાના પ્રેમી. નાથાભાઈના વહાલા શિષ્ય. મોહનભાઈના ઘનિષ્ઠ મિત્ર. હવે આ કે તે નિર્ણય જણાવવો જ રહ્યો.

મોહનભાઈએ કહ્યું, ''અમદાવાદની ન્યુ હાઈસ્કૂલ ગુજરાતની મોટામાં મોટી સ્કૂલ છે. સાહિત્ય મારા રસનો વિષય છે. અમદાવાદ એ રસના વિકાસ માટેનું ઉત્તમ ક્ષેત્ર. અમદાવાદ બહાર જાઉં એટલે વિકાસ રૂંધાયા વિના ન રહે. લોકો અમદાવાદ આવવાની કોશિશ કરે છે અને હું ગામડે જાઉં....''

''તમારે કેવી સ્કૂલમાં જવાનું છે એ જાણો છો?''

''હા, જાણું છું. એક ઘણી જાણીતી સંસ્થા છે.''

''તમે એના વિષે પૂરું નથી જાણતા. એ ગૂજરાત વિદ્યાપીઠના ધોરણે ચાલનારી સંસ્થા છે. ગાંધીજીએ સ્વેચ્છાએ સંસ્થાની મુલાકાત લીધી હતી અને સંસ્થાનું કામ જોઈ ઘણા પ્રસન્ન થયા હતા. આઝાદીની લડત વખતે આ સંસ્થાના અર્ધા શિક્ષકો જેલમાં હતા અને વિદ્યાર્થીઓ પણ ચળવળમાં ઘણા જ સક્રિય હતા. તમે ત્યાં જાઓ એવું મારું તમને પ્રેમભર્યું દબાણ છે...''

રામભાઈને વધારે દબાણ કરવાની જરૂર ન પડી. મોહનભાઈ કડી જવા સંમત થયા.

વળી રામભાઈએ એક નવી વાત મૂકી : ''કદાચ તમારે વિદ્યાર્થી-આશ્રમનું ગૃહપતિપદ પણ સ્વીકારવાનું થાય.''

મોહનભાઈએ હસીને કહ્યું : ''તમે મારા પહેરવેશ સામે તો જુઓ...''

કાપડ બજારમાં જે ઉત્તમ જાત ગણાય એવા કાપડનો પહેરવેશ મોહનભાઈ પહેરતા. એ વખતે ટેરેલીન કે ટેરીકોટનનું કાપડ અસ્તિત્વ ધરાવતું ન હતું. શોખીન લોકો સાસ્કીન, રેયૉન, સાટીન, ડક વગેરે પૅન્ટ સિવડાવતા. મોહનભાઈ સૂટમાં

જ સજ્જ થઈને નોકરી ઉપર જતા. એટલે એમણે પોતાના પહેરવેશ સંબંધમાં રામભાઈનું ધ્યાન દોર્યું અને કહ્યું : ''ત્યાં તો ગૃહપતિ ખાદી જ પહેરતા હશે ને?''

''એવું ખરું.''

''ધોતિયું અને ઝભ્ભો, કેમ?''

''હા.''

''ગૃહપતિ થવાનું આપણું કામ નહીં, શિક્ષકનો વ્યવસાય પૂરતો છે.''

''પણ મને ખાતરી છે કે ત્યાં જઈને તમે બદલાઈ જશો.''

''ક્યારથી જવાનું છે?''

''જઈ શકો તો આવતી કાલથી જ.''

મોહનભાઈએ કડી જવાની વાત કરી એટલે ન્યુ હાઈસ્કૂલના મૅનેજર શ્રી એચ. બી. કાપડિયા પ્રેમપૂર્વક નારાજ થયા; કડીની સંસ્થામાં જતા હોવાથી રાજીપો પણ બતાવ્યો. શાળાના પ્રત્યેક વર્ગના વિદ્યાર્થીઓએ ફૂલહાર કરીને રડતી આંખે વિદાય આપી.

કડીમાં મોહનભાઈના ગયા પછી શાળામાં ભાષાશિક્ષણમાં જાણે એક નવી ચેતના આવી. વિવેચનલક્ષી અભ્યાસ અને પરદેશી સાહિત્યના તુલનાત્મક પરિચય દ્વારા વિદ્યાર્થીઓને નવી દિશાઓ ઊઘડતી હોય એવો અનુભવ થવા લાગ્યો. મોટા ભાગનાં દશ્ય-શ્રાવ્ય સાધનો મોહનભાઈ ચલાવી જાણે. આકાશવાણીના કાર્યક્રમોનો લાભ અપાવે.

વિદ્યાર્થીઓને તો શિક્ષણમાં લાભ થયો પણ ખુદ મોહનભાઈને કડીની સંસ્થામાં એક ખજાનો જ મળી ગયો, એ હતો શાળાનું પુસ્તકાલય. તેમાં ઊંચી ગુણવત્તાવાળાં પંદર હજાર જેટલાં પુસ્તકો હતાં. મોહનભાઈએ તેને વધુ સમૃદ્ધ કર્યું. પુસ્તકાલય માટે એક સ્વતંત્ર અને આલીશાન મકાન પણ બંધાયું.

કડી ગયા પછી એકાદ વર્ષ પણ નહીં વીત્યું હોય અને આચાર્યશ્રી નાથાભાઈએ એમને ગૃહપતિપદ સંભાળવાનું કહ્યું. એ વખતે વિદ્યાર્થી-આશ્રમમાં સાડા ત્રણસો વિદ્યાર્થીઓની જવાબદારી ત્રણ ગૃહપતિઓએ મળીને સંભાળવાની હતી. કામ ઘણું જવાબદારીભર્યું હતું પણ મિત્ર રામભાઈએ કહ્યું હતું એવું જ થયું હતું. કડી આવ્યા પછી મોહનભાઈ સંસ્થામય બનવા માંડ્યા હતા.

એમણે ગૃહપતિપદ સ્વીકાર્યું. પેલો અંગ્રેજી પહેરવેશ છોડ્યો. ખાદી અપનાવી. જે નિયમો છાત્રો માટે હતા એ સઘળા એમણે ચુસ્તપણે પાળવા માંડ્યા. સવારે પાંચ વાગે છાત્રોને ઊઠવાનો સમય થાય એ પહેલાં એ ઊઠી જતા અને રાત્રે છાત્રો સૂઈ જાય એ પછી એ સૂવા જતા. એમના અભ્યાસ અને આરોગ્યની સંભાળ લે. માંદા વિદ્યાર્થીઓની માવજત જાતે કરવાનો આગ્રહ રાખે.

ક્યાંક આગ લાગી હોય, કોઈનું ઢોર કૂવામાં પડી ગયું હોય, ક્યાંક પૂરનાં

પાણી ફરી વળ્યાં હોય-ઉત્સાહથી તરવરતા છાત્રોની સાથે મોહનભાઈ જે - તે સ્થળે પહોંચી જતા. છાત્રોને આ રીતે સમાજસેવાની દીક્ષા અનાયાસ મળી જતી.

એક વખત રાત્રિના દસેક વાગ્યાના સુમારે મોહનભાઈ એમના સાથી ગૃહપતિ સાથે કાર્યાલયમાં બેઠા હતા. એકાએક ધરતીકંપના હળવા આંચકાનો અનુભવ થયો. વીજળીની ત્વરાથી એ ઊભા થઈને ભાગ્યા મોટા છાત્રોની ઓરડીઓ તરફ. જે જાગતા હતા એમને હુકમ છોડ્યો : 'નાના વિદ્યાર્થીઓ ઊંઘે છે એમને જગાડી, ખેંચી કે ઉપાડીને બહાર મેદાનમાં લાવો.' પોતે પણ અર્ધા ઊંઘતા - અર્ધા-જાગતા વિદ્યાર્થીઓને ખેંચી, ઉપાડીને ચોગાનમાં લાવવા માંડ્યા. આ કુદરતી આફત તોળાઈ રહી હતી ત્યારે એમનાં પોતાનાં બે બાળકો અને પત્ની ઘરમાં જ સૂતેલાં હતાં!

છાત્રો માટેના એમના પ્રેમનો પ્રતિભાવ પણ કેટલો પ્રબળ! તેમના અમેરિકાના પ્રવાસ વખતે એમના એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ સંસ્થાના વિકાસ માટે પચાસ હજારનું દાન આપ્યું. દેશમાંથી આવનાર કોઈને પણ દાદ ન દેનાર આ ભાઈએ કશા ખચકાટ વગર આટલી મોટી રકમ શી રીતે આપી દીધી?

મોહનભાઈએ પેલા વિદ્યાર્થીના પિતાને આ વાત કહી ત્યારે એમણે કહ્યું : ''ભૈ, તમે જઈને ઊભા રો' ને મોં ફેરવે? કદી ન બને. બૉર્ડિંગમાં એ માંદો હતો ત્યારે હૉસ્પિટલમાં તમે એના ખાટલા આગળ ઊભા પગે રહેતા હતા... એ બધું એ ભૂલી જાય? તમારો બોલ એ કદી ન ઉથાપે.''

કડીની સંસ્થામાં એમની પાંત્રીસ વર્ષની (૧૯૫૦-'૮૪) સેવાઓમાં આવી અસંખ્ય ઘટનાઓ એમની સ્મૃતિમાં સુવાસે છે.

ઈ. સ. ૧૯૫૫માં એમણે બી.એડ્.ની પરીક્ષા યુનિવર્સિટીમાં ત્રીજા સ્થાને આવીને પસાર કરી. એ. જી. ટીચર્સ કૉલેજમાં જોડાવા માટે પ્રિન્સિપાલ એલ. આર. દેસાઈનું કહેણ આવ્યું હતું પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સંસ્થાઓની સેવાઓ ખાતર એમણે એ તક વિનયપૂર્વક નકારી.

ઈ. સ. ૧૯૬૦માં એમની કારકિર્દીમાં એક વળાંક આવ્યો. એમણે ભાષાઓનો વિષય લઈને અનુસ્નાતક થવાનો વિચાર કર્યો. એક વર્ષનો શનિ-રવિ વિસનગરની કૉલેજમાં જઈને અભ્યાસ કર્યો પણ પછી અભ્યાસમાં પૂર્ણ સમય આપવા માટે એમણે નોકરીમાંથી રાજીનામું આપ્યું અને અમદાવાદમાં ભાષાભવનમાં પ્રવેશ મેળવ્યો. અહીં એ ઉમાશંકરના પ્રિય વિદ્યાર્થી બનીને રહ્યા. એમ.એ.ની પરીક્ષા આપ્યા પછી હજુ તો પરિણામ પણ જાહેર થયું નહોતું અને એક દિવસ પ્રસિદ્ધ કેળવણીકાર શ્રી આર. એસ. ત્રિવેદીનો સંદેશો આવ્યો : 'મળી જાઓ.'

રાત્રે મોહનભાઈ એમને મળવા ગયા. ત્યાં પ્રકાશ કૉલેજના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી જેઠાભાઈ શાહ પણ બેઠેલા હતા.

પ્રથમ થોડી ઔપચારિક વાતો થયા બાદ જેઠાભાઈના ઇશારાથી શ્રી આર.

એસ. ત્રિવેદીએ વાત છેડી : ''તમારે પ્રકાશ કૉલેજમાં જોડાવાનું છે. તમે ઑર્ડર લઈ લો.''

એજ્યુકેશન કૉલેજમાં જોડાવાની વાત જાણી મોહનભાઈ જરા મૂંઝાયા. એમણે કહ્યું, ''મારું ધ્યેય તો આર્ટ્સ કૉલેજમાં જોડાવાનું છે.''

''તમારી ઇચ્છા પ્રમાણે જ થશે.''

''પણ પરિણામ જૂનમાં આવશે.''

''હરકત નહીં, અત્યારે તમે એજ્યુકેશન કૉલેજની નિમણૂક લઈ લો. પછી ઘટતો ફેરફાર કરી લઈશું.''

— આમ મોહનભાઈને અધ્યાપક તરીકેની નિમણૂક અપાઈ... પણ તેનો અમલ થવા ન પામ્યો!

આ દરમ્યાન કડી સંસ્થામાં એક જબરી ઘટના બની. શ્રી નાથાલાલ દેસાઈએ સંસ્થામાંથી રાજીનામું આપ્યું. વિદ્યાર્થીવર્ગમાં એક ભારે હલચલ મચી ગઈ. કેટલાક વિદ્યાર્થીઓ સંસ્થા છોડીને જવાનું વલણ દાખવવા લાગ્યા. સંસ્થામાં કટોકટી ઊભી થઈ. આ કટોકટી નિવારવાના ઉપાય અંગે સંસ્થાના કાર્યકરો મૂંઝવણમાં ઊભા હતા એ વખતે ખુદ નાથાભાઈએ માર્ગ સૂચવ્યો : ''મોહનભાઈને આચાર્યપદે લાવો તો બધું શમી જશે. વિદ્યાર્થીઓને એમના માટે ઘણો પ્રેમ છે.''

કડીના કાર્યકરોએ મોહનભાઈનો સંપર્ક સાધ્યો. મોહનભાઈની આગળ વળી એક મોટો પ્રશ્ન આવીને ઊભો રહ્યો. કૉલેજની નોકરીમાં સાહિત્યપ્રવૃત્તિ માટે ઘણો અવકાશ હતો. અમદાવાદમાં રહીને ઘણું કામ થઈ શકે એમ હતું. એક બાજુ કૉલેજની કારકિર્દીની મહત્ત્વાકાંક્ષાઓ હતી અને બીજી બાજુ પોતાને જે સંસ્થા માટે ઘણો આદર હતો તેને એમની જરૂર હતી.

ફરી એક વાર મોહનભાઈએ અમદાવાદમાં વસવાની તક જવા દીધી. અધ્યાપકપદને જવા દીધું. આચાર્ય તરીકે એમને કશો અનુભવ ન હતો. હજુ ઉંમર માંડ બત્રીસ-તેત્રીસ વર્ષની જ હતી. આટલી મોટી સંસ્થાની જવાબદારી સંભાળવા માટે એ ઉંમર કાચી ગણાય એવું મોહનભાઈ માનતા હતા. વળી, કડીમાં ઊભી થયેલી કટોકટી એક મોટા પડકારરૂપ હતી. મોહનભાઈએ એ પડકાર ઝીલ્યો અને કડીની સંસ્થાનું સુકાન નિવૃત્તિવય લગી (૧૯૬૧-૮૪) સંભાળ્યું.

સત્રના પ્રથમ દિવસે મોહનભાઈ પ્રાર્થનાસભા સમયે ઑડિટોરિયમમાં પ્રવેશ્યા અને ત્યાં ઉપસ્થિત હજાર કરતાં વધારે વિદ્યાર્થીઓએ એમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

એમની લોકપ્રિયતા ઉત્તરોત્તર વધતી ચાલી. એક મોટી સંસ્થાના સુકાની તરીકે એમને ઘણી પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહેવું પડતું હતું; પરંતુ ગોકુલવાસી મોહનને ગોવર્ધનગિરિ ઊંચકવા માટે ગોવાળિયાઓએ પોતપોતાની લાકડીઓનો ટેકો કર્યો હતો તેમ યુવાન આચાર્ય મોહનભાઈને સંસ્થાસંચાલન કરવા માટે સાથી

શિક્ષકો અને સ્થાનિક શિક્ષણપ્રેમીઓએ પોતાની તમામ શક્તિ-મતિ સાથે સહકાર આપ્યા કર્યો. આમેય, ત્રીજા ભાગના શિક્ષકો તો એમના જ આ પૂર્વેના તેમના વિદ્યાર્થીઓ જ હતા ને? તે સિવાયના પણ આચાર્યના મોહક વ્યક્તિત્વને વશ હતા. તેઓ જવલ્લે જ કોઈ શિક્ષકને કહેવું પડે તો 'મેમો' ન પકડાવતાં એકાંતમાં વ્યક્તિગત રીતે વાત કરી લેતા. ભેદભાવ તો રાખે જ નહીં. હા, શિક્ષકોમાં ફાટફૂટ ન થાય તેની કાળજી રાખે! ગંભીર વાત વિનોદી લહેજાથી કહેતા : ''મિત્રો, મારી સાથે એક થઈને લડજો પણ અંદરોઅંદર ન લડતા!''

સર્વ વિદ્યાલયની પોતાની સંસ્થાઓ-પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ, પ્રિ-વૉકેશનલ ટ્રેઈનિંગ સેન્ટર, સંસ્થાનાં છાત્રાલયો વગેરેની જવાબદારીઓ ઉપરાંત મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ (જેમાં ચારસો ઉપરાંત શાળાઓ સભ્ય હતી)ના મંત્રી તરીકે પણ મોહનભાઈ સેવાઓ આપતા. આ બધી શાળાઓનાં પ્રશ્નપત્રો તૈયાર કરીને એમને ત્યાં પહોંચાડવાં, એ સંઘના ઉપક્રમે પરીક્ષા-સુધારણાના સેમિનારો, શૈક્ષણિક કાર્યશિબિરો, અભ્યાસક્રમનાં આયોજનો, આવું ઘણું ઘણું કરવાનું રહેતું. તાલુકા વ્યાયામ મંડળના પ્રમુખ તરીકે પણ તેઓને કાર્યબોજ ખેંચવો પડતો. આ બધામાં એમના સમયનો મોટો ભાગ ખર્ચાઈ જતો.

સાહિત્યનું એમનું ખેડાણ અટક્યું ન હતું. એમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'હવા! તુમ ધીરે બહો!' (૧૯૫૪) અને પ્રથમ નવલકથા 'હેતનાં પારખાં' (૧૯૫૭) પ્રકાશિત થવાની સાથે એ સર્જક માટે વાચકો-વિવેચકોમાં ઊંચી અપેક્ષા જગાડી ગઈ. આમ છતાં, તે પછી, રાષ્ટ્રીય ભાવનાથી સ્થપાયેલી સંસ્થાના પોતે વડા હતા તેથી એમણે પોતાના મનથી જ વધુ નવલકથાઓ લખવાનું ત્યજ્યું હતું; પણ તેમનામાં જીવતો સર્જક તેમને નિષ્ક્રિય શાનો રહેવા દે? એમણે ગુજરાતી સાહિત્યમાં 'લઘુકથા'ના એક નવા સ્વરૂપનું ખેડાણ કર્યું (૧૯૬૩); વાર્તાસ્વરૂપને રોમાંચક વળાંક આપ્યો. એમના લઘુકથાસંગ્રહને સરોજ પાઠક પારિતોષિક એનાયત થયું.

સાહિત્યકાર અને સામાજિક કાર્યકર શ્રી પીતાંબર પટેલે જ્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં મંત્રીપદ સંભાળ્યું ત્યારે એક વખતે એમણે કુતૂહલપૂર્વક મોહનભાઈને પૂછ્યું, ''હવે તમે નવલકથા નથી લખતા?''

''ના''

''કેમ?''

''આ સંસ્થાના એક જવાબદાર હોદ્દા પર હોઉં ત્યારે નવલકથા લખવાનું હું પસંદ ન કરું.''

''અરે હોય કંઈ? તમે નવલકથા લખવાનું બંધ કરો એ ન ચાલે. 'સંદેશ' માટે એક નવલકથા આપો.''

એમના પ્રેમાળ આગ્રહને વશ થઈને મોહનભાઈએ નવલકથાઓ લખવાનું

ફરી શરૂ કર્યું. સાથે સાથે વિવેચનલેખો પણ લખતા રહ્યા; એમણે પંદર જેટલી નવલકથાઓ લખી છે અને પાણીદાર લઘુકથાઓ એકસો જેટલી. સુવર્ણજયંતીવર્ષ (૧૯૯૬) ઊજવતા માસિક 'ધરતી'નું તંત્રીપદ સંભાળતાં હાલે શાળેય પ્રવૃત્તિથી નિવૃત્ત, પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટેની એમની, જરૂર પડ્યે ત્યારે, સેવાઓ ચાલુ જ છે.

આ પ્રેરક પ્રવૃત્તિપરાયણ શિક્ષકને રાજ્ય કક્ષાનો શ્રેષ્ઠ પુરસ્કાર (૧૯૮૪) તો મળેલો. પરંતુ, રાષ્ટ્રીય ઍવૉર્ડ માટે અગાઉના પાંચેક શિક્ષણાધિકારીઓની સતત ભલામણ છતાં, તેમને તે ન મળ્યો! ઍવૉર્ડના નસીબમાં સાચા સન્માન્યને મળવાનું નહીં હોય!

ઍવૉર્ડ શિક્ષકની ક્ષમતાને માપવાનો સાચો ગજ બની રહેતો હોય કે ન હોય, પણ પ્રસિધ્ધ કવિ-સાક્ષર (સ્વ.) ઉમાશંકર જોશીએ ત્રણેક જાહેર સભાઓ અને એક પત્રમાં મોહનલાલ પટેલની પ્રશંસા કરી હતી : ''મોહનભાઈ એક અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઊછરતાં બાળકોની વચ્ચે જઈને તેઓ બેઠા છે.''

— આ ઉદ્‌ગાર ઍવૉર્ડ કરતાં ઊંચું ગૌરવ અપાવે એવા સન્માનથી ક્યાં ઓછા છે? ગુણાનુરાગી સમાજ વહેલી કે મોડી કદર તો કરે જ છે.

કડીના શિક્ષણ અને સાહિત્યપ્રેમી શુભેચ્છકોએ તા. ૨૬-૨-૧૯૯૬ના દિને માનનીય મોહનભાઈ પટેલનું જાહેર સન્માન કર્યું અને એમના નામાભિધાન સાથેના 'મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' (રજિ. ટ્રસ્ટ)ને ખુલ્લું મૂક્યું. કડીની નાગરિક સહકારી બૅન્કે ઉક્ત ટ્રસ્ટની રચના માટે એક લાખ રૂપિયાનું દાન આપ્યું. કહેવાની જરૂર નહીં, આ દાન શિક્ષક-આચાર્ય મોહનભાઈના આ પૂર્વેના સાહિત્યિક-શૈક્ષણિક પ્રદાનનો નમ્ર પ્રતિભાવ જ ગણાય.

ગાંધીનગર મુકામે પાઠ્યપુસ્તક મંડળની બે'ક વર્ષ પૂર્વેની એક કાર્ય-સભામાં એમને પ્રત્યક્ષ મળવાનું થયું. પત્રવ્યવહારને લીધે નામઠામ તો જાણતા હતા; રૂબરૂ મળતાં હેતપૂર્વક પીઠે હાથ મૂકીને કહે : ''મેં તો તમને વૃદ્ધ શિક્ષક ધાર્યા હતા!''

મેં તો ધાર્યા હતા તેવા જ એ મોહક શિક્ષકની સાથે વાતવાતમાં જાણ્યું કે તેઓ આચાર્ય ઉપરાંત દસેક વર્ષ ગૃહપતિ (રેક્ટર) પણ હતા. આથી પુછાઈ ગયું : ''મોહનભાઈ, છાત્રાલયના ગૃહપિતાની યોગ્યતા માટે આપ શું માનો છો?''

''તેની યોગ્યતા વિશે હું માનું છું કે શિક્ષકની યોગ્યતાની જેમ તેની યોગ્યતા પણ નક્કી થવી જોઈએ. શાળાના આચાર્ય કરતાં જરાયે ઓછો પ્રતિભાશાળી ગૃહપતિ-ગૃહપિતા-છાત્રાલય માટે ન ચાલે. એણે તો છાત્રોનો પ્રેમ જીતીને તેમના ચિત્તમાં નાયક તરીકે સ્થાપિત થવાનું હોય છે.

''આપના અનુભવે, શિક્ષણમાં છાત્રાલયનું સ્થાન કેવું હોવું જોઈએ?''

''ઈશ્વરભાઈ, આપણે ત્યાં શાળાઓ માટે જેટલી કાળજી લેવાઈ છે એટલી જ નિષ્કાળજી છાત્રાલયો માટે રહી છે. બાળકના શિક્ષણમાં જેટલો ફાળો શાળાનો હોય છે એના કરતાં અનેક ગણો વધારે ફાળો છાત્રાલયનો હોઈ શકે છે. છાત્રાલય તો કેળવણીનું એક સર્વોત્તમ કેન્દ્ર છે.

''શિક્ષણક્ષેત્રે મૂલ્યોના ધોવાણ અંગે ખૂબ કહેવાય છે; આપણા આ ક્ષેત્રમાં મોહનભાઈ, આ શું જોઈને કે સાંભળીને વ્યથિત થાઓ છો?''

''ગાઈડોની ભરમાર... પહેલા ધોરણથી જ ગાઈડ! બધા જ વિષયોની ગાઈડ!... ટ્યુશનની ઘોર બદી... ટ્યુશન કરવાની ઘાતક લૂંટ... શિક્ષકોના યુનિયન્સની એકતરફી જોહુકમી અને ગેરવાજબી માંગણીઓ... પરીક્ષામાં અને શિક્ષકોની નિમણૂકોમાં ભ્રષ્ટાચાર... શાળાઓ : આમ શિક્ષણની પણ તેમ વ્યાપારની દુકાનો... આ બધું જોતાં-સાંભળતાં થાય છે કે શું થવા બેઠું છે!''

''તેમાં શિક્ષકો પણ —''

''અભ્યાસનિષ્ઠા જ નથી મોટા ભાગના શિક્ષકોમાં. સંદર્ભગ્રંથોનું વાચન નહિવત્... તેઓ પણ કેવળ પાઠ્યપુસ્તકના આધારે... ઈશ્વરભાઈ, કેટલાક તો 'ગાઈડ'ના આધારે ગાડું ગબડાવ્યે જાય છે. કેટલાક શિક્ષકોને તો શિક્ષણ કરતાં બીજા ધંધાઓમાં વધુ રસ છે!''

''તેવા શિક્ષકોની સંખ્યા પણ ઓછી નથી; બાકી આપણો વ્યવસાય તો મિશનરી ખરો કે નહીં?''

''આ વાત સ્વીકારવા તેઓ ક્યાં તૈયાર છે? તેઓ તો એવી વાહિયાત દલીલો કરે છે કે બીજાં ક્ષેત્રો ને ધંધાઓમાં લાંચ-રુશવત-ભ્રષ્ટાચાર થતો હોય તો અહીં કેમ ન થાય? અમે સમાજથી ક્યાં જુદા છીએ?''

''આ ખેદજનક પરિસ્થિતિનો ઉકેલ?''

''વ્યક્તિગત ધોરણે શિક્ષકની જાગૃતિ — ભલેને એમની સંખ્યા જૂજ હોય. જૂનાં ને જામેલાં અંધારાં નવા ને નાનકડા દીવડાઓ દ્વારા પણ દૂર થઈ શકશે... બીજાં બધું બગાડે છે તેવો બબડાટ કર્યા વગર શિક્ષક વ્યક્તિગત રીતે પોતાની જાતને જોરાવર કરે... પોતાની સજ્જતા વધારે.. બસ, આ છેડેથી સુધરતું જાય તો છેવટ સઘળું સુધરે ને સારાં વાનાં થાય!''

જૂની ને ઝળહળતી મશાલ સમા મોહનભાઈએ પણ પોતે મિશનરી સ્પિરિટથી માધ્યમિક શિક્ષણમાં જ પોતાની કારકિર્દી અપનાવી જ હતી ને? શહેરમાં વસવાનો અને અધ્યાપકનો દરજ્જો હાંસલ કરવાનો મોહ ક્યાં ઓછો પ્રબળ હોય છે? આમ છતાં, તેવો મોહ ન પમાનાર મોહનભાઈ પટેલ એક મોહક શિક્ષક તરીકે હજારો વિદ્યાર્થીઓ અને સેંકડો શિક્ષકો તેમજ વાલીઆના ચિત્તમાં આદર સાથેનું ઊંચું સ્થાન ધરાવે છે. એમના સાહિત્યપ્રેમ અને શિક્ષણપ્રેમને ઝાઝેરી સલામ!

# શ્રી મોહનભાઈ મારી દૃષ્ટિએ

અશોક ઠાકોર

દુનિયામાં ખૂબ જ ઓછી વ્યક્તિઓ એવી સદ્ભાગી હોય છે કે જેમની ફોઈએ પાડેલાં નામ તે વ્યક્તિના ભવિષ્યના વ્યક્તિત્વની ઝાંખી કરાવતાં હોય! શ્રી મોહનભાઈ આવા અપવાદમાં આવી જાય છે!

શ્રી મોહનભાઈ એક એવી વ્યક્તિ છે કે જેના વ્યક્તિત્વને પેલી કાવ્યપંક્તિ, ''મુખડાની માયા લાગી રે, મોહન તારા મુખડાની માયા લાગી રે'ને સંપૂર્ણ લાગુ પાડી શકાય! વધારાની ચરબીના આવિષ્કાર વગર, સપ્રમાણ રીતે શરીર ભરેલું લાગે તેવો ઊંચો, ટટાર દેહ, સતત પ્રેમ દર્શાવતી આંખો, અને વ્યવહારુ દૃષ્ટિએ મોં મલકાવવું જરૂરી છે તેવી ભાવના વગર સહજ રીતે સામી વ્યક્તિને આકર્ષી શકે તેવો સતત પ્રસન્નતાનો ભાવ પ્રગટ કરતી માત્રાનું હાસ્ય અને લશ્કરી માપદંડથી ફુલ ફિટનેસ ધરાવતો ટટાર, ઊંચો દેહ તેમની સતતની ક્રિયાશીલ ચેતનાશક્તિનો પરોક્ષ પરિચય કરાવે છે. આવું વ્યક્તિત્વ સામા માણસમાં સહજ રીતે મોહનભાઈ વિષેની પ્રસન્નતા જન્માવે છે.

૧૯૫૩-૫૪ના ગાળામાં, શ્રી મોહનભાઈ અમદાવાદમાં એ. જી. ટીચર્સ કૉલેજમાં શિક્ષણક્ષેત્રની સ્નાતક તાલીમ લેવા પ્રવેશ્યા તે ગાળામાં તેમના કૉલેજ જીવનના સહાધ્યાયી, શ્રી બિપિનભાઈ પટેલ દ્વારા મારે તેમનો પ્રથમ પરિચય થયો. અને તે જ ગાળામાં તેમને 'હવા! તુમ ધીરે બહો!' નામનો વાર્તાસંગ્રહ પ્રગટ કરેલો અને તે ગ્રંથની મને ભેટ આપેલી આથી શ્રી મોહનભાઈ શિક્ષકક્ષેત્રની અને સાહિત્યક્ષેત્રની વ્યક્તિ છે એવી છાપ મારા ઉપર પડી હતી. જે ઉત્તરોત્તર દૃઢ થતી ગઈ.

શ્રી મોહનભાઈ તે પછી કડીમાં સર્વ વિદ્યાલયમાં જોડાયા એટલે મળવાના પ્રસંગો ઓછા થયા છતાં જે પ્રસંગો પ્રાપ્ત થતા રહ્યા તેનાથી તેમના વ્યક્તિત્વનાં જુદાં જુદાં પાસાં જોવા સમજવાની તક મળતી રહી.

સામાન્ય રીતે, યુવાનીમાં, ગધા પચીશીના ગાળામાં, દરેક વ્યક્તિ ઊંચા આદર્શો સેવીને જીવન તે રીતે મઠારવાના મનોરથ સેવતો હોય છે. પણ વાસ્તવિક જીવનનાં, જીવનસંઘર્ષ, તાપ અને ગળાકાપ સ્પર્ધાને કારણે, યુવાનીમાં સેવેલા

આદર્શોના માપદંડ 'એ તો એ જ રીતે જીવી શકાય' તેવા ટૂંકા રસ્તે ચાલી ઓગાળી દેતો હોય છે અને જે ''પાણીએ મગ ચઢે તે પાણીએ મગ ચઢાવવાની, વ્યવહારુ કહેવાતી વૃત્તિ સેવતો થાય છે. તેમ જીવન પૂરું કરે છે અને સમાજ પણ તેને સફળ માનવી માને છે.

આવી વાસ્તવિકતા હોવા છતાં, શ્રી મોહનભાઈ જેવો ઉત્તર ગુજરાતના પાટણમાં જન્મેલો, ઉછરેલો યુવાન, જે શિક્ષણ સંસ્થાએ તેના જીવનઘડતરમાં અમી ચિંચન કર્યાં તેનું ઋણ, જેમ હનુમાને સ્વહૃદયમાં રામની છબી કંડારી હતી તે રીતે હૃદયમાં ટંકારીને, તે શિક્ષણસંસ્થા પ્રત્યેનું, પોતાના વતનનું, પોતાની પરંપરાની પાશ્ચાત્‌ભૂમિકા પ્રત્યેનું ઋણ ન ભૂલે અને પોતે મેળવ્યું છે તેનાથી વધુ વ્યાજ સાથે અર્પણ કરવાની ભાવતા સેવે છે અને કડી સર્વ વિદ્યાલયને હિન્દુ પત્ની જે રીતે પતિ સાથે જીવન જોડે છે તેવી રીતે ભાવી જીવન જોડે છે.

શ્રી મોહનભાઈની વિદ્યાર્થી તરીકેની શક્તિ, તેમણે ઉપલબ્ધ કરેલી ડિગ્રીઓ, તેમને તે સમયે શહેરની કોઈ પણ કૉલેજમાં, સતત ઊંચે ચઢવાની તક આપતી નોકરી અપાવી શકી હોત. તે કૉલેજમાં અધ્યાપક કે આચાર્ય બની શક્યા હોત અને તે યુગની પ્રચલિત વાસ્તવિકતા : કેળવણી દ્વારા કાર-બંગલો બનાવવાની વૃત્તિ કેળવી શક્યા હોત. અગર તો ૧૯૫૬થી ૧૯૭૨ સુધી જુદા વિષયનાં પાઠ્યપુસ્તકો, ગાઇડો લખી, ટ્યુશનો, ટ્યુશનક્લાસો ખોલી શક્યા હોત અગર તો તે સમયના ઉત્તર ગુજરાતના વાવર જેમ અમેરિકામાં વધુ લીલા ક્ષેત્રમાં ચરવાની તકો માટે જઈ શક્યા હોત! પણ મોહનભાઈએ જેમ લક્ષ્મણે સમગ્ર જીવનમાં સીતાજીનાં પગનાં દર્શન કર્યાં હતાં તેમ આ બધા પાર્થિવ પ્રલોભનો ત્યજીને કેવળ પોતાના વતનની સેવા કરવાનો દૃઢ નિશ્ચય કર્યો અને જીવનભર તેને વળગી રહેવા અને જે સંસ્થામાં રહ્યા તેનો શિક્ષણક્ષેત્રની જુદી જુદી શાળામાં વિસ્તાર કરી તેને ગુજરાતની અગ્રગણ્ય શિક્ષણસંસ્થા બનાવી શક્યા અને તેમાં ટેક્નીકલ વિભાગો ઉમેરીને તેને અદ્યતન બનાવી શક્યા.

આજ ગાળામાં કડીમાં બેસીને તેમણે સાહિત્યના જુદા જુદા ક્ષેત્રમાં નવલિકા, નવલકથા, નિબંધ, હાસ્યલેખો, વિવેચનો જેવાં ક્ષેત્રમાં સતત યોગદાન કરીને ઊંચાં શિખરો સર કર્યાં અને મળવા જેવાં બધાં જ ઇનામો, પારિતોષિકો મેળવ્યા જ કર્યાં અને સાહિત્યક્ષેત્રે, સાહિત્ય પરિષદ, સાહિત્ય અકાદમી જેવી સંસ્થામાં પ્રવેશવા કોઈ જૂથબંધીમાં જોડાવવું આવશ્યક બન્યું હોવા છતાં તેવી કોઈને ખો આપીને કે કબડીની રમત જેમ કોઈનો પગ ખેંચીને કે કોઈ પહેરણ પકડી આગળ વધવાનો વિચાર સરખો પણ કર્યો નથી. કોઈ 'ચંદ્રકો' મેળવવા ફાંફાં માર્યાં નથી. અને રેલવે લાઇનના છેવાડાના સ્ટેશનના સ્ટેશન માસ્તર જેમ એક જ સ્થળે રહી. જેમ નોકરી કરે તે રીતે પોતાનાથી થાય તે શિક્ષણ તથા સાહિત્યની સેવા કર્યે રાખી છે અને ગીતાના કર્મની આશા રાખ્યા વગરના કર્મયોગને જીવનમાં આત્મસાત્

કરી બતાવ્યો છે અને જીવનમાં જે મળ્યું છે તેનાથી પરિતૃપ્તિ મેળવે છે અને કવિ ઉમાશંકરની બે કૃતિઓની જેમ જીવન કંડાર્યું છે.

કડીમાં સ્થાયી થઈ, શિક્ષણક્ષેત્રે સમગ્ર જીવન સમર્પિત કરવાની વૃત્તિ ''પુરાતા પાયાના પથ્થર મલકે છે — શિખરના ચળકાટમાં'' આમત્સાત થાય છે અને જીવનમાં જે કોઈ મેળવ્યું છે તેની પરિતૃપ્તિ :

''ત્રણ વાનાં મુજને મળ્યાં
હૈયું, મસ્તક, હાથ''
બહુ દીધું આથી, ચોથું નથી માંગવું. એ પંક્તિમાં દર્શાવ્યા પ્રમાણે
પરિતૃપ્તિ કેળવીને જીવનમાં પરમ સંતોષ મેળવ્યો છે.

શ્રી મોહનભાઈ જેવાએ, ૧૯૩૦-૩૨માં શ્રી રમણલાલ વસંતલાલે ગ્રામલક્ષ્મીમાં સર્જેલા પાત્ર અશ્વિન જેમ ગામડામાં જઈ ગામડા માટે ખૂંપી જવાની ભાવનાને જીવનનો મંત્ર માની તેનું પૂર્ણ પાલન કર્યું છે અને આજે પણ નિવૃત્ત થયા પછી કડીની સંસ્થા માટે અમેરિકા જઈ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા માતબર રકમ મેળવી તે સંસ્થા વિકસાવવા, ગાંધીનગરમાં સંપૂર્ણ શિક્ષણ સંકુલ ઊભું કરવામાં નિવૃત્ત જીવનને પ્રવૃત્ત કરી રહ્યા છે અને જ્યારે ફુરસદ મળે ત્યારે કલમને ચલાવી રહ્યા છે છતાં લખવા ખાતર લખીને પુસ્તકો સર્જવાની ગાંડી વૃત્તિથી દૂર રહ્યા છે.

આવા સાત દાયકાના સતત, કર્મઠ જીવન પછી પણ મોહનભાઈ જીવનના છેલ્લા શ્વાસ સુધી આવી શિક્ષણક્ષેત્રે અને સાહિત્યક્ષેત્રની આરાધના, જેમ આદર્શ દાન આપનારનો ડાબો હાથ જમણે હાથે અપાયેલા દાનથી અજ્ઞાત રહે છે તેમ તેમનાં પત્ની, સંતાનો કે મિત્રોની જાણ બહારમાં આવી પ્રવૃત્તિ કરવાના છે, કારણ કે તેવી આદતથી મજબૂર બનેલા છે.

ગુજરાતના શિક્ષણ, સાહિત્ય, સંસ્કૃતિ ક્ષેત્રે, વિશ્વનાં નવાં પરિબળોના સંપર્કથી જે કાંઈ વિભિન્નતા ઊભી થઈ છે તેથી સાચે ખોટે વ્યથિત થવાનું દર્શાવતા હિતચિંતકો જાતજાતની, ભાતભાતની આગાહીઓ કરી રહ્યા છે ત્યારે જે ગુજરાતે જુગતરામ, નાનાભાઈ, ગીજુભાઈ કે મહીપતરામ, અંબાલાલ સાકરલાલ કે કરુણાશંકર માસ્તર, નગીનદાસ પારેખ અને મોહનભાઈ આપ્યા છે ત્યાં સુધી ગુજરાતના શિક્ષણ સાહિત્યનું ભવિષ્ય કદી ધૂંધળું બની શકવાનું નથી.

અલબત્ત, આપણે એટલી જ શુભેચ્છા વ્યક્ત કરી શકીએ કે શ્રી મોહનભાઈ એમના જીવનના નકશાને પૂર્ણરંગી બનાવી શકે તેવું આરોગ્ય જાળવતા રહે અને કાર્યરત આયુષ્ય ભોગવે.

# સાચુકલા શિક્ષણવિદ્ શ્રી મોહનભાઈ

**ડૉ. પ્રફુલ્લ મહેતા**

શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ તરફથી પ્રગટ થનાર 'સ્મરણિકાગ્રંથ' માટે લેખ લખવાનું નિમંત્રણ મળ્યું એની સાથે જ હું અતીતમાં સરી પડ્યો. ઈ. સ. ૧૯૬૦-૬૧ના એમ.એ. (ગુજરાત યુનિ.)નું વિદ્યાર્થીજીવન યાદ આવી ગયું અને તે સાથે મારા આત્મીય સારસ્વતમિત્ર શ્રી મોહનભાઈનું સ્મરણ તાજું થયું.

એ સમયગાળાના અભ્યાસકાળ દરમિયાન હું ગુજરાત યુનિવર્સિટીની હૉસ્ટેલમાં રહેતો હતો ત્યાં એક દિવસ સપ્રમાણ ઊંચાઈ, ચશ્માંની અંદર નજરે પડતાં સ્નેહભર્યાં નયનો, મરક મરક થતાં ઓષ્ઠ, ધીર અને ગંભીર ડગલાં માંડતા સજ્જનને જોતાં જ એમની સાથે આત્મીયતા કેળવવાનું અને મળવાનું આકર્ષણ સહજ જાગ્યું. મળ્યો ત્યારે જાણ્યું કે વયમાં અમારા કરતાં ખાસ્સા દસકો મોટા પણ મળીએ ત્યારે વયમર્યાદાને ઓગાળીને સમવયસ્ક મિત્ર બની જતા આ સજ્જન મહેસાણા જિલ્લાના સુપ્રસિદ્ધ 'કડી સર્વ વિદ્યાલય'ના આચાર્યશ્રી મોહનલાલ પટેલ મોટી વયે સહાધ્યાયી બનવા આવ્યા હતા અને યોગાનુયોગ અમારી 'બી' બ્લૉક બૉયઝ હૉસ્ટેલ ગુ.યુનિ.ના રહેવાસી બન્યા હતા.

પછી તો મુલાકાતો સહજ યોજાતી ગઈ ત્યારે સાચા અર્થમાં વિદ્યાના અર્થી બનેલા એવા આ સાચુકલા સજ્જનના પ્રેમપ્રવાહમાં મારા જેવા અનેક સહાધ્યાયીઓ ખેંચાતા ગયા અને એમના પ્રેમસાગરમાં ગળાડૂબ સ્નાન કરીને ધન્ય થતા ગયા.

તેમની સાથે અનેક સંસ્મરણો વળગેલાં છે પણ લેખન-મર્યાદાને કારણે થોડીક ઝાંખી કરી લઈએ. તે વખતના અમારા વિદ્યાર્થીમિત્રોમાં લા. ઠા., ચિનુ મોદી, ચંદ્રકાન્ત શેઠ, હેમંત દેસાઈ, અમૃત ઠક્કર, ભૂપેન્દ્ર મિસ્ત્રી, રમેશ ત્રિવેદી, અંજની કવિ, પૂર્ણિમા શાહ, કા. ના. ત્રિવેદી, જય ગજ્જર જેવાનો તેજસ્વી વિદ્યાર્થી-સમુદાય હોવા છતાં વિદ્યા-ગુરુ કવિ મનીષીશ્રી ઉમાશંકર જોશીની આંખ તો અમારા સૌના લાડકા શ્રી મોહનભાઈ તરફ જ મંડાયેલી રહેતી અને વર્ગની શૈક્ષણિક પ્રવૃત્તિઓની પૂછપરછ કરતા ત્યારે મોહનભાઈ પણ અમારા સૌનું યોગ્ય પ્રતિનિધિત્વ જાળવતા.

શ્રી મોહનભાઈ એટલે સૌમ્ય અને સાલસ પ્રકૃતિના સજ્જન. ખૂબ જ

વિકસેલી અને નમૂનારૂપ પ્રસિદ્ધ શિક્ષણસંસ્થાના એક આદર્શ આચાર્ય અને ઉત્તમ વહીવટદાર તરીકે ખ્યાતનામ બનેલ મોટા ગજાના આ બહુશ્રુત માનવી પાસે એક અદનો માણસ મળવા જાય ત્યારે વિદ્વત્તાને અંદર ઢબૂરીને એના જેવા સામાન્ય જન બનીને એટલો બધો પ્રેમ વરસાવે કે કુટુંબના કોઈ આદરણીય વ્હાલસોયા વડીલને મળ્યા હોઈએ તેમ લાગે.

મારી અંગત વાત કરું તો એ વખતના અભ્યાસક્રમના ગૌણ વિષયમાં અમે સંસ્કૃત લીધેલું. તેમાં 'ઉત્તરરામચરિત' અને 'હર્ષચરિત' એમ બે પાઠ્યપુસ્તકો હતાં. એ વખતે અત્યારની જેમ માર્ગદર્શિકાઓ ઉપલબ્ધ નહોતી અને વિદ્વાન પ્રાધ્યાપકો પણ પાઠ્યપુસ્તકને સ્હેજ ચાતરીને તળસ્પર્શી અભ્યાસ તો કરાવે પરંતુ અનુવાદના પ્રશ્નમાં મારા જેવા સામાન્ય વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે. આ મુશ્કેલીના નિવારણાર્થે અમે મોહનભાઈ પાસે દોડી જઈએ ત્યારે એ ગમે તેવા ગળાબૂડ કામમાં હોય તોપણ એ પ્રેમથી સ્વાગત કરી અમારી મુશ્કેલીનું નિવારણ કરે. પોતાનું અધૂરું કામ એ પછી મોડી રાત સુધી જાગીને ભલે કરે પણ મળવા આવનાર સમક્ષ ક્યારેય અપ્રસન્નતા ન દાખવે. અતિ અઘરા સંસ્કૃતપ્રચુર સમાસયુક્ત 'હર્ષચરિત'નો અનુવાદ એવી સરળતાથી શિક્ષકની અદાથી સમજાવે કે યાદ રહી જાય. અમને ક્યારેય વિદ્વત્તાનો ભાર લાગે નહીં એવા અમારા સહૃદયી સહાધ્યાયી ગુરુ-મિત્રને કોટિ કોટિ વંદન.

શ્રી મોહનભાઈએ પોતાની સાહિત્યિક કૃતિઓ દ્વારા ગુજરાતી સાહિત્યની જે સેવા કરી છે એ સદૈવ સ્મરણીય બની રહેશે. અઢાર જેટલી નવલકથાઓ, જેમનું અતિ મહત્ત્વનું પ્રદાન છે એવી લઘુકથાઓ, આઠેક વાર્તાસંગ્રહો, નિબંધ, ચરિત્ર, પ્રવાસ, વિવેચન, અનુવાદ, સંપાદન જેવા સાહિત્યનાં લગભગ બધાં જ ક્ષેત્રોમાં કલમ ચલાવી છે. એ સામાન્ય સાહિત્યકાર-સર્જક નથી. તેમનાં અનેક પુસ્તકોને ચંદ્રકો, પારિતોષિકો અને એવોર્ડો મળ્યા છે. એનો ફાલ એટલો તો વિપુલ છે કે કોઈ વિદ્યાર્થી સંશોધનાત્મક મહાનિબંધ લખીને પીએચ.ડી.ની પદવી આસાનીથી મેળવી શકે. મોહનભાઈ આટલા મોટા ગજાના મૂઠી ઊંચેરા શિક્ષણવિદ્ — વિદ્વાન હોવા છતાં એમનામાં અભિમાનનો અંશમાત્ર જોવા મળતો નથી.

મોટા ગજાનો આ સાલસ સજ્જન પોતાના સ્નેહીજનો અને મિત્રો માટે કેટલો બધો પ્રેમભાવ રાખે છે એનું એક ઉદાહરણ આપું તો એ અસ્થાને નહીં હોય.

એમણે પોતાની એક નવલકથા 'સૂકી સરિતા ભીના તટ' મારા જેવા એક સામાન્ય સાહિત્યપ્રેમીને અર્પણ કરેલી છે. એમની એ નવલકથા જ્યારે મારા વાંચવામાં આવી ત્યારે મને એનો ઘટસ્ફોટ થયો. એમનું આ ઋણ હું ક્યારે ચૂકવી શકીશ? મને ખ્યાલ છે તેમ જેઓ તેમના સંપર્કમાં આવે છે તે બહુધા તેમના પ્રશંસક અને પ્રેમી બની જાય છે એવું તેમનું નિરાળું અને પ્રેમાળ વ્યક્તિત્વ છે.

શ્રી મોહનભાઈના આવા નિરાળા વ્યક્તિત્વનો સંપૂર્ણ યશ હું તો એમનાં ધર્મપત્ની હીરાબહેનને અવશ્ય આપું છું. દરેક આવી વિશિષ્ટ વ્યક્તિના ઉત્કર્ષમાં એમની પત્નીનો ફાળો હોય છે. કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓમાંથી શ્રી મોહનભાઈને મુક્ત ન કર્યા હોત તો કદાચ આ મોહનભાઈ આવા મૂઠી ઊંચેરા ન હોત. શ્રીમતી પટેલને ધન્યવાદ.

આવા વિદ્વાન સારસ્વત, નિષ્ઠાવાન આચાર્ય, કુશળ વહીવટદાર અને માનવતાપ્રેમી વાત્સલ્યમૂર્તિ એવા શ્રી મોહનભાઈના આ અમૃતપર્વ પ્રસંગે મને લખવાની તક આપી એ માટે આયોજકોનો — ખાસ કરીને સંયોજક શ્રી મણિભાઈ પ્રજાપતિનો આભાર માનું છું. પરમકૃપાળુ પરમાત્મા આદરણીય — શ્રદ્ધેયશ્રી મોહનભાઈને સમાજ, સાહિત્ય અને શિક્ષણની સેવા કરવા નિરામય દીર્ઘાયુષ્ય બક્ષે અને એમની ઉપસ્થિતિમાં એમનો શતાબ્દી સમારંભ ઉજવવાની તક અર્પે એ જ અભ્યર્થનાસહ વંદન.

# પ્રેરણામૂર્તિ શ્રી મોહનભાઈ

બી. કેશર શિવમ્
નિવૃત્ત કાર્યપાલક નિયામક
ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ ગુજરાત રાજ્ય, ગાંધીનગર

તા. ૨૨-૧૦-૨૦૦૦ના રોજ દલિત સાહિત્ય અકાદમીએ પુસ્તક વિમોચનનો કાર્યક્રમ રાખ્યો હતો. તેમાં મારાં બે પુસ્તકો 'ગાય-જો-ડેરો' (નિબંધસંગ્રહ) અને 'જન્મદિવસ!' (વાર્તાસંગ્રહ)નું વિમોચન શ્રી રઘુવીર ચૌધરીના હસ્તે થયું હતું. તેમાં 'જન્મદિવસ' માટે શ્રી મોહનલાલ પટેલનું વક્તવ્ય હતું. શ્રી મોહનલાલ પટેલ 'જન્મદિવસ!' માટે બોલી રહ્યા હતા ત્યારે મારી જૂની સ્મૃતિઓનો મયૂર નાચી ઊઠ્યો હતો. વર્ષો પહેલાં શ્રી મોહનલાલ પટેલે મને અભિનંદનનો પત્ર લખ્યો હતો. મારી વાર્તા 'રાતી રાંયણની રતાશ' સને ૧૯૫૯ના જૂન માસમાં 'ચાંદની'માં છપાઈ હતી. તે વાંચી શ્રી મોહનલાલ પટેલે મને અભિનંદનનો પત્ર લખ્યો હતો. એ વખતે હું કલોલમાં દસમા ધોરણમાં ભણતો હતો ને શ્રી મોહનલાલ પટેલ કડી સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી હતા. મારે એમની સાથે કોઈ ઓળખાણ ન હતી. અમે કદી મળ્યા પણ ન હતા. એમનો પત્ર આવતાં મારા આનંદની કોઈ સીમા ન હતી. એમણે સાચી રીતે મને અભિનંદન આપ્યા હતા. આ વાર્તા તે સમયે ઘણી ચર્ચાસ્પદ બની હતી. 'ચાંદની'માં 'ખુલ્લે બારણે' ને 'ચર્ચા ચોરો' વિભાગોમાં તેની છ માસ સુધી ચર્ચા ચાલી હતી ને છેલ્લે શ્રી અશોકભાઈ હર્ષે આ વાર્તા વિશે આખો 'ચંદરવો' લખ્યો હતો. મારી કિશોરાવસ્થામાં છપાયેલી આ વાર્તા માટે શ્રી મોહનલાલ પટેલનો પત્ર મળતાં મને તેમને કડી જઈને મળવાની તીવ્ર ઇચ્છા થઈ આવી હતી. ત્યાં જવા માટે ભાડાના પૈસા મારી પાસે હતા નહીં. હું કલોલથી રેલવેના પાટે પાટે ચાલતો છત્રાલ, અણખોલ, કરણગનર વગેરે સ્ટેશનો વટાવી કડી પહોંચ્યો હતો. કડી રેલવે સ્ટેશનની સામે જ સર્વ વિદ્યાલય છે. શ્રી પટેલસાહેબને મળ્યો. મને છેક કલોલથી ચાલતો આવેલો જોઈને એમને ઘણું આશ્ચર્ય થયું હતું. એમની સાથે સાહિત્યની વાતો કરવાની ખૂબ મજા આવી હતી. શ્રી મોહનલાલ પટેલની વાર્તાઓ એ વખતે 'ચાંદની', 'સવિતા' વગેરે માસિકોમાં છપાતી હું જોતો હતો. એમણે મને એમની 'અંતિમ દીપ'

નવલકથાની હસ્તપ્રત બતાવી હતી, તે છપાવવા મોકલવાની હતી. આ હસ્તપ્રત જોઈને મને ઘણો આનંદ થયો હતો. હું સાહિત્યકાર ન હતો પણ મારી પેલી વાર્તા અન્વયે આમ એક સિદ્ધહસ્ત સાહિત્યકારના સંપર્કમાં આવવાનું મળ્યું તેનો આનંદ જુદા જ પ્રકારનો હતો.

શ્રી મોહનલાલ પટેલને એ દિવસે મળ્યા પછી કલોલ પરત આવવાનો પ્રશ્ન હતો. પાછા જવાના ભાડાના પૈસા ન હતા. થાકને લીધે હવે ચાલતાં ચાલતાં પાછા કલોલ જઈ શકાય તેમ ન હતું. વગર ટિકિટે હું ગાડીમાં બેસી ગયો. દરેક સ્ટેશને નીચે ઊતરી જતો જે ડબ્બામાં ટિકિટ ચેકર ન હોય તે ડબ્બામાં ખાતરી કરીને ગાડી ચાલુ થયા પછી ચઢી જતો. એમ કરતાં અણખોલ સ્ટેશન આવી ગયું. અણખોલ સ્ટેશને ટિકિટ ચેકરની બીકને લીધે ચાલુ ગાડીમાંથી ઊતરતાં, વિરુદ્ધ દિશામાં ઊતર્યો તેથી પડ્યો અને ડબ્બા સાથે ઘસડાયો. ગાડીના પાટામાં આવી જતાં માંડ માંડ બચી ગયો. ઘણાં પૅસેન્જરો ભેગાં થઈ ગયાં. મને પેલા ટિકિટ ચેકરની બીક હતી એટલે કપડાં ખંખેરી, પેલી ભીડથી બચવા, ડબ્બામાં થઈ, બીજી બાજુ જતો રહ્યો. મારે કાને અવાજો સંભળાયા હતા, 'બિચારો બચી ગયો... પાટામાં આવતાં આવતાં રહી ગયો.'

બીતાં બીતાં અણખોલથી છત્રાલ સુધી આવી ગયો. મેં છત્રાલથી ચાલતાં જ કલોલ જવાનું નક્કી કરી લીધું. થાક લાગેલો હોવા છતાં, ગાડી ઊપડી ગયા પછી, ત્યાંથી ચાલતો જ ઘેર આવ્યો હતો.

મારી નવલકથા 'શૂળ'ના ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય તરફથી રાખવામાં આવેલ લોકાર્પણવિધિ પછી શ્રી મોહનલાલ પટેલનો આનંદ વ્યક્ત કરતો પત્ર આવ્યો હતો. એમનો પત્ર મારા ગાંધીનગરના સરનામે આવ્યો હતો. એમના પત્રમાં મારા કલોલના જૂના સરનામા; 'ગાયોના ટેકરે'ને તેમણે સંભાર્યું હતું. છત્રીસ વર્ષ પહેલાં એમણે મને સરનામે પેલો અભિનંદનનો પત્ર લખ્યો હતો. 'ગાયોના ટેકરે'ને તે ભૂલ્યા ન હતા. મારા નિબંધસંગ્રહ 'ગાય-જો-ડેરો'માં મેં તેનો ઉલ્લેખ કર્યો છે. મારી આત્મકથા 'પૂર્ણસત્ય'માં પણ હું તેમને ભૂલી શકતો નથી.

મહારાજા સયાજીરાવના સમયમાં કણબીને પછાત ગણવામાં આવતા હતા. 'કણબી'માંથી 'પટેલ' કરવામાં શ્રી મોહનલાલ પટેલનો ફાળો ઘણો વિશેષ છે. એમણે ઘણા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી છે. એમણે વિદ્યાર્થીઓને મુશ્કેલ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢી આગળ વધવાનું ભાથું પૂરું પાડ્યું છે, એ માટે શ્રી મોહનલાલ પટેલ મને વિશેષ ગમે છે. તેઓ ગુજરાતી લઘુકથાના પિતા ગણાય છે. મારી 'રાતી રાંયણની રતાશ' પણ 'એક પાનાની વાર્તા—' લઘુકથા જ હતી.

# મારી આંખનાં તોરણબિંદુ

**પંકજ ત્રિવેદી**

સાહિત્યનું વાતાવરણ ઓછું ને વારસો ભરપૂર. સંસ્કાર લોહીમાં હરેફરે ને માણસ પરિસ્થિતિ સામે ઝૂલ્યાં કરે! વાચન નામે મીંડું ને અંદરનો આફરો કાગળ પર ફીણ બનીને ફેલાયા કરે, હાંફે ને ફીણ બધાં પાણી... પાણી... છેવટે અસ્તિત્વનો અણસાર પણ ન મળે. હવામાં આંગળીથી અક્ષરો પાડવા મથતો એક છોકરો વિચારે કે મારે કંઈક લખવું છે. ઓજારો હાથવગાં ને કરામત ઓછી છતાંયે લાગણીની શીતળતા ઓવર ફ્લો! લય પકડાય નહીં ને બધું ઘુમરાયા કરે. શું લખવું? કયા સ્વરૂપ પર કામ કરવું? અચાનક એક લઘુકથા હાથ લાગી. છોકરો સભર થઈને બહાર આવ્યો ત્યારે સર્જકતાનો અંચળો એના માથે આવી પડ્યો. નિર્દોષતા આગળ બધું માફ. છોકરો વિચારે કે લઘુકથા લખવી. એક, બે, ચાર, આઠ, દસ.... કેટલાંક આડફેટિયા માણસોએ છાપીને પાપ કર્યું. છોકરો ફુલાયા કરે ને મોજ કરે. નવા નિશાળિયાની જેમ સંગ્રહ કરવાના કોડ જાગ્યા. છોકરાએ બધી લઘુકથાઓ ભેગી કરી ત્યારે એક નામ તર્યું નજર સામે! જો એ હા પાડે તો જ છાપવી. અન્યથા નહીં જ. આ નિર્ણય એના સાહિત્ય વારસાથી તરબત્તર લોહીએ કરેલો. ફાઈલ પહોંચી ગઈ એ તજજ્ઞ પાસે જેમનું નામ શ્રી મોહનલાલ પટેલ.

કોણ હશે, કેવા હશે, શું કરતા હશે, શું લખ્યું હશે, શું વાંચ્યું હશે — એ મોહનલાલ પટેલે? કશી સમજણ નહીં ને ઉંમર પણ નહીં. મુગ્ધતા ખભા પર પોપટ જેમ બેઠેલી ને છોકરો ખુશ થઈને ફર્યા કરતો, રાજી થઈને એને પંપાળ્યા કરતો.

અચાનક ખાખી રંગનું કવર ટપાલીએ સરકાવ્યું. નામ વાંચ્યું તો મોકલનાર મોહનલાલ પટેલ હતા. ધબકારાએ હાથમાં ધ્રુજારી લાવી દીધી. શું લખ્યું હશે એમણે? એક-એક લીટી વાંચતો છોકરો એની છોકરમત છોડતો ગયો ને એનામાં ગાંભીર્યનાં પગરણ મંડાતાં ગયાં. એના ચહેરાની નિર્દોષતા, વાચાળતા, રમતિયાળ વૃત્તિમાં થયેલો ફેરફાર એના અસ્તિત્વને અનોખો આકાર આપવામાં સફળ થયો. લઘુકથામાં 'માઈલસ્ટોન' કે 'ભીષ્મ પિતા'નું બિરુદ પામનાર આ ગુજરાતી લેખક

— શ્રી મોહનલાલ પટેલે એ છોકરાની એક-એક રચનાને પંપાળીને, હાથમાં રમાડીને તલાશી જોઈ હતી. છેવટે પત્રમાં એમણે લખ્યું: —"આમાંથી એકેય લઘુકથા કહેવાય નહીં પણ મારે તમારી એક ઉત્તમ શક્તિ તરફ નિર્દેશ કરવાની ઈચ્છા છે. તમે ચરિત્રલેખનમાં સિદ્ધહસ્ત કલાકાર છો અને હજુ વધારે ઊંચી કોટિનાં લલિત ચરિત્રો આપી શકો એમ છો. એ ચરિત્રોને વાર્તાનું રૂપ આપી શકો તો સોનામાં સુગંધ ભળે એવું છે. આ ચરિત્રો વાંચતા એમ લાગે છે કે મડિયા પાસે જે જાનપદી ઘટનાઓ બહેલાવવાની શક્તિ હતી અને એમની પાસે લોક - બોલચાલનો વૈભવ હતો એનાં દર્શન તમારી લખાવટમાં થઈ શકે છે."

આટલી અમથી દિશાસૂઝને શબ્દોથી શણગારીને મોહનલાલભાઈએ એ નાનકડા છોકરાને પ્રસાદી જેમ મોકલી. છોકરો ધન્ય થઈ ગયો. મેં જ અગાઉ ક્યાંક લખ્યું છે; ઈશ્વરે બધાંને બધું જ ખોબા ભરીને આપ્યું છે. વાતાવરણ અને સંસ્કારને કારણે માણસનું અંતરજગત વિસ્તરતું હોય છે અને કલેવર ઘડાતું હોય છે. કેટલાંક જીવનના મર્મને હાથવગો કરવામાં સફળ થાય છે ત્યારે એ જીવન બને છે. આપણે ક્યાં છીએ એની બહુ ખબર નથી પણ છોકરો સાચી દિશામાં ચાલતો થયો એનું શ્રેય મોહનલાલભાઈને આપવું જોઈએ. સમાજને યોગ્ય માર્ગ બતાવે તે સંત! એવા સંત અહીં મોહનલાલભાઈ બન્યા. એક માણસ એટલે જ એક સમાજ.

શ્રી મોહનલાલભાઈ પટેલે આવા તો અનેક કાચા પથ્થરોને હીરાની ઓળખ આપી હશે! નહીં કશી ઓળખાણ, નહીં લોહીના સંબંધ, નહીં આંખની શરમ ને છતાંયે શબ્દોની નદીમાં સૌને ઝબોળીને શુદ્ધ કરવાનો કીમિયો મોહનલાલભાઈને આત્મસાત્ થયો હશે એમ માનવું ખોટું નથી. મેં કદીયે એમને જોયા નથી. હા, ફોન પર પહેલી વખત અવાજ સાંભળ્યો હતો ત્યારે હૃદય વાત કરવા બાળકની જેમ કૂદતું હતું ને અવાજને ડૂમો ભરાયો હતો. મેં જ્યારે એમનો ફોટો જોયો ત્યારે ક્ષણભર મારી જાતને ભૂલી ગયો. ખબર નહીં કેમ? મને પિતાજીનું વળગણ ખૂબ હતું. આજે એ નથી ને હું હજીયે ઝૂર્યા કરું છું. આ લખતી વખતેય મોહનલાલને જોઉં છું ને એમના ચહેરા પર એક બીજો ચહેરો ઊભરી આવે છે, એ મારા બાપનો ચહેરો છે...! જેમ માનો પર્યાય જડતો નથી એમ બાપનો પર્યાય પણ કદી નહીં જ જડે. મારી લાગણીને હું મોહનલાલભાઈ સુધી પહોંચાડવા મથ્યા કરું છું, એની પાછળ મારી એક લાલચ છે. હું એક એવા ચહેરાને શોધતો ફરું છું જેને મેં વર્ષોથી ગુમાવ્યો છે... મારા આ શબ્દોનું મૂલ્ય કેટલું છે એની મને ખબર નથી પણ પટેલસાહેબ એને બરાબર પામી શકશે એવી શ્રદ્ધા છે!

એમણે જ મને સર્જક તરીકે આ સમાજમાં મૂક્યો છે. કદાચ મારા પુર્નજન્મનો યશ એમનાથી વધુ બીજાને આપી શકીશ નહીં. કારણ કે લઘુકથા લખવા મથતા એ છોકરામાંથી સાહિત્યકાર તરીકેની મારી આછેરી ઓળખ આપવામાં શ્રી

મોહનલાલ પટેલની પવિત્રતા અને સાહિત્યપ્રીતિ જ પ્રતિબિંબિત થાય છે. મારે મન શ્રી મોહનલાલ પટેલ સારા મિત્ર છે. આદર્શ કે ગુરુપદને સમજ્યા વગર કદી સ્વીકારવાની મારી તૈયારી નથી. હું જીવનને, એનાં મર્મને અને માનવીય સંબંધોને સમજવા સતત પ્રયત્ન કરું છું. વચ્ચે વચ્ચે આવા વિસામા આવે છે ત્યારે હૈયું ભરાઈ આવે છે. સહજ રીતે જ લાગણી મારી આંખનાં તોરણબિંદુ બની જાય છે!

ચારેક વર્ષથી આપને જોયા જ નથી. પણ લેખન-સંપાદન દ્વારા મળવાનું બને છે.
શિક્ષક તરીકેનાં સંસ્મરણો - આત્મકથા લેખો અથવા એ વિશે આત્મકથનાત્મક કથા લખો.

-રઘુવીર ચૌધરી

(તા. ૩૧-૮-૮૫ના પત્રમાંથી)

# સૌજન્યમૂર્તિ શ્રી મોહનભાઈ

વિનોદભાઈ આર. પટેલ (U.S.A)

માદરે વતનથી હજારો માઈલ દૂર અહીં અમેરિકામાં કુટુંબીજનો વચ્ચે ૬૪ વર્ષની પાકટ વયે નિવૃત્ત જીવન પસાર કરતાં કરતાં આજથી પચાસ વર્ષ પૂર્વેના મારા વિદ્યાર્થીકાળને જ્યારે યાદ કરું છું ત્યારે કડી (ઉ.ગુ.)ની અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી બે સંસ્થાઓ — સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ અને એ જ વિશાળ કેમ્પસમાં લીમડાઓની શીળી છાયા વચ્ચે પથરાયેલ ક. પા. વિદ્યાર્થી આશ્રમમાં એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી ત્યાં સુધી ગાળેલ એ વર્ષો અને ગુરુજનોની સ્મૃતિ થઈ આવે છે. ઉત્તર ગુજરાતના શાંતિનિકેતન તરીકે એ વખતે ઓળખાતી આ સંસ્થાઓમાં કાર્ય કરી રહેલ ભેખધારી ગુરુગણ વંદનીય શ્રી નાથાભાઈ સાહેબ, શ્રી અંબાલાલભાઈ, શ્રી રામભાઈ તથા શ્રી મોહનભાઈ કે જેઓ સર્વ વિદ્યાલયમાં પોતાનું શિક્ષણકાર્ય પતાવ્યા પછી પણ ગૃહપતિ તરીકે આશ્રમમાં વિદ્યાર્થીઓ વચ્ચે વસીને મુખ્યત્વે ગામડાંઓમાંથી ખેડૂત અને શ્રમજીવી કુટુંબોમાંથી આવેલ વિદ્યાર્થીઓમાં સંસ્કાર રેડવાનું તથા તેમના સર્વાંગી વિકાસ અને ઘડતરનું કાર્ય જે ધગશ અને રસપૂર્વક કરતા એની જે ઊંડી છાપ મારા સ્મૃતિપટ ઉપર છે તે તાજી થાય છે.

મને બરાબર યાદ છે કે શ્રી મોહનભાઈસાહેબ છાત્રાલયના કિશોર વયના વિદ્યાર્થીઓ માટેના અલગ વિભાગ કિશોરકુંજમાં ગૃહપતિ તરીકે વિદ્યાર્થીઓની રૂમોની હરોળમાં જ કુટુમ્બ સાથે રહેતા અને દરેક રૂમમાં જાતે જઈને વિદ્યાર્થીઓની દેખરેખ રાખતા અને ઉપયોગી સલાહસૂચનો આપતા. વિદ્યાર્થીને કોઈ મુશ્કેલી હોય તો તેમના નિવાસસ્થાને નિઃસંકોચ જઈને મળી શકતો. મને સંગીતમાં રસ લેતો કરનાર અંધ સંગીતશિક્ષક શ્રી ચતુરભાઈ પટેલ પણ એ જ કિશોરકુંજમાં વસતા હતા. એમની યાદ તાજી થાય છે. શ્રી મોહનભાઈનો પ્રથમ વાર્તાસંગ્રહ ''હવા તુમ ધીરે બહો' જેનું મુખપૃષ્ઠ શાળાના જ વિદ્યાર્થી કલાકાર મિત્રે બનાવેલું, તે પુસ્તક એ કિશોરવયે જોઈને અને વાંચીને એના લેખક તરીકે મુ.શ્રી મોહનભાઈ પ્રત્યે અહોભાવ અને ગૌરવની લાગણી થઈ હતી. એમનો શાંત અને સૌમ્ય સ્વભાવ અને મુખ પર સ્મિત રમતું રાખીને શાંતિથી વાતચીત કરવાની અને

બધા પ્રત્યે સૌજન્ય દાખવવાની રીત જે એ વખતે જોઈ હતી તે આજે પણ તેમનામાં જોવામાં આવે છે. પ્રસંગોપાત્ત તેઓ વિદ્યાર્થીઓને કહેવાનું યોગ્ય જણાય ત્યારે ઠપકાને બદલે કટાક્ષની ભાષાનો પણ ઉપયોગ કરતા તેનો એક પ્રસંગ યાદ આવે છે તે જણાવું છું.

વિદ્યાર્થી આશ્રમમાં તે વખતે લગભગ સાડા ચારસો વિદ્યાર્થીઓ એક સાથે એક જ રસોડે ભોજનાલયમાં જમવા બેસતા. ગૃહપતિ તરીકે શ્રી મોહનભાઈ તે વખતે ત્યાં હાજર રહેતા અને આટલી મોટી સંખ્યાની ચહલપહલ હોવા છતાં ગૃહપતિની હાજરીના મૂક પ્રભાવથી પ્રમાણમાં ઘણી શાંતિ અને શિસ્ત જળવાઈ રહેતી. શાળામાં આખો દિવસના અભ્યાસ અને રમતગમત પછી બરાબર ભૂખ્યા થયેલા વિદ્યાર્થીઓ સાંજે જમવાનો ઘંટ વાગે એટલે પોતપોતાનાં થાળીવાટકો લઈને રસોડા તરફ દોટ મૂકતા અને ભોજનાલયમાં પાટલો લઈને જમવા માટે ગોઠવાઈ જતા. રોજનો એવો નિયમ હતો કે જ્યાં સુધી બધે પીરસવાનું પૂરું ન થાય અને જમવાનું શરૂ કરવા માટે એક જૂના ખખડધજ લીમડાના ડાળે બાંધેલ મોટા ઘંટ ઉપર ટકોરો ન પડે ત્યાં સુધી જમવાની સખ્ત મનાઈ હતી. એકવાર એવું બન્યું કે જમવાના ઘંટ વાગવા પહેલાં એક વિદ્યાર્થીએ ભાખરીનો એક ટુકડો ભાગીને મોંઢામાં મૂક્યો અને ગૃહપતિ તરીકે ત્યાં હાજર રહેલ શ્રી મોહનભાઈએ તે જોયું અને ધીમેથી તે કિશોરવયના વિદ્યાર્થી પાસે આવીને કોઈ જાતના ગુસ્સા સિવાય શાંતિથી કહ્યું: ''તમે કહેતા હો તો પેલો ઘંટ જે લટકાવ્યો છે તેને ઉતારી લઈએ.'' આ કટાક્ષ એટલા માટે યાદ રહ્યો છે કે એ વિદ્યાર્થી બીજું કોઈ નહીં પણ હું પોતે હતો!

મારાં વાંચન અને લેખન તરફની અભિરુચિ વધારવા માટે અન્ય વિદ્યાર્થીઓની માફક મને પણ શ્રી મોહનભાઈની સલાહ અને સૂચનોનો લાભ મળેલો છે.એ વખતે પણ સર્વ વિદ્યાલયના પુસ્તકાલયમાં ઘણી સંખ્યામાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનાં સારાં અને ઉત્તમ ગણાય એવાં પુસ્તકો અને સામયિકો વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને માટે સુપ્રાપ્ય હતાં. શિક્ષણકાર્ય ન હોય ત્યારે શ્રી મોહનભાઈસાહેબ પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓ સાથે જ ટેબલ ઉપર પુસ્તક કે સામયિક વાંચતા જોવામાં આવતા. વિદ્યાર્થીઓમાં ઈતરવાંચન પ્રત્યે રસ ઉત્પન્ન થાય તે માટે તેઓ વાંચવાલાયક પુસ્તકો અંગે ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન અને સલાહસૂચન આપતા હતા.

વિદ્યાર્થીઓમાં રહેલ લેખનશક્તિને વિકસાવવાની તક પૂરી પાડવાના આશયથી એ વખતે 'ચિનગારી' નામનું હસ્તલિખિત સામયિક શરૂ કરેલું જે વિદ્યાર્થીઓ દ્વારા ચલાવવામાં આવતું. એ માસિકના તંત્રી તરીકે હું અને ખૂબ જ ગરીબ પરિસ્થિતિના પણ ભણવામાં હોશિયાર એવા એક હરિજન વિદ્યાર્થી ડુંગરભાઈ (પછીથી દિનેશભાઈ) ચાવડા હતા. આ સામયિકમાં પ્રકાશિત કરવા

વિદ્યાર્થીઓ તરફથી વાર્તાઓ, લેખો, કવિતાઓ, ચિત્ર-કલાકૃતિઓ વગેરે મળતાં તેને સુંદર અક્ષરોમાં લખીને અને કલામય રીતે શણગારીને પુસ્તકાલયમાં કાચના કબાટમાં વિદ્યાર્થીઓને વાંચવા માટે મૂકવામાં આવતું જેનો ઘણા વિદ્યાર્થીઓ લાભ લેતા હતા. આ સામયિકના સંચાલનમાં શ્રી નાથાભાઈસાહેબ તથા શ્રી મોહનભાઈસાહેબ ઊંડો રસ લેતા અને અમને ઘણાં જ કિંમતી સૂચનો અને માર્ગદર્શન પુરું પાડતા તેનું પણ સ્મરણ થાય છે.

આમ વિદ્યાર્થી તરીકેની મારી કારકિર્દીમાં શ્રી મોહનભાઈની ઊંડી છાપ રહેલી છે. કડીની આ સંસ્થામાં અભ્યાસ દરમિયાન શિક્ષણ ઉપરાંત સંસ્કારોનું જીવનોપયોગી ભાથું બાંધ્યું હતું તેને લીધે આ સંસ્થાના વિદ્યાર્થીઓ જુદા તરી આવે છે, જેને માટે મોહનભાઈ જેવા વંદનીય ગુરુગણનો ફાળો નોંધનીય છે. શ્રી ભોળાભાઈ પટેલ પણ આ સંસ્થાના જૂના વિદ્યાર્થી કે જેઓએ ગુરુસ્થાને સ્થાપીને એમના એક લેખમાં સુંદર ગુરુભક્તિનાં દર્શન કરાવ્યાં છે. હાલના ગુજરાત રાજ્યના પાણી પુરવઠાને શહેરી ગૃહનિર્માણના કેબીનેટ કક્ષાના મંત્રી શ્રી. નરોત્તમભાઈ પટેલ જે મારા સહાધ્યાયી અને નજીકના મિત્ર (અમે એમને એ વખતે 'એન.ટી'ના ટૂંકા નામે સંબોધતા)ને છેલ્લે હું ભારત આવ્યો ત્યારે એમની ગાંધીનગરની ઑફિસે મળવાનું થયેલું. ઘણાં વર્ષો પછી રૂબરૂ મળીને ખૂબ ઉમળકો વ્યક્ત કરતાં કરતાં અમે કડી સંસ્થાનાં જૂનાં સંસ્મરણો અને ગુરુજનોને પ્રેમથી યાદ કરતા હતા.

શ્રી મોહનભાઈસાહેબે એક આદર્શ શિક્ષક, અધ્યાપક ઉપરાંત ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં એક લબ્ધપ્રતિષ્ઠ લેખક તરીકે પોતાનું નામ અંકિત કર્યું છે અને હાલ સામાજિક ક્ષેત્રે પણ તેઓની સેવા અવિરત ચાલુ છે. એમનાં ઘણાં પુસ્તકો મેં રસથી વાંચ્યાં છે અને એમના સાહિત્ય ક્ષેત્રના પ્રદાન બદલ એક ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે ગૌરવની લાગણી અનુભવી છે. આવા એક આદર્શ ચિર-સ્મરણીય ગુરુ શ્રી મોહનભાઈનું અમૃતપર્વ ઉજવાય એ સર્વ રીતે ઉચિત છે. આ અમૃતપર્વ પ્રસંગે પ્રગટ થનાર સ્મરણિકા ગ્રંથ માટે આ લેખ મોકલી આપતાં ખૂબ આનંદ અનુભવું છું. પ્રભુ એમને નિરામય દીર્ઘાયુષ્ય બક્ષે, અને એમના હસ્તે ગુજરાતી સાહિત્ય અને સામાજિક ક્ષેત્રે હજુ પણ સુંદર સેવા થતી રહે અને એમની વિકાસયાત્રા અખંડ ચાલુ રહે એવી મારા હૃદયની શુભકામના સાથે તેઓશ્રીને અભિવાદન અને વંદન કરી વિરમું છું.

# સ્મરણિકા

ચીમનભાઈ પટેલ 'ચમન'
(ભૂતપૂર્વ વિદ્યાર્થી - કડી - ૧૯૫૨)

સર્વ વિદ્યાલય કડીના મારા સાત વર્ષના શિશુ ળનું એ છેલ્લું વર્ષ ૧૯૫૨ હતું કે જ્યારે શ્રી મોહનલાલસાહેબ અમદાવાદથી કડી આવ્યા હતા ને અમારા વર્ગના ગુજરાતીના એ અધ્યાપક બન્યા હતા. મોટા શહેરની ફેશન પ્રમાણે એઓ નાની મોરીનું ટાઈટ પૅન્ટ પહેરેલા અમને ગુજરાતી ભણાવતા હતા. એમની ચશ્માની ફ્રેમ જાડી જ હતી. એ વખતની ફેશન પ્રમાણે આશરે ચાળીસ (૪૦) વર્ષ પછી શ્રી મોહનભાઈસાહેબને એમના નિવાસસ્થાને મેં ધોતીમાં પ્રત્યક્ષ જોયા. પૅન્ટવાળી એ મુદ્રાને આટલા વર્ષોના ભાર નીચે પણ ભૂલી નથી ગયો! પૅન્ટ અને પાટલી (ધોતી)ના એ ગાળામાં થયેલી એમની પ્રગતિથી હું મોડા મોડા વાકેફ થયો. શ્રી મોહનલાલસાહેબની નિકટ આવવામાં મારા પ્રથમ પુસ્તક 'હળવે હૈયે'એ જ ભાગ ભજવ્યો છે.

અમેરિકામાં બેઠાં બેઠાં એક મિત્ર દ્વારા મેં 'હળવે હૈયે'નું મટિરિયલ સાહેબને મોકલ્યું. એક અમદાવાદી હોવા છતાંયે એમણે એમના સ્વાર્થનો વિચાર કર્યા વગર એ મટિરિયલ સ્વીકારી તો લીધું એટલું જ નહીં પણ, એ બધાનું વાંચન કરી, લેખોની પસંદગી કરી, ગોઠવણ કરી, પ્રસ્તાવના લખીને એ મટિરિયલને પ્રેસના પગથિયા સુધી પહોચાડ્યું. પુસ્તકનાં શીર્ષક,પ્રૂફ રિડિંગ, મુખપૃષ્ઠ માટેના કલાકાર વગેરેની સંભાળ એમણે પોતાના પુસ્તકની જેમ લીધી છે એ કોઈ માનવા તૈયાર નહીં થાય. આવા મોટા સાહિત્યકાર પાસે સમ ખાવાનો સમય જ્યારે ન હોય ત્યારે મારા જેવા દૂર બેઠેલાને આ રીતે મદદ કરવી એમાં, મને શ્રી મોહનલાલસાહેબ કોઈ અનેરી વ્યક્તિ લાગી છે. કર્મનિષ્ઠ અને ધ્યેયનિષ્ઠ એ વ્યક્તિથી હું અંજાઈ ગયો છું.

એમના નિવાસસ્થાને જ્યારે પ્રથમ એમને મળવાનું થયું ત્યારે 'હળવે હૈયે'માં આપેલા એમના સમય અને આર્થિક ખર્ચા પેટે મારે કંઈક આપવું હતું. એ અંગે હું વાચા ખોલું તે પહેલાં જ એમણે પુસ્તકના ખર્ચનો હિસાબ કરીને વધેલા પૈસા મને આપવા તૈયાર થયા. ને મારે કંઈક આપવું હતું એ પણ એમણે ન સ્વીકાર્યું.

અમદાવાદમાં આવી વ્યક્તિ મળી રહે ખરી?

શહેરથી ખૂબ દૂર એવી એક જગ્યાપર થઈ રહેલા સ્નેહીના લગ્નમાં આવવા આપેલ આમંત્રણ સ્વીકારીને, ઑટોરિક્ષા કરીને જે હાજરી આપી હતી એ એમની સ્નેહગાંઠનું બળ બતાવે છે ને ઉમદા સ્વભાવનું દર્શન કરાવે છે.

સગવડ કે અગવડની એમણે ચિંતા કરી નથી. કોઈ વેંત નમે તો જ આપણે હાથ નમવું એવું વર્તન એમણે દાખવ્યું નથી. ઓછા બોલવાના સ્વભાવને કારણે એમના મુખથી સામાન્યતઃ ટીકાઓના તણખા ઊડતા જોયા નથી કે સાંભળ્યા નથી.

આવા ઉમદા, કર્મનિષ્ઠ ને ધ્યેયનિષ્ઠ ગુરુવર્યની પાસે લાંબા સમયના શિષ્ય થઈને એમની પાસેથી સાહિત્યજ્ઞાન મેળવાયું હોત તો એમના પગલે પગલે ચાલવાની પ્રેરણા જરૂર મળી હોત.

ગમેતેમ, શ્રી મોહનલાલસાહેબ એમના અમૃતવર્ષમાં પ્રવેશે છે ત્યારે પ્રભુને હું પ્રાર્થના જરૂર કરીશ કે હે પ્રભુ! તું અમારા આ ગુરુવર્યને લાંબી શારીરિક સમૃદ્ધિ આપજે કે જેથી સાહિત્યરસિકો સાહિત્યરસને પીતાં પીતાં થાકે જ નહિ.

# મોહિની મોહનલાલની

પ્રા. કે. બી. ભટ્ટ

શ્રીમંત મહારાજા મલ્હાવરાવની નાનકડી નગરી કડી. એની ગોદમાં મમતા કેન્દ્ર સમાજ અને વિકલાંગોને જોડતી નાની શી કડી. ડૉ. દેવ યોગીના સેવાયજ્ઞની યશસ્થલી, છએક વાર 'કાવ્યગોષ્ઠિ'ના સત્રમાં ઉદ્દઘોષક તરીકે કાર્યવાહી બજાવવાનો મોકો મળ્યો છે. આ પ્રત્યેક પ્રસંગે પૂ. પંડિત મોહનલાલ પટેલસાહેબની ઉપસ્થિતિ સદૈવ ઉલ્લેખનીય રહી છે.

મુ. મોહનલાલ પટેલની પ્રથમ મુલાકાત મારા દિલોદિમાગ પર અમીટ છાપ મૂકી છવાઈ ગઈ. આપશ્રી મારી સંસ્થા 'આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ'માં એક મૉકકોર્ટ ''કલાપી એ એમના સ્ત્રીપાત્રોને ઘોર અન્યાય કર્યો છે.''ના આયોજન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા. ગુજરાતી વિષયના અધ્યક્ષ પ્રો. જે. આર. ચૌધરીસાહેબે તે પ્રસંગે કલાપીના કેકારવમાંથી ખાસ ચુનંદી રચનાઓને ગાઈને પેશ કરવાની તક આપી અને એનો યશ મુ. મોહનલાલની ઉપસ્થિતિને કારણે પ્રાપ્ત થયો. તે દિવસોમાં હું જીવવિજ્ઞાનનો યુવા અધ્યાપક, દરેક કલાપ્રેમી યુવા વ્યક્તિ માટે કલાપી અને કિટ્સ આદર્શ કવિ રહ્યા છે અને રહેશે. એમાંય મોહનલાલજી જેવા સાહિત્યસ્વામી દ્વારા નિર્વ્યાજ પ્રેમાળ પ્રેરણા-પ્રોત્સાહન સાંપડે પછી કોઈ ખીલે નહીં તો કલાકાર નહીં.

આ પ્રસંગથી મારા જીવનમાં એક નવો મોડ આવ્યો. શેર-શાયરીમાં, કાવ્યોમાં, ગાયકીમાં, બંદીશ બનાવવામાં રસ હતો. એમાં ભરતી આવી. આવા પ્રત્યેક પ્રસંગે ઉદ્દઘોષક તરીકે શ્રોતાઓ પર હાવિ થયા સિવાય સુયોગ્ય રીતે સભાસંચાલન કરવામાં એક પ્રકારનો ઔચિત્યસભર સાત્ત્વિક આનંદ પ્રાપ્ત થતો રહ્યો છે. એમાં મુ. મોહનલાલજીએ મારો વાંસો થાબડી મારી પ્રશંસામાં ઉચ્ચારેલ વાક્ય, ''ભટ્ટ વિજ્ઞાનના માણસને સાહિત્યમાં આટલી અભિરુચિ લેતા જાણી આનંદ થાય છે!'' એક મુર્ધન્ય સાહિત્યકારની આટલી વાત મારા માટે He came, He saw & He conqured પુરવાર થઈ ગઈ. હું સદાય માટે એમનો ઋણી થઈ ચૂક્યો. 'ઉદિચ્ય'નું આમંત્રણ આ પ્રસંગ ટાંકવા મારે માટે તક લઈ આવ્યું અને તક ચૂકે તે અભાગિયો.

પ્રયત્નમાં જ સફળતા સમાયેલી છે. વ્યર્થ વિચાર-તરંગોને આધીન થવામાં સમયની બરબાદી છે. ગયેલ સમય પાછો આવતો નથી. સમય સિવાય સર્વ પ્રયત્નથી પ્રાપ્ત થાય છે. ભલે મહાન કાર્ય ન કરી શકાય, મહાનુભાવ ન બની શકાય પરંતુ જીવનને આદર્શ ચીજ બનાવનાર નાના નાના સદ્‌ગુણો ચોક્કસ અપનાવી શકાય. સદ્‌વિચારો જીવનમાંગલ્ય પ્રગટાવે છે. સફળતાનો અધિકાર આપણા ચારિત્ર્યબળ પર અવલંબે છે. મુ. મોહનલાલભાઈ પાસેથી એટલું શીખવા પામ્યો છું કે સમયની કિંમત સમજી પળેપળનો સદ્‌વ્યય કરવામાં જીવનની મહત્તા છે. કામ કોઈ નાનું કે મોટું નથી, ખંત અને નિષ્ઠાપૂર્વક રચ્યાપચ્યા રહેવાથી તરી જવાય છે.

સદ્‌ભાવના રાખી સદ્‌કાર્યો કરીશું તો કર્તૃત્વનો બોજરહિત નિજાનંદ મળી રહે છે. મનુષ્યજીવન એળે ન જાય તેમ વર્તવું અનિવાર્ય છે. વ્યર્થ ભાંજગડ પડતી મૂકી અણીશુદ્ધ, પ્રામાણિક આચાર-વિચાર જીવનને મહત્ત્વ અને માહાત્મ્ય બક્ષે છે. પવિત્ર વાતાવરણ, પવિત્ર વાંચન-ચિંતન, મનન, અધ્યયન, પવિત્ર સોબત આપનાર જીવનને ઉચ્ચત્તર - ઉચ્ચત્તમ બન ાવામાં મદદગાર મોહનલાલને શત શત વંદન.

''કલ્યાણ વાંચ્છા સહુમાં સુષુપ્ત,
તેને જગાડે જન તે ભગીરથ.''

મુ. શ્રી મોહનલાલભાઈ આ ભગીરથ કાર્યનો પુરુષાર્થ કરી અનેકના જીવનમાર્ગની કેડીઓ કંડારી ચૂક્યા છે. આત્મોન્નતિની હવા ચોતરફ પ્રસરાવી છે. યુવાપેઢીને માર્ગદર્શન, હૂંફ, સહકાર અને સથવારો આપ્યો છે. અનેકનાં જીવતર અજવાળી વિચારપૂર્વક જીવન ઘડવાની વૃત્તિ વિકસાવી છે.

આમ મોહનલાલજીને મન ''સાહિત્ય એટલે કેવળ શબ્દોના સાથિયા નહિ, મિથ્યા કલ્પન કે સ્વપ્ન નહિ, જીવનનું પ્રતિબિંબ પાડે તે સાહિત્ય.''

અનેકની જીવનવાટ સંકેલી તે પ્રમાણે આપે અણપ્રગટ્યા ઘરદીવડા પ્રગટાવવા કશુંક કરી છૂટવાનો માનવસહજ ધર્મ અદા કર્યો છે. ઘમંડ અહંકાર ઓછો કરી અનેક યુવા ભાવકોની દીવાદાંડી બની રહ્યા છે.

તું નાનો, હું મોટો,
એવો ખ્યાલ બધાનો ખોટો,
ખારા જળનો દરિયો ભરિયો,
મીઠા જળનો લોટો.

# મેઘધનુ

ઉપેન્દ્ર રાવળ
એડિશનલ સેશન્સ જજ કમ પ્રેસિડન્ટ, ડિસ્ટ્રીક કન્ઝ્યુમર્સ ફોરમ

ચિત્રકાર ચિત્રને સંપૂર્ણ પામવા માટે થોડી થોડી વારે ચિત્રથી દૂર જઈ તેનું અવલોકન કરે છે. માનનીયશ્રી મોહનભાઈસાહેબના કિસ્સામાં પણ ગુરુ તરીકે તથા સાહિત્યવર્તુળના રાહબર તરીકે નજદીકથી જે ચિત્ર ઉપસતું હતું તેથી પણ વિશેષ સુરેખ ચિત્ર અત્યારે ઉપજે છે. તેમનું મેઘધનુ જેવું વ્યક્તિત્વ અત્યારે સુપેરે પામી શકાય છે.

અનેક પ્રસંગો સ્મરણપટ ઉપર ધસમસતા આવે છે. શ્રી મોહનભાઈની મર્મજ્ઞ પ્રતિભાનો એક પ્રસંગ એવો છે : વર્તુળના મિત્રો નવી રચના તેમની આગળ વાંચી સંભળાવતા હતા. મારી લઘુકથા 'વાચા'માં ભિખારણના બાળકને વાચા ફૂટે છે તેનો મા-દીકરીને આનંદ છે પણ બાળક બોલતાં શીખે છે ને ભીખ માગવાનું શીખે છે. તે વ્યંજનાત્મક રીતે મૂકેલું. વાર્તામાં છેલ્લું વાક્ય બાળક બોલે છે 'આપો... બા....' આ છેલ્લું વાક્ય હું વાંચું તે પહેલાં — શ્રી મોહનભાઈસાહેબે પૂર્ણ કરેલું જે વાક્ય વાર્તાનું હાર્દ હતું.

સ્કૂલના દિવસોમાં એક સંનિષ્ઠ શિક્ષક તરીકેની છાપ કાયમ માટે અંકાયેલ રહેશે. એક નવતર પ્રયોગમાં વિદ્યાર્થીની હાજરીમાં જ ઉત્તરવહી તપાસવાનો પ્રયોગ અમે એસ.એસ.સી.માં હતા ત્યારે પ્રિલિમ - પરીક્ષા વખતે થયેલ. શ્રી મોહનભાઈસાહેબ પેપર તપાસતી વખતે સારી બાબતોને પ્રોત્સાહિત કરતા પરંતુ નબળી બાજુને વિદ્યાર્થીને સહેજ પણ ઉતારી પાડ્યા સિવાય મઠારતા હતા.

સમયોચિત હાજર - જવાબીપણાનો એક સ્વઅનુભવ એવો કે મારા મકાનના વાસ્તુ ટાણે ફોટાગ્રાફર મને અમુક રીતે પોઝ આપવા વારંવાર કહેતા. તે વખતે મેં મજાકિયા મૂડમાં સામેની ખુરશીમાં બિરાજમાન શ્રી મોહનભાઈસાહેબને કહ્યું કે, ''સાહેબ, મારી કઈ સાઈડ સારી દેખાશે?'' તેમણે સત્વરે 'અખિલમ્ મધુરમ્'નો શ્લોક તે જ ક્ષણે હસતાં હસતાં વાત્સલ્યભાવથી ટાંકેલો.

વંદનીય પંડિત નહેરુજીના નિધન પ્રસંગે માઈક ઉપરથી સ્કૂલના વિદ્યાર્થી-જોગ સંદેશા વાંચનમાં તેઓશ્રીનો અવાજ લાગણી વિષાદથી રુંધાઈ ગયેલ. તેટલી

હદે તેઓ લાગણીશીલ અને ઋજુ સ્વભાવના હોવાનો પુરાવો છે. તેવો જ માણસ હવાને એવો આદેશ આપી શકે કે, 'હવા! તુમ ધીરે બહો!' તેઓશ્રીના 'લિખિતનાં પાયલાગણ', 'ગતિભંગ', 'છાપું' જેવી લઘુકથાના સર્જક તરીકે તેઓશ્રીએ એક અમીટ છાપ છોડેલ છે.

હાલના સમયમાં ફરીથી તેઓશ્રીનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું છે ત્યારે સાહિત્ય ઉપરાંતનાં અનેક પ્રસંગોની વાત તેમની પાસેથી સાંભળતાં તેમનું મેઘધનુ સમાન વ્યક્તિત્વ માણવાની તક મળી છે.

# શિક્ષણ અને સાહિત્ય: ઉભય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર : શ્રી મોહનલાલ પટેલ

મુકુન્દ પી. શાહ
તંત્રી : નવચેતન, અમદાવાદ

શ્રી મોહનભાઈ પટેલનું નામ એક સિદ્ધહસ્ત વાર્તાકાર તરીકે સાંભળ્યું હતું પણ તેમના પ્રત્યક્ષ પરિચયમાં તો આવવાનું થયું 'નવચેતન'માં તેમની સૌપ્રથમ વાર્તા 'બહાદર' પ્રગટ થઈ ત્યારે સપ્ટેમ્બર, ૧૯૪૯માં.

તેઓ કડી સર્વ વિદ્યાલયના આચાર્ય અને ત્યાંના છાત્રાલયના ગૃહપતિ હતા ત્યારે મુ. સ્વ. ચાંપશીભાઈ સાથે સર્વ વિદ્યાલયના એક સમારંભમાં હું પણ ગયો હતો. ત્યારે તેમનો વધુ પરિચય થયો અને ત્યાર પછી તે સાહિત્ય પરિષદ, જ્ઞાનસત્ર કે કોઈ ને કોઈ સાહિત્યિક સમારંભમાં મળવાનું થતું એ રીતે ધીરે ધીરે નિકટ આવવાનું બન્યું.

'નવચેતન'માં શ્રી મોહનભાઈની ઘણી નવલિકાઓ અને લઘુકથાઓ પ્રગટ થઈ છે. શ્રી ચાંપશીભાઈના અવસાન પછી પણ 'નવચેતન' સાથેનો નાતો તેમણે જાળવી રાખ્યો છે અને મારી વિનંતીને માન આપી 'નવચેતન'ના પ્રત્યેક દિવાળી અંકમાં તેમની એક સુંદર લઘુકથા પણ આપે છે.

તેમણે હાસ્યલેખો લખવા શરૂ કર્યા તે પ્રગટ કરવાનું શ્રેય પણ તેમણે 'નવચેતન'ને આપ્યું.

સ્વભાવે તેઓ ઓછાબોલા છે પણ અત્યંત પ્રેમાળ અને માયાળુ. વિવેકી જબરા. સૌજન્ય તો તેમનામાં ભારોભાર છલકે છે. નાના માનવીને પણ આદરપૂર્વક બોલાવે છે. માત્ર વિદ્યાર્થીઓનો જ નહિ; વાલીઓ, શિક્ષકોનો પ્રેમ પણ સંપાદન કર્યો છે. તેમની આંખોમાં હંમેશાં પ્રેમ ડોકાયા કરે છે.

કડીએ ગુજરાતી સાહિત્યને સમર્થ લઘુકથાકારો આપ્યા છે, તેનો યશ શ્રી મોહનભાઈને ખુશીથી આપી શકાય. સાહિત્યક્ષેત્રે તેમનું પ્રદાન કોઈ એક પ્રકાર પૂરતું મર્યાદિત રહ્યું નથી પણ લઘુકથા, નવલિકા, નવલકથા, નિબંધ, ચરિત્ર, પ્રવાસ, વિવેચન, અનુવાદ તેમજ સંપાદન અને શૈક્ષણિક ક્ષેત્રને લગતાં પ્રકાશનોમાં

પણ તેમની કલમે સફળતાપૂર્વક ખેડાણ કર્યું છે.

તેમના હાથે તૈયાર થયેલા વિદ્યાર્થીઓ દેશ-પરદેશમાં ઉચ્ચ સ્થાનોએ પહોંચ્યા છે ને તેનો યશ તેઓ શ્રી મોહનભાઈને આપે છે.

શ્રી મોહનભાઈ સિદ્ધહસ્ત સાહિત્યકાર, આદર્શ આચાર્ય, ગૃહપતિ, કુશળ આયોજક તો છે જ પણ તેઓ એક સાચા માનવી છે અને તેનું મૂલ્ય મારે મન વધુ છે. પંડિતાઈનો લેશમાત્ર ભાર રાખ્યા વિના તેમને સોંપેલું કાર્ય તેઓ નિષ્ઠાપૂર્વક કરે છે. આવા મોહનભાઈનો પ્રેમ હું જીતી શક્યો છું. તેને મારું સદ્ભાગ્ય માનું છું.

સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે તેમનું પ્રદાન વધુ ને વધુ ગૌરવશાળી નીવડે અને તેમને યશ મળે તથા તેઓ નિરામય દીર્ઘાયુ ભોગવે તેવી પરમકૃપાળુ પરમેશ્વરને મારી પ્રાર્થના છે.

# મોહનલાલ પટેલ

આચાર્ય ઈશ્વરભાઈ જી. પટેલ

સને ૧૯૪૮નો સમય. બરોડા કૉલેજમાંથી છૂટ્યા પછી, વડનગર અને બલોલ જતાં પહેલાં છ-આઠ માસ માટે મારે શિક્ષક તરીકે સર્વ વિદ્યાલય, કડી હાઈસ્કૂલમાં જોડાવાનું થયેલું. તે સમયે આચાર્ય તરીકે પુણ્યનામા સ્વ. નાથાભાઈ દેસાઈસાહેબ જેમણે એકાકી એવા મને નિવાસ માટે ભાની રૂમ આપેલી. તે સમયે મોહનભાઈસાહેબ ત્યાં શિક્ષક તરીકે.

સવારની શાળા પછી ઉનાળાના બપોરનો મીઠો આરામ કર્યા પછી, નિદાઘના દિનાન્તરમ્ય સમયે આશ્રમમાં એક શિક્ષક મિત્રે બીજાને કહ્યું, 'ચાલો મોહનભાઈને મળીએ'. તેમણે મને પણ સાથે લીધેલો.

કુંજમાં વરંડા પાસેનું બેએક રૂમનું મકાન. 'સાહેબ છે કે?' અમે બહાર મૂકેલા કૉટ પર ગોઠવાયા. 'એ હા, આવો, આવો.' અંદરથી અવાજ પાછળ જ હાસ્યથી મઢેલા પૂર્ણપ્રફુલ્લિત ચહેરા સાથે, ધીમા પગે આવી, મુસ્કરાટ અને આવકારના મિશ્રણથી અમને ભીંજવી દીધા. મારા આશ્ચર્યનો પાર નહીં. આવું નિર્મળ હાસ્ય પાકટ માણસોમાં આજ સુધી ક્યાંય જોયેલું નહીં. શ્રી મોહનભાઈના વ્યક્તિત્વની એ સહજ ચુંબકીય વિશેષતા છે. એ જ ચુંબકીય ક્ષેત્ર એમના પરિચિતોને વહાલું. આજે પણ એમના વ્યક્તિત્વનું એ સહજ ધન સચવાઈ રહ્યું છે. તાજા બનવું હોય તો મોહનભાઈને મળો.

વર્ષો સુધી તેઓ ગૃહપતિ, શિક્ષક અને આચાર્ય રહ્યા. તેઓ કહેતા —ગૃહપતિનું કાર્ય શિક્ષક-આચાર્યના કાર્યથી દોઢા મહત્ત્વનું છે. અને એ રીતે તેમની નિશ્રા, નજર અને હાજરીમાં અનેક વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર થયું છે તે મોટી વાત છે.

આચાર્ય તરીકે એ સૌના સમભાવી અને પ્રેરક રહ્યા. શિક્ષક તરીકે ગુજરાતી, અંગ્રેજી, ભૂગોળ, ઇતિહાસના ખૂબ તલસ્પર્શી શિક્ષક. તે વિષયોની તેમની સાથેની ચર્ચામાં પણ મજા આવે. શ્રી ભોળાભાઈ — આજના લેખકના તે ગુરુ અને પ્રેરક.

લેખક તરીકે નવલકથા, નવલિકા, લઘુકથા, વિવેચન વગેરેના સર્જનમાં

તેમને આશ્રમનું શાંત વાતાવરણ ખૂબ અનુકૂળ આવ્યું. બીજે હોય તો સાહિત્યમાં આટલું પ્રદાન કરવાની અનુકૂળતા હોત કે કેમ?

કાવ્યના મર્મજ્ઞ, મારા સૉનેટની અવારનવાર નવસર્જિત કૃતિ તેમને મોકલવાનું મન થાય તેવા તે ઉત્તમ ભાવક. કાવ્યને તેઓ બરોબર માણે, આત્મસાત્ કરે અને પછી તેનો પ્રતિભાવ અઠવાડિયામાં આવી જાય. ઉત્તમની પ્રશંસા અને જરૂર જણાય ત્યાં માર્ગદર્શન પણ હોય. બલોલથી આચાર્ય - ફરજે કડી જવાનું થાય ત્યારે મોહનભાઈને માણું. ભૂગોળ-ઇતિહાસ-સંસ્કૃતિના આવા અભ્યાસી ભાગ્યે જ મળે.

હૃદયના સરળ, જ્ઞાનનો ગર્વ નહીં અને નિર્મળ હાસ્યથી સૌને નવડાવતા એવા મોહનભાઈ સર્વ વિદ્યાલય અને સૌના પ્રિય છે. સર્વ વિદ્યાલયનું ઘરેણું છે. નિરોગી રહી ઘણું લાંબું જીવો.

# સહૃદયી - સંવેદનશીલ સર્જક

પ્રજ્ઞા પટેલ

ઉત્તર ગુજરાતની ભૂમિએ કેટકેટલાં ઊજળાં નામ આપ્યાં છે!!! એની લેવાવી જોઈએ તેટલી નોંધ કદાચ કોઈએ લીધી નથી. ગુજરાતી સાહિત્ય જેમનાં સર્જનથી સમૃદ્ધ બન્યું છે એવા પ્રથમ પંક્તિના, વંદનીય એવા ઘણાબધા સર્જકો ઉત્તર ગુજરાતના! સાહિત્ય, શિક્ષણ, સેવા, વેપાર-સાહસ — ગમે તે ક્ષેત્રની વાત હોય, ઉત્તર ગુજરાતનું પ્રદાન અનન્ય-અમૂલ્ય, પણ આ હરખાવા જેવી વાતનો હરખ કેમ છાનો?? આ ધબકાર કેમ અજાણ્યા-ઉપેક્ષિત જેમ રહે છે?? ક્યારેક મનમાં આવા પ્રશ્ન જાગે, આક્રોશ થાય... પણ મારું તો વળી ગજું કેટલું?? નહીં તો ડૉ. વસંત પરીખ, એમનું તો સમગ્ર જીવન જ સેવાયજ્ઞ સમું, સાહિત્યક્ષેત્રે પણ મૂલ્યવાન પ્રદાન... તેઓ બીજા પ્રદેશ - રાજ્ય - ભાષાના હોત તો કદાચ... પ્રજાએ-ભાવકોએ 'આ અમારા સર્જક', 'આ અમારા...' કહી એમનાં સન્માન કરી, ધન્યતા અનુભવી હોત! પણ...

ઉત્તર ગુજરાતના ધબકાર સમા આવા જ એક સહૃદયી, સરળ, સંવેદનશીલ સર્જક એટલે શ્રી મોહનલાલ પટેલ. એમના સમગ્ર વ્યક્તિત્વમાંથી સાદગી, સહજતા અને સૌજન્યશીલતાની મહેક ઊઠે. કેળવણીકાર, નવલકથાકાર, વાર્તાકાર ઉપરાંત લઘુકથા સ્વરૂપના જનક તરીકેની એમની આગવી ઓળખ. લઘુકથાનું સ્વરૂપ પરિચિત-સ્વીકાર્ય બને, વિકસે અને સ્થિર થઈ સમૃદ્ધ બને એ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. કડીમાં અને બીજે અવારનવાર લઘુકથા સંદર્ભે પ્રકાશનો, પરિસંવાદો વગેરે યોજવામાં એમની ભૂમિકા મહત્ત્વપૂર્ણ.

વર્ષો પહેલાં સિદ્ધપુર સાહિત્યવર્તુળે એમને આમંત્ર્યા હતા. ત્યારે અમારા ઘેર તેઓ આવેલા. એ પ્રથમ દર્શન એમનું. એ પરિચય પછી ઘણીવાર એમને મળવાનું બન્યું. એક સર્જકમાં સતત ધબકતો માણસ... એની નમ્રતા... સાલસતા હંમેશ જોવા મળ્યાં, એમના તરફના આદરનો આંક ઊંચો જ વધતો રહ્યો છે. મારા પિતા સ્વ. આત્મારામભાઈને એમના માટે ઘણો અદકેરો આદરભાવ. એમની સાથે પત્રવ્યવહારમાં પણ રહે. તેઓ એમને મળવા ઘણી વખત કડી, પાટણ, અમદાવાદ સુધી પણ જઈ આવતા. પાટણ ગયા હોય ને મોહનભાઈના ત્યાં

મજાનું આતિથ્ય માણ્યું હોય તે ઘેર આવી સવિસ્તર એ મને કહેતા. એક વખત એમણે કહેલું તે મને આજેય એવું જ યાદ છે, ''આજે તો પાટણ મોહનભાઈના ઘેર જઈ આવ્યો. ઘણી વાતો કરી. એમને ઈતિહાસ, શિલ્પ-સ્થાપત્યમાં ઊંડો રસ છે. અરે, નાસ્તામાં એમના ઘેર શું પીરસાયેલું ખબર છે? કાજુ-બદામ-અંજીરનો નાસ્તો આગ્રહ કરીને કરાવ્યો...'' કદાચ, મોહનભાઈને તો આ વાત યાદ પણ નહીં હોય, પણ મારા બાળમાનસમાં તે ઝિલાયેલી છે. અહીં મારે મન કાજુ-બદામનું મહત્ત્વ નથી, પણ ઘેર આવનાર માટે તમારી ભાવના કેવી છે, ઉમળકો કેવો છે... એ કારણે એ દૃશ્ય એવું જ સ્મૃતિમાં છે. આ જ છબિ એમની મેં હંમેશાં ઝીલી છે.

એમણે ઘણી વાર્તાઓ લખી છે. સીધી, સરળ, સહજ ભાષા. વિગતવર્ણન-પ્રચુરતા જરાય નહીં. ટૂંકાં વાક્યો અને સંવાદો. છતાં, વાર્તાપ્રવાહ એકધારે વહેતો જાય. બિનજરૂરી શબ્દલીલા તો જરાય નહીં. સીધી વાત તરફ ગતિ કરતો કથનપ્રવાહ. લય ઝીલી શકાય એવો. પાત્રો પણ પોતાના જગતનાં, પરિચિત, પાડોશી હોય એવાં લાગે. ક્યાંય, કશું પરાણે આણેલું - બંધબેસાડેલું કે ઉછીનું ન લાગે. સમાજ, સંસ્કાર, શિક્ષણ, સંસ્કૃતિની વાત હોય. મૂળે એ સંવેદનાના માણસ. સર્જકમાત્ર સંવેદનાથી પ્રેરાઈને જ લખતો હોય, છતાં કેટલાક સર્જકો માટે જ એમ લખવા પ્રેરાઈએ કે 'એ સંવેદનાના માણસ'. આમ કેમ? એ પ્રશ્ન કદાચ સહુએ પોતાની રીતે ઉકેલવાનો રહે! જિવાતા જીવનની વાત એમની વાર્તામાં સંભળાય. માનવમનનાં અતલ ઊંડાણો, જીવનનાં વિધવિધ સંબંધો, સંબંધોનાં વિવિધ સમીકરણો, સાંપ્રત જીવનવ્યવહારો — જીવન સાથે જોડાયેલી-જડાયેલી આ અને આવી બધી સૂક્ષ્મ બાબતોનું એમની વાર્તામાં- પાત્રોમાં ખૂબ ઝીણું નકશીકામ એ કરી જાણે. ક્યાંય દાંભિકતા-આછકલાઈ-પ્રયોગખોરીની જગ્યા નહીં. 'હું આ લખું છું, આમ લખું છું, આ મને પ્રેરિત છે' એવી કોઈ સર્જકીય સભાનતા એમના કોઈ પણ લખાણમાં જણાય નહીં, એવા એ સહૃદય સર્જક.

પ્રેમી હૃદયની વાત હોય કે પર્યાવરણના કોઈ મુદ્દાની — સૂક્ષ્મ ઈંગિતો એમની વાર્તામાં, વાર્તાગૂંથણીમાં એવા વણાઈ જાય કે, ધીરે ધીરે પોત વણાતું જાય, વણાતું જાય અને છેલ્લે એક આખી ભાત મળે. ઝબકાર થાય. આ એમની વાર્તાની શૈલી. વાર્તાપ્રવાહ કૂદકા ન મારતો હોય, કે પછી તે ફંટાઈ પણ ન જતો હોય. ધાર્યું નિશાન તાકતી એમની લેખનશૈલી. એમની ઘણી વાર્તાઓ વિશે વિગતે વાત થઈ શકે, પરંતુ મારે તો એમની સહૃદયતા-સહજતા વિશે વાત કરવી છે.

એમની એક વાર્તા ખૂબ ગમી ગયેલી. સોસાયટી બની નહોતી ત્યારે ખેતર હતાં. ત્યાં એક ખેડૂતના ખેતરમાં જામફળીનાં ઝાડ હતાં. એનાં જામફળ અતિશય મીઠાં હતાં. એ ખેતરનો ખેડૂત સોસાયટી બન્યા પછી રોજ એક બંગલાના કંપાઉન્ડ આગળ આવે, બેસે, ટગર ટગર જોયા-વિચાર્યા કરે... જામફળનો છોડ વાવવા

કહે.... કરંડિયામાં જામફળના રોપા લઈ આવે છે... લેખક મુંઝાય છે. આ માણસ ગાંડો છે?... પરંતુ એની પાછળનું કારણ કંઈક જુદું જ હોય છે. ભૂમિ સાથેનો, મૂળિયાં સાથેનો લગાવ... વાર્તાનું નામ છે : 'કોણ હતો એ માણસ?'

'અંતિમ દીપ' એમની ઘણી જાણીતી નવલકથા. મારા પિતા એને 'સોશિયોહિસ્ટોરિકલ નૉવેલ' કહેતા — સામાજિકૈતિહાસિક. સામાજિક તથા ઐતિહાસિક — બંને પ્રતિબિંબ ઝીલતી નવલકથા. મારા પિતાએ ખાસ આગ્રહ કરીને મને વાંચવા કહેલું. એમણે તો ઘણી વખત વાંચી હશે, નોંધો કરી મોહનભાઈ સાથે ચર્ચા પણ કરી હશે. આ ભૂમિ, અહીંનું જીવન, સંસ્કાર-પરંપરા સાથે એમને ઊંડી નિસબત. એ નિસબત એમના સર્જનમાં પણ કળાય છે.

તેઓ અભ્યાસી અને નિષ્ઠાવાન સર્જક તથા કેળવણીકાર. નાની નાની વાતમાં પણ ઘણી ચીવટ રાખે. ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા છે, જેમને એમની કાર્યકુશળતા, કુશળ સંચાલનનો લાભ મળ્યો હશે.

સામેની વ્યક્તિને ઘણા લોકો એનાં પદ-પ્રતિષ્ઠાથી ઓળખે, એ રીતે વ્યવહાર નિભાવે. જ્યારે મોહનભાઈની એ વિશેષતા કે, તેઓ સામેની વ્યક્તિને કદી એનાં પદ-પ્રતિષ્ઠાથી તોલે નહીં. એ જ સરળ-સહજ-સહૃદયી ભાવ. જ્યારે જ્યારે પણ એમને મળવાનું બને, ક્યારેક રૂબરૂ કે દૂર-વાણી.... એ હંમેશ આત્મીય વડીલ જ લાગ્યા. આ એમના વ્યક્તિત્વનું-જીવનનું જમા પાસું છે. ઉત્તર ગુજરાતના આ સન્માનનીય-સહૃદયી સર્જકને હૃદયથી વંદન... ખૂબ ખૂબ શુભેચ્છાઓ... અમૃતપર્વની ઉજવણી નિમિત્તે.

# પરમ શ્રદ્ધેય ગુરુવર્ય સહૃદયી શિક્ષક

ડૉ. એન. જી. પટેલ

શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિના સ્મરણિકાગ્રંથ માટે લેખ મોકલવાના આમંત્રણથી પૂજ્ય ગુરુવર્ય પટેલસાહેબ સાથેના વર્ષ ૧૯૫૧-૫૨થી વર્ષ ૧૯૫૬-૫૭નું સ્મરણ વાગોળવાનો આ મહામૂલો અવસર પ્રાપ્ત થયો છે એ મારું અહોભાગ્ય છે.

બાવળા ગામના (જિ. અમદાવાદ) સ્વ. નાથાલાલ દેસાઈ તે સમયે કડી સર્વ વિદ્યાલયના પ્રિન્સિપાલ હતા. તેઓ કોઈ સામાજિક કામે નાયકા ગામે (જિ. ખેડા) આવ્યા ત્યારે મારા બાપુજીને પૂછ્યું : ''નટવર ક્યાં ભણે છે?'' પછી તેમણે સર્વ વિદ્યાલય કડી અને કડવા પાટીદાર સમાજ અંગે વાતો કરેલી. ફલસ્વરૂપે મારે ધો.૮માં ડી.એન. વિદ્યાલય, આણંદ જવાને બદલે કડી સર્વ વિદ્યાલયમાં જવાનું નક્કી થયું.

કડીનો કડવા પાટીદાર આશ્રમ (છાત્રાલય) એટલે એક તપોભૂમિ. ધૂણી ધખાવીને બેઠેલા છગનભાનું બાવલું છાત્રાલયના અગ્ર ભાગે હતું. અમારે માટે વિશાળ છાત્રાલય, ભોજનાલય અને રમતગતમનાં મેદાન હતાં. શિક્ષકગણ માયાળુ, અભ્યાસી અને પિતાતુલ્ય વાત્સલ્ય ધરાવનારા હતા.

ઊંચા, ધોતી અને ઝભ્ભાધારી, નખશિખ સજ્જન અને મુખ પર સદાયે રમતું હાસ્ય. બોલવામાં સ્વાભાવિક લઢણ અને પ્રેમપૂર્વકનો વાણીવ્યવહાર એટલે પૂજ્ય ગુરુવર્ય શ્રી મોહનલાલ પટેલસાહેબ. શિક્ષક અને ગૃહપતિ તરીકે સમય અને શિસ્તના આગ્રહી.

સવારે કસરત માટે ચેતવણી અર્થે ઘંટ વાગે. કેટલાય આળસુ અને એદી વિદ્યાર્થીઓ પથારી છોડે નહીં. ચતુરભાઈસાહેબ (વ્યાયામ શિક્ષક), મોહનલાલ પટેલસાહેબ, રામભાઈસાહેબ, અંબાલાલસાહેબ વગેરે છાત્રાલયની રૂમે રૂમે ફરે. ચતુરભાઈસાહેબની સોટી (પણ પ્રેમથી) કેટલાયને વાગી હશે, અંબાલાલભાઈના ગુસ્સાના પણ કેટલાક ભોગ બન્યા હશે પરંતુ અજાતશત્રુ એવા મોહનલાલ પટેલસાહેબે અરુચિકર સ્વભાવ, વર્તન કે વાણીનો કોઈ અનુભવ રાખ્યો નહીં હોય.

એક દિવસ પિક્ચર (સિનેમા)ના શોખીન વિદ્યાર્થીઓએ રાત્રે છેલ્લા શોમાં

ચોરી-છૂપીથી જવાનું ગોઠવ્યું. સ્કૂલ - અભ્યાસ હોય કે છાત્રાલયમાં નિવાસ હોય, છાત્રાલયની ઑફિસમાં જવાબદાર કર્મચારી કે સાહેબ અવશ્ય હાજર હોય. સિનેમા જોવાની મંજૂરી મળે નહીં એટલે સારા પિક્ચર માટે કેટલાક ચોરી-છૂપીથી છાત્રાલયમાંથી બહાર નીકળી ગયા. આશ્રમની બહાર નીકળ્યા એટલે થોર કે તારની વાડમાં પાડેલા ગાબડામાંથી કડી રેલવે સ્ટેશનના પ્લેટફૉર્મને વટાવી કડી ગામનો રસ્તો. અમે સ્વતંત્ર માણસ તરીકે સિનેમાની મોજ માણી. રાત્રે બાર પછી પરત થયા. રાત્રે છાત્રાલયમાં ગેરહાજર વિદ્યાર્થીઓની જાણ ગૃહપતિઓને થઈ ગઈ હતી. મુખ્ય દરવાજે બૅટરીનો પ્રકાશ મારા પર પડ્યો. બાકીના આઘાપાછા થઈ ગયા. હું ભાગ્યો નહીં. બૅટરીના પ્રકાશમાં હું જ પકડાયો. મોહનલાલ પટેલસાહેબ બોલ્યા:''સવારે ૮-૦૦ વાગે ઑફિસમાં મને મળો.''

સવારે ઑફિસમાં મોહનલાલ પટેલસાહેબ સામે નત-મસ્તકે હું ઊભો હતો. સાહેબ બોલ્યા: ''તમે બધા ચોરી-છૂપીથી પિક્ચર જોવા ગયા. છાત્રાલયની શિસ્ત તમોએ પાળી નથી. તમારો આ પ્રથમ વાંક છે. તમે સારા અને સુખી ઘરના સંતાન છો. હંમેશાં ખાદી પહેરો છો. ભણવામાં હોશિયાર છો. સંસ્કારો અને નીડરતા તમારી મૂડી છે. તમે આ ભૂલ કરી એ મને ગમ્યું નથી. તમે પાંચ રૂપિયા દંડ ભરી દેજો. જાવ.''

મેં દલીલ કરી ''મારી સાથે બીજા પણ હતા. કેટલાક તો સિનિયર પણ છે જેઓ તમને જોઈ ભાગી ગયા. તેમનો દંડ લેવાના છો?'

''પહેલાં તો તેમને શોધી કાઢવા પડશે. તેમનો પણ દંડ થશે.''

''એ બધા દંડ ભરશે તો હું પણ દંડ ભરીશ.'

''તમે સારા વિદ્યાર્થી છો. તમને આ દલીલ શોભતી નથી. ભલે, તમે હવે જાઓ. તમારો દંડ હું ભરી દઉં છું.''

આ દરમ્યાન ઑફિસ બહાર વિદ્યાર્થીઓની ચહલપહલ ચાલુ હતી. અંદર શું ચાલે છે એ જાણવાની સૌને ઇંતેજારી હતી.

આશ્રમની શિસ્તનો ભંગ થયો. હું દોષિત હતો છતાં દંડ ન ભરું તે કેમ ચાલે? મારા મનમાં ગડમથલ ચાલ્યા કરે. દોષિત મિત્રો મૂછમાં હસે.

બે દિવસ પસાર થઈ ગયા. પટેલસાહેબ અને હું સામસામે આવીએ પણ એમના મુખ પર મારા તરફનો કોઈ અભાવ કે ગુસ્સો શોધે જડે નહીં.

મેં દંડ ભરી દીધો. પાછળથી પકડાયેલાના દંડ પણ ભરાયા.

ચિ. અ. સૌ. જલધારા (વડોદરા) એ પટેલ સાહેબની દીકરી એ સમયગાળા દરમ્યાન જન્મેલ. સાહેબ તેને તેડીને ફરે. અમે પણ તેને રમાડવા લઈએ. એક દિવસ જલધારાને તેડીને તેઓ છાત્રાલયના રૂમે રૂમે ફરતા હતા. કોણ શું કરે છે એ જાણવાનો આ રૂટિન માર્ગ હતો. હું નોટમાં લેશન કરતો હતો. તેઓ મારી પાસે ઊભા રહ્યા. મેં જલધારાને તેડી. નોટમાં મારા અક્ષરો જોઈ તેઓ ખુશ

થયા. પછી બોલ્યા : ''તમારા અક્ષરો સારા, સુંદર અને સુવાચ્ય છે. તમે મારું એક લખાણ સારા અક્ષરે ફરી લખી આપશો? તમારો ફુરસદનો સમય હોય ત્યારે જ મારું કામ હાથ પર લેવાનું. અભ્યાસના ભોગે એ કરવાનું નથી.''

આમ, મોહનલાલ પટેલસાહેબનું લખાણ ''હવા ! તુમ ધીરે બહો ! (૧૯૫૪) સારા અને સુવાચ્ય અક્ષરોથી લખી આપવાનું કાર્ય મેં કર્યું. મારા જીવનની એ ધન્ય ઘડી હતી.

છાત્રાલયમાં સંધ્યા સમયે પ્રાર્થના થતી. મારું ગળું અને અવાજ સારો હતો. પટેલસાહેબે પ્રોત્સાહન આપ્યું: ''હું ચતુરભાઈ સાહેબ (પ્રજ્ઞાચક્ષુ, કે જેઓ સંગીત શિક્ષક હતા)ને કહીશ કે તેઓ તમારી પાસે પ્રાર્થના સમયે 'પ્રભુજીને પડદામાં રાખ મા પૂજારી તારા આતમને ઓઝલમાં રાખ મા' ગવડાવે.''

એક ઊંચા ઓટલા પર પ્રાર્થના સમયે ગૃહપતિગણ અને હારમોનિયમ સાથે સંગીતસાહેબ બેસે. ઓટલાની સામે જમીન પર વિદ્યાર્થીઓ બેસે. બધા પ્રાર્થના ઝીલે અને ગાય. મેં પ્રાર્થના કરાવી અને મોહનલાલ પટેલસાહેબે મને ઊંચે ઉઠાવ્યો. ઑડિયન્સ વચ્ચે ઊભા રહેવાની કેડી પર તેમણે મને દોર્યો.

પાટીદાર છાત્રાલયમાં સાંજે ભોજનમાં ઘણી વખત કડક ભાખરી હોય. આવી કડક ભાખરી કોઈના માથામાં વાગે તો લોહી નીકળે યા ઢીમચું થાય. ઘણી વખત જમતી વખતે ઉશ્કેરાટમાં ભાખરીઓ ઉછળે અને ઝઘડો લાંબો ચાલે. ચતુરભાઈસાહેબ સોટી સાથે હાજર હોય. પણ મોહનલાલ પટેલ ઉશ્કેરાય નહીં, કોઈને ઉતારી ના પાડે, કોઈને અપમાનજનક શબ્દોથી નવાજે નહીં. ઝઘડતા વિદ્યાર્થીઓને ઑફિસમાં બોલાવે, સમજાવે અને સમાધાન કરાવે.

પાટીદાર આશ્રમ અને સર્વ વિદ્યાલયને તેના વિકાસ માટે ફંડ-ફાળાની જરૂર રહેતી. અને કેટલાક ચુનંદા વિદ્યાર્થીઓ ત્રણ-ચાર ટુકડીઓ બનાવીએ અને ઉત્તર ગુજરાતનાં નક્કી કરેલાં ગામોમાં રાત્રે નાટક ભજવીએ અને મનોરંજક કાર્યક્રમો કરીએ. પછી ગ્રામજનો વચ્ચે જઈને ઉઘરાણું કરતા. આશ્રમ માટે અનાજ મળતું અને સંસ્થા માટે નાણાંની મદદ મળતી. આવી કોઈ ટુકડીના નાટકમાં મારું કોઈ પાત્ર હોય. આ ઉપરાંત નાટક શરૂ થાય એ પહેલાં હું ગ્રામજનો સમક્ષ ભજન, દુહા કે કોઈ લોકગીત ગાતો. મોહનલાલ પટેલ સાહેબનો આ બધા કાર્યક્રમોમાં નોંધપાત્ર ફાળો રહેતો.

પાટીદાર આશ્રમ, અમીકુંજ અને સર્વ વિધાલય હાઈસ્કૂલ તે સમયે હતાં. અમે જે ફાળો એકઠો કર્યો તેથી પ્રોત્સાહિત મેનેજમેન્ટને કૉલેજ માટે બાંધકામ શરૂ કરવા વિચાર સ્ફૂર્યો. અમે અમીકુંજની પાછળના ભાગમાં પાયાનું ખોદાણ શરૂ કર્યું હતું. રમતગમતના પિરિયડમાં ઘણું ખોદાણકામ થતું. મોહનલાલ પટેલ-સાહેબ આ શ્રમકાર્ય સમયે સતત હાજર રહેતા.

નાયકા (જિ. ખેડા)માં મારા બાપુજી મુખી હતા. કુટુંબ આગળ પડતું અને

પૈસેટકે સુખી હતું. ઘરે ભેંસ હતી એટલે મારી બા મારા નાસ્તા માટે મગજ, સુખડી, સક્કરપારા વગેરે બનાવી આપે. ઘીમાં લચપચ લાડુ, મગજ વગેરેમાં બદામ, પીસ્તાં, ચારોળી વગેરેનો ભૂકો નાખેલો હોય. ડબામાં પૅક હોવા છતાં એની સુગંધ બધાને લલચાવે. સવારે હું મગજ કે લાડુ ખાતો હોઉં તો મિત્રોને અવશ્ય આપતો. તેમ છતાં તેમની દાઢ સળવળ્યા કરે અને મારી ગેરહાજરી દરમ્યાન તાળું ખોલી ડબ્બા પર હાથ અજમાવે. મગજ કે લાડુ પગ કરી જાય પણ ચોર પકડાય નહીં. મેં મોહનલાલ પટેલસાહેબને, તેઓ ગૃહપતિ હોવાથી ફરિયાદ કરી. મને પ્રત્યુત્તર આપતાં તેઓ હસ્યા હતા: ''જેમણે ઘેર ગરીબી જોઈ હોય, ઘેર જઈને ખેતરમાં મજૂરી કરતા હોય અને શાક-રોટલા ખાધા હોય એમને આવા નાસ્તા પાલવે નહીં. તમે આવું કશું બોલશો નહીં. વૅકેશનમાં ઘેર ખાઈ-પીને આવજો. આને માટે કોઈ સાથે ઝઘડશો નહીં. તેમણે ચોરી-છૂપીથી મગજ ખાધો એ ખોટું છે પણ તમે એમના એ આનંદમાં સહભાગી થાઓ. પંડે ઘસાતાં શીખશો તો જીવનમાં ઘણો આનંદ આવશે.'' આમ જાતે ઘસાઈને ઉજળા થવાની શિખામણ આપનાર મોહનલાલ પટેલસાહેબ હતા.

વર્ષો પછી એમ.જી. સાયંસ ઇન્સ્ટિટ્યૂટના અધ્યાપક તરીકે અને એક પરીક્ષક તરીકે સાહેબને મળવાનું થયું. વર્ષ ૧૯૭૨માં સાયંસ કૉલેજ, કડીના બીજા વર્ષના બાયોલૉજી વિષયની પ્રૅક્ટિકલ પરીક્ષા લેવા ગયો હતો. પટેલસાહેબના સુપુત્ર ડૉ. મયંક ત્યારે વિદ્યાર્થી હતા અને હું પરીક્ષક હતો. રાત્રે સાહેબને ત્યાં ભોજન માટે આમંત્રણ હતું. મેં મોહનલાલ પટેલ સાહેબને મારી રફ લખેલી વાર્તા 'ઓવરટેક' વાંચવા આપી. આ ઉપરાંત લખાણમાં ચાલુ એવી મારી નવલકથા 'ઊભી પગથારે એ ચાલ્યો'નાં શરૂઆતનાં પ્રકરણોની ફાઈલ પણ આપી. બીજે દિવસે તેમણે એની ચર્ચા મારી સાથે કરેલી. એ પછી તો એ વાર્તા 'અર્પણ' માસિકમાં માર્ચ ૧૯૭૩માં છપાયેલી.

'ઊભી પગથારે એ ચાલ્યો' નવલકથાનાં પ્રકરણો તેમણે વાંચ્યાં તેના અનુસંધાનમાં તા. ૨૨-૧૨-૧૯૭૨માં તેમણે મને પત્ર લખી જણાવેલું: ''તમે પેલી નવલકથા મઠારી લીધી હશે. હવે તો પૂરી કરી નાખી હશે. લખવાનું તો ચાલુ રાખશો જ. તમારામાં એ શક્તિ છે. કરમાવા ન દેશો.''

''અધ્યાપક યુગના નિર્માતા છે અને વિદ્યાર્થીએ રાષ્ટ્રનો ભાગ્યવિધાતા છે. એ કથન પર આધારિત મારી નવલકથા જ્યારે સંપૂર્ણપણે લખાઈ ગઈ ત્યારે સત્યાગ્રહ છાવણી, અમદાવાદમાં તેમને બંગલે મળવા ગયો હતો. લગભગ ૧૨૫૦ પાનાની હાથે લખેલી નવલકથા સાહેબે ધીરજથી વાંચી. સુધારા લખીને મને આપેલા. તેમાં રહેલા જાનદાર અને ચોટદાર પ્રસંગો મેં રચેલા. તે માટે તેમણે અભિનંદન આપ્યા હતા.

એ નવલકથા સાહેબને વાંચવા આપી હતી તે દરમ્યાન મારી 'વનની વાટે' નવલકથા રચાતી હતી. તે તુરત જ પ્રસિદ્ધ થઈ. મેં પટેલસાહેબને વાંચવા આપી.

તેમણે મને જણાવ્યું:''ફોરેસ્ટ ઇકોલૉજી, જંગલી પ્રાણીઓ અને એ વિસ્તારમાં રહેતા આદિવાસીઓના ઉત્થાનની આ કથા મને ગમી.'' તેમાં રહેલી ભૂલો એમણે મને સમજાવેલી.

''વનની વાટે'' પ્રથમ આવૃત્તિ ૧૯૯૯, શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, અમદાવાદની પ્રસ્તાવના પાના નં. ૬ પર મેં લખ્યું છે: ''માનનીય શ્રી મોહનલાલ પટેલ લબ્ધપ્રતિષ્ઠિત લેખક અને નવલકથાકાર તથા ભૂતપૂર્વ આચાર્ય, સર્વ વિદ્યાલય કડી (ઉત્તર ગુજરાત)ના આશીર્વાદથી મેં સાહિત્યક્ષેત્રે પા-પા પગલી ભરી છે. મારામાં રહેલાં સુસુપ્ત બીજને તેમણે પોષણ આપી અંકુરિત કર્યાં છે. હું એમના ચરણસ્પર્શ કરી આશીર્વાદ ચાહું છું.''

તાજેતરમાં, તા. ૧૩-૪-૨૦૦૧ના, ગુડ ફ્રાઈડેના દિવસે પટેલસાહેબે મને તેમની લખેલી 'સાહિત્ય સંકેત (પ્રથમ આવૃત્તિ, ૨૦૦૧) ભેટ આપીને કહેલું : ''આ પુસ્તક તમને તમારા ભવિષ્યનાં લખાણોમાં ઉપયોગી થશે.''

'ઊભી પગથારે એ ચાલ્યો' માટે કયા પ્રકાશકનો સંપર્ક કરું?''ના ઉત્તરમાં એમણે રન્નાદે પ્રકાશનવાળા શ્રી મનહરભાઈ મોદીને મળવા સૂચવ્યું.

આમ સમગ્રતયા, વર્ષ ૧૯૫૧-૫૨થી વર્તમાન વર્ષ ૨૦૦૧ સુધીનો સમયગાળો મોહનલાલ પટેલસાહેબ સાથેનો મારો નાતો સાતત્ય ધરાવતો અને જીવંત રહ્યો છે. આવા ગુરુવર્યના ચરણમાં રહેવું અને સાહિત્યની એ ગંગોત્રી પાસેથી આચમન લેતા રહેવું એ અને ઉપર્યુક્ત બધું મારા જીવનનાં મૂલ્યવાન સંસ્મરણોમાં રાચવું, એ મારાં ધન્યભાગ્ય છે એમ હું સમજું છું.

# સૌજન્યમૂર્તિ મોહનભાઈ

ડૉ. દેવ યોગી
પ્રમુખ : મમતા કેન્દ્ર (અપંગ સેવાસુંકલ) નાની કડી, કડી

૧૯૬૮નું વર્ષ હતું. હું કડી સાયન્સ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયો. એ વખતે પીતાંબર પટેલ 'આરામ'માં. કડીના સાહિત્યવર્તુળનો એ સુવર્ણકાળ હતો. ગુજરાતી સાહિત્યમાં કડી સાહિત્ય વર્તુળ છવાઈ ગયું હતું. સાહિત્ય વર્તુળનું પ્રેરણાબળ હતું મોહનલાલ પટેલ. 'લઘુકથા'ના પિતા. લઘુકથાથી કડી વર્તુળસાહિત્ય અને કડીને નામના મળી. વળી કડીમાં મને ખેંચી લાવનાર દાસકાકા. એટલે પહેલેથી જ મોહનભાઈનો સંપર્ક થયો. વળી મોહનભાઈનાં બે સંતાનો ડૉ. મયંક અને ચિ. જલધારા એ વખતે કૉલેજમાં ભણતાં.

મને પણ લખવાનો શોખ. મેં 'જીવનના વિશ્વકર્મા' વિજ્ઞાનલેખ નવચેતનમાં મોકલ્યો. છપાયો. પછી 'લગે ન દૂજો ડાઘ!' વાર્તા મોકલી. એ પણ છપાઈ. પછી તો નવચેતનમાં મારી વાર્તાઓ સળંગ છપાતી રહી. એમાંની એક વાર્તા હતી: 'મોટાંબેન'. હું આ વાર્તા લઈને મોહનભાઈ પાસે ગયો. વાર્તા વાંચી એમણે મને કહ્યું:' યોગીસાહેબ, આમાંથી તો નવલકથા લખી શકાય એવું છે. તમે એ લખો.' અને સાચે જ એમાંથી મારી પહેલી નવલકથા 'પુનર્મિલન'નું નિર્માણ થયું. એની પ્રસ્તાવના પણ મોહનભાઈસાહેબે જ લખી. એ વખતે તેઓ વાર્ષિક પરીક્ષા અને બીજી અનેક જવાબદારીઓમાં ગુંથાયેલા હતા છતાં ખાસ સમય કાઢીને, રાત્રે જાગીને પ્રસ્તાવના લખી. એ નવલકથાનું વિવેચન પુષ્કર ચંદરવાકરે રાજકોટ રેડિયો ઉપરથી કર્યું.

ધીરે ધીરે અમારો સંબંધ વિકસતો રહ્યો. જ્યારે એમને થોડી નવરાશ હોય ત્યારે સામેથી ફોન કરી મને બોલાવે. અમે સાથે બેસીએ. સાહિત્યની અને બીજી અનેક વાતોની ચર્ચા થાય.

મુ.શ્રી મોહનભાઈસાહેબનો એક અતૂટ નિયમ હતો. દરરોજ સાંજના નાની કડીના રસ્તે ફરવા જવાનો. તેઓ રસ્તાની આજુબાજુની વનસ્પતિનું અવલોકન કરે. તેમને ગમે તે ફૂલની ડાળી લેતા આવે. પછી એના વિષે મને પૂછે.' 'બોકન'નું ફૂલ એમને ખૂબ ગમતું. 'રગત રાયડો' - મારા ફાર્મની વાડમાં ઉગેલો. તેનાં ફૂલ જોઈ મોહનભાઈ ખુશ ખુશ થઈ જતા.

મેં મમતા કેન્દ્ર શરૂ કર્યું. ફરવા નીકળે એટલે કોઈ કોઈ વાર ત્યાં આવે બેસે, વાતો કરે, હૂંફ આપે. શરૂઆતના મમતા કેન્દ્રના અમારા દિવસો ખૂબ કટોકટીના હતા.

કાવ્યગોષ્ઠિનું સત્ર હોય ત્યારે મોહનભાઈ મમતા કેન્દ્રમાં અચૂક હાજર હોય જ. મારાં બે પુસ્તકોનું વિમોચન પણ મોહનભાઈસાહેબે જ કરેલું.

એમની ધારાવાહિક નવલકથા ગુજરાત સમાચારમાં ચાલતી હતી. તેમાં પ્રોફેસરના પાત્ર અંગે મારી સાથે કોઈક વાર ચર્ચા કરતા. એક વખત એમના ઘરની મોરીમાં એક ઝેરી સાપ (કોબ્રા) ઘૂસી ગયેલો. હું એને પકડવા ગયો. એનું એમણે પૂરેપૂરું અવલોકન કર્યું. એક દિવસ કહે : 'મારે વિચ્છેદન કરેલો સર્પ જોવો છે!' હું કૉલેજના બગીચાની પાણીની કૂંડીમાંથી એક જીવતો સાપ પકડી લાવ્યો. તેને જીવતો ચીર્યો. એ સાપને જોવા મોહનભાઈને બોલાવ્યા. એક વૈજ્ઞાનિકની અદાથી એમણે એનું અવલોકન કર્યું. મને અનેક પ્રશ્નો પૂછ્યા અને એમની વાર્તામાં આ દૃશ્ય વણી લીધું. નવી તરાહ આવી. કૉલેજનો સ્ટાફ ફાજલ થયો. એ વખતે સ્ટાફને બીજે જવું ન પડે અને હેરાનગતિ ન થાય એટલે તેને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં સમાવી લીધો.

મોહનભાઈ પાસે કોઈ પણ વ્યક્તિ જાય, એ જાણીતી હોય કે અજાણી, પણ એમનો વ્યવહાર એટલો સૌજન્યપૂર્ણ હોય કે જનારનું કામ ન થાય તોપણ એનો વસવસો એને ન થાય.

મોહનભાઈના ગુસ્સામાં પણ સૌજન્યતા વર્તાય. નવી તરાહ આવી. તે વખતે કૉલેજ સર્વ વિદ્યાલય હાઇસ્કૂલના સામેના મકાનમાં. તેના સેન્ટ્રલ હૉલમાં લાઇબ્રેરી. વર્ગોને બેસવા માટે કેટલાક ફેરફાર કરવાના હતા. એ વખતે કૉલેજના પ્રિન્સિપાલ, મોહનભાઈ અને અમે બેત્રણ અધ્યાપકમિત્રો લાઇબ્રેરીમાં ગયા. પ્રિન્સિપાલ કોઈ પણ વાતે ફેરફાર કરવા માગતા ન હતા. એ વખતે મોહનભાઈનો ગુસ્સો જોવા મળ્યો. પ્રિન્સિપાલે મોહનભાઈની વાત સ્વીકારવી પડી. થોડી વાર પછી જાણે કશું જ બન્યું ન હોય તેમ મોહનભાઈ આત્મીયતાથી વાતે વળગ્યા.

મોહનભાઈ નિવૃત્ત થયા. અમદાવાદ ગયા. એટલે અહીંની હવામાંથી કંઈક ઓછું થયું. ખૂટ્યું છે, એવો અહેસાસ દરેકને થવા લાગ્યો. મુ. શ્રી મોહનભાઈની આવી તો અનેક સ્મૃતિઓ મનમાં સચવાઈ છે.

મારા એક મિત્ર ઓ.એન.જી.સી.માં નોકરી કરતા હતા. એમનો એક પુત્ર સર્વ વિદ્યાલયમાં ભણે. એની વાર્ષિક પરીક્ષા થઈ. એ ધોરણ-૯માં નાપાસ થયો. મારા મિત્રની દેહરાદૂન બદલી થઈ. જો બાબાને ફરીથી નવમું ભણાવવું પડે તો મુશ્કેલી ઊભી થાય તેવું હતું. મેં મોહનભાઈ પાસે જઈ મિત્રની મુશ્કેલી અંગે રજૂઆત કરી. તેમને આખી પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. મોહનભાઈએ બે વિષયો છોડી દેવાની શરતે એને પ્રમોશન આપ્યું. એ વિદ્યાર્થી ધોરણ-૧૦માં આવ્યો. એ પછી એ વિદ્યાર્થીને ભણવામાં એકદમ અભિરુચિ ઉત્પન્ન થઈ. અત્યારે એ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે.

# એક પત્ર

મહેન્દ્ર દવે
પૂર્વ પ્રાધ્યાપક, જવાહર યુનિવર્સિટી ન્યુ દિલ્હી

સ્નેહી ભાઈશ્રી મોહનભાઈ પટેલ,

હમણાંના 'નવચેતન'ના એપ્રિલ માસના 'નવલિકા વિશેષાંક'માં તમારા વિષેનું લખાણ વાંચ્યું. વાંચી સ્મરણો તાજાં થયાં. ન્યૂ હાઈસ્કૂલ—ને તે પછીનાં કંઈ કેટલાંયે સ્મરણો. મને સુહૃદ! ઓળખ્યો તો ખરો કે નહિ? આપણે પ્રથમ મળ્યાને ૩૧ વર્ષ પૂરાં થયાં? છેલ્લે કદાચ યુનિવર્સિટી હૉસ્ટેલમાં મળ્યા હતા. પછી દિશાઓ ફંટાતી ગઈ ને ૧૯૬૨થી તો હું દિલ્હી છું. કદાચ તમને ખબર હશે, ૧૯૬૨થી ૧૯૭૭. આ જુલાઈમાં મને દિલ્હી આવ્યે ૧૫ વર્ષ પૂરાં થશે.

એમ.એ., એમ.લિટ્ અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને સહાયભૂત થવાનો પ્રયત્ન કરું છું ને અખિલ ભારત ગુજરાતી સમાજ દ્વારા સંચાલિત 'ગૂર્જર-ભારતી' નામક માસિકનું પણ પ્રકાશન કરું છું. કદાચ તમે જોયું પણ હોય!

તમારી પહેલી વાર્તા છાપી હતી તે સંસ્મરણો જાગૃત થાય છે. કડીનું સર્વ વિદ્યાલય જોવાની ઇચ્છા વર્ષોથી મારા મનમાં છે. તે હવે તો તમે ત્યાં છો પણ હું ક્યાં? સ્થળની દૂરી તો છે જ. મારામાંનો ચોર મારાથી છૂપો રહેવા આડીઅવળી પ્રવૃત્તિ કરે છે પણ કોઈ વાર અતીતના કોઈ આપના જેવા મિત્રનું સ્મરણ મને ભવની ભવાઈમાંથી ખેંચી લાવી સ્વરૂપ સાથે અનુસંધાન કરવા પ્રયત્નશીલ કરાવે છે. આ પત્ર પણ એવો પ્રયત્ન છે.

આ પત્ર અઠેકઠે સરનામે લખું છું. તમારો પત્ર આવશે એટલે તમને અમારું સાહિત્ય — તમને લખશો તે સરનામે મોકલીશ.

શેષ કુશળ.

મહેન્દ્ર દવેનાં વંદન

## મૈત્રીનાં ઝરણાં

સરસતી રસ સરસ સળવળે
        કાળની રેતું ખૂબાખૂબ,
ડાકલાં વગાડે પાનખર પંથમાં
        ઊડે ઊડે વૈશાખી વા
તોય રે ભીતર ઝરણાં વ્હૈ રહ્યાં.... ૧

જમના કિનારે ભૈલા હું વસું,
        તારો સરસતી નિવાસ;
શ્યામની મોહક બંસી હું સૂણું,
સૂણે તું તો વીણાનો ઝંકાર
        ભલા રે ભીતર ઝરણાં વ્હૈ રહ્યાં... ૨

કાળની ખેપું રે વીરા કૈં કરી,
        દળ-વાદળ-વીજળી-અંધાર,
ખેપટ્યો ઊડે રે રણમાં, ચાંદની
        સૂરજ તેજનો આધાર;
        ચમકી ભીતર ઝરણાં વ્હૈ રહ્યાં... ૩

અંધારાની લિપિ તું તો વાંચતો
        જંગલ વાટે વાહ્યૂ રે ખૂબ,
અહીં તો લોપાયે શહેરી ભીડમાં
        મ્હોરાં માંહી માણહાં નત્ય
        તોય રે ભીતર ઝરણાં વ્હૈ રહ્યાં... ૪

# મીઠાં સ્મરણ

**પ્રા. કેશુભાઈ એ. પટેલ**

પૂ. મોહનભાઈસાહેબ સાથેની સ્મૃતિઓ લખવા બેસીએ તો નાની પુસ્તિકા બને. તેમણે સર્વ વિદ્યાલયમાં શિક્ષકની નોકરી મિશનરી ભાવનાથી સ્વીકારી, પૅન્ટ-કોટ જતાં કરી ઝભ્ભો-ધોતી ધારણ કરી રાષ્ટ્રના નિર્માણ માટે જરૂરી Plantation of civiligetionની ઉમદા કામગીરી કરી છે. તેમણે ક. પા. આશ્રમમાં અને જમાડતાં-જમાડતાં, હાથમાં નવલકથા રાખી વાંચતાં વાંચતાં, કાગડા ઊડાડતાં અમને ઉછેર્યા છે તે ભુલાતું નથી. તે ગૃહપતિ હતા કે ગૃહપિતા ! ! ! નેશનલ હાઈવે મહેસાણા પર તો હવે આપણે વૃક્ષોનું ટ્રાન્સપ્લાન્ટેશન જોયું પણ અમે તો ૧૯૫૮થી ૧૯૬૦માં ભણતા ત્યારે કડીમાં વડનું ટ્રાન્સપ્લાનટેશન મોહનભાઈસાહેબે કરાવેલ તે જોયેલું. તેમને આદર્શ તરીકે સ્વીકારતા તેમના વિદ્યાર્થીઓ આજે બીજી પેઢીના આદર્શ બન્યા છે અને નવી નવી સંસ્થાઓ સ્થાપી તેમજ કન્યા કેળવણી સંકુલ ઊભાં કરી Plantation of CiviligationThro; phantation of womenની કામગીરી બજાવી રહ્યા છે. ભૂગોળ અને ગુજરાતી બે વિષયો તેમણે ભણાવતાં ભણાવતાં જીવનનું ભાથુ આપી દીધું છે. તેથી અંતકાળ સુધી હવે જીવનમાં કંઈ તકલીફ નહિ પડે તેવી પ્રતીતિ થઈ છે. જગતનિયંતા પરમેશ્વર તેમને તંદુરસ્તીભર્યું આયુષ્ય આપે તેવી ખેવના સાથે પ્રાર્થું છું અને હજી અમારાં બે સ્નેહસંમેલનો જેમાં advnce booking થયેલ છે તેમાં તેઓ હાજર રહે તેવી પ્રભુપ્રાર્થના કરું છું. અસ્તુ.

# વ્યક્તિત્વનું દ્યોતક શીર્ષક —
# 'હવા! તુમ ધીરે બહો!'

રામપ્રસાદ ર. જાની
પૂર્વ તંત્રી, વિસનગર ન્યુઝ, વિસનગર

મહેસાણા જિલ્લા આચાર્યકુળ સાથે તે પૈકીનો હું હોઈ એટલું કહી શકીશ કે શ્રી મોહનલાલ પટેલ જેવા પ્રજ્ઞાવાન, બહુશ્રુત, પારદર્શક વ્યક્તિત્વવાળા, વિદ્યાપ્રીતિ ધરાવતા, સરળ, સૌમ્ય ને સાહિત્યસર્જકની પ્રતિભાથી આલોકિત આચાર્યમિત્ર મને જોવા અન્યત્ર મળ્યા નથી. મહોરી શકે એવી શક્તિ કોઈ વલય-આવરણમાં, ગુંચવાઈ તો નહીં ગઈ હોય ને? કે પછી 'હવા! તુમ ધીરે બહો!' એવી સ્વભાવગત તેમની પ્રકૃતિ!

એ પણ શક્ય છે કે પાણીના મહાસાગરમાં ડોકાતા આઈસ-બર્ગની માત્ર આપણે ટોચ નીરખીએ છીએ ને ભીતરી ૩-૪ ભાગ આંખથી ઓઝલ રાખીએ છીએ — આવું આચાર્યશ્રી મોહનલાલ પટેલ સંદર્ભે બન્યું છે. હું તેમનો દૂરસ્થ છતાં અંતસ્થ ભાવક મિત્ર. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ને તે સાથે સંકળાયેલ વિદ્યાસંસ્થા (છાત્રાલય, હાઈસ્કૂલ), મુદ્રણાલય, જિલ્લા આચાર્ય સંઘ, શાળાસંઘ, આ બધા માટેની વહીવટી આયોજનશક્તિમાં પેલો સાહિત્યસર્જક ગૂંચળું વાળી બેસી રહ્યો હશે ને સમયાંતરે કદી પ્રગટ થતો હશે!

એક વાગ્દેવીનો ઉપાસક ષોડષોપચાર વિધિથી પૂજન-અર્ચન કરવા પૂજાનાં દ્રવ્યોનો થાળ લઈ પ્રસ્થાન કરતો હોય ને માર્ગમાં એકાદબે અંતરાય આવતાં કેટલુંક પૂજાદ્રવ્ય વિખરાઈ જાય તેની એ ઉપાસકને ખબર પણ ના પડે ને છેવટે જે કાંઈ અવશેષ પૂજાના થાળમાં હોય તેનાથી દેવીનું પૂજન કરી ધન્ય બને — બહુમુખી પ્રતિભાશાળી શ્રી મોહનલાલ પટેલને માત્ર લઘુવાર્તાના જનક કહેવાયા તેનું કારણ શું આ ન હોઈ શકે? એમનું વ્યક્તિગત ગ્રંથાલય નિહાળ્યું છે? મિતભાષી આ આચાર્યની બહુશ્રુતતા જાણવા કદી તેમને છંછેડ્યા છે? એમને માત્ર ગુજરાતીના ઉત્તમ શિક્ષક કહેતી વેળા ભૂગોળ વિષયનું તેમનું ઝીણવટભર્યું જ્ઞાન ચકાસ્યું છે? એક સંશોધક ઇતિહાસનો આ જીવ વહીવટીતંત્રની આંટીઘૂંટીમાં,

પરીક્ષા - મુદ્રણ દ્વારા સંસ્થાને સમૃદ્ધ કરવામાં, પ્રશ્નપત્રના પ્રાશ્નિકોનો ભાર વેંઢારવામાં શાળાના નિત્ય વહીવટમાં, રાજનીતિકૂટજ્ઞ ને ઉદ્યોગપતિઓની ઝીણવટભરી સારસંભાળમાં દૃષ્ટિપાત કરવામાં ખોવાઈ ગયો! Far from madding crowd — રેલવેના પાટાની પેલી પારની વિદ્યા સંસ્થા ને છાત્રોને આલોકિત કરવામાં નિમગ્ન આ આચાર્યને શું વિશેષ મોકળાશની જરૂર નહોતી? મરતાને મેર ન કહે તેવો સ્વભાવ ને મધ્યમમાર્ગના આ યાત્રીને નીખરવા-મહોરવાની ને એ પણ સાહિત્યક્ષેત્રમાં જરૂર હતી. હા, તેમણે ધો. ૧૦-૧૨ના છાત્રોની ઓ હેન્રી, મોપાસાં, ચેખોવ, શરદબાબુની પ્રતિભાથી જ્ઞાત કરી 'સારસ્વત' તરીકે ઉત્તમ સેવા કરી, તેજસ્વી ભાસ્કર, તેની ચોમેરના તેજસ્વી ગ્રહોને પ્રકાશરશ્મિના સ્પર્શ કરી વિશેષ આલોકિત લઘુવાર્તા સર્જક બનાવી શક્યા છે. કડીના વાર્તાવર્તુળે લઘુવાર્તાના જનક તરીકે ખ્યાતનામ કર્યા તે ખરું પણ તેમની ભીતર રહેલ માંહ્યલા સર્જકને શું ગૂંચવ્યો નથી? હા, સર્વ વિદ્યાલયના કેમ્પસમાં લીલૂડા લીમડાના મ્હોરની રાત્રિવેળા મધુર સુવાસ ને શાંત વાયુમંડલનો આસ્વાદ કદી કદી મેં માણ્યો છે. અહીં રાત્રિની ભીતરની રોશનીમાં મોહનલાલ પટેલે ઠીક ઠીક સર્જન કર્યું — કાશ, કૉલેજના પ્રાધ્યાપક હોત તો? સમયની મોકળાશ અનુભવતી વિશાળ દુનિયા, પુસ્તકાલય, સર્જકોનો વિશેષ પરિચય ને તેમના સર્જનને ચકાસનાર-માણનાર માણીગર - વિવેચકોથી તેઓ ને તેમનું સાહિત્યવિશેષ પરિચિત રહ્યું હોત તો!

પાટણના પાટલે વિરાજમાન જ્યોતિર્બિંબ સમા આચાર્ય હેમચંદ્ર તથા અન્ય સૂરિગણ, ભોગીલાલ સાંડેસરા, કનૈયાલાલ ભાઈશંકર દવે, રામલાલ પરીખની હરોળમાં આ સારસ્વત શોભે તેવા છે. આપણે મોડે મોડે પિછાન્યા છે. આપણી યુનિવર્સિટી, જ્ઞાનપીઠ, વિદ્યાપીઠના વડેરા શોધવા આપણને દૂર દૂર જવું પડે છે તે કેવું! નજીકના કસ્તુરીમૃગને કાં વિસરીએ છીએ! 'અંતિમ દીપ' ઐતિહાસિક નવલકથા વાંચી છે ખરી? સામાન્ય વિગતો પરથી એમણે તૈયાર કરેલ 'પ્રજ્ઞાચક્ષુ છગનભા'ચરિત્રનાં પાનાં ફેરવ્યાં છે? તેમાંથી શાળાના પાઠ્યપુસ્તકમાં મૂકવા જેવું કંઈ લાગે છે ખરું? હા, સમાજે, સંજોગોએ આ Every inch a geutlenian શીલવાન પુરુષમાંના સર્જકને રૂંધ્યો છે!

એકવાર હું ને મારા સાહિત્યપ્રીતિ ધરાવતા સાહિત્યકાર આત્મારામ પટેલ (પ્રજ્ઞા પટેલના પિતાશ્રી) તેમને ખાસ મળવા ગયા. પાટણના શિલ્પ-સ્થાપત્યમાં અમને રસ. શ્રી મોહનલાલ પટેલ અમારા માર્ગદર્શક બન્યા. રાણકીવાવમાં એક સદ્યસ્નાતા નવયૌવનાની પ્રતિમા ભણી અમારું ધ્યાન ખેંચ્યું. તેના દેહલાલિત્ય કે આછેરાં વસ્ત્રોમાંથી ટપકતાં જલબિંદુને તેની સમીપમાં રહેલ ચાંચધારી પક્ષી ઝીલી રહ્યું હતું! હું એ ક્ષણે પ્રસન્નમુગ્ધ બની એ રૂપસૃષ્ટિની આહ્લાદકતા માણી રહ્યો હતો! શ્રી મોહનલાલ પટેલ પણ સર્જનસૃષ્ટિના પિપાસુ છે, તેમણે ઠીક ઠીક તેનું રસપાન કરેલ છે. હવે તેમને એક આસન પર બદ્ધ કરી તેમનામાં કોળી રહેલી

સર્જકચેતન્ની - વિસ્ફોટને નિહાળી ધન્ય બનીએ.

'ગુડ મૉર્નિંગ, અમેરિકા' કહેતા મિત્ર મોહનલાલ પટેલને સર્જનયૌવન, વીતેલાં વર્ષો પછી પુનઃ પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા.

હરિભાઈને સર્વ વિદ્યાલયમાં તમે ખેંચી લાવ્યા તેથી ખૂબ આનંદ થયો. ગૃહપતિનું કામ તમને સોંપ્યું તેથી પણ. વિદ્યાર્થીઓનો પ્રેમ તમે એટલો સંપાદન કર્યો છે કે તમને કોઈ મુશ્કેલી આવશે નહિ અને પૂર્ણ સહકાર મળશે. તમારામાં એ શક્તિ છે જ.

-નાથાલાલ ના. દેસાઈ
(ભૂતપૂર્વ આચાર્ય,
સર્વ વિદ્યાલય-કડીના પંચગનીથી
તા.૧૧-૭-૫૫ પત્રમાંથી)

# અણથક માર્ગદર્શક મોહનભાઈ

જિતેન્દ્ર ત્રિવેદી

સ્મરણમાં લગભગ પાંચ દાયકા પહેલાંનો સમય સરકતો આવે છે. એ વખતે મારા બે નાના ભાઈ કડી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. હું કડીની ધી ન્યૂ છોટાલાલ મિલ્સમાં નોકરી કરતો હતો. એક દિવસ બંને ભાઈઓ કહે : ''અમારી સ્કૂલમાં મોહનભાઈ પટેલ નામના નવા સાહેબ આવ્યા છે. બહુ જ સજ્જન અને ઉમદા સ્વભાવના શિક્ષક છે. ભાઈ! તમારે એમને મળવા જેવું છે.'' સાહિત્ય તરફના મારા ઝોકના કારણે આગળ કહે, ''તેઓ સારા સાહિત્યકાર છે. બહુ સારું લખે છે. તમે અમારી સાથે આવો તો તેમનો મેળાપ કરાવી દઈએ.'' વધારામાં કહે, ''એમના માટે ગામમાં સારું ઘર પણ શોધવાનું છે.''

મોહનભાઈ થોડો વખત કડી ગામમાં ઘર રાખીને રહ્યા. પછી સ્કૂલની બોર્ડિંગમાં ગૃહપતિની જવાબદારી સંભાળવાનું આવતાં સર્વ વિદ્યાલયના કેમ્પસમાં જ રહેવા ગયા.

એ ગાળામાં હું મારા પૂજનીય ગુરુમહારાજશ્રીનું (પૂ. પા. સ્વામીજી સોમેશ્વરતીર્થજીનું) જીવનચરિત્ર લખવા વિચારી રહ્યો હતો. એ માટે મારા અનુભવો, પ્રસંગો તથા ગુરુજીના સંપર્કમાં રહેલા સજ્જનોનાં લખાણો એકઠાં કરી રહ્યો હતો. વર્ષ - બે વર્ષના ગાળામાં ગણનાપાત્ર હકીકતો સંગ્રહિત કરી શકેલો. આ પ્રકારના ગ્રંથ આલેખનનો મારા માટે આ પહેલો જ પ્રયાસ હોઈ, કોઈ સારા અનુભવી સાહિત્યકારનું માર્ગદર્શન જરૂરી લાગતું હતું. એ અરસામાં જ નાના ભાઈઓએ મોહનભાઈની વાત કરી. મારે તો જમવું'તું ને જમણ મળ્યા જેવું થયું. મોહનભાઈનું માર્ગદર્શન મેળવવાનું મેં વિચાર્યું. નાના ભાઈને મેં આ વાત કરી; એ માટે મોહનભાઈને મળવાનું રાખ્યું.

નક્કી કર્યા પ્રમાણે નાના ભાઈ મહેન્દ્રભાઈ સાથે હું એમને મળવા ગયો. મારા માટે એ પહેલી મુલાકાત હતી. રજાના દિવસનો સવારનો સમય હતો. એ વખતે ગૃહપતિ તરીકે પોતે કિશોરકુંજમાં રહેતા. મહેન્દ્રભાઈને પોતાના વિદ્યાર્થી તરીકે એ ઓળખતા હતા, સાથે હું હતો. કિશોરકુંજમાં એમના નિવાસે અમે ગયા. અમને બંનેને ''આવો!'' કહી સસ્મિત વદને આવકાર્યા. પોતાની સામે જ, પાસે

બેસાડ્યા. પ્રસન્ન વદને પૃચ્છક નજરે મહેન્દ્રભાઈ સામે જોયું. મહેન્દ્રભાઈએ પોતાના મોટા ભાઈ તરીકે મારી ઓળખાણ આપી. આવવાનું પ્રયોજન કહ્યું. મહેન્દ્રભાઈની વાતને આવકારતા હોય એમ સંમતિસૂચક રીતે માથું હલાવી પ્રસન્નતાથી મારી સામે જોયું અને ધીરેથી બોલ્યા : ''સરસ!''

એમને મળતાં પહેલી જ નજરે હું કોઈ ઉમદા સ્વભાવના, પીઢ સજ્જનને મળી રહ્યો હોઉં તેવો અહેસાસ થયો. એમનો અનુકૂળ પ્રતિભાવ જોઈ, મેં મારી સાથે લાવેલો ગુરુજીનો ફોટો કાઢ્યો અને તેમને બતાવ્યો અને ઓળખાણ આપતાં કહ્યું : ''આ મારા ગુરુજીમહારાજશ્રી છે. એમનું ચરિત્ર મારે લખવાનું છે.''

ગુરુજીને ઓળખી જતાં કહે : ''આ તો ભાઉપુરામાં છેવાડે, કૂવા સામે, આશ્રમમાં રહે છે તે જ સ્વામીજી છે ને? મેં એમને જોયેલા છે.''

''હા, આ તેમનો જ ફોટો છે.'' મેં કહ્યું.

''તમે વખતસર વિચાર કર્યો છે,'' તેમણે મીઠાશથી કહ્યું. પછી આગળ કહે, ''જીવનચરિત્ર લખવાની શરૂઆત તો ઘણા કરે છે પણ પૂરું કરી શકતા નથી. અધૂરું છોડી દે છે. એક વાર શરૂ કર્યા પછી પૂરું કરવું જોઈએ,'' એટલું કહીને કહે, ''કાંઈ વાંધો નહિ, શરૂઆત કરી દો. જરૂર લાગે ત્યારે આવતા રહેજો.''

એ સાંભળીને, મારી સાથે લાવેલી ફાઈલ મેં એમને જોવા આપી. એમણે કાળજીપૂર્વક એમાંનું લખાણ વાંચીને કહ્યું : ''સારો પ્રયત્ન છે. બરાબર છે. આ રીતે હકીકતો ભેગી કરતા જાઓ. પર્યાપ્ત હકીકતો પ્રાપ્ત થાય પછી લખવાનું શરૂ કરી શકાય.''

એ મુલાકાત બાદ હું ગુરુજીના જીવન સંબંધી વિશેષ હકીકતો એકઠી કરી કરીને મોહનભાઈને મળતો રહ્યો. દરેક વખતે લખાણ કાળજીપૂર્વક જોઈ યોગ્ય પ્રતિભાવ આપતા રહ્યા. એમ ધીરે ધીરે જીવનચરિત્રની કાચી સામગ્રી પર્યાપ્ત પ્રમાણમાં એકઠી થઈ છે, એવું લાગ્યું ત્યારે તેમણે લીલી ઝંડી ફરકાવતાં કહ્યું : ''સરસ છે. જીવનચરિત્ર માટે પૂરતી સામગ્રી છે. હવે લખવાનું શરૂ કરી શકાય.''

છૂટી છૂટી હકીકતો, પ્રસંગો વગેરે સામગ્રીને, સમયનાં ક્રમવાર અનુસંધાનો મેળવીને ગોઠવી. ત્યાર બાદ વ્યવસ્થિત રીતે જીવનચરિત્ર લખવું શરૂ કર્યું. જીવન-ચરિત્રલેખન લાંબું ચાલેલું — વર્ષો સુધી. તે દરમ્યાન મારે સંખ્યાબંધ વાર મોહનભાઈને એ અંગે મળવા જવાનું થતું. આટલા લાંબા ગાળા સુધી જવાનું ચાલુ રહેવા છતાં, જ્યારે જ્યારે કામ લઈને હું તેમને મળતો તે દરેક વખતે એક-સરખો મીઠો આવકાર અને આદર હું પામતો રહેલો. ક્યારેય તેમના મુખ ઉપર ઉતાવળ કે કંટાળાનો ભાવ જોવામાં નહિ આવેલ. આવકાર આપતું તેમનું મોહક સ્મિત ક્યારેય વિલાયેલું નહિ. દરેક વખતે પૂરી સ્વસ્થતાથી મારા લખાણમાં પૂરતો રસ દાખવતા. લખાણ અંગે જરૂરી માર્ગદર્શન આપતા રહેતા. હું એમનાથી છૂટો

પડતો ત્યારે વધુ ઉત્સાહિત અને વધુ આત્મવિશ્વાસયુક્ત થઈને વિદાય લેતો.

એ પ્રમાણે લેખનકાર્ય સરસ રીતે ચાલતું રહ્યું. પણ આ કામમાં હું નવોસવો હોઈ ક્યારેક મુગ્ધતામાં, ભાવુકતાથી કે ભાષાની ભભક માટે દોરવાઈને મારું લખાણ મૂલ્યવત્તા ગુમાવી રહ્યું છે એવું એમને લાગતું ત્યારે એવી કુશળતાપૂર્વક મને રોકતા કે મારી લાગણી, ઉત્સાહ કે આત્મવિશ્વાસને ઠેસ ન પહોંચે અને લખાણ સુધરી જતું. એ બધું યાદ કરું છું ત્યારે આજે પણ મારું અંતઃકરણ કૃતજ્ઞતાથી ઊભરાય છે. લખાણના વાંચન દરમ્યાન પોતે નિખાલસતાથી કહેતા કે આધ્યાત્મિક ક્ષેત્રથી પોતે અજાણ છે. એટલું કહી, મેં લખેલા કોઈ મુદ્દા બાબત ચર્ચા થતી ત્યારે એમને હું લખાણ બાબત સ્પષ્ટતા કરતો; જો મારી વાત એમને ગ્રાહ્ય થતી તો પળનાય વિલંબ વિના મારી વાત સ્વીકારી, આગળ વધવા છૂટ આપી દેતા. આ પ્રકારની એમની પ્રામાણિકતાની અને સચ્ચાઈની પ્રતીતિ મને પ્રસંગોપાત્ત થયા કરતી. કોઈ મુદ્દા બાબત હું ગૂંચવાતો તો પોતે વિશદતાથી એની છણાવટ કરતા. હું એમનું કહેવું બરાબર સમજી શકું એટલી ધીરજપૂર્વક એક પછી એક વાતનો શાંતિથી ખુલાસો કરતા જઈ એમની વાત મારે ગળે ઉતારતા. ત્યારે એમની ધીરજને ધન્યવાદ આપવાનું મન થતું. એમની સાથે થયેલી એ બધી ચર્ચા મને આજે ખૂબ ઉપયોગી પુરવાર થઈ છે.

જીવનચરિત્રના લખાણ દરમ્યાન એક ડર રહેતો — હું જીવનચરિત્ર લખી રહ્યો છું તે — ગુરુજી જાણી જશે તો? ગુરુજી નિવૃત્તિપરાયણ સંત હતા. લોકસંસર્ગ અને લોકૈષણાથી પોતે દૂર રહેતા. લોકસંસર્ગ વધે તેવી વૃત્તિ કે પ્રવૃત્તિને ઉગતી જ ડામી દેતા. તેથી જીવનચરિત્ર લખવાનું તેમની જાણ બહાર જ શરૂ કરેલું. આ વાત મેં મોહનભાઈને પણ કરેલી; એટલા માટે કે આ લેખનપ્રવૃત્તિની વાત અમારા વચ્ચે સીમિત રહે. મને સધિયારો આપતાં, એ બાબતમાં નિશ્ચિંત રહેવા એમણે કહેલું. આ પ્રમાણે કાળજી તો રાખી પણ અંતર્યામીથી અજાણ્યું શું રહે? તા. ૨૮-૩-૧૯૫૪ના રવિવારની સાંજે મને ગુરુજી કહે : ''તમે મારું જીવનચરિત્ર લખો છો પણ છપાવી નહિ દેતા. મારો દેહ હોય ત્યાં સુધી છપાવવું નહિ, નહિતર હું અહીં રહીશ નહીં. હા, નોંધ લખવી હોય તો રાખો.'' આમ કહી મારી પ્રવૃત્તિ ઉપર રોક લગાવી દઈ, નોંધ રાખવાની છૂટ આપી. એમના દેહત્યાગ પછી જ જીવનચરિત્ર બહાર પાડી શકાય એવું નિશ્ચિત થયું.

ગુરુજીના જીવનના પાછલા દસેક વર્ષના ગાળામાં મારી નોકરી અમદાવાદની જહાંગીર વકીલ મિલ્સમાં હતી. એમના જીવનના છેલ્લા મહિનાઓમાં એટલે કે ઈ. સ. ૧૯૬૭ના નવેમ્બર, ડિસેમ્બર અને ઈ. સ. ૧૯૬૮ના જાન્યુઆરી માસ દરમ્યાન, કુદરતી રીતે જ કાંઈક એવી વૃત્તિ મનમાં ઊઠી કે ગુરુમહારાજનું જેટલું પણ જીવન આલેખાયેલું તૈયાર છે, તેની રીતસરની સારી હસ્તપ્રત તૈયાર કરી દેવી. એ વિચાર આવતાં જ મેં મારા હસ્તાક્ષરમાં લખેલ જીવનચરિત્રની હસ્તપ્રત

પૂરેપૂરી ટાઇપ કરાવી દીધી. એનાં બધાં પાનાંઓને લાલ રેક્ઝિનમાં મજબૂત પાકું બાઇન્ડિંગ કરાવી જીવચરિત્રનો આખો ટાઇપ્ડ ગ્રંથ તૈયાર કરી દીધો. જીવનચરિત્રની એ ટાઇપ્ડ કૉપી લઈ હું કડી ગયો. પ્રાતઃકાળમાં ગુરુજી આસન ઉપર બિરાજેલા હતા ત્યારે તેમના હાથમાં અર્પણ કરી દીધી.

''આ શું છે?'' જીજ્ઞાસા દર્શાવતાં ગુરુજીએ પૂછ્યું.

''ગુરુજી! આપનું જીવનચરિત્ર છે.'' મેં કહ્યું.

''આવડું મોટું તે જીવનચરિત્ર હોય! કોણ વાંચશે? કોને ટાઇમ છે, આ સમયમાં? લોકો કંટાળીને બાજુએ મૂકી દેશે.'' એમણે કહ્યું.

''ગુરુજી!'' મેં કહ્યું, ''સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના આચાર્ય મોહનભાઈસાહેબ કહે છે કે જે કોઈ પણ વ્યક્તિ આ જીવનચરિત્ર ગમે ત્યાંથી ખોલશે તો આખું જીવચરિત્ર છેલ્લે સુધી વાંચ્યા પછી જ હાથમાંથી હેઠું મૂકશે; એવું રસમય બન્યું છે. આ ચરિત્રમાં સ્વામીજીના અનુભવો, યાત્રા-પ્રવાસો, સંત-મહાત્માઓના સંપર્કો વગેરે સામગ્રીઓ એટલી બધી વિપુલ પ્રમાણમાં ભરી પડી છે કે સ્વાભાવિક રીતે જ આપોઆપ રસ ઉત્પન્ન થાય છે.''

મારું કહેવું સાંભળીને ગુરુજીના મુખ ઉપર પ્રસન્નતા દેખાઈ અને ઉમળકાથી બોલી ઊઠ્યા : ''એમ! મોહનભાઈએ એવું કહ્યું છે?'' પછી કહે,''મોહનભાઈને કહેજો, મને મળે.'' ગુરુજી Expertopinion સ્વીકારી લેતા. ત્યારબાદ જીવનચરિત્રના મોટા કદ માટે એમણે કશું કહ્યું નહિ. એમણે મોહનભાઈને Expert તરીકે સ્વીકારી લીધા. એક ભાવિક ભાઈએ જીવનચરિત્રની એ ટાઇપ્ડ પ્રતમાંથી આગ્રહ કરીને ગુરુજીને એમાંથી થોડું લખાણ વાંચી સંભળાવ્યું. ત્યારે ગુરુજી પ્રસન્નતાથી એટલું બોલ્યા : ''જિતુ સારું લખે છે.'' એમના એ શબ્દો મારા કીમતી પ્રમાણપત્ર અને આશીર્વાદરૂપ બની ગયા. જનતાએ જીવનચરિત્ર સ્વીકારી લીધું.

બસ, પછી તો તરત જ ઈ. સ. ૧૯૬૮ના ફેબ્રુઆરીમાં ગુરુજીએ જીવનલીલા સમેટી લીધી. દેહત્યાગ પહેલાં જીવનચરિત્રની હસ્તપ્રતના આધારે પોતે નાનકડી આત્મકથાની પુસ્તિકા — 'સત્યશોધન' તૈયાર કરાવીને મૂકી ગયેલા. મારી વિનંતીથી મોહનભાઈએ એ આત્મકથાની પ્રસ્તાવના પણ લખી આપી. એમાં ગુરુજીની સુરેખ લખાવટ અને કલમ ઉપરના ભારે સંયમની મોહનભાઈએ ખાસ નોંધ લીધી છે.

ગુરુજીને અર્પણ કરેલી જીવનચરિત્રની ટાઇપ્ડ પ્રતમાં જ્યાં સુધીનું જીવન આલેખાયેલું હતું, તે સમયથી તેમના દેહત્યાગ સુધીના ગાળાનું આલેખન બાકી હતું. એ સમયગાળાનું આલેખન કરીને ચરિત્રકથાને સંપૂર્ણ કરી દીધી.

જીવનચરિત્રને પ્રેસમાં આપતાં પહેલાં, તેનું શું નામ રાખવું એવો પ્રશ્ન મનમાં ઉદ્ભવ્યો. સીધાસાદા નામને બદલે કાંઈક એવું નામ રાખવું કે જેમાં

નાવીન્ય હોય, વળી નાનું અને સુંદર પણ હોય. તદુપરાંત ગ્રંથના વસ્તુનું તેમાં સ્પષ્ટ દર્શન થાય તેવું નામ જોઈએ. ગુરુજી સંપ્રદાયોથી પર, સાર્વભૌમ કલ્યાણમાર્ગના પુરસ્કર્તા હોઈ, ચરિત્રગ્રંથનું નામ કોઈ પણ સંપ્રદાય - વિશેષથી પર હોવું જોઈએ એવો પણ આગ્રહ હતો. આ બધાં લક્ષણોયુક્ત નામ શોધવાનું હતું. એના માટે મનોમંથન ચાલુ હતું.

એ મંથનમાંથી અમૃત પ્રગટતું હોય તેમ...

"'સંન્યાસી' નામ રાખ્યું હોય તો કેમ?" મોહનભાઈએ મને પૂછ્યું.

ખોવાયેલી ઇચ્છિત વસ્તુ ખોળતા હોઈએ અને જડી જાય, ત્યારે જેવો આનંદ થાય તેવો આનંદ મને થયો. મેં 'સંન્યાસી' નામને વધાવી લીધું. મારી પસંદગીનું નામ જ જાણે મોહનભાઈએ મારી સમક્ષ ધરી દીધું. મને નામ ગમી ગયું. મારી બધી જ અપેક્ષાઓની એમાં પૂર્તિ થતી જોઈ. ઈ. સ. ૧૯૭૯માં જીવનચરિત્ર ગ્રંથ છપાઈને 'સંન્યાસી' નામે પ્રસિદ્ધ થયો.

સાડા ચારસો ઉપરાંત પાનાંનો હોવાથી ગ્રંથ દળદાર થયો. છતાં 'સંન્યાસી'ને સારી લોકપ્રિયતા પ્રાપ્ત થઈ. સામયિકો અને અખબારોમાં તેના સારા રિવ્યૂ પ્રગટ થયા. વિવિધ અખબારો અને માસિકોએ તેમાંથી ઇચ્છિત પ્રસંગોના ઉતારા પણ પ્રગટ કર્યા. એની પહેલી આવૃત્તિની બધી નકલોનું વેચાણ થતાં, આશ્રમના સંચાલકોએ ઈ. સ. ૧૯૯૧માં તેનું પુનર્મુદ્રણ પણ કરાવ્યું.

ગ્રંથ પ્રગટ થઈ ગયા પછી એક વાર 'સંન્યાસી'ની વાત નીકળતાં ગ્રંથમાં રખાયેલી કાળજી, ચોકસાઈ અને કામની વાત કરતાં મોહનભાઈ મને કહે : "જિતુભાઈ! નિવડેલા લેખકો પણ આટલી મહેનત નથી કરતા. તમે ઘણો શ્રમ અને કાળજી લીધાં છે. એક મોટું કામ થઈ ગયું ને — સરસ રીતે!"

મારો જવાબ હતો : "સાહેબ! આપે પણ ક્યાં ઓછી સહાય કરી છે!' આ જવાબ આપતાં મારા મનમાં એક પ્રસંગ ખૂબ સ્પષ્ટ રીતે રમી રહ્યો હતો

— એ વખતે હું અમદાવાદમાં હતો. જ્યારે જ્યારે ગુરુજીનાં દર્શનાર્થે કડી જતો ત્યારે જીવનચરિત્ર અંગે અનુકૂળતા પ્રમાણે હું મોહનભાઈને મળવા બૉર્ડિંગમાં (સર્વ વિદ્યાલય કૅમ્પસમાં) જતો. જીવનચરિત્રમાં ગુરુજીનાં બોધવચનોનો એક વિભાગ 'અમૃતકુંભ' નામે રાખેલો. 'અમૃતકુંભ'નાં હસ્તલિખિત પૃષ્ઠ લગભગ એંશી જેટલાં થયેલાં. એ લખાણ વ્યવસ્થિતરૂપે લખીને હું અમદાવાદથી મારી સાથે લેતો આવેલો. અમદાવાદથી આવું ત્યારે મોટે ભાગે સાંજે પાંચ વાગ્યા બાદ હું બૉર્ડિંગમાં તેમને મળવા જતો. કલાકેક તેમની સાથે બેસીને, કેટલુંક કામ પતાવીને બીજી વાર આવવાનું નક્કી કરીને વિદાય લેતો.

આ વખતે 'અમૃતકુંભ'નું લખાણ લઈને સાંજના સાડા પાંચના અરસામાં બૉર્ડિંગમાં પહોંચી ગયો. ઘેર ગયો ત્યારે હીરાબહેને કહ્યું : "આજે તો એમને આવતાં મોડું થશે. ક્યારે આવે તે નક્કી નહીં. પરીક્ષા ચાલે છે અને હમણાં તો

કામય બહુ રહે છે — પરીક્ષાની જવાબદારી વધારવાની. થાકીને મોડા મોડા આવે છે.''

હીરાબહેનની વાત સાંભળીને સાહેબને(મોહનભાઈને) તકલીફ આપવામાં મન પાછું તો પડ્યું પણ બીજે દિવસે સવારે તો મારે અમદાવાદ નીકળી જવાનું હતું. એટલે જો થોડુંઘણું પણ કામ પતે તો એટલું લઈને જાઉં; જેથી થોડું આગળ વધાય; એ લોભને હું રોકી ન શક્યો.

''જોઉં થોડીવાર રાહ જોઉં છું. આવી જાય ને થોડું માર્ગદર્શન મળે તો એમને વધારે તકલીફ નથી આપવી.'' એમ હીરાબહેનને કહી, લખાણ ઘરમાં ટેબલ ઉપર મૂકી, હું ઘરની બહાર ખુલ્લી હવામાં ટહેલવા લાગ્યો.

સાંજના સાડા છ પછી સાહેબને દૂરથી આવતા જોયા. મુખ ઉપર કામનું ભારણ સ્પષ્ટ કળાતું હતું. ધીમે ધીમે ઘર ભણી નીચી દૃષ્ટિએ ચાલ્યા આવતા હતા. સામાન્ય રીતે સાફ-સૂથરો એમનો સ્વચ્છ ખાદીનો પોષાક — ટોપી સાથેનો, પોતાની હંમેશની સફાઈ ગુમાવી બેઠો હતો. હાથમાં ફાઈલોના ભારા સાથે, ભારે ડગલે આવી રહ્યા હતા. દૂરથી એમની જે થકાવટ કળાતી હતી તે જોઈ મારું મન ભારે થઈ ગયું. મને લાગ્યું કે એમની રાહ જોઈને મેં ઠીક નથી કર્યું. આ સમયે અહીં મારી હાજરી, તેમના માટે દબાણરૂપ થઈ પડે એમ છે. ખેર, હવે શું થાય? પોતે ધીમી ચાલે નજીક આવતાં, મને આંગણામાં ઊભેલો જોઈ, એ ચિરપરિચિત માયાળુ સ્મિત સાથે આવકારતાં પૂછ્યું : ''ક્યારે આવ્યા? આવ્યાને વાર થઈ હશે, નહિ? હમણાં કામ જરા વધારે રહે છે.'' પછી પોતાની સાથે મને ઘરમાં લઈ જતાં કહે, ''સાથે સાથે હમણાં તો અમારે પરીક્ષાય ચાલે છે ને.'' કહેતાં ફાઈલો બાજુ ઉપર મૂકી મને ખુરશી ઉપર બેસવા સૂચવી, સહજ રીતે પૂછ્યું : ''લખાણ લાવ્યા છો ને?''

એમને થાકેલા જોઈને હું અંદરથી તો ડઘાઈ ગયેલો હતો. જવાબ આપતાં જરા અચકાતો બોલ્યો : ''લખાણ તો લાવ્યો છું, જરા લાંબું પણ છે. આપ થાકેલા છો. જરા સ્વસ્થ થાઓ. હું આપને લખાણ આપીને જઈશ. ફરી કડી આવવાનું થશે ત્યારે એ સંબંધી આપને મળીશ.

''અરે, એવું તે હોય!' કહીને એમની હંમેશની રીતે હસી પડ્યા. કહે, ''કામ તો ચાલ્યા કરે. એ બધું સ્કૂલમાં હોય. અહીં આરામ જ છે ને? તમે વાંચો.'' મારું લખાણ થેલીમાંથી કાઢતાં મને ક્ષોભ થયો.

''સાહેબ! લખાણ લાંબું છે.'' મેં કહ્યું, ''આપ કહેશો ત્યારે વાંચવાનું અટકાવી દઈશ. બીજું ફરી વાર વાંચવાનું રાખીશું.''

''તમે વાંચો તો ખરા.' એમ કહેતાં, એમનું હસવાનું ચાલુ જ હતું.

મેં 'અમૃતકુંભ'નાં એંશી પાનાં ટેબલ ઉપર મૂક્યાં અને વાંચવાનું શરૂ કર્યું. થોડું વાંચ્યા પછી મેં એમના સામે જોયું તો ખરેખર પોતે રસપૂર્વક સાંભળી રહ્યા

હતા. એ જોઈ હું ઉત્સાહિત થયો. મોકળા મને હું વાંચવા લાગ્યો. મને હજીય એ પ્રસંગ બરાબર યાદ છે કે મેં 'અમૃતકુંભ'નું લખાણ પૂરેપૂરું એકધારું વાંચી લીધું એટલો સમય — લગભગ દોઢેક કલાક જેટલો સમય — એમણે એકધારું રસપૂર્વક સાંભળ્યા કર્યું. લખાણ પૂરું વાંચી લીધા પછી પાનાં પાછાં થેલીમાં મૂકતાં મેં એમની સામે જોયું ત્યારે તેમણે કહ્યું : ''તમને કાંઈ ખબર પડી? તમે એક મોટી પરીક્ષામાંથી પાસ થયા છો.''

હું તો એમની સામે દંગ થઈ જોઈ જ રહ્યો.

''તમે ખરેખર એક મોટી પરીક્ષામાંથી પાસ થઈ ગયા.'' એમણે ફરી વાર એ જ શબ્દનો પુનરોચ્ચાર કરી, મને સમજાવતાં કહે, ''હું જ્યારે સ્કૂલમાંથી આવ્યો અને તમે તમારું લખાણ વાંચવાનું શરૂ કર્યું ત્યારે હું ખૂબ થાકેલો અને કંટાળેલો હતો. તમે દોઢ કલાક સુધી સતત વાંચ્યા કર્યું અને મેં રસપૂર્વક સાંભળ્યા કર્યું. દોઢ કલાક બાદ જ્યારે તમારું વાંચન પૂરું થયું ત્યારે... ખરેખર કહું છું કે તમારું લખાણ એટલું બધું સરસ છે, રસમય છે કે મારો બધો થાક અને કંટાળો દૂર થઈ ગયાં. હું ફ્રેશ થઈ ગયો. મને નવી તાજગી મળી.

હું તો આભો જ થઈ ગયો. આવા પ્રતિભાવની મેં અપેક્ષા રાખી જ નહોતી. મારું હૈયું હરખી ઊઠ્યું. મારો આત્મવિશ્વાસ બુલંદ થઈ ગયો. — આ બધું કેમ ભુલાય! આ પ્રેરણા, આ પ્રોત્સાહન અને તે પણ આવી અજબ રીતે બીજે ક્યાંથી પ્રાપ્ત થાય? — આ કેમ ભુલાય! આ પ્રસંહ હજીય એવો ને એવો જ તાજો મારા સ્મરણમાં રમી રહ્યો છે.

મારા સંતોષની ખાતર એક બીજી વાત પણ કરું — આ ચરિત્રગ્રંથમાં 'ગુરુબંધુઓ' નામના પ્રકરણમાં પૂ. પા. બ્ર. શ્રી શિવપ્રકાશજી મહારાજશ્રીનું ચરિત્ર નિરૂપણ કરેલું. એ વાંચીને મોહનભાઈ કહે : ''શિવપ્રકાશજીનો પ્રેમ સારી રીતે પારદર્શક દર્શાવ્યો છે.'' અને એ પ્રકરણની ભાષા માટે કહે, ''આ ભાષાને પ્રાસાદિક શૈલી કહેવાય.'' ત્યારે હું ખૂબ ખુશ થયેલો.

આ પ્રકારે 'સંન્યાસી' ગ્રંથમાં મને મોહનભાઈની સંપૂર્ણ રીતે પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન પ્રાપ્ત થયેલાં. તદુપરાંત મારી નવલકથાઓ 'અધિનાયક' અને 'અલખનો આદેશ'માં પણ એ જ રીતે સાદ્યંત માર્ગદર્શન મળેલું.

નવલકથા માટે એમના સંપર્ક દરમ્યાન, એમણે કહેલી બેત્રણ વાત તો મારી યાદદાસ્તમાં ખાસ સંગ્રહાયેલી રહી છે.

એક તો ચરિત્રનાયક પોતાના કથન દ્વારા જ્યારે સમાજને કાંઈક સંદેશો આપતો હોય તે ચીલાચાલુ ના બની રહેતાં, કાંઈક વિશેષતાપૂર્ણ હોવું જોઈએ. તો જ એ સંદેશો અર્થસભર બની રહે.

બીજી વાત એમને એ પણ કહેવાની છે કે નવલકથામાં આલેખાતા ઘટના-પ્રસંગો કેવળ તર્કનાં જ પરિણામ ન હોવાં જોઈએ. વાસ્તવિકતા સાથે એને

સંબંધ હોવો જોઈએ.

ત્રીજી વાત એમણે મને એ પણ કહેલી કે : મગતરાં જેવાં માણસોની ક્ષુલ્લક વાતોને નવલકથાના કેન્દ્રમાં મૂકી, મોટી રાજખટપટ જેવો દેખાડો કરવામાં સાહિત્યિક વિવેક સચવાતો નથી; અર્થાત્ Don't shoot butterflies with ritles. આવું તો ઘણુંબધું એમની પાસેથી જાણવા મળેલું.

મોહનભાઈસાહેબને અત્યારે પણ જ્યારે હું મળવા જાઉં છું ત્યારે એમની સાથે થતી સામાન્ય વાતચીતોમાં પણ સાહિત્ય સંબંધી અવનવું જાણવા મળે છે. પોતે સાહિત્યના તળને સ્પર્શી ચૂક્યા છે. એમના પાતાળકૂવામાંથી જે સાહિત્યની સરવાણી ફૂટી છે, એનું નિત્ય-નવીન, તાજગીભર્યું, સ્વચ્છ સાહિત્યજળ સદાકાળ સમગ્ર ગુજરાતને મળતું રહે, એવી પરમાત્માને પ્રાર્થના.

# શ્રી ગુરવે નમ:

આચાર્ય જેઠાભાઈ ટી. પટેલ

દુનિયાની સંસ્કૃતિઓ તરફ એક દૃષ્ટિપાત કરીએ તો સ્પષ્ટ રીતે જણાઈ આવશે કે ભારતની સંસ્કૃતિ મૂઠી ઊંચેરી છે. શું કારણ? કારણો હશે, પણ મુખ્યત્વે એના પાયામાં ઋષિ છે, ગુરુ છે, માતાપિતા છે. આ ત્રિપુટીએ આ સંસ્કૃતિને સંસ્કૃતિઓના શિખરે બેસાડી છે. આ ત્રિપુટીનું ઋણ આપણા ઉપર ભારોભાર છે એમાંય ગુરુઋણની તો વાત જ કંઈક જુદી છે. આ માટે જ તો ઋષિકંઠમાંથી ગવાઈ ગયું....

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ
ગુરુદેવો મહેશ્વર
ગુરુર્સાક્ષાત્ પર બ્રહ્મ
તસ્મૈ શ્રી ગુરુવે નમ:

આજે આવા એક પરબ્રહ્મ ગુરુની વાત કરવી છે. આમ તો તેઓ એક રાજનગરી, સંસ્કારનગરી પાટણના. પણ એમણે કર્મભૂમિ બનાવી કડીને. કડીને પણ એનો ભૂતકાળ છે અને વર્તમાન પણ છે. આજથી ૮૦ વર્ષ કરતાંય વધુ વર્ષો પહેલાં એ ભૂમિમાં સારસ્વતપુત્ર આવીને પલાંઠી વાળીને એ બેસી ગયો. બેઠો તે બેઠો. એ બેઠોને એણે બીજાને ઊભા કર્યા, દોડતા કર્યા. એની બેઠક નીચેથી સરસ્વતીનો એક પ્રવાહ ફૂટી નીકળ્યો. અને એ પ્રવાહ આખા ગુજરાત ઉપર ફરી વળ્યો. 'કર ભલા, હોગા ભલા'ના મંત્ર દ્વારા ઉત્તર ગુજરાતનાં ગામડાંઓમાં શિક્ષણનું એક મહામોજું ફરી વળ્યું. એ મહાપુરુષનું નામ છગનભા! કડી માટે એક કહેવત પડી ગઈ. કડી સોનાની દડી. No stady without Kadi. કડીના વિકાસના પાયામાં ધનિકોનો સાથ મળ્યો. શ્રી મફતલાલ શેઠ અને રાજકારણીઓનું પીઠબળ મળ્યું. પૂ. બાપુ, સયાજીરાવ અને ત્રીજી બાજુથી એને સારસ્વતપુત્રોની ખાણ મળી. એ હતા પૂ. અમીનસાહેબ, ગામીસાહેબ, પૂ. શ્રી પોપટભાઈ, પૂ. નાથાભાઈસાહેબ, મોહનભાઈસાહેબ અને ગણ્યા ગણાય નહીં, એટલા બધા...

પૂ. મોહનભાઈસાહેબ એ અમારા—મારા ગુરુ. એમના વ્યક્તિત્વની ભૂરકી

જ કંઈ જુદી-ઉજળો રંગ, હિમાલયને આંબવા મથતી ઊંચાઈ, આંખોમાંથી સતત વહેતું વાત્સલ્ય, મુખારવિંદ ઉપર ધરબાઈને પડેલો પ્રેમ, મુખમાંથી ટપકતી મધુર વાણી, બગલાની પાંખ જેવાં સફેદ વસ્ત્રો અને શિયાળાની ઠંડીમાં શંકરના ગળામાં શોભતા નાગ જેવું વાદળી મફલર... લાગે કે હમણાં જ સાક્ષાત્ શંકર સ્વર્ગમાંથી પધાર્યા છે. હાથમાં પુસ્તક લઈને એ ભણાવતા હોય ત્યારે બસ સાંભળ્યા જ કરીએ, બસ જોયા જ કરીએ. સમય ક્યાં જાય એ ખબર જ ન પડે. ઘંટ વાગે ત્યારે પટાવાળાને ગાળ દેવાનું મન થાય. એ બોલે નહીં, એમના વ્યક્તિત્વમાંથી એવું કંઈ ટપકી પડે જે સીધું હૃદયમાં ઊતરી જાય અને આપણું સંસ્કાર ઘડતર એની મેળે આકાર પામતું જાય. એક એવો નવ યુવાન તૈયાર થાય કે આખા ગુજરાતની કૉલેજો એની રાહ જોતી બેઠી હોય. કડીથી આવે છે, આવી જા. પ્રવેશ તૈયાર છે. આવું ઘડતર? પારદર્શક અને ડાઘ વિનાનું!!!

૧૯૫૨-૫૩ની વાત છે. વ્યાયાયમાં કડીની ધાક વાગે. કડીની ટીમ સામે આવી કે સામેની ટીમના મોતિયા મરી જાય. વ્યાયામની કોઈ પણ રમતમાં એનો ડંકો વાગે. આવી શાળાની ટીમનો કૅપ્ટન પણ કેવો હોય! એક વખત ખોખોના કૅપ્ટન માટે બે પક્ષો પડ્યા. કોઈ કોઈનું સંભળાય નહીં. બસ એક જ વાત. અમારા પક્ષનો નેતા હોવો જોઈએ. સમાધાન માટેના પ્રયત્નો ખૂબ થયા. પૂ. નટવરભાઈસાહેબ, પૂ. મોહનભાઈસાહેબ જેવાએ અને બીજા અનેક સાહેબોએ ખૂબ પ્રયત્નો કર્યા. પણ આવેશના એ ઘોડાપૂરમાં કોણ કોનું સાંભળે. વાત મારામારીની નજીક પહોંચી. શસ્ત્રો આવવા લાગ્યાં. છરો, ચપ્પું, હૉકીની વાતો પણ આવી ગઈ. વાત મર્યાદા બહાર જતી લાગી. એક ક્ષણ જો વિલંબ થાય, સહેજ મર્યાદા અને સંયમ ખૂટી જાય તો ક્યાંય મોંઢું બતાવવા જેવું ન રહે. પરિસ્થિતિ ઉપરનો અંકુશ તૂટતો લાગવા લાગ્યો. એક સુંદર દિવસે મોહનભાઈસાહેબે અખાડામાં વિદ્યાર્થીઓની એક મિટિંગ બોલાવી. બંને પક્ષો સામ સામે ગોઠવાયા. સાહેબે ખુરશીમાં આસન લીધું. સ્મશાનશાંતિ લાવારસ ઉપર બેઠેલી હતી. સાહેબે પ્રેમાળદૃષ્ટિ સભા ઉપર નાખી અને શ્વાસોચ્છ્‌વાસનો પણ અવાજ સંભળાય એવી શાંતિ પથરાઈ. શાંતિની પાછળ જ મહા અશાંતિ ઊભી જ હતી. શું થશે એની સૌને ચિંતા હતી. ત્યાં સાહેબ બોલ્યા, ''જુઓ, વાત બહુ મોટી નથી. કૅપ્ટન કોણ થાય એ બહુ મોટી લડત નથી. વાત છે શાળાની-સંસ્થાની ઇજ્જતની. કંઈ ન થવાનું થયું તો સાહેબ શું મોઢું બતાવશે? જીત કે હાર કરતાં સંસ્થાની ઇજ્જતનો મોટો પ્રશ્ન છે.... સ્મશાનશાંતિ પથરાઈ ગઈ. સાહેબ આગળ બોલ્યાઃ ''એક વાત સાંભળી લો. જો તમે એક નહીં થાઓ, જો તમે તમારી હઠ નહીં છોડો તો સાહેબ આવતી કાલ સવારથી આમરણ ઉપવાસ ઉપર ઉતરવાના છે. આ એમનો અડગ નિશ્ચય છે. પછી તમારે જે કરવું હોય તે કરજો.''... શબ્દો પૂરા થાય અને છેવાડાના વિદ્યાર્થી સુધી આ શબ્દો પહોંચે તે પહેલાં બંને પક્ષના નેતા ઊભા

થયા અને ....અને વાત પૂરી થઈ. સૌના ચહેરા ઉપર સંતોષ અને હાશ હતાં. વિશ્વાસ અને પ્રેમ હાજર થઈ ગયાં હતાં. આ હતી એ મહાન ઋષિઓની તાકાત. આ હતો તેમના માટેનો શિષ્યપ્રેમ. નહીં કોઈ આભાર, નહીં કોઈ ચર્ચા અને જ્યારે જીતનો શિલ્ડ ગુરુચરણોમાં મૂક્યો ત્યારની વાત શબ્દો નહીં કહી શકે.

આવો જ બીજો પ્રસંગ હતો બોર્ડની પરીક્ષાની ફી-વધારાનો. સમગ્ર ગુજરાત વિરોધની આંધીમાં સપડાયું હતું. કડી કેવી રીતે બાકાત રહે? કડીમાં પણ હડતાળની દેવી આવવાની રાહ જોઈને સરહદ — ઝાંપા આગળ ઊભી હતી. રાત્રે જ ઘડીમાં નિર્ણય લેવાઈ ગયો. કાલે સંપૂર્ણ હડતાળ. કડી માટે આ નવાઈની વાત હતી. હડતાળ, તાળાંબંધી જેવા ભારેખમ શબ્દો હજુ અહીં પ્રવેશ્યા નહોતા. આ પહેલો પ્રસંગ હતો. આ ચારે બાજુ કંઈક અશુભ થવાનું છે એવો સ્પષ્ટ અણસાર આ અંધકાર આપી રહ્યો હતો. વહેલી સવાર થઈ. આશ્રમમાંથી ચૂપચાપ નીકળીને સ્ટેશન ઉપર પહોંચી જવાના આદેશો અપાઈ ગયા હતા. છાત્રો વહેલા ઊઠીને તૈયાર થઈ ગયા હતા. સમૂહમાં છાત્રાલયના દરવાજેથી ચૂપચાપ નીકળી જવું એવું નક્કી થયું હતું. ચોરપગે આગેવાનો ધીમે ધીમે આગળ આવ્યા. ત્યાં શું જોયું? જોયું તો અંધકારમાં દરવાજા વચ્ચે કોઈ સૂતું છે — બાજુમાં એક પડછાયો શાંતિથી ઊભો છે. સૂતેલી વ્યક્તિના મોંમાંથી અંધકાર અને શાંતિને ચીરતા શબ્દો સંભળાયા, ''ભાઈઓ, જેને જવું હોય તે જાય —ના નથી પણ મારા આ દેહ ઉપર પગ મૂકીને જાઓ. પાસે ઊભેલાને ધક્કો મારીને જાઓ જાઓ... જાઓ.... તમારું ભલું ન થતું હોય તો મારી ના નથી. જાઓ શાંતિથી જાઓ...' કહેવાની જરૂર નથી કે બધા જ પાછા પોતપોતાની રૂમમાં. હડતાળનું બાષ્પીભવન ! ! ! ન કોઈ ચર્ચા, ન કોઈ ટીકા; ન કોઈ રોષ, ન કોઈ આવેશ. વસ્તુ પતી ગઈ. ઘીના ઠામમાં ઘી ઠરી ગયું. આવી હતી એ ઋષિઓની વાતો, આવો હતો એમનો પ્રેમ!

આવા ગુરુઓની શીતળ છાયા નીચે, એમના પ્રેમથી છલકાતા હૃદયથી તરબોળ થતાં કંઈ સમજ ન પડે કે શું તૈયાર થઈ રહ્યું છે, શું રંધાઈ રહ્યું છે. એ તો જ્યારે વિદાયવખત આવે ત્યારે જ ખબર પડે કે એક મજબૂત બાંધાનો અને નિષ્ઠા - પ્રેમ - સેવાથી તરવરતો યુવાન આજે સંસાર તરફ ડગ માંડી રહ્યો છે. ઉષ્માભર્યા અંતરના આશીર્વાદથી એ જીવનકેડી ઉપર પગ માંડી રહ્યો છે. અને તેથી જ તો આજે કડીનું એ કેમ્પસ છેક ગાંધીનગર સુધી પહોંચીને ગુજરાતમાં જ નહીં સારાયે ભારતમાં પોતાની છાપની પૂરબહાર કરી રહ્યું છે.

આ બધાનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે ખબર પડે કે એની પાછળ ત્યાગ, બલિદાન અને સેવાભાવ કેવો પડેલો છે. સંસ્થામાં એક પછી એક કેડર ઊભી થતી જ રહી છે. આજના આ શુભ પ્રસંગે વંદનીય દાસકાકાને કેમ ભૂલાય? કોટિ કોટિ વંદન એ કડી-સપૂતને. પૂ. કાકા ગયા અને તરત જ વંદનીય વડીલ માણેકલાલભાઈ આવી ગયા. વિદ્યાપ્રેમ અને સંસ્થાપ્રેમે જબરું કાઠું કાઢ્યું. ધંધો

સાઈડમાં ગયો. સંસ્થા જીવનમંત્ર બની ગઈ. વિદ્યા, લક્ષ્મી અને સંસ્થાપ્રેમે એક નવી હવા ઊભી થઈ. જ્યાં જ્યાં માણેકલાલભાઈ(સાહેબ) પગ મૂકે ત્યાં સફળતા સામે જ ઊભી હોય. એમના સ્વાગત માટે. મનુભાઈ જેવા મનુભાઈ અને કનુભાઈ જેવા એમનો પડછાયો બનીને ઊભા હોય. પૂ. સાહેબ તો હોય જ.

અટકું... વાતોનો કોઈ પાર નહીં આવે. સંસ્મરણો પર્વતમાળાની જેમ એક-બીજા પાછળ ઊભાં જ છે. પણ કહું કે બીજી વાતો પછી કોઈક વખતે.

છેલ્લે એક વાત કેમ ભૂલું? જ્યારે સારુંયે ગુજરાત એમનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યું છે ત્યારે મારે પ્રભુને એટલું જ કહેવું છે કે અમારા એ પ્રાણપ્યારા ગુરુને વધુ તો નહીં પણ શતક સુધી તો પહોંચાડજો. હજુ એમની સેવાની, હૂંફની અમો સૌને ખૂબ જ જરૂર છે. પ્રભુ, એમને સમૃદ્ધ, દીર્ઘાયુ આપજે, નિરામય જીવન આપજે. જોજે ભૂલી ના જતો આ બાળકોની પ્રાર્થનાને!!

પૂ. ગુરુજીને કોટિ કોટિ વંદન.

ૐ શાંતિ! શાંતિ! શાંતિ!

# મધુર સંસ્મરણો

ડૉ. સુમંત જે. પટેલ

હું ૧૯૫૮માં કડી સર્વ વિદ્યાલયમાં ધો. ૧૦માં દાખલ થયો હતો અને છાત્રાલયમાં રહેતો હતો. તે વખતે શ્રી નાથાભાઈ પટેલ આચાર્યપદે હતા. તેઓના ત્યાંથી વિદાય થયા બાદ શ્રી મોહનભાઈ પટેલ જેઓ પાટણના વતની અને પ્રખર વિદ્વાન તથા લેખક પણ છે તેઓની નિયુક્તિ આચાર્યપદે થઈ.

તેમની પ્રતિભા અને પ્રભાવ તથા શિસ્ત તરફનું કડક વલણ આજે પણ યાદ આવે છે. ભોજનશાળામાં ખૂબ અવાજ થતો પરંતુ જ્યારે તેઓ ગૃહપતિ પણ હતા અને તે સમયે આવીને ઊભા રહે ત્યારે ફક્ત તેમની નજર પડતાં બધો અવાજ તથા અવ્યવસ્થા બંધ થઈ જતાં. તેઓ સતત પુસ્તકોનું વાંચન જારી રાખતા. સમયના પૂરા પાબંધી અને વિદ્યાર્થીગણ સમયસર વાંચે છે કે નહીં તે માટે તેઓ ફક્ત એક આંટો લૉબીમાં મારતા અને દરેક વિદ્યાર્થી વાંચનમગ્ન બનતો. પ્રભુ તેઓને સાહિત્યજગતમાં આગવું સ્થાન અપાવી દીર્ઘાયુષ્ય અર્પે તે જ શુભેચ્છાઓ અને અભ્યર્થનાઓ સાથે વિરમું છું.

# મારી પ્રેરણામૂર્તિ... મોહનભાઈ પટેલ

કેશુભાઈ બી. નાયી

ગુરુ ગોવિંદ દોનોં ખડે... કિસકો લાગુ પાય...
બલિહારી ગુરુ આપકી... ગોવિન્દ દિયો બતાય...

શ્રી મોહનભાઈસાહેબને હું મારા પ્રેરણાસ્રોત કહું તોપણ અસ્થાને નહીં ગણાય... મોહનભાઈ સાહેબ એટલે પ્રસન્ન - મધુર વ્યક્તિત્વ ધરાવનાર, પ્રેમાળ, માનવતાવાદી, ધીર, ગંભીર અને શાંત વિચક્ષણ અધ્યાપક...

આપણા પરમ શ્રદ્ધેય ગુરુવર્ય અને જાણીતા સાક્ષર શ્રી મોહનભાઈસાહેબનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે મારી અંતઃકરણની લાગણીઓને હું રોકી શકતો નથી. મારા હૃદયકમળમાંથી સરી પડતાં શબ્દકુસુમો વડે ભૂતકાળ નજર સમક્ષ ખડો થાય છે. આપની મધુર સ્મૃતિ તેમજ આપના સાન્નિધ્યથી જે કાંઈ મેળવ્યું છે તેને વાગોળ્યા વિના રહી શકાતું નથી.

સદ્‌ભાગ્યે ૧૯૭૦ થી ૧૯૮૫ સુધી કડી તાલુકા વ્યાયામ મંડળમાં આપનાં માર્ગદર્શન, હૂંફ અને પ્રેરણાથી કામ કરવાનો અમૂલ્ય અવસર સાંપડ્યો...તે સમયે મોહનભાઈ સાહેબ અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. વ્યાયામ મંડળમાં પ્રમુખપદ પણ શોભાવી રહ્યા હતા. હું ક્રીડામંત્રી તરીકે રહીને એમની પાસેથી ઘણું શીખ્યો છું. માટે એ મારા ગુરુવર્ય ને પ્રેરણામૂર્તિ છે. મને સાહેબનો જે અનુભવ થયો છે તે સુખદ અને સ્મરણીય છે. એ અત્યંત સરળ, ઋજુ અને સૌમ્ય પ્રકૃતિ ધરાવે છે. એમને ખૂબ ધીમેથી, શાંત ચિત્તે, ગંભીર વદને, પ્રભાવશાળી વ્યક્તિત્વ પ્રગટ કરતા અને કેળવણીકારો કે સારસ્વત મિત્રો સાથે અસરકારક ચિંતનશીલ વક્તવ્ય આપતા જોયા અને સાંભળ્યા છે.

વર્ષો પહેલાં વ્યાયામ મંડળની મિટિંગમાં મોટી સંસ્થામાં વ્યાયામ - ચાહકો ઉપસ્થિત હોય, સંસ્થાઓની ચર્ચા થતી હોય, સમાધાન થતું ન હોય..અને સાહેબના આગમન સાથે સભાખંડમાં શાંતિ છવાઈ જતી...ગમેતેવા જટિલ પ્રશ્નોનું નિરાકરણ ખૂબ જ સહજતાથી કરતા એમને મેં નિહાળ્યા છે. ત્રણ ત્રણ દિવસ સુધી મેદાનમાં.. વરસાદ આવતો હોય તોપણ..સાહેબ છત્રી લઈને પણ ઊભા હોય... વાદવિવાદ ન સર્જાય તેની સતત કાળજી રાખતા.. યુવક મહોત્સવમાં સાહેબનું ચિંતન અને

સાહિત્યનું જ્ઞાન અમને ખૂબ જ ઉપયોગી થયેલ છે.. સર્વ જગ્યાએ વામનમાંથી વિરાટ સ્વરૂપ ધારણ કરનાર સાહેબશ્રી ખૂબ ઓછા શબ્દોમાં ઠાવકાઈથી, લાગણીસભર, હૃદયના ઊંડાણથી જે વિશિષ્ટ સાહિત્ય શૈલીનો ઉપયોગ કરી એ સૌના હૈયામાં વસી ગયા છે.

સાહેબને મારા માટે ખૂબ માન હતું. મને તો સર્વ વિદ્યાલય, કડીમાં શિક્ષક તરીકે લઈ જવાનાં એમનાં ખૂબ અરમાન હતાં. સંજોગોએ સાથ ન આપ્યો.. મેં કહ્યું.. મને સાહિત્યમાં ખૂબ રસ છે... હું લખું છું...ને હવે કંઈક લખીશ... ત્યારે એમણે મને આશ્વાસનના શબ્દો સાથે કહ્યું, 'ભાઈશ્રી, આપને સાહિત્યનો શોખ હોય તો લખજો. પરંતુ વ્યાયામ પ્રવૃત્તિને છોડતા નહિ.' એ શબ્દો આજે પણ મને યાદ છે... તે પછી તો મને શારીરિક શિક્ષણ અને સ્કાઉટ પ્રવૃત્તિ ક્ષેત્રે અખિલ ભારતીય કક્ષા સુધી સેવા કરવાની ઉમદા તક મળી.. તેમાં સાહેબશ્રીની પ્રેરણાનો ઋણ સ્વીકાર કરું છું... એમની શીખ આજે પણ વિસર્યો નથી... ' જન્મ મારા માતાપિતાને આભારી છે પણ આજે હું જે કંઈ છું તે મારા ગુરુને આભારી છું.''

મોહનભાઈસાહેબ કર્મવીર છે, એમનું માર્ગદર્શન મારા માટે પ્રેરણાપીયૂષ છે...

એમના સૌમ્ય વદનમાં મને સમભાવ, સહાનુભૂતિ અને સરળતાનાં દર્શન થાય છે. ત્વરિત નિર્ણયશક્તિ એની કાર્યક્ષમતાને દીપાવે છે. સાહેબને હું એક વિરલ માનવ તરીકે ઓળખું તો યોગ્ય જ ગણાશે. એમના મુખેથી માધુર્ય વેરતી અમીવાણીનો અનુભવ થયો છે. મેં હંમેશાં એમનામાં વિનમ્રતા, નિરભિમાનીપણું અને નિર્મલ હાસ્ય જોયાં છે. આવો, કેમ છો? મજામાં ને! 'તમે, આવ્યા તે સારું થયું''...'સૉરી',.. થેંક્સ'.. વગેરે શબ્દપ્રયોગ મેં અવારનવાર સાંભળ્યા છે. એમની મમતાનો અનેકને અનુભવ થયો છે. એ લેખનકળામાં ગળાડૂબ હોય તોપણ ઊભા થઈ વિવેકપૂર્ણ રીતે મારા જેવા નાના શિક્ષકને પણ એમણે આવકાર આપ્યો છે તે કેમ ભૂલી શકાય..? એમનું વિશાળ વાચન તેમજ સાહિત્ય પ્રત્યેની પ્રીતિ પ્રેરણાદાયી છે. ગુજરાતી સાહિત્યમાં નવલકથા, વાર્તા, લઘુકથા, વિવેચન વગેરે ક્ષેત્રોમાં આપનું માતબર પ્રદાન છે. તે સૌ સાહિત્યરસિકો જાણે છે.

ઉત્તમ અભ્યાસુ અને વિદ્યાર્થીવત્સલ અધ્યાપક તરીકે એ હંમેશાં વિદ્યાર્થીઓના આદરપાત્ર રહ્યા છે. ગુજરાતી સાહિત્યને લઘુકથાનું નવું જ ક્ષેત્ર આપના થકી મળ્યું. એમણે વિદ્યા અને સંસ્કારનગરી કડીમાં રહી સાહિત્યની ઉપાસના કરી. અનેક નવોદિત સાહિત્યકારોનું ઘડતર કર્યું. શ્રી રમેશ ત્રિવેદી, શ્રી દિલીપ રૉય, શ્રી રામજીભાઈ કડિયા જેવા અનેક સાહિત્યકારોનું આપના માર્ગદર્શન અને પ્રેરણાથી ઘડતર થયું છે.

સર્વ વિદ્યાલય કડીને સાચા અર્થમાં રચનાત્મક સંસ્થા બનાવવામાં એમનો પુરુષાર્થ અનેરો છે. સર્વ વિદ્યાલય કેમ્પસને ગુરુકુળની કક્ષાએ લઈ જવા એમણે

સતત કાળજી લીધી તે વિસરી શકાય તેમ નથી.

શ્રી મોહનભાઈસાહેબ સર્વ વિદ્યાલય, કડીમાંથી વિદ્વાન, વિદ્યાસંગી અને વિદ્યાર્થીપ્રિય એવા આચાર્યપદને શોભાવી નિવૃત્ત થયા. પછી એમનું કાર્યક્ષેત્ર ખૂબ જ વિસ્તૃત અને ઉજ્જ્વળ બન્યું છે એ દ્વારા સમાજને અને ગુજરાતી સાહિત્યને ખૂબ લાભ થયો છે. આજે એમનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે હજુ પણ પરમકૃપાળુ પરમાત્મા એમને સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ બક્ષે તેમજ સત્યમ્, શિવમ્, સુન્દરમ્‌ની ભાવનાવાળું આપનું જીવન સો સો શરદ સુધી રસવંતુ બને એવી અભ્યર્થના...

આવા સન્માનનીય ગુરુવર્ય મોહનલાલસાહેબને વંદન.

# પુત્રનાં લક્ષણ પારણામાં

નાનાભાઈ ના. પટેલ

મોહનભાઈ સાથે મારો પરિચય ૧૯૪૪-૪૫નાં વર્ષમાં કડવા પાટીદાર છાત્રાલય, કારેલીબાગ વડોદરામાં થયેલો. એ વર્ષમાં છાત્રાલયમાં ગૃહપતિની જવાબદારી કોઈ સંભાળતું નહોતું. મને સુરતમાં દયાળજી આશ્રમનો અનુભવ હતો અને વિદ્યાર્થીના જીવન ઘડતરમાં ઉપયોગી થવાય તો થવું એ ભાવના હતી એટલે સંસ્થાના સંચાલક રામચંદ્રભાઈએ કહ્યું કે લાયક ગૃહપતિ મળે ત્યાં સુધી આ છાત્રાલયના ગૃહપતિની જવાબદારી સ્વીકારવાની તેમની વિનંતી મેં સ્વીકારી.

ગૃહપતિની જવાબદારીમાં છાત્રાલયનો હિસાબ, રસોડું, છાત્રાલયના નિયમોનું પાલન તથા શિસ્ત હતાં. છાત્રાલયમાં મુખ્ય અસંતોષ ભોજન અંગેનો હોય છે. તે સાચવીએ એટલે ૭૦ ટકા સફળતા મળી જાય.

મારા કામમાં ઈશ્વરકૃપાએ ત્રણ સાથી મળી ગયા. એક ભાઈએ હિસાબની જવાબદારી સંભાળી લીધી. તેમની પ્રામાણિકતા અને ચીવટાઈએ સૌનાં મન હરી લીધાં. બીજા બે ભાઈઓએ રસોડાની જવાબદારી સંભાળી લીધી. એક ભાઈએ રસોઈને લગતી ખરીદી બજારમાંથી લાવી દેવાનું અને બીજા ભાઈએ રસોડાના સ્ટોરમાંથી જરૂર પૂરતો માલ રોજેરોજ કાઢી આપવાનું, રસોડાના રસોઈઆ તથા મજૂર ઉપર દેખરેખ રાખવાનું સ્વીકારી લીધું. મારે ભાગે છાત્રાલયના નિયમોનું પાલન અને શિસ્ત જાળવાનું હતું.

છાત્રાલયના નિયમોમાં ખાસ કરીને ઊઠવાનો ઘંટ વગાડવાનું તેમજ સવાર અને સાંજની પ્રાર્થના હતી. મને આ નિયમ ઉપરાંત છાત્રના ઘડતર અને છાત્રાલયની સુવાસ ફેલાવવામાં રસ હતો. છાત્રાલયમાં ૫૪ જેટલા વિદ્યાર્થી રહેતા હતા. કેટલાક મારા કરતાં નીચેના વર્ગમાં અને કેટલાક મારા કરતાં ઉપરના વર્ગમાં અભ્યાસ કરતા હતા. નીચેના વર્ગવાળા કદાચ મારું વર્ચસ્વ સ્વીકારે પરંતુ ઉપલા વર્ગવાળાને સ્વભાવિકપણે મારું વર્ચસ્વ વસમું લાગે. મારા કરતાં વધુ અભ્યાસ કરનાર કેટલાક વિદ્યાર્થી પૈકી બે નામ મને સ્મરણમાં રહ્યાં છે. એક ડૉ. રણજીતભાઈ એમ. પટેલ જે ગુજરાતી ભાષાના પ્રખ્યાત લેખક અને કવિ 'અનામી' તરીકે પ્રખ્યાત થયા છે અને બીજા મોહનભાઈ બાભાઈદાસ પટેલ. મોહનભાઈ

સાથે છાત્રાલયમાં હું ઘનિષ્ટ પરિચયમાં આવ્યો નહોતો. તેઓ મારા કરતાં આગળના વર્ષમાં અભ્યાસ કરતા હતાં. છતાં સાંજની પ્રાર્થનામાં લગભગ રોજેરોજ કાંઈક બોલવાનું થતું ત્યારે કોઈપણ દિવસે તેમણે ખુલ્લી ટીકા કે વિરોધ કર્યો ન હોતો એટલું જ નહિ પણ ખાનગી ગપસપમાં પણ મારા વહીવટની ટીકા કરી નહોતી.

છાત્રાલયના સવારસાંજની પ્રાર્થનાના નિયમ ઉપરાંત એક નવો નિયમ મેં દાખલ કર્યો હતો. તે નિયમાનુસાર દરેક છાત્રે અઠવાડિયામાં એક દિવસ સાંજના સાડા પાંચ વાગે અડધો કલાક છાત્રાલયની સફાઈ અને ચોખ્ખાઈ માટે આપવાનો હતો. આ માટે નવ નવ છાત્રોની ટુકડી અઠવાડિયાના છ દિવસ કામ કરતી. દરેક છાત્રને અઠવાડિયામાં એક દિવસ શ્રમયજ્ઞમાં જોડાવાનું હતું. હું દરરોજ શ્રમયજ્ઞમાં દરેક ટુકડી સાથે જોડાતો. આ કામમાં રસોડાસફાઈ, કંપાઉન્ડસફાઈ, સંડાસ તથા બાથરૂમસફાઈ આવતાં હતાં. સંડાસ અને બાથરૂમ-સફાઈનું કામ આજ સુધી ભંગીનું જ ગણાતું અને છાત્રાલયમાં પણ ભંગી રાખેલો હતો. કંપાઉન્ડ સફાઈમાં પાવડો, કોદાળી અને કુહાડી કોને કહેવાય તે જાણતા પણ ન હતા તેવા વિદ્યાર્થીઓ પૈકી શ્રી મોહનભાઈ પણ હતા. પરંતુ શિસ્તમાં માનતા હતા એટલે કંપાઉન્ડ-સફાઈમાં પાવડાનો અને કોદાળીનો ઉપયોગ કરતા. હાથમાં છાલા પડી જવા છતાં તેને પ્રસન્નતાપૂર્વક સ્વીકારી લેતા અને મારું શિસ્ત જાળવવાનું અને સંસ્કાર પાડવાનું કામ સરળ બનતું અને અન્ય છાત્રાલયના સંચાલકો તરફથી પ્રતિષ્ઠા પણ મળતી. છાત્રાલયમાં તે સમયે સંડાસ ગટર સાથે જોડાયેલાં નહોતાં. ભંગી સંડાસનાં વાસણ સાફ કરતો પરંતુ સંડાસ-રૂમને પાણી રેડી ઝાડુથી સાફ કરવાનું કામ પણ સરળ નહોતું. આવા કામમાં ગંધ ઉપરાંત આજસુધીના પડેલા સંસ્કાર માનસિક બળવો પોકારે. તેની સામે થવાપણું હતું પરંતુ તે કામ પણ છાત્રોએ ખુશીથી કર્યું હતું.

મોહનભાઈ અને અનામી જેવા છાત્રોએ આગેવાની લીધી હોત તો એક કલાકના શ્રમયજ્ઞની પ્રથા જે ફક્ત ગાંધી આશ્રમો અગર ગાંધી કાર્યકરો દ્વારા ચાલતી શાળા સિવાય કોઈપણ વિદ્યાર્થી છાત્રાલયમાં ચાલતી નહોતી. તૂટી પડતી. અમારી સાયંકાળની પ્રાર્થનામાં મહાપુરુષોની જે દિવસે જન્મજયંતિ હોય તે દિવસે એમના વિષે કાંઈ કહેવાતું. આવા પ્રસંગોએ મોહનભાઈ જેવા બુદ્ધિશાળી અને હોંશિયાર છાત્ર, પોતાનો ફાળો આપી આવી જયંતિઓનો છાત્રોમાં સંસ્કાર અને ભાવના પેદા કરવામાં મદદરૂપ થતાં.

ગૃહપતિ વિના વિદ્યાર્થી દ્વારા છાત્રાલયની પ્રવૃત્તિ એટલી સરસ ચાલવા માંડી કે છાત્રાલયના સંચાલકોએ ગૃહપતિની નિમણૂંક વગર ૧૯૪૪-૪૫નું વર્ષ ખેંચી કાઢ્યું. વિદ્યાર્થી દ્વારા છાત્રાલયનો વહીવટ ચલાવવામાં મળેલી સફળતા, મોહનભાઈ અને અનામી જેવા ભાવનાશાળી, શિસ્ત પ્રેમી, સંસ્કારપ્રેમી અને સારા કામમાં સહકાર આપવાની અને સહભાગી થવાની તત્પરતા અને ખાનદાનીને

લઈને મળી હતી.

મોહનભાઈમાં છુપાયેલા આ સંસ્કાર અને શક્તિએ એમને આદર્શ શિક્ષક અને આચાર્ય તેમજ ગુજરાતી ભાષાના ઉત્તમ લેખકો પૈકીમાં એક બનવામાં ફાળો આપ્યો છે.

એમના અવાજની વિશિષ્ટતા મને યાદ રહી ગઈ છે. કેટલાક અવાજમાં નિરાશાજનક અને લઘુતાગ્રંથિના ભાવ હોય છે, કેટલાક અવાજમાં કર્કશતા હોય છે, કેટલાક અવાજમાં પોતાનું ઉપરીપણું સ્થાપવાનું હોય છે, કેટલાક અવાજમાં આવી આદત અને સ્નેહ નીતરતો હોય છે. મોહનભાઈના અવાજમાં આવી આદતા અને સ્નેહનો મને અનુભવ થતો. મારો વ્યક્તિગત અનુભવ સર્વ વિદ્યાલય, કડીનાં વિદ્યાર્થીઓમાં તથા તેમના અન્ય પરિચિતોમાં સાકાર થયો તેનો મને ખૂબ આનંદ છે. તે જમાનામાં પણ ઘણા કૉલેજીયન પૅન્ટ અને ઇનશર્ટનો પોશાક ધારણ કરતા. મોહનભાઈ ખાદીના સફેદ પાયજામા અને સફેદ ખમીશમાં કૉલેજમાં જતા. છાત્રાલય અને કોલેજનો પોશાક એક જ રહેતો. કૉલેજ વાતાવરણમાં પણ એટલી સાદાઈ જાળવવા જેટલી ખુમારી તથા વિરોધી વાતાવરણમાં પણ પોતાના વિચારમાં ટકી રહેવાની નૈતિક હિંમત એમણે ખીલવી હતી.

૧૯૪૫ પછી તૂટેલો સંબંધ ૧૯૯૭થી ફરીથી સંધાયો છે અને અમદાવાદ જવાનું થાય ત્યારે ગમેતેમ સમય કાઢી એમને મળી એમના સ્નેહનો આનંદ માણું છું. મોહનભાઈ નસીબદાર છે કે કોઈ વ્યાપાર ઉદ્યોગના ક્ષેત્રમાં પડી પોતાની શક્તિનો ઉપયોગ કરવાને બદલે નિર્દોષ અને જીવંત બાળકો વચ્ચે એમની શક્તિ અને ભાવનાઓનો ઉપયોગ કરવાની તક મળી અને અનેક બાળકો અને વ્યક્તિઓ સમાજને આપ્યાં. એમનું અમૃતપર્વ ઉપરાંત શતાબ્દિ પર્વ ઉજવવાની સમાજને તક મળે. સમાજને એમનું શતાબ્દી વર્ષ ઉજવવાનો ઉમળકો થાય એવી એમની શક્તિ, ભાવના અને તંદુરસ્તી જળવાઇ રહે અને સો વર્ષના યુવાન કહેવડાવવાનું એમને ભાગ્ય પ્રાપ્ત થાઓ એવી પ્રભુપ્રાર્થના...

# શ્રી મોહનભાઈ પટેલઃ રેખાચિત્ર

પ્રા. ઘનશ્યામ એ. પટેલ
(આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કડી)

સાહિત્યના આરાધક મોહનભાઈ પટેલ બહુપાર્શ્વી વ્યક્તિત્વ ધરાવનાર પ્રતિભાપુરુષ છે. જેમનું સાહિત્યશીલ આચરણમાં પ્રત્યક્ષ થાય તે રીતે સાહિત્ય આસ્વાદકનું સમસંવેદન તેની પડછે બેઠું હોય એવા મોહનભાઈ છે. એમનું પ્રત્યક્ષ વ્યક્તિત્વ એટલે સ્વયંભૂ સાહિત્યકારમાં આકાર પામતો સાહિત્યના આજન્મ કમનીય (Gracefulness) તત્ત્વનો આકાર. દૃષ્ટિને, શ્રુત-પુટને તથા મન-હૃદય-બુદ્ધિને તેમની ઉપસ્થિતિ સજીવી હળવાશ પમાડે છે.

સાહિત્યના અવલેહ વડે તેમનામાં યૌવન તરલાય છે. એમની ભાવયિત્રી પ્રતિભા ચિન્તનપ્રસૂત ગહનતા વડે તત્ત્વગ્રાહી બનીને સાહિત્યાસ્વાદકને સમ્પર્કે છે. સૌજન્ય તેમના સહૃદયત્વની પ્રતીતિ પળેપળ કરાવતું રહે છે. વિવેકનો ગુણ તેમના ચારિત્ર્યમાંથી મ્હોરે છે. ઊંડું અને વિશાળ અધ્યયન તેમની ચર્ચાશ્રુતિને તાજગી સમર્પે છે. જ્યારે ચિરયુવા જિજ્ઞાસા અને બાલસુલભ નિરવદ્યતા 'सहनौ भूनक्तु' મંત્રના ચરિતાર્થે વાતાવરણને પ્રાણમુખર મૌન વડે બાંધે છે.

બૌદ્ધિક Intellectual Sublimity ઉદાત્તતા તેમની પ્રૌઢ પ્રજ્ઞા રક્ષક બનીને રુક્ષતા ટાળે છે, આટલા વિદ્વાન છતાં આટલા સરળ!

સતત સર્જન, સર્જનપ્રેરણા પરાયણ ઉપરાંત સૈદ્ધાંતિક વિવેચન પ્રવૃત્ત મોહનભાઈ આજના ગુજરાતી સાહિત્યમાં આવકાર્ય સ્થાન ધરાવે છે. તેમનું પ્રદાન લઘુકથાના વિશિષ્ટ સર્જક-વિવેચક સાહિત્યપ્રકારમાં અમર રહેશે. તેઓ આ સ્વરૂપનાં 'લક્ષણ' પણ જાતે જ વિવેચકરૂપે અગ્રસર કરે છે. આધુનિક સાહિત્યમાં જૂની પેઢીમાંથી જે લેખકો કાળને જીતી શક્યા છે તેમાં તેઓ અગ્રણી લાગે છે. એક સમર્થ આચાર્ય ઉપરાંત શિક્ષણવિદ્યાસાધક, સંસ્થાસંચાલક, નવી પેઢીની ચિરયુવા પ્રેરણા જેવા મોહનભાઈનું સ્મરણ સાહિત્યના મંદિરમાં પ્રાર્થના જેવું અનુભવાય છે. કડી સાહિત્યવર્તુળના પ્રમુખ તરીકે તેઓ તેમના અનુગામી અને સાથી સાહિત્યકાર વિવેચક મિત્રોના સાહિત્ય પરિવેશનું Nebula છે.

અંગ્રેજી લેખકો અને તેમનાં કથનો તેઓ અવારનવાર ટાંકતા રહે છે. તેમની

સ્મરણશક્તિનો અને વાંચનનો પ્રસ્તુત આધાર વાતચીત કરનારને દીપ્ત કરતો રહે છે. ગણનાપાત્ર રીતે તેમની વિચારણા વ્યાવહારિક સમજ દાખવે છે. આથી તેઓના ખ્યાલ સતત વિકાસોન્મુખ રહેલા જણાય છે. ગ્રહણશક્તિની ત્વરિતતા તેઓની શીઘ્ર પ્રતિક્રિયાદ્યોતક શબ્દાવલિમાં પ્રતિધ્વનિત થાય છે. સમયનાં તાજાં વહેણે અને દૂરના સ્રોત વચ્ચે ઊભેલા તેઓ ગતિશીલતા પ્રગટતી રહે તેમાં માને છે.

ઊંચાઈ મધ્યમ કરતાં વિશેષ, બાંધો નાજુક અને પુષ્ટ, મુખાકૃતિ ભાવાત્મક સુડોળતાયુક્ત, આંખો વિદ્વાનોની મેધાદર્શક, સરળ અને આહ્લાદક તેમની 'company' ઑક્સફર્ડ કમ્પેનિયન ઑફ લિટરેચરની લેટેસ્ટ આવૃત્તિ જેવી પોષક બની રહે છે. ક્યાંય ભાર વર્તાતો નથી, વય વચ્ચે આવતી નથી. સાહિત્યકાર દ્વારા સદોદિત ઔત્સુક્ય અને નર્મમર્મ ટકોર તેમના વ્યક્તિત્વમાંથી શાન્ત પ્રભાવમાં ચળાઈને નીતરે છે. નમ્રતા છતાં આગ્રહવૃત્તિ તેમણે સિદ્ધ કરેલા 'સ્વત્વ'નો ઉત્કૃષ્ટ અંશ તેમને મળનાર સૌ કોઈને લાગશે.

સાહિત્ય ધારણાઓમાં તેઓ ઘટનાશૂન્યતાના વિપક્ષે છે. તેઓ ભાવપરિસ્થિતિ (Situation)માં ઘટનાનું સૂક્ષ્મ રૂપાંતર જુએ છે અને 'ઘટના'નું અર્થઘટન આગવી રીતે કરે છે.

'લઘુકથા'નો નવો વાર્તાકાર તેમનું ગુજરાતી સાહિત્યને પ્રદાન છે. વાર્તા, લઘુકાવ્ય અને લઘુકથાના રમેશ ત્રિવેદી અને દિલીપ રૉય જેવા યુવાન અનુગામીઓના તેઓ ગુરુ છે.

# બે ભાવપરિસ્થિતિઓની નેગેટિવ

પ્રેમજી પટેલ

ઈ. સ. ૧૯૯૬ના ઉનાળાની એક બપોર

સ્થળ : અમદાવાદ — એક સોસાયટી

'બંગલા નંબર આ જ છે' મનથી જવાબ મળ્યો.

'સમજ્યા, એકેય વાર મળેલો છે ખરો?'

'...જતાંવેંત ફટ્ટાક દઈ ના કહેશે તો!'

'તે વેવાઈવળોટ થોડો છે... ના કહે તો ઘેર! પણ એ ના કહે જ નહીં, એટલો તો વિશ્વાસ છે.'

'વિશ્વાસ? શાના ઉપરથી વિશ્વાસ?'

'એ લઘુકથાના જનક અને સર્જક બંને છે, લઘુકથાના સર્જકનું નામ પડે તો એમનો જીન થોડો ઝાલ્યો રૂહે!'

'કેમ, તમે તો જાણે એના મનમાં પ્રવેશ્યા હો એવી વાત કરો છો!' મેં મારા મનનું સમાધાન કરવા ઉદાહરણ ટાંક્યું : 'સાચા ભજન ગાનારાના કાને નરઘાં-કાંસીજોડાનો ડીંગ...ભપુમ, ડીંગ ડીંગ ભપુમ ભપુમ અવાજ અડી જાય તો એને થઈ જાય કે ગાઈ નાખું, ગાઈ કાઢું... એના જેવું છે. જેમાં જેને રસ હોય...'

'હમણાં ખબેર્ય' ચિત્તમાં એટલા શબ્દો ઉચ્ચારાય ત્યાં પગ કમ્પાઉન્ડ વટાવી ચૂક્યા. મુખ્ય બારણા ઉપર ડોરબેલની સ્વીચ ક્યાં છે તે આંગળીઓ શોધતી હતી. ત્યારેય વિચારીને સ્વીચ દાબજે એવી વૉર્નિંગ તો મળ્યા કરતી રહી.

'કાગળ કે ફોન અગાઉથી કર્યો હોત તો વધારે સારું થાત, આ તો ગ્રામ્ય રીત ગણાય.' ત્યાં જ સ્વીચ દબાવી. ડોર બૅલનો ટહુકો મનેય સંભળાયો. ડોર બેલ સરસ છે એમ વિચારું છું ત્યાં જ બારણું ખૂલ્યું. 'મોહનભાઈ પટેલસાહેબ છે?'

'આવો.... ઘેર જ છે' સામેનાં બહેને કહ્યું.

ઓળખતો હોઉં એવી ધરપત લઈને ઘરમાં પ્રવેશું છું. બેઠક લેતાં જ નજર બાળકની જેમ રાચરચીલા ઉપર કૂદી વળી. ડૉક્ટરનું ઘર જણાય છે, નેઈમપ્લેટથી સ્પષ્ટ થયું. ...નીરવ ક્ષણો પસાર થતી રહી. મધ્યમ કદ-બાંધાની પૅન્ટ-શર્ટવાળી

વ્યક્તિ રૂમમાં પ્રવેશી ‘આવો આવો...’ એવા પ્રેમાળ શબ્દો બોલતી મારી નજર સાથે આંખ મેળવતી સામેના સોફો ઉપર બિરાજી.

‘હું જ મોહનલાલ પટેલ... પણ... મેં આપને ઓળખ્યા નથી...!?’

‘આપણે પહેલી જ વાર મળીએ છીએ તેથી... પરંતુ મારા પક્ષે કહી શકું કે આપની લઘુકથાઓ, નવલકથાઓ વગેરે સર્જનથી પરિચિત હોઈ વન-વેની જેમ તમને ઓળખું છું.’ ટ્રેમાંથી પાણીનો ગ્લાસ લેતાં મેં બોલી નાખ્યું.

‘સારું.... સારું...’ મોં પર ભાવલહેરખી અને સ્મિતરેખા સાથે : કંઈ ખાસ પ્રયોજન...?’

‘હા, મનેય લઘુકથાઓના સર્જનમાં રસ છે, સાઠેક પ્રકાશિત લઘુકથાઓની ફાઈલ કરી ગુજરાત સાહિત્ય અકાદમીની સહાય માટે મોકલેલી તે મંજૂર થઈ છે.’

‘છપાવી દો... ગુડ’ તરત વચ્ચે બોલ્યા.

‘મારે આપની પ્રસ્તાવનાસહ પ્રકાશિત કરવી છે...’ મેં મૂળ વાત બોલી નાખી.

‘અરે ભાઈ, પ્રસ્તાવનાનું ભૂત ક્યાંથી વળગ્યું! કશો ફેર ના પડે, મૂકો માથાફોડ અને કરો કંકુના...’ નિસ્પૃહ રહી બોલ્યા. હું ચૂપ રહ્યો.

‘...એક કામ કરો... નજીકના હં, તમે તો વ્યાખ્યાતા છો તો... તો તમારી કૉલેજના પ્રિન્સિપાલ કે એવા કોઈ જાણીતા માણસનું લખાણ.... તમારા પૂંઠા ઉપર-પાછળની બાજુએ છાપો તો...’

‘જુઓ સાહેબ, મારે જાણીતાનું સર્ટિ નથી જોઈતું, જાણકારની પ્રસ્તાવના જોઈએ. તમે આ ક્ષેત્રના ભીષ્મ જેવા છો. વિવેચક અને સર્જક બંને એટલે લખો તો મને માર્ગદર્શન પણ મળે... અને બીજાની પાસે તો મારે લખાવવી નથી.’ ...અરવ ક્ષણો પસાર થતી રહી.

થોડી વારે મૌન તૂટ્યું : ‘જુઓ દોસ્ત, મારી મુશ્કેલી એ છે કે સારું સારું લખી શકતો નથી, સાચું જ લખાય છે... અને દર વખતે કંઈ સાચું ગમી જાય એવું બનતું નથી.’

મેં છેડો પકડતાં કહ્યું, ‘સાહેબ, બધા જ સરખા ના હોય. મને સુધારી શકે એવા માણસનું લખાણ જ હું... એમ તો વતનમાં કોઈની પાસે લખાવી શક્યો હોત. આટલે લાંબો ન થયો હોત...’

‘મારે ચાર-છ મહિના નીકળી જશે, સતત કામ ચાલે એમાંય આવું લખાણ બેચાર ક્લોઝ રીડિંગ થયા વગર ના લખી શકાય...’

‘મોડું થશે તો વાંધો નથી. હું રાહ જોઈશ. મારે તો આપ લખો એ જ મોટી વાત.’ એટલું બોલીને અટક્યો પણ મનમાં તો બોલ્યો : ‘આપ જેવાની પ્રસ્તાવના મળતી હોય તો ગમે તેટલો વખત રાહ જોવાની મારી તૈયારી છે’

ખુશ થઈને ફાઈલ આપીને આવતો રહ્યો.

*

બરાબર પંદર દિવસે પોસ્ટકાર્ડ મળ્યું. એમાં તેમણે મારી કૃતિઓ અંગે સંતોષ અને આનંદ વ્યક્ત કર્યો હતો. લખ્યું'તું કે 'ત્રેપનમી બારી' (લઘુકથાસંગ્રહ) જોઈ ગયો છું. ગમી છે, એટલે ઝડપથી લખવાનું થઈ શકશે.' મને થયું મેં ફાઈલ આપી ત્યારે તો સાહેબ વૃક્ષ જેટલા તટસ્થ રહ્યા પણ લીધા પછી તો તણાતા ગયા સંગ્રહમાં. થયું, લખી રહેશે એટલે જાણ કરશે તો ત્યાં જઈ લઈ આવશું.

દશ દિવસ થયાને લાંબું કવર આવી ચડ્યું. સ્પષ્ટ અક્ષરોવાળું ઍડ્રેસ વાંચ્યું. મોકલનાર મોહનલાલ પટેલ. પછી તો કવર ખોલવા આંગળીઓમાં સળવળાટ થવા માંડ્યો. અંદરથી લખાણ કાઢ્યું. પ્રસ્તાવના જ હતી, એકીશ્વાસે વાંચી લીધું. રાજીના રેડ થઈ ગયો કે એક જ મહિનામાં પ્રસ્તાવના મળી ગઈ.

*

સમય : બેચાર મહિના પછીની સાંજ

સ્થળ : અગાઉનો જ ખંડ

'નમસ્તે સાહેબ.'

'બિરાજો પ્રેમજીભાઈ...'

'તમે પાટણ જવાનું વિચારતા હતા તે ન ગયા?'

'હમણાં થોડું પાછું ઠેલાયું છે..., પ્રસ્તાવના મળી હતી?'

મેં થેલીમાંથી 'ત્રેપનમી બારી'ની છાપેલી નકલ એમના હસ્તકમળમાં મૂકી. આગળપાછળ જોઈને રાજી થતાં બોલ્યા : 'અરે વાહ, આટલું જલદી પ્રકાશન...'

'થયું, પાર્શ્વવાળા...'

'પણ રૂબરૂ ધક્કો ના ખાધો હોત... અને પોસ્ટ મારફતે...'

'એ તો મારી ફરજ છે...' મેં હળવાશથી કહી દીધું.

ફરજ? કોણ બજાવે છે! તમારા પહેલાં પણ મેં એકાધિક લઘુકથાઓના સંગ્રહો ઉપર લખી આપ્યું જ છે — પરંતુ છપાયેલી નકલ તો પોસ્ટ દ્વારા જ મળી છે!' એટલું બોલી હસી કાઢ્યું.

'સમય હતો તે...'

'તમારો અનુભવ મને ગમ્યો. આપવા આવ્યા એ ગમ્યું જ છે! જોકે રૂબરૂ આપો તેના જેવી એકે મજા નહીં...' તેમની એપ્રીશિએટ કરવાની રીત ગમી ગઈ.

*

આજે તો એ બંને દૃશ્યો મને એક વિશિષ્ટ ભાવપરિસ્થિતિનો અનુભવ કરાવતા રહે છે, એ મારે મન ઓછું નથી.

# આદર્શ ગુરુ

શ્યામલ

જેમના હાથ નીચે હું કડીની સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં સને ૧૯૫૩થી ૧૯૫૭ માર્ચ દરમ્યાન આઠમા ધોરણથી અગિયારમા ધોરણ સુધી ભણ્યો છું અને એ કિશોરકાળ દરમ્યાન જેમની પ્રેરણા અને પ્રોત્સાહનથી લખવાનું શીખ્યો એવા શ્રી મોહનલાલ પટેલસાહેબનું તો સાહિત્યજગતમાં નામ પ્રચલિત છે પરંતુ અમે તો મોહનભાઈસાહેબ તરીકે જ વિદ્યાર્થી કાળથી ઓળખતા આવ્યા છીએ. તેથી મોહનલાલ નામ જચતું નથી અને ટેવના પ્રાબલ્યથી મોહનભાઈસાહેબ કહીએ તોય તે જ સાહિત્યકાર શ્રી મોહનલાલ પટેલસાહેબ મારા પ્રેરણામૂર્તિ; એકદમ સાદાસીધા, શુદ્ધ ખાદીધારી, અત્યંત વિદ્વાન છતાં નિરભિમાની, નિર્મળ, સરળ, નિખાલસ તોય ખૂબ પ્રભાવશાળી ભાષાવિદ્ અને હસમુખ એવા અમારા પ્રિય ગુરુએ ૭૫ વર્ષ પૂરાં કરતાં એમના માટેનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે અને ઠેર ઠેર સન્માન થઈ રહ્યું છે એવું જાણ્યું ત્યારે મને ખૂબ જ ખુશી થઈ અને હૃદયના ઉમળકાથી આ મહોત્સવની ઉજવણીમાં મારા આ પ્રેરણામૂર્તિ અને ગુરુ તરફનું ક્ષુલ્લક ઋણ અદા કરવા તેમની સાથેનાં સંસ્મરણો વાગોળતાં એક વિશાળ ગુલાબ-બાગમાંથી પસંદગીની નાની નાની કુસુમ કળીઓ રૂપ આ સંસ્મરણો રજૂ કરતાં કિશોરાવસ્થાનાં સ્પંદનો અનુભવી રહ્યો છું.

મોહનભાઈસાહેબ સાથેનાં સંસ્મણો તાજાં કરવા માટે યાદશક્તિને કસવી પડે... જોર દેવું પડે એવું તો છે જ નહીં, આજેય આંખો મીંચતાં નામ સાથે જ એક આદર્શ વ્યક્તિ સ્વચ્છસ્વરૂપે સ્મૃતિપટ ઉપર ખડી થઈ જાય છે... જે મોહનભાઈસાહેબ છે.... અને જાણે કે મારી સમક્ષ જ બેઠા હોય એવી અનુભૂતિ સાથે વિદ્યાર્થીકાળમાં સરી જાઉં છું. કડી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં મારા વિદ્યાર્થીકાળ દરમ્યાન મારા જીવનમાં અવિસ્મરણીય છાપ છોડનાર શ્રી નાથાભાઈસાહેબ, મોહનભાઈસાહેબ, સી. સી. ઠાકર; વાલજીભાઈ જેવા ગણ્યાગાંઠ્યા શિક્ષકગણમાં એકમાત્ર શ્રી મોહનભાઈસાહેબ જ મારા આદર્શ અને આદરપાત્ર ગુરુ સમાન વ્યક્તિ તરીકે ઉપસી આવ્યા છે, કારણ કે હું લખવાનું શીખ્યો એમાં એમની પાયાની પ્રેરણા જ પ્રેરક બળ છે.

લેખનકાર્ય માટે જરૂરી વિશ્વાસ અને પ્રેરકબળનું બીજારોપણ હું આઠમા કે નવમા ધોરણમાં હોઈશ કદાચ— ત્યારે થયું. મોહનભાઈસાહેબે વર્ગમાં એકવાર તમારા જીવનનો અવિસ્મરણીય પ્રસંગ વિષય ઉપર યોજેલ નિબંધસ્પર્ધામાં મોટા ભાગના વિદ્યાર્થીઓએ ભૂત-પ્રેત, ચોર-લૂંટારુઓ, મારામારી, હિંસક પ્રાણીઓનો સામનો વગેરે કપોલકલ્પિત ઘટનાઓ આધારિત ગપ્પાં મારી નિબંધો રજૂ કરેલા. જ્યારે મેં મારી રખડું અને અભ્યાસ પ્રત્યેની ઉદાસીન પ્રકૃતિને કારણે એક વાર કોઈ વી.આઈ.પી.ના અવસાનના કારણે સ્કૂલ શરૂ થતાં, પહેલા પિરિયડમાં જ પ્રાર્થના પછી રજા જાહેર થતાં સીધો ઘેર જવાને બદલે રજાનો આનંદ મારી રીતે આખો દિવસ માણી સ્કૂલનો સમય પૂરો થવા સમયે ઘર તરફ જતાં આખા રસ્તે ડરની કલ્પનાથી જે મનોવ્યથા મેં અનુભવેલી અને છેક પોળના નાકે પહોંચતાં વળાંકમાં જ પિતાજી બહારગામ ગયા હોવાની જાણથી જે હાશકારો અને આનંદની ઊર્મિ અનુભવેલી તેનું જ નિરૂપણ તે વખતની મારી ભાષામાં નિબંધમાં મેં કરેલું; અને મારા આશ્ચર્ય વચ્ચે સાહેબે મારા એ નિબંધને પ્રથમ નંબર આપી લખવાની માઢી ઢબ, શૈલી અને નિરૂપણનાં ખૂબ વખાણ કરી આખા વર્ગ વચ્ચે મારી પ્રશંસા કરી મને બિરદાવ્યો.... અને તે સમયથી સુષુપ્ત માનસમાં એક વિચાર, વિશ્વાસ ઘર કરી ગયો કે મને લખતાં આવડે છે... બસ! લખવાનું ઘેલું લાગી ગયું.... અને નાનામોટા લેખો, વાર્તાઓ, કવિતાઓ લખતાં લખતાં પાંચસો પાંત્રીસ પાનાની એક નવલકથા 'સ્વાર્પણ' લખી નાખી અને પબ્લિશ કરી તેમાં લેખક પરિચય આપતાં હું આ બીજારોપણની ઘટના યાદ કરી મારા આદર્શ ગુરુ મોહનભાઈસાહેબનું ઋણ અદા કરવાનું ચૂક્યો નથી. આમ સદાય મારા વિચારોમાં અને હૃદયમાં મારા આ ગુરુ વસેલા જ છે. મારી આ નવલકથા પણ અતિ વ્યસ્ત જીવન અને વૃદ્ધાવસ્થા છતાં સાહેબે આખી ખૂબ ધ્યાનથી સહર્ષ વાંચી જરૂરી માર્ગદર્શન સાથે આવકારતાં મને પ્રેમથી બિરદાવ્યો છે.

મારી સ્કૂલ કેરિયર દરમ્યાન મેં સાહેબને ક્યારેય કોઈની ઉપર ગુસ્સે થતા જોયા નથી.

બી.એડ્. કરીને પાછા ફર્યા પછી પૅન્ટ-કોટને તિલાંજલી આપી શુદ્ધ ખાદીની છુટ્ટી પાટલીની ધોતી, ઝભ્ભો અને ઉપર બંડી એ ડ્રેસ કાયમ માટે અંગીકાર કરી લીધો.

ગૃહપતિ તરીકે સર્વ વિદ્યાલય કૅમ્પસમાં આવેલ કિશોરકુંજમાં રહેતા અને નાનામોટા તમામ બૉર્ડિંગના વિદ્યાર્થીઓ ઉપર સમભાવથી પિતાતુલ્ય સ્નેહ, માતાતુલ્ય કરુણા અન ખભે હાથ મૂકી મિત્ર તરીકે સદાય સહયોગ આપવા તત્પર એવા એક આદર્શ ગુરુ તરીકે આશ્રમમાં ઋષિ-મુનિઓના પુરાણકાલીન આશ્રમ જેવો માહોલ ઊભો કરવા ભગીરથ પુરુષાર્થ કરી રહેલ ગૃહપતિ — મોહનભાઈસાહેબ, અત્યારેય ક્યારેક એ કૅમ્પસ અને કિશોરકુંજ પાસેથી પસાર

થઈએ છીએ ત્યારે જાણે ટહેલતા હોય એવી ઝાંખી થયા વિના રહેતી નથી.

નાનામોટા સહુને અને વિદ્યાર્થીઓને પણ સદાય માનથી બોલાવે; ક્યારેય ‘તુકાર’વાચક શબ્દ પ્રયોગ નહીં; વિનમ્ર ભાવ, એક આત્મીય બની વાત કરવાની આગવી લાક્ષણિકતા, રાજકારણથી પર રહી, ખટપટ અને જૂથબંધીથી અલિપ્ત તટસ્થ ભાવે પોતાને યોગ્ય, વાજબી જણાય તે જ પ્રવૃત્તિઓ કર્યા કરવાની તેમની સુટેવ અને સાલસ સ્વભાવના જાદુએ સાહેબનો વિશાળ પ્રશંસક વર્ગ ઊભો કર્યો છે.... અને આટલા લાંબા જીવનકાળમાં ક્યારેય કોઈ ઈર્ષાખોર, દુશ્મન ન હોય તેવી અજાતશત્રુ તરીકેની છાપ ઉપસાવી તે જ તેમની સૌથી મોટી ઉપલબ્ધિ અને જીવનનું સાફલ્ય છે. મોહનભાઈસાહેબ તેમની અજોડ સેવાઓ; ઉપલબ્ધિઓ; આદર્શ જીવનપથ અને નિખાલસ શુદ્ધ ચરિત્ર; સાલસ સ્વભાવને કારણે એક સાધારણ શિક્ષક ન રહેતાં — ઉત્તરોત્તર વિરાટ સ્વરૂપે મારા આદર્શ ગુરુ તરીકે ઉભરી આવ્યા છે અને તેથી જ હું —

ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગું પાય?
બલિહારી ગુરુદેવકી જો ગોવિંદ દિયો બતાય.

એવા સંસારી છતાં સાધુ પ્રકૃતિના

ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુદેવો મહેશ્વરઃ
ગુરુર્સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ

એવી ભાવના સાથે મારા આ ગુરુને મારાં આ સંસ્મરણોની સાથોસાથ હૃદયપૂર્વક કોટી કોટી વંદન કરું છું.

અસ્તુ.

# સંસ્મરણો

અંબાલાલ સી. પટેલ

કેળવણીની વ્યાખ્યા ''જીવનમાંથી બધું ચાલી જાય અને જે બાકી રહે તેનું નામ કેળવણી'' જીવનમાં અનેક મનુષ્યોના સંપર્કમાં આવવાનું થાય છે. સંપર્ક ચાલુ રહે છે. મનુષ્યોની યાદ ભૂલાઈ પણ જાય છે. પણ જેની યાદ સતત અવિસ્મરણીય રૂપે ચાલુ જ રહે છે, પ્રેરણાનો ધોધ સતત મળતો રહે છે એવા પૂજ્ય શ્રી મોહનભાઈસાહેબને યાદ કરતાં આજે પણ છાતી ગજગજ ફૂલે છે...!!!

દિવ્યસ્વરૂપ શ્રી મોહનભાઈસાહેબનાં સંસ્મરણો શબ્દોમાં રજૂ કરતાં કદાચ શબ્દો પણ શોધવા જવું પડે તેવી વાત છે

મૂળ પાટણ (ઉ.ગુ.)ના વતની એવા શ્રી મોહનભાઈસાહેબ કડી સર્વ વિદ્યાલય 'પૂજ્ય છગનભાની પવિત્રભૂમિ'માં શિક્ષક તરીકે જોડાયા. થોડોક સમય શિક્ષક તરીકે સેવા આપીને આ જ કેમ્પસમાં પ્રિન્સિપાલ તરીકે એકધારી પાંત્રીસ વર્ષ સુધી પોતાની સેવા આપી. આ જ કેમ્પસમાં વિદ્યાર્થી આશ્રમમાં ગૃહપતિ તરીકે પણ પોતાની સેવા આપી.

'સાહિત્ય વાંચન' મોહનભાઈસાહેબનો મૂળભૂત શોખ... એ શોખ કોઈ કોઈ પુસ્તકમાં વાંચ્યો નથી... સાંભળ્યો નથી... જાતે અનુભવ્યો છે. મોહનભાઈસાહેબ વિદ્યાર્થી આશ્રમની ઑફિસે બેઠા હોય કે પછી રસોડામાં ઊભા હોય, તેમના હાથમાં પુસ્તક તો હોય જ... ઈ. સ. ૧૯૬૮થી ૧૯૭૧ સુધી વિદ્યાર્થી આશ્રમમાં અને સર્વ વિદ્યાલય, કડીમાં મોહનભાઈસાહેબની સેવા પ્રત્યક્ષરૂપે સાંપડી છે. મારા જેવા અનેક વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ગૌરવની વાત છે.

''સારા આચાર્યો જન્મે છે, બનાવાતા નથી'' એ ઉક્તિને શ્રી મોહનભાઈસાહેબે સાચા અર્થમાં સાર્થક કરી બતાવી છે. સાહિત્ય સમાજમાં નવલકથાઓ, લઘુવાર્તાઓ, નવલિકાઓનું પણ સાહેબશ્રીએ પ્રદાન કરેલું છે...

નિવૃત્ત થયા પછી સાહેબશ્રીને અવારનવાર મળવાનું થાય છે. જ્યારે જ્યારે મોહનભાઈસાહેબ પોતાનો મોટા ભાગનો સમય સાહિત્ય પાછળ આપી રહ્યા છે. અર્થોપાર્જન અને માનમર્તબાને સાહેબશ્રીએ ક્યારેય જીવનમાં મહત્ત્વ આપ્યું નથી... મહત્ત્વ આપ્યું છે, માત્ર સાહિત્યને... વિદ્યાર્થીઓ સાથે, શિક્ષકગણ સાથે, કેળવણી

મંડળ સાથે કામ લેવાની તેમની આગવી વિશિષ્ટતા હતી.

એમનું સાહિત્યનું જોડાણ અદ્‌ભુત છે. સમાજનાં દરેકેદરેક પાસાનો એમણે તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. ગ્રામ્ય સંસ્કૃતિને શબ્દદર્દે વાચા આપી છે. એમનાં પાત્રો દ્વારા નારીજીવનની કરુણતા, પિતૃહૃદયની ઝંખના, વહુવારુઓના ઘૂંઘટની વેદના, શ્રમિકોના જીવનની કઠોરતા, ગ્રામીણ જીવનનાં બદલાયેલ રૂપ-રંગને છતાં કર્યાં છે.

ગુજરાતના અદ્યતન ગુજરાતી સાહિત્યકારોમાં એમનું આગવું નામ સાચે જ, ઉત્તર ગુજરાતની યશ-કલગીમાં અનેરો રંગ પૂરે છે.

# શ્રી મોહનભાઈ પટેલ : એક પરિચય

આચાર્ય મહેન્દ્રભાઈ બી. શાહ

મુ. શ્રી મોહનભાઈનો મારો પરિચય ૧૯૫૮ની આસપાસ કડી એક સગાને ત્યાં જવાનું થયું ત્યારે થયો. તેમની સંસ્થા સર્વ વિદ્યાલય કડી-ને જોવા માટે ગયો. તેમણે ખૂબ સુંદર આવકાર આપ્યો. આખી સંસ્થામાં ફેરવી અને સંસ્થાનો પરિચય કરાવ્યો. પ્રથમ મુલાકાતમાં એક સજ્જન અને નિખાલસ મિત્ર મને સાંપડ્યા તેવી અનુભૂતિ થઈ. પ્રથમ મુલાકાતમાં તેમના સ્વભાવથી હું ખૂબ પ્રભાવિત થયો. ત્યાર બાદ યોગાનુયોગે તેઓ એમ.એ. કરવા આવ્યા ત્યારે હું પણ એમ.એ.માં અભ્યાસ કરતો હતો. તે સમય દરમ્યાન અમારી મિત્રાચારી વધી અને તેમના પ્રત્યે આદર વધ્યો. દરરોજ છૂટ્યા પછી થોડી જ્ઞાનગોષ્ઠી કરતા, અવારનવાર હૉસ્ટેલ ઉપર પણ જતો. બે વર્ષમાં ગાઢ મિત્રો બની ગયા અને તે મૈત્રી આજ સુધી અકબંધ છે. આ થઈ અમારી અંગત વાત. તેઓએ કડી સર્વ વિદ્યાલયમાં એક નિષ્ઠાવાન શિક્ષક અને આચાર્ય તરીકે સુંદર સેવાઓ આપી છે. તેમણે હજારો વિદ્યાર્થીઓને તેમનાં સુંદર કાર્ય, પ્રેરણા અને શિક્ષણ દ્વારા આજે ઘણાબધા વિદ્યાર્થીઓ સારા ડૉક્ટર, ઈજનેર, પ્રોફેસર, શિક્ષક, સાહિત્યકાર વગેરે બન્યા છે.

તેઓ ગુજરાતી સાહિત્યના એક જાણીતા સાક્ષર છે. તેમણે ગુજરાતીમાં ટૂંકી વાર્તા, નવલકથા, ચરિત્ર, વિવેચન વગેરેમાં અમૂલ્ય પ્રદાન કર્યું છે. આજે પણ તેમની સાહિત્યસેવા ખૂબ સુંદર રીતે ચાલી રહી છે તેનો મને અનેરો આનંદ છે. તેઓએ સાહિત્યના પ્રદાન માટે ઘણા ઍવૉર્ડ પ્રાપ્ત કર્યા છે. તેઓશ્રીનું સાહિત્ય અને સામાજિક સેવામાં ઘણું મોટું ઋણ આપણા ઉપર છે. મોહનભાઈની પ્રતિભા એવા પ્રકારની હતી કે કોઈપણ વ્યક્તિને પ્રથમ મુલાકાતમાં આંજી દેતા.

અંતમાં મુ. શ્રી મોહનભાઈ હજુ પણ સાહિત્ય અને સામાજિક ક્ષેત્રમાં પ્રવૃત્તિશીલ રહે અને પ્રભુ તેમને દીર્ઘાયુષ આપે એવી મારી શુભેચ્છા અને પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

To

Mohanlal B. Patel

In Appreciation of his Outstanding Contributions, Dedication And leadership As a writer, teacher and Administrator in the field of education and Social work.

**INDIAN COMMUNITY ABROAD**

CHICAGO, U.S.A

Summer 1983

## ગુજરાત સરકાર

### પારિતોષિક પ્રમાણપત્ર

આ રાજ્ય પારિતોષિક
શ્રી. મોહનલાલ બાભાઈદાસ પટેલ
આચાર્ય, સર્વ વિદ્યાલય, કડી,
જિ. મહેસાણાને
અધ્યાપનક્ષેત્રે એમણે
કરેલી પ્રશંસનીય લોકસેવાના
સન્માનાર્થે એનાયત કરવામાં
આવે છે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૧-૧૧-૧૯૮૬

સહી/ - કે. રામમૂર્તિ
શિક્ષણ સચિવ
ગુજરાત રાજ્ય

# વિદ્યાર્થીપ્રિય, વિદ્યાવ્યાસંગી વિદ્વાન આચાર્યશ્રી
# શ્રી મોહનલાલ બા. પટેલને
# સન્માનપત્ર

આદરણીયશ્રી,

પ્રસન્નમધુર, પ્રગલ્ભ આભિજાત્યપૂર્ણ વ્યક્તિત્વ ધરાવનાર આપ પ્રેમાળ અને નિખાલસ માનવતાવાદી સ્વભાવ ધરાવો છો. આપે સર્વ વિદ્યાલય — કડીને આપના જીવનનાં અમૂલાં ચોત્રીસ વર્ષની એકધારી સેવાઓ અર્પીને હવે નિવૃત્તિ લીધી છે. આપની આ અવિરત સેવાઓને બિરદાવતાં અમે અનહદ આનંદ અનુભવીએ છીએ.

## સંનિષ્ઠ કેળવણીકાર

આપ આ સંસ્થામાં શરૂઆતમાં શિક્ષક તરીકે જોડાયા. એ પછી આચાર્યપદ પ્રાપ્ત કર્યું અને વિદ્યાર્થી આશ્રમ સહિતની આ શિક્ષણસંસ્થાને કર્મભૂમિ બનાવી અહર્નિશ વિદ્યાર્થી આલમનું શુભ વાંછીને વડીલની વત્સલતાથી એમના રાબહર બની ચારિત્ર્યઘડતર કર્યું. શિક્ષણ અને સંસ્કારના સિંચન દ્વારા અપ્રતિમ ચાહના પ્રાપ્ત કરી. ફલસ્વરૂપ દેશવિદેશમાં વસતા આપના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આપને આજેય શ્રદ્ધા અને ભક્તિભાવથી સ્મરે છે.

'ઇન્ડિયન ગેઝેટિયર', 'કેળવણીના કીમિયાગરો', 'શબ્દલોકના યાત્રીઓ' વગેરે ગ્રંથોમાં આપ આપનાં કાર્યોથી વ્યક્તિવિશેષ રૂપે સ્થાન પામ્યા છો. રાજ્ય સરકારે પણ આપણને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો ઍવૉર્ડ આપી પુરસ્કૃત કર્યા એ પણ આ સંસ્થા અને જિલ્લા માટે ગૌરવસભર બાબત ગણાય.

## કર્મઠ કર્મવીર

આપના જીવનમાંથી એક ઉત્તમ અધ્યાપકના ગુણો ફોરે છે. ખંત, ધગશ, ગતિશીલતા તેમજ નિત્યનવીન યોજનાઓની પરિકલ્પનાને સાકાર કરવા માટેનો અનેરો ઉત્સાહ આપને વિદ્યાર્થીઓમાં તથા શિક્ષક આલમમાં વિશેષ શ્રદ્ધેય અને અનુકરણીય બનાવે છે. આપનું મમત્વપૂર્ણ માર્ગદર્શન સહકાર્યકરો માટે પ્રેરણાપીયૂષ બનીને જીવનની ધન્ય અને સુવર્ણપળ જેમ કર્તવ્ય ક્ષેત્રે ઉત્સાહ જગવે છે. સમભાવ,

સહાનુભૂતિ, સરળતા અને સરાહનીય ત્વરિત નિર્ણયશક્તિ આપની વહીવટી કાર્યક્ષમતાને દીપાવે છે. માધુર્ય વેરતી વાણી, વિદ્વત્તા, કર્તવ્ય અને ખંતને લીધે આપ અમ સર્વેની એકસરખી પ્રીતિ સંપાદન કરી શક્યા છો.

આપે નિવૃત્તિ સુધી સતત ચોવીસ વર્ષ મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘના મંત્રી તરીકેની જવાબદારી અત્યંત ખંત અને નિષ્ઠાપૂર્વક અદા કરી છે.

## પ્રતિભાવંત સાહિત્યસર્જક

આપે નવલકથા, નવલિકા, વિવેચન, નિબંધ, પ્રવાસ વગેરે સાહિત્યપ્રકારો ખૂબ જ સફળ રીતે ખેડ્યા છે. એમાં દશેક નવલકથાઓ, છ નવલિકાસંગ્રહ તેમજ વિવેચન, સંપાદન તથા પ્રવાસવર્ણન મળી લગભગ વીસેક પુસ્તકો આપે ગુજરાતી સાહિત્યચરણે અર્પણ કર્યાં છે. ખાસ તો નવલિકાક્ષેત્રે 'લઘુકથા'ના સર્જનનો આરંભ કરી 'લઘુકથાના જનક' અને 'પ્રેરક' તરીકેનું આપે બહુમાન પ્રાપ્ત કર્યું છે જે આ સંસ્થા માટે ગૌરવની વાત છે.

આપે સાહિત્યક્ષેત્રે બે સુવર્ણચંદ્રકો, શ્રેષ્ઠ પુસ્તકો માટેનું ગુજરાત સરકારનું પારિતોષિક તેમજ અન્ય પારિતોષિકો મેળવ્યાં છે.

## વિરલ માનવ

વિનમ્રતા, નિરભિમાનીપણું, નિર્ભેળ હાસ્ય, અમીમય વાણી, વિશાળ વાચન તથા સાહિત્યપ્રીતિને લીધે આપે અપરિમેય લોકચાહના મેળવી છે. વાણી કે વર્તન દ્વારા કોઈનુંય મન ન દુભાય એની આપે સદાય કાળજી રાખી છે.

## પ્રાર્થના

હવે આ નિવૃત્તિ પછી આપનું કાર્યક્ષેત્ર વધારે વિસ્તૃત અને ઉજ્જવળ બને અને એ દ્વારા સમાજને, રાષ્ટ્રને આપની અનેકવિધ પ્રવૃત્તિઓની સેવાઓનો લાભ મળે એ માટે પરમકૃપાળુ પરમેશ્વર આપને સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ બક્ષે, તેમજ સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્‌થી આપનું ભાવિ સો સો ઉષાના અજવાળે રસપુણ્યવંતું બને એવી શુભ પ્રાર્થના.

સ્થળ:
સર્વ વિદ્યાલય કેમ્પસ,
કડી (ઉ.ગુ.) ૩૮૨૭૧૫
તા. ૨૫-૧૦-૧૯૮૫

અમે છીએ,
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી.

# મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘના મંત્રીશ્રી વિદ્યાનુરાગી, વિદ્યાવ્યાસંગી, વિરલ સર્જક, પ્રતિભાવંત શ્રી મોહનલાલ બા. પટેલને

## સન્માનપત્ર

આદરણીયશ્રી,

માનવતાવાદી, સર્વતોમુખી પ્રતિભાસંપન્ન, નિખાલસ વ્યક્તિત્વ ધરાવનાર આપ આપના જીવનનાં મહત્ત્વનાં ચોવીસ વર્ષોની અનવરત સેવાઓ સર્વ વિદ્યાલય - કડીને અર્પીને નિવૃત્ત થાઓ છો, એ પ્રસંગે આપનું સન્માન કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

### સમાજાભિમુખ કેળવણીકાર

કેળવણીક્ષેત્રે જે શિક્ષણસંસ્થાનો પ્રભાવ સમાજના બધા જ સ્તરે વિસ્તર્યો હોય એવી છાત્રાલય સાથેની શિક્ષણસંસ્થાને આપે કર્મભૂમિ બનાવી. કૉલેજના અધ્યાપકપદને ત્યજી આપે કડીમાં સર્વ વિદ્યાલય અને વિદ્યાર્થી આશ્રમમાં રહી કિશોરોનું ચારિત્ર્યઘડતર કર્યું.

આપનાં કાર્યની સુવાસ, આ જિલ્લામાં ઘણાં વર્ષોથી પ્રસરેલી છે. 'ઇન્ડિયન ગેઝેટિયર', 'કેળવણીના કીમિયાગરો', 'શબ્દલોકના યાત્રીઓ' વગેરે ગ્રંથોમાં વ્યક્તિવિશેષ તરીકે આપ સ્થાન પામ્યા છો. આપની પાસે શિક્ષણ પામી ચૂકેલા વિદ્યાર્થીઓ દેશવિદેશમાં આપને અનન્ય ભક્તિભાવ અને શ્રદ્ધાથી યાદ કરે છે. આ વર્ષે રાજ્ય સરકારે પણ આપને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો ઍવૉર્ડ આપી પુરસ્કૃત કર્યા છે. એ પણ ગૌરવપૂર્ણ બાબત ગણાય.

### સંનિષ્ઠ કર્મવીર

આપના જીવનના પ્રત્યેક પાસામાંથી એક ઉદાત્ત શિક્ષકના ગુણોની સુવાસ પ્રસરે છે. આપનામાં રહેલાં ખંત, ગતિશીલતા અને નવીન યોજનાઓને કાર્યાન્વિત કરવા માટેનો અદમ્ય ઉત્સાહ ખરેખર વિદ્યાર્થી અને શિક્ષક આલમ માટે અનુકરણીય છે. આપની દોરવણી નીચે કામ કરતા સહકાર્યકરો પ્રત્યેની અપાર સહાનુભૂતિને

કારણે એમનામાં આપ અત્યંત પ્રિય છો અને આપે ઘણી બાબતોમાં સમાનતા અને ઐક્યનાં અનુકરણીય ધોરણો સ્થાપીને આપનાં કાર્યોને ઘણા વેગ અને સાફલ્યથી નવાજ્યાં છે. સમભાવ, સહાનુભૂતિ અને પ્રબુદ્ધ પ્રજ્ઞા એ આપની વહીવટી દક્ષતાની ચાવી સમાન છે. એક કાર્યદક્ષ આચાર્ય અને પ્રખર વિદ્વાન તરીકે આપ વિદ્યાર્થીગણ, વાલીસમૂહ, સહકાર્યકર સમૂહ અને કેળવણી સંસ્થાઓના કર્ણધારોની એકસરખી પ્રીતિ સંપાદન કરી શક્યા છો.

### મ. જિ. માધ્ય. શાળા સંઘના મંત્રી

ઈ. સ. ૧૯૬૧થી માંડીને આપ નિવૃત્ત થયા ત્યાં સુધી સતત લગભગ ચોવીસ વર્ષ સુધી આપે મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘના મંત્રીપદની જવાબદારી અત્યંત નિષ્ઠાપૂર્વક અને સતત પરિશ્રમ વેઠીને સંભાળી છે. સંઘની ઉત્તરોત્તર વધતી જતી પ્રતિષ્ઠામાં સંઘના અન્ય કાર્યકરો સાથે આપના પુરુષાર્થનો ફાળો ઘણો મહત્ત્વનો છે.

### સાહિત્ય કલાકાર

આપે નવલકથા, નવલિકા, વિવેચન, નિબંધ, પ્રવાસ વગેરે સાહિત્યપ્રકારો સફળ રીતે ખેડ્યા છે. પણ એમાં 'લઘુકથા'ના સર્જનનો આરંભ કરી 'લઘુકથાના જનક' તરીકેનું બહુમાન આપે મેળવ્યું છે. એ જિલ્લા માટે ગૌરવની વાત છે.

આપે સાહિત્યક્ષેત્રે બે સુવર્ણચંદ્રકો, શ્રેષ્ઠ પુસ્તકો માટેનું ગુજરાત સરકારનું પારિતોષિક તેમજ અન્ય પારિતોષિકો મેળવ્યાં છે.

### વિનમ્ર અને વત્સલ માનવ

આપના માટેની લોકચાહનામાં કદાચ સૌથી મોટો ફાળો આપની વિનમ્રતા અને નિરભિમાનીપણાનો છે. આપ અન્ય વ્યક્તિઓની લાગણીને હંમેશાં માન આપતા રહ્યા છો અને વાણી કે વર્તનથી કોઈનું પણ મન ન દુભાય એ માટે આપે હંમેશાં કાળજી રાખી છે.

### પ્રાર્થના

હવે આ નિવૃત્તિ પછી પણ આપનું કાર્યક્ષેત્ર વધારે વિસ્તૃત અને ઉજ્જ્વળ બને અને એ દ્વારા સમાજને, રાષ્ટ્રને આપની અનેકવિધ પ્રવૃત્તિઓની સેવાઓનો લાભ મળે એ માટે પરમકૃપાળુ પરમેશ્વર આપને ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના.

સ્થળ :
સર્વ વિદ્યાલય કેમ્પસ
કડી (ઉ.ગુ.)
તા. ૬-૧-૧૯૮૫

અમે છીએ, સભ્યો,
મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ
સહી-: ઉમાશંકર જોશી
યશવન્ત શુક્લ

# સંસ્કાર એવૉર્ડ

નાનું સરખું ફૂલ જો દૂર સુધી સુગંધી ફેલાવી શકે, નાનકડું કોડિયું જો ચોમેર વાટનો ઝળહળાટ પ્રસરાવી શકે, તો માનવીની પ્રતિભા શું ન કરી શકે! 'અજ્ઞાત'

સંસ્કાર એવૉર્ડ

વર્ષ ૨૦૦૦

શિક્ષણ-ગૃહપતિ-સાહિત્ય

ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરવા બદલ

લઘુકથા 'જનક', સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને શિક્ષણક્ષેત્રે ઉમદા પ્રણાલિકાનો ચીલો ચાતરનાર ગુજરાતી સાહિત્યકાર અને 'કેળવણીમાં એક સર્વોત્તમ કેન્દ્ર' તરીકેના છાત્રાલયના એક આદર્શ ગૃહપતિ શ્રી મોહનલાલ પટેલ

(વિઠ્ઠલભાઈ પટેલ)
નિયામક : 'સંસ્કાર' પરિવાર

'જીવનદીપ'
રેસકોર્સ સર્કલ (પશ્ચિમ),
વડોદરા ૩૯૦ ૦૦૭
(૦૨૬૫) ૨૯૮૨૮૯

**The Officers & Board of Trustees**
**have enrolled**
**MOHANBHAI PATEL**
**as a member of the**
**National Geographic Society**

In recognition of your support of this nonprofit scientific and educational organization chartered in 1988 for diffusing georaphic knowledge and promoting research and exploration.

JANUARY 1, 1983

President
Executive Vice President
Editor

# શ્રીયુત મોહનભાઈ પટેલને 'અમૃતપર્વ' નિમિત્તે ભાવવંદના

## મનસુખ સ્વામી

''મારે મન સાહિત્ય એ વ્યક્તિના સાચા સંસ્કારનો માપદંડ છે. વિનય, વિવેક, પ્રફુલ્લતા, નિષ્ઠા — આ બધાંનું મૂલ્ય છે જ, પણ આ ગુણોના વર્ધનમાં સત્ સાહિત્ય જેટલું ઉપકારક પરિબળ બીજું નથી. જે લોકો શબ્દની શક્તિ પ્રમાણે છે એમના માટે સારાં પુસ્તકો એક મહત્ત્વની મૂડી બની જાય છે. પોતે તો મહાન મૂડીનો ઉપયોગ કરે જ છે, એ સાથે એ પોતાના મિત્રો, સ્વજનો અને પરિવારને પણ એનો લાભ આપે છે...!''

બર્ટ્રાન્ડ રસેલ જેવા તત્ત્વચિંતકની આ વાત આપણા પાટણના પનોતા પુત્ર, જાણીતા સાક્ષર તરીકે મોટું નામ ઉજાગર કરનાર, ગુજરાતી સાહિત્યના ટૂંકી વાર્તા (લઘુકથા)ના પ્રણેતા, નિબંધ, ચરિત્ર, પ્રવાસ, વિવેચન તેમજ શિક્ષણ ક્ષેત્રમાં ઊજળું નામ રોશન કરનાર મુ. શ્રીયુત મોહનભાઈ પટેલ આજે ૭૫ વર્ષની ઉંમર પૂર્ણ કરે છે. 'અમૃતપર્વ' ઉજવતાં સૌને આનંદ થાય છે.

શ્રીયુત મોહનભાઈ પટેલની જન્મભૂમિ પાટણ... પણ કર્મભૂમિ કડી નગર... આજે તેમની સાહિત્ય સાધના પાટણ-કડીને સેતુબંધ કરીને અનેકના પ્રેરણાસ્રોત એ બન્યા છે. તેઓશ્રી એક આદર્શ શિક્ષક અને આચાર્ય તરીકે પાર ઉતર્યા છે. જીવનમાં લેશમાત્ર આડંબર વગરના શ્રીયુત મોહનભાઈ પટેલને જ્યારે પણ મળીએ ત્યારે સ્મિતવદન સાથે આવકાર મળે. તેઓશ્રીની સાહિત્ય સાધના પૂર્ણ પૂર્ણિમાસમી ખીલી ઊઠેલી આજે આપણે સૌ નીરખી રહ્યા છીએ.

પાટણના ઈતિહાસની ઝાંખી 'લાંછન' પુસ્તકે જોવા મળે છે, તેઓશ્રીએ સાહિત્ય સાધનાની ફલશ્રુતિ સ્વરૂપે અનેક એવૉર્ડ-સન્માન અને સાહિત્યજગતમાં રૂડું નામ કરીને પાટણને ઉજ્જ્વળ કર્યું છે. મારા 'શ્રી જાળેશ્વર મહાત્મ્ય' પુસ્તકની પ્રસ્તાવના લખી આપી ત્યારે તેમણે લખી આપેલું કે 'એક પ્રવાસના પંખી' તરીકે મારા જેવાને પ્રોત્સાહન આપ્યું હતું. મારી કર્મભૂમિ સૌરાષ્ટ્ર છેલ્લાં ૩૫ વર્ષ સુધી રહી તેમ શ્રીયુત મોહનભાઈ પટેલે પણ કડી - નગરને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું...

જે પાટણનું ગૌરવ છે.

રાજકોટ તે સમયે પાટણના વતની સાહિત્યકાર, જૈન ધર્મના ઉપાસક - લેખક મુ. શ્રીયુત મોહનલાલ ચુનીલાલ ધામી (વૈદ્ય)ને મળવાનું થાય ત્યારે જરૂર શ્રી મોહનભાઈ પટેલને યાદ કરે... ટૂંકમાં તેઓશ્રીની સાહિત્ય-સુવાસ આજે પણ એટલી જ સૌના માટે પ્રીતિપાત્ર છે.

તેમના જીવનના 'અમૃત મહોત્સવ પર્વ'ની ઉજવણી માટે આપણે સૌ આજે ભેળા થયા છીએ. ત્યારે મુ. શ્રીયુત મોહનભાઈ પટેલના જીવનમાંથી નિખાલસતા, સાહિત્યપ્રેમ અને તેમના સ્મિતદર્શનને આવકારીએ....

પરમ કૃપાળુ પરમાત્મા તેઓશ્રીને સુદીર્ઘ સ્વસ્થ જીવન અર્પે એવી શુભ પ્રાર્થના સાથે ''શતમ્ જીવમ્ શરદ'' સાથે 'ભાવ-વંદના', મુ. શ્રીયુત મોહનભાઈ પટેલ અને તેમના જીવનમાં મુખ્ય ફાળો આપનાર મારાં બહેન સમાન તેઓશ્રીનાં ધર્મપત્ની આ સમયે કેમ ભુલાય....? અસ્તુ.

# શ્રી મોહનભાઈ પટેલ : એક અનોખું વ્યક્તિત્વ

ડૉ. આર. જે. વ્યાસ

પરમ આદરણીય મોહનભાઈસાહેબ વિશે લખવા બેસતાં કાલિદાસની ઉક્તિ યાદ આવી ગઈ ''ક્યાં એ મહાનવંશ અને ક્યાં મારી અલ્પમતિ'' મને પણ એવું લાગે છે કે ક્યાં શ્રી મોહનભાઈસાહેબની વિરાટ, બહુમુખી પ્રતિભા અને ક્યાં હું એક સામાન્ય અધ્યાપક... કે જે ઓજસ્વી પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વને શબ્દોના ચોકઠામાં ગૂંથવા પ્રયત્ન કરું છું. તેમ છતાં તેમના પ્રત્યેના અપાર સ્નેહ અને ઋણભાવને કારણે હું મારી જાતને રોકી શકતો નથી.

૧૯૫૪ થી ૧૯૫૯ના વર્ષો દરમ્યાન હું કડી સર્વ વિદ્યાલયનો વિદ્યાર્થી. સફેદ ઝભ્ભો અને સફેદ લેંઘામાં મંદ મંદ સ્મિત વેરતા શ્રી મોહનભાઈસાહેબને વર્ગમાં, પ્રાર્થનાસભામાં એક પછી એક વિચારો, કલ્પનાઓ, સ્પંદનો અને ચિંતનના વમળો જન્માવતા અને સહજપણે એક અદના અને પ્રભાવક અધ્યાપક તરીકે મેં માણ્યા છે તેથી જ એમની વાણી અને સંપર્કનો સ્પર્શ સૌ કૌના માટે અવિસ્મરણીય ઘટના બની જાય છે.

અભ્યાસકાળ દરમ્યાનનો એક પ્રસંગ યાદ આવે છે. સ્વર્ગસ્થ નાથાભાઈ દેસાઈસાહેબના સમયમાં શ્રી મોહનભાઈ, શ્રી અંબાલાલભાઈ અને શ્રી હરિભાઈ દેસાઈ (એચ. જી. દેસાઈ) આ ત્રિપુટીએ હિન્દીના વિષયશિક્ષક ન હોવા છતાં 'રાષ્ટ્રભાષા રત્ન'ની પરીક્ષા આપી હતી તેનું પરિણામ આવ્યું... પ્રાર્થનાસભામાં પૂ. નાથાભાઈસાહેબે હર્ષથી ગળગળા થઈને તેમની ઉત્તમોત્તમ સિદ્ધિને બિરદાવતાં કહ્યું કે ''આપણા ત્રણેય સાહેબો સમગ્ર ભારતમાં પ્રથમ શ્રેણીમાં વિશેષ યોગ્યતા સાથે ક્રમશઃ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર લઈ ઉત્તીર્ણ થયા છે!'' તે સમયે અમો ૧૫૦૦ વિદ્યાર્થીઓ હર્ષોલ્લાસ, તાળીઓના ગડગડાટ અને ગળામાં લાગણીઓના ડૂમા સાથે પૂ. નાથાભાઈની સંવેદના સાથે કેવા તરબોળ થઈ ગયા હતા? શું વર્ણવું!!

વર્ગમાં કે પ્રાર્થનાસભામાં કોઈ સાહિત્યની વિવેચના કરે ત્યારે કૃતિને અનુરૂપ ચેખોવ, ઓ હેન્રી, શેક્સપિયર, શરદબાબુ કે ખાંડેકરના સંદર્ભો ટાંકી ઊંડાણપૂર્વક અનુસંધાન કરી ઉત્તમોત્તમ ચિંતનકાર, સાહિત્યકાર તરીકેની અમિટ છાપ અમારા

સૌ કોઈના માનસપટ પર છોડી જાય... એમ લાગ્યા કરે શાંત, સ્વસ્થ પરંતુ મક્કમપણે વહેતો પળપળ વાણી પ્રવાહ હૃદયના તાર ઝંકૃત કરી રહ્યો છે.

શ્રી મોહનભાઈસાહેબ કેવળ માહિતીપ્રધાન શિક્ષણ આપતા સામાન્ય શિક્ષક જ નહોતા પરંતુ સંસ્કારદાતા એ સદ્‌ગુણના શિલ્પી હતા. એ માનતા હતા કે વિદ્યાર્થીને બરાબર સમજ્યા વિના તેની અંદર જરૂરી પરિવર્તન લાવી શકાતું નથી. મહાન અંગ્રેજ વિચારક Ecerson કહે છે, ''The secret of education lies in respection the pupil.'' શ્રી મોહનભાઈના આચરણમાં આ બરાબર ઊતર્યું હતું.

હું કડીમાં ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષક હતો ત્યારે પૂ. મોહનભાઈની છત્રછાયા તળે રમેશ ત્રિવેદી, ભગવત સુથાર, દિલીપ રૉય, ઉપેન્દ્ર રાવલ, ડૉ. કાન્તિ રામી, યશવંત કડીકર અને ડૉ. બિપીનભાઈ આ બધા તરવરાટ ધરાવતા ઉત્સાહી ઊગતા લેખકોને 'રવિવારિયું' ભરતા મેં અનેકવાર સાંભળ્યા છે. એક પછી એક કૃતિઓ વંચાય ત્યારે શ્રી મોહનભાઈ દત્તચિત્ત સાંભળે... તેની ઠીક ઠીક ચર્ચા થાય ''આ શબ્દના બદલે અથવા આ વાક્યરચનાને સ્થાને આમ કરીએ તો કેવું?'' આમ સામેના વ્યક્તિના સ્વમાનને જાળવીને મઠારતા મોહનભાઈને લાક્ષણિક મુદ્રામાં જોવાનો, સાંભળવાનો અને માણવાનો પણ એક લ્હાવો હતો! ભલે 'કુમાર'ના બચુભાઈ રાવતના બુધવારિયામાં ન જઈ શક્યો; પરંતુ આ પણ એક મારા જેવા અધ્યાપક માટે સુખદ અને પ્રેરણાદાયી સભા હતી. કેટકેટલા લેખકોને એમણે ઘડ્યા અને ઉત્તમ કક્ષાએ તેઓને લઈ ગયા! આ લેખકોને આ બધું સ્મૃતિપટ પર આવતાં ખૂબ ખૂબ લાગણી થઈ આવતી હશે પરંતુ મારા જેવા સાહિત્યપ્રેમી ભાવુકના હૃદય-તાર પણ ભાવુકતાથી ઝણઝણી ઊઠે છે.

અને એક છેલ્લો પ્રસંગ નોંધ્યા વિના રહી શકતો નથી. એક વાર દાદર અક્ષર પુરુષોત્તમ મંદિરમાં જવાનું થયું. યોગાનુયોગ ત્યાં પૂજ્ય કોઠારી સ્વામીની મુલાકાત થઈ. તેમણે પૂછ્યું ''ક્યાંથી આવો છો રમેશભાઈ?'' મેં કહ્યું — ''પાટણથી.'' પાટણ સાંભળતાં જ તેમનો ચહેરો ચમક્યો. ''તમે પાટણના મોહનભાઈસાહેબને (લેખકને) ઓળખો?'' મેં કહ્યું — ''કેમ નહીં, હું તો તેમનો વિદ્યાર્થી હતો; ખૂબ નિકટતાપૂર્વકના આજે પણ સંબંધો છે,'' હરિભક્તનું હૃદય હર્ષથી છલકાયું. મારાથી બે વર્ષ આગળ તેઓશ્રી પણ કડી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી હતા. એક જ ગુરુના બે શિષ્યોનું સુભગ મિલન... એક સંત અને એક અધ્યાપક. તેમણે પુનઃ પ્રેમથી કહ્યું ''તમે પાટણ જાવ એટલે મોહનભાઈને મળજો અને કહેજો કે 'યોગીજી મહારાજ'નું જીવનચરિત્ર લખવાનો પ્રારંભ થયો કે કેમ? મારા સંદેશ એવં પ્રસાદી સાથે યાદ પાઠવજો.'' ત્યારબાદ હું પૂ. મોહનભાઈસાહેબને મળ્યો અને પૂ. કોઠારી સ્વામીજીના સંદેશ અને પ્રસાદને પાઠવ્યા. તે સમયે મોહનભાઈની શાંત અને અતિ ગંભીર મુદ્રા હું જોઈ જ રહ્યો. તેમણે કહ્યું,

''રમેશભાઈ, સંતજીવન વિશે લખવાનો આ પ્રથમ પ્રસંગ છે. યોગીજી મહારાજના છૂટાછવાયા અનેક પુસ્તકોમાંથી પ્રસંગો વાંચી, સંકલન કરી લોકભોગ્ય જીવનચરિત્ર લખવાનું કામ કઠિન જણાય છે.'' મેં કહ્યું, ''આપના માટે આ ધન્યઘડી છે, આપને જરૂર અધ્યાત્મબળ સાંપડશે.'' વધુ કહેવાની હિંમત ન ચાલી કારણ કે તેમની શક્તિથી હું પૂરેપૂરો સભાન અને શ્રદ્ધાવાન હતો. આજે જ્યારે 'શ્રી મોહનભાઈ પટેલ અમૃતપર્વ સમિતિ'ના પેમ્ફલેટમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ, પ્રજ્ઞાદીપ છગનભા જેવા સંત જીવનચરિત્ર લેખન પણ એમણે કર્યાં છે તે જોઈ હું મનોમન બોલી ઊઠ્યો... ''શ્રી મોહનભાઈસાહેબનું કેવું પરમ સદ્ભાગ્ય છે.'' નવલકથાઓ, વાર્તાસંગ્રહો, લઘુકથા, નિબંધસંગ્રહ, પ્રવાસ, વિવેચન, અનુવાદ, શૈક્ષણિક પુસ્તકો કેટકેટલું સાહિત્ય તેમણે સર્જ્યું? ખૂબ ખૂબ ધન્યવાદ આપવા માટે તો હું નાનો ગણાઉં પરંતુ એક શિષ્યભાવે આ જોઈ મનોમન વંદું છું.

બી.એડ્. કૉલેજમાં અધ્યાપક બન્યા પછી પણ શ્રી મોહનભાઈસાહેબને પ્રસન્નમુખે, સ્વસ્થચિત્તે, ત્વરિત અને સાચી દિશામાં ઝડપી નિર્ણયો લેવામાં એક સફળ અને નિષ્ઠાવાન આચાર્ય તરીકે નિહાળ્યા છે. શિક્ષણની સાથે સાથે અનેકવિધ પ્રવૃત્તિઓ, કાર્યક્રમો અને સમારંભોથી કડી સર્વ વિદ્યાલયનું કેમ્પસ ગૂંજતું, ધબકતું અને અર્થસભર બનાવ્યું છે. એક આદર્શ ગૃહપતિ અને આચાર્ય તરીકે અનુચિંતન અને આયોજન એમના માનસમાં સતત ઘુમરાયા જ કરતાં હોય, આ પણ વહીવટની કાબેલિયતનું જ દૃષ્ટાંત છે ને!

ગુજરાતી સાહિત્ય અકાદમીના સંમેલનમાં 'શ્રી મોહનભાઈ પટેલ અમૃતપર્વ સમિતિ', કડી કેળવણી મંડળ દ્વારા અનેકવિધ પુરસ્કારોથી પુરસ્કૃત શ્રી મોહનભાઈસાહેબનું વિદ્વદ્જનો દ્વારા સન્માન થાય એ અત્યંત સુખદ અને સ્તુત્ય ઘટના ગણાય. આ માત્ર મોહનભાઈસાહેબનું જ નહીં પરંતુ આજીવન શિક્ષણક્ષેત્રણાં સન્નિષ્ઠ અને સફળ આચાર્ય, ઉત્તમોત્તમ કેળવણીકાર અને સાહિત્યકાર તરીકે પોતાનું નિરભિમાની જીવન ગાંધી અને છગનભાચીંધ્યા માર્ગે સમર્પિત કરનાર હરકોઈ આચાર્ય, કેળવણીકાર એવં સાહિત્યકાર અને શિક્ષણપ્રેમીનું સન્માન છે એમ નમ્રપણે હું માનું છું. વંદનીય મોહનભાઈનું શેષ જીવન સ્વાસ્થ્યપ્રદ અને પરમ સુખદાયી નીવડે તેમજ હજુ પણ તેમની તેજસ્વી કલમ દ્વારા ગુજરાતી સાહિત્ય વધુ ને વધુ માતબર બને એવી પરમકૃપાળુ પરમેશ્વરને નમ્ર અભ્યર્થના સહ ગુરુના ચરણસ્પર્શ કરી વિરમું.

અસ્તુ.

# ‘લઘુકથા’ના જનક શ્રી મોહનલાલ પટેલ

પ્રા. મુકુન્દભાઈ પી. બ્રહ્મક્ષત્રિય

પાટણના લાડીલા પુત્ર શ્રી મોહનલાલ બાભાઈદાસ પટેલનો જન્મ ઈ. સ. ૧૯૨૭માં પાટણમાં થયો હતો. મોહનલાલના પિતા એક નિષ્ઠાવાન શિક્ષક હતા. તેમના મોટાભાઈ પણ શિક્ષક, બીજા ભાઈ કૉલેજના અધ્યાપક, ત્રીજા ભાઈ માધ્યમિક શાળાના શિક્ષક અને એમના મામા પણ શિક્ષક. આમ પિતૃપક્ષે તેમજ માતૃપક્ષે શિક્ષણના મઘમઘતા વાતાવરણમાં ઊછરીને મોટા થયેલા મોહનલાલ નિસર્ગદત્ત સંસ્કારે તેમને એક આદર્શ શિક્ષક બનાવ્યા. એમની શૈક્ષણિક યોગ્યતા એમ.એ., બી.એડ્, એસ.ટી.સી. રાષ્ટ્રભાષા રત્ન છે. શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે ધમધમતા એવા અમદાવાદમાં એક કૉલેજના અધ્યાપકની નોકરી છોડી મહેસાણ જિલ્લાના કડી ગામમાં સર્વ વિદ્યાલયમાં જોડાયા અને નિવૃત્તિ પણ કડીમાંથી તે જ શાળાના આચાર્ય તરીકે લીધી.

કડીનું સર્વ વિદ્યાલય એ એક રાષ્ટ્રીય શાળા હતું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પણ આ શાળાની મુલાકાત લીધેલી. મોહનલાલ પટેલ એક આદર્શ શિક્ષક ઉપરાંત ઊંચા ગજાના સાહિત્યકાર પણ છે. સાહિત્ય ક્ષેત્રે એમણે કવિતા સિવાય બધાં જ સાહિત્યસ્વરૂપોનું સક્ષમ રીતે ખેડાણ કર્યું છે. ટૂંકી વાર્તાઓના તે સિદ્ધહસ્ત લેખક છે. ટૂંકી વાર્તા માટે એમણે બે સુવર્ણચંદ્રકો પણ મેળવ્યા છે. આપણા મોહનલાલ પટેલ શ્રેષ્ઠ ગુણવત્તાવાળા પુસ્તકો લખવા માટેનાં ગુજરાત સરકારનાં તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીનાં બે પારિતોષિકો પણ મેળવ્યાં છે. તેમને પ્રા. સરોજ પાઠક ઍવૉર્ડ તથા આનર્ત ઍવૉર્ડ પણ એનાયત થયેલા છે. આ ઉપરાંત બીજાં પાંચ પારિતોષિકો પણ એમણે મેળવ્યાં છે. મોહનલાલ પટેલે સામાજિક નવલકથાઓ તેમજ ઐતિહાસિક નવલકથાઓ પણ લખી છે. સાહિત્યનું એક સ્વરૂપ ‘લઘુકથા’ છે. ગુજરાતી સાહિત્યમાં આ સ્વરૂપની પ્રથમ લઘુકથા લખવાનું શ્રેય શ્રી મોહનલાલ પટેલના ફાળે જાય છે. ગુજરાતી સાહિત્યમાં લઘુકથાના સ્વતંત્ર સ્વરૂપનું એમનું પ્રદાન એમની એક મોટી સિદ્ધિ છે.

ઈ. સ. ૧૯૬૪માં જુલાઈ માસના ‘કુમાર’ નામના સામયિકમાં ‘છાપું’ નામની વાર્તા પ્રગટ થઈ. શ્રી બચુભાઈ રાવતે આવી વાર્તાને લઘુકથા નામ આપ્યું.

આ રીતે ગુજરાતી સાહિત્યમાં લઘુકથાના 'જનક' તરીકે શ્રી મોહનલાલ પટેલનું નામ અમર રહેશે.

શ્રી મોહનલાલ પટેલ એક અચ્છા ચિંતક છે. જે ક્ષેત્રમાં પડે એ ક્ષેત્રને જીવંત બનાવે. એ ક્ષેત્રમાં કાંઈક નવીન કરી બતાવવાની એમની ભાવના રહી છે.

ગૃહપતિ ઉમદા કામમાં કર્મયોગી, શિક્ષણના પવિત્ર કામમાં ભક્તિયોગી અને સાહિત્ય સાધનામાં જ્ઞાનયોગી એમ જ્ઞાનયોગ ભક્તિયોગ અને કર્મયોગનો સુભગ સંગમ આપણા માનવંતા મોહનલાલ પટેલમાં જોવા મળે છે.

સફળતાના શિખરે બેઠેલા કેળવણીના કીમીયાગર અને 'લઘુકથા'ના પિતા મોહનલાલ પટેલને મળવું એ એક જીવનો અમૂલ્ય લ્હાવો છે. જેટલા એ મહાન છે એટલા જ એ સહૃદયી અને મૃદુભાષી છે. નાનામાં નાના માણસને મળતાં તેઓ ક્ષોભ અનુભવતા નથી દરેકની હસતા મુખે પ્રેમથી વાતો કરતા મોહનલાલ, ગાંધીવાદી વિચારશ્રેણીને વરેલા, સ્વાશ્રયી, શ્રમને પ્રાધાન્ય આપતા ખાદીધારી એવા એક સીનીયર સીટીઝન છે. ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકાર અને જ્યોર્તિધર સ્વ. ઉમાશંકર જોષીએ શ્રી મોહનલાલ પટેલ માટે લખેલું કે, ''મોહનભાઈ અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઉછરતાં બાળકોની વચ્ચે જઈને (કડી) તેઓ બેઠા છે'' શ્રી ઉમાશંકર જોષીનું અવલોકન સર્વથા સાચું જણાય છે.

કડીમાં એક સાહિત્યવર્તુળ ચાલે. આ વર્તુળને મોહનલાલ પટેલના આશીર્વાદ મળેલા. તેમની દોરવણી હેઠળ આ સાહિત્યવર્તુળે અનેક નામાંકિત સાહિત્યકારો આપ્યા છે. ઘણા કારીગરો કૃપણ સ્વભાવના હોય છે. પોતાની કારીગરી કોઈને શીખવે જ નહીં. પરિણામે કારીગરના મૃત્યુ સાથે આ કળા પણ અસ્ત થઈ જાય છે આપણા મોહનલાલ પટેલે અનેક લઘુકથા લેખકોને પ્રેરણાનાં પાન પાયાં છે ગુજરાત કક્ષાએ અને ગુજરાત બહાર પણ આજે જેમનાં નામો સાહિત્યકારો તરીકે ધમધમે છે એવા અનેક સાહિત્યકારો ખોબા જેવડા કડી ગામે આવ્યા છે.

કડીના સાહિત્યવર્તુળે તાજેતરમાં જ આપણા પાટણના પનોતા પુત્ર મોહનલાલ પટેલનું નામ જોડી 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' નામકરણ કરી એમનું બહુમાન કર્યું છે. આ પ્રસંગે એમણે 'કથાસેતુ' નામનો એક અદ્વિતીય ગ્રંથ પ્રકાશિત કર્યો છે. આ ગ્રંથમાં કડીના સાહિત્યવર્તુળ સાથે સંકળાયેલા નામાંકિત સાહિત્યકારો સર્વ શ્રી યશવંત કડીકર, રામજીભાઈ કડિયા, રમેશ ત્રિવેદી, ભગવત સુથાર, દિલીપ રૉય, ચિનુ મોદી, પ્રસાદ બ્રહ્મભટ્ટ, ડૉ. બિપિન પરીખ, ડૉ. નીતિન વોરા, ઉપેન્દ્ર રાવળ, રજની શાહ, ડૉ. દેવચંદ યોગી, કોકિલા જાંબુડી વગેરે સાહિત્યકારોની લઘુકથાઓ પ્રસિદ્ધ કરી છે. વળી આ 'કથાસેતુ' ગ્રંથમાં ગુજરાતના પ્રથમ કક્ષાના સાહિત્યકારો નવા વિવેચકોના 'લઘુકથા'ના સ્વરૂપને સમજાવતા વિદ્વતાભર્યા લેખો

પણ છાપવામાં આવ્યા છે. બે ડઝન જેટલા વિદ્વાન વિવેચકોએ લઘુકથાના સ્વરૂપ વિશે વિવરણ લખ્યું છે. કડીના સાહિત્યવર્તુળે આવું સુંદર પ્રકાશન બહાર પાડી મોહનલાલ પટેલનું જ બહુમાન કર્યું ગણાય એટલું જ નહીં મોહનલાલ પટેલ પ્રત્યેનું ઋણ પણ કાંઈક અંશે અદા કર્યું કહેવાય.

વાર્તા, નવલકથા, ઐતિહાસિક કથા, વિવેચન વગેરે સાહિત્ય સ્વરૂપોમાં એમણે કલમ ચલાવી છે. શ્રેષ્ઠ શિક્ષક અને આચાર્ય પૂરવાર થયા છે. જિલ્લા આચાર્ય મંડળ જિલ્લા પંચાયતમાં શિક્ષણકાર, એન.સી.સી. સલાહકાર સમિતિ વગેરે જગ્યાએ સંનિષ્ઠ પ્રામાણિક વહીવટદાર તરીકે સેવા આપી છે.

શ્રી મોહનલાલ પટેલ આપણા 'હમલોગ' દૈનિકમાં રઝળપાટ, મહાગુજરાત સાપ્તાહિકમાં દર ગુરુવારે શાપિત કિનારો તથા સંદેશમાં રવિવારે 'લાંછન' નામે ધારાવાહિક નવલકથા આપી ચૂક્યા છે.

આ ઉપરાંત સમભાવ દૈનિકમાં પણ ઐતિસાહિક લેખો લખે છે. આ તમામ સાહિત્ય ખૂબ જ લોકપ્રિય પુરવાર થયું છે.

# ગુરુનો પ્રતિબોધ

ડૉ. માણેકલાલ પટેલ (વિદ્યાપીઠવાળા)

૧

ઉપનિષદ્‌ના ઋષિઓએ સૌ ગુરુગણને अमृतस्यपुत्राः। કહીને ગૌરવ કરેલું છે. એમનો કર્મયોગ કેવો હોય તે સમાજને સમજાવા માનસન્માન યોજવાની પરંપરા ચાલતી આવે છે. ગુરુની જ્ઞાનકક્ષાની જાણકારી જ્યારે સન્માનમાં સંસ્મરણો રજૂ થાય ત્યારે ધ્યાનમાં આવે. અને સાક્ષીભાવે સમકાલીનો સાથમાં હોય એટલે ઘટનાપ્રધાન સામગ્રી સાંસ્કૃતિક ઈતિહાસ આલેખનના ખપમાં આવે.

જો વ્યક્તિને કેન્દ્રમાં રાખી સન્માન સમારંભ યોજાય તો તે વીતેલા સમયની કડી કડીની ગૂંથણી શક્ય બને. એથી સંસ્થાકીય હસ્તી પણ દીર્ઘકાલીન થાય. ક્રમે ક્રમે સાકાર બનતાં તથ્યો જૂનીનવી પેઢીઓનો અમર વારસો પણ સજીવ બની સંક્રમણ પ્રાપ્ત કરતો રહે. આમ જમાઉધારના ઘટનાક્રમે ઘણી વ્યક્તિઓના જીવનના સરવૈયામાં સ્થાયિત્વ પામે. વાસ્તવમાં કહીએ તો જ્ઞાન, પદ્ધતિ, કાર્ય, ગતિ, આકાર બધું જ ફલિત થયાનો અનુભવ કરાવે. આખરે સચ્ચાઈ વૃદ્ધિ પામીને આગળ આગળ કામે આવતી રહે.

૨

અત્રે મારે વાત કરવાની થાય છે કડીની સર્વ વિદ્યાલય સંસ્થાની અને તેનાં કાર્યોની. કાર્યો એટલે જ તેના વિદ્યાર્થીઓ અને ગુરુગણ. અગાઉના આચાર્યોના નામે બાપુભાઈ ગામી અને નાથાભાઈ દેસાઈની ઘણી સામગ્રી એકત્ર કરાયેલી છે. આજે મારે મારા વિદ્યાભ્યાસકાળની ઘટનાઓ અને ત્યારના ગુરુજનોને સંભાળીને થોડું લખવું છે. મુખ્યત્વે તો શ્રીમાન મોહનલાલ પટેલ વિષે. અમે તેઓને મોહનભાઈના નામે સંબોધતા રહ્યા છીએ. તેઓ હયાત હોઈ તે સમયને મૂલ્યાંકનાત્મક તથ્યોથી તારવી લેવાથી ઘણું પ્રાપ્ત થઈ શકશે.

મોહનભાઈના મિત્રો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે થઈ કામે લાગી તેઓનું અમૃતપર્વ યોજી રહ્યા છે. તેમાં હું સક્રિય થાઉં છું. તેઓના ભૂતપૂર્વ વિદ્યાર્થીના

સ્થાનેથી સંસ્મરણો તારવવાં છે. જોઈએ તો.

મારા મતે મોહનભાઈસાહેબ નિષ્ણાત શિક્ષક હતા તે તો સાચું છે જ. પરંતુ એથી તેઓનો વિશેષ ગુણ પકડી કહું તો તે છે 'વત્સલ' ગૃહપતિ પણ હતા. એક પછી એક ઘટનાઓ તપાસી લઈએ.

૩

પ્રારંભ કરીએ મોહનભાઈના શૈક્ષણિક કાર્યથી. તેઓ વિદ્યાલયમાં ગુજરાતી ભાષાના શિક્ષક તરીકે. ત્યારે અમેય નવા છાત્ર હતા અને તેઓ નવા ગુરુ તરીકે આવ્યા. પ્રથમ નજરે તો હસતા ચહેરે અને વિવેકથી છલકાતા જોવા મળે. અમેય ભાવથી ઊભરાતા થઈ જઈએ. અમને તેઓ માનવાચક 'તમે' 'તમારો' એમ કહેતા. અમે મોટા ભાગના ગામઠી રીતભાતના, પણ તેઓ આદરથી બોલાવતા કે કહેતા. શુદ્ધ ઉચ્ચારણ કરે. જાણે કે પરિશુદ્ધ વ્યક્તિત્વ.

મોહનભાઈ સમયપાલક તો એવા કે તાસે તાસે સમયને પકડી રાખે. ઘણું કરીને શીખવાના મુદ્દાને બ્લેકબૉર્ડ ઉપર લખે. શાંતિ સ્થપાય. ચર્ચાવિચારણા ચાલુ થાય. તેઓ લેખનશુદ્ધિના લેખક. તેઓ નિબંધ કરાવે અને તપાસી પરત કરે ત્યારે સમજાય કે અમે ભાષામાં કેટલા નબળા છીએ. અથાક મહેનતથી સુધારી આપેલું હોય. થયેલી ભૂલોનાં કારણો આપતાં કહે કે તમે જેમ જેમ બોલી ત્યજતા જશો તેમ તેમ ભાષા શીખતા રહેશો. ગભરાવાની જરૂર નથી. મહેનત વધારતા જાઓ. એમ કહી બોલી અને ભાષાના ભેદ સમજાવતા. વિદ્યાર્થીઓ વર્ગ શિક્ષણથી બહાર સાચી શિષ્ટ માન્ય ભાષા પકડતા થાય તેની માવજત કરતા. જતાં આવતાં, હરતાફરતા વિદ્યાર્થીઓને રોકે અને શુદ્ધ ઉચ્ચાર કરવાને કહે. હું પોતે તોતડી બોલીનો. પણ મને રોકટોકથી સાચી ભાષા બોલવાને વાળી દીધેલો.

મોહનભાઈસાહેબ વર્ગ શિક્ષણમાં શબ્દોની સાચી જોડણી લખી બતાવતા. જોડા અક્ષરોનાં અઘરાં ઉચ્ચારણો કરી બતાવતા. ત્રણ અક્ષરી જોડણીમાં ધ્યાન આપવાને કહેતા. ચાર અક્ષરી જોડણી જો ઝડપથી બોલવી પડે તો બધે હસ્વનો ઉપયોગ કરવો. જો જોડા અક્ષરોની જોડણીમાં એક નિયમ યાદ રાખવા કહેલું. હસ્વ-દીર્ઘનો ઉચ્ચાર સાથે કરવાનો થાય ત્યારે જો આગળ દીર્ઘ સ્વર હોય ત્યાં હસ્વ લખવો. જેમકે કિલ્લો-જિલ્લો. બુદ્ધિ-શુદ્ધિ. અનુવાર બાબતે પ્રત્યક્ષ પાઠ રૂપે બોલી બતાવતા.

સંસ્થાએ પોતાના પ્રેસમાં નોટબુક તૈયાર કરાવી પૂંઠાનાં અંદરનાં બંને પાને જાડણીના નિયમો છાપી આપેલાનું યાદ આવે છે.

વળી વિદ્યાર્થીઓની કક્ષા પર વિચાર્યા વિના સાતમા ધોરણથી પદ્ય અને ગદ્યનો પ્રકારભેદ સમજાવવાના આગ્રહી મોહનભાઈ હતા. પાયામાં જાણકારી આપવામાં માનતા.

પદ્ય વિભાગમાં કવિતા ભણાવાતી. ગદ્ય વિભાગમાં નિબંધ, વારતા, નાટક કે પત્ર શીખવાતાં.

મોહનભાઈસાહેબ કાવ્યનું વાંચન, પઠન અને ગાન કરતા. તેની રાગરાગિણીની સૂરાવલી કે લખાવલીમાં લોકગીત 'પાતળી પરમાર્થ' કે બોટાદકરનું 'માતૃગુંજન' ગાયેલાં યાદ છે માત્રામેળી છંદના કટાવમાં 'અડકો દડકો' કે છંદના ચોપાઈમાં 'કાળી ધોળી રાતી ગાય'નાં ગુંજન હજી સંભળાતાં લાગે. રૂપમેળી છંદમાં ચં.ચી. મહેતાનું 'ચોતરા' અને સુન્દરમ્‌નું 'બુદ્ધનાં ચક્ષુ'ના ઉપજાતિ કે શિખરિણી છંદો યાદ છે. મોહનભાઈએ તે વખતે જ મારામાં કાવ્યલેખનનાં બીજ વાવી દીધેલાં. છંદ અને અલંકાર ત્યારથી સમજાયેલા છે. ગદ્યમાં ધૂમકેતુની ટૂંકી વાર્તા 'પોસ્ટ ઑફિસ', ઉમાશંકરનું એકાંકી 'સાપના ભારા'' મ. ભો. દ્વિવેદીનો નિબંધ, કાલેલકરનો પ્રવાસ પણ શીખવેલા.

૪

અમે ખાસ તો છાત્રાલયમાં વસતા વિદ્યાર્થીઓ વિદ્યાલયના ગ્રંથાલયનો પૂરતો ઉપયોગ કરીએ તે માટે મોહનભાઈ દેખરેખ રાખતા. અમારામાં જેઓ સાહિત્યિક કે કલાત્મક રુચિ ધરાવતા વર્તાય તેઓને તેઓ પૂછપરછ કરતા રહેતા. ગ્રંથાલયમાં જાણીતાં માસિકો એવાં કુમાર, અખંડ આનંદ, નવચેતન, ઊર્મિ નવરચના, બુદ્ધિપ્રકાશ, પ્રસ્થાન મંગાવાતાં. તેઓ માસિકો નિયમિત આવે છે કે નહીં તે બાબતે પૂછપરછ કરતા રહેતા. વિદ્યાર્થીઓ ક્યારે શું વાંચે છે તેની ભાળ ગ્રંથપાલ પાસેથી મેળવતા.

કોઈ કોઈ વાર કવિ કે લેખકને નોતરી તેઓનો કાર્યક્રમ રાતે કરાવતા અને વિદ્યાર્થીઓ અતિથિઓને મળી શકે તેની વ્યવસ્થા કરતા. ઘણાયે એ લાભ ઊઠાવેલો.

વિદ્યાર્થીઓ વાચનની ચર્ચા કરતા. ત્યારે તેઓએ પ્રેરણામાં અનુકરણમાં જે લખતા તેને વાંચી આવતા. અમને સાપ્તાહિક હસ્તલિખિતો કાઢવાનો પ્રેરેલો. પરિણામે 'ચિનગારી' અને 'છાત્રનાદ' શરૂ થયેલાં. કાચી સામગ્રી તપાસી આપતા. હસ્તલિખિતો ગ્રંથાલયના વાચનઘોડાઓમાં રખાતાં. એ પ્રવૃત્તિઓ તો અવિસ્મરણીય ઘટના સમાન હતી.

૫

અમારા સર્વ વિદ્યાલયના ભણતરનો ગાળો બહુ મહત્ત્વનો હતો. સાચું કહું તો તે દિવસો વિદ્યાલયના ભણતરમાં છાત્રાલયને કારણે 'નો સ્ટડી વીધાઉટ કડી' એવી લોકોક્તિ ઠેર ઠેર ગાજતી થઈ ગઈ હતી. ત્યાં ભણવાની તક મળે તે ભાગ્યશાળી ગણાતો. છાત્રાલયનું જીવન એટલે સમયનો સદુપયોગ ગણાતો, સ્વાશ્રયના પાઠ મળતા, સમૂહજીવનનું ચણતર થતું. જાણે કે રાષ્ટ્રીય વાતાવરણનો

જોઈ લ્યો અદ્દલ નમૂનો. તપોવન કાળનાં ગુરુકુળોનો પુનર્જન્મ કાળ જોઈ લ્યો. ગુરુશિષ્યોનો સીધા સંબંધે વ્યવહાર. એમાં મોહનભાઈ શિક્ષક સાથે ગૃહપતિ હતા.

અમારું છાત્રાલય વર્ગનાં નિયત પાઠ્યપુસ્તકોના ભણતર કરતાંય કંઈક કંઈક વધારે ભણવાનું સ્થળ. જેને જીવનની કેળવણી કહેવાય તે અહીં મળતું રહેતું.

મારા છાત્રાલયના જીવનની શરૂઆત 'કિશોર કુંજ'ના નિવાસથી થયેલી. પ્રારંભે ગૃહપતિસ્થાને રામભાઈ પટેલ હતા. વિદ્યાર્થી આશ્રમના ગૃહપતિઓમાં કલ્યાણભાઈ પટેલ અને અંબાલાલ પટેલ હતા. છાત્રાલયોનો બધો વહીવટ આચાર્ય નાથાભાઈ દેસાઈને શિરે રહેતો. એમાં કલ્યાણભાઈ વડનગર જતાં રામભાઈને આશ્રમનું કામ સોંપાયું તેમ જ કુંજનું કામ નવા ગૃહપતિ મોહનભાઈને સોંપાયું.

હકીકતમાં તો સંસ્થાના પરિસરમાં આચાર્ય, ગૃહપતિઓ, વ્યાયામ શિક્ષકો, સંગીત શિક્ષક, ભોજનાલયના સેવકો, વીજળી વ્યવસ્થાના સેવકો, પાણી વ્યવસ્થાના સેવકો, મેદાન સાફ રાખનાર સેવકો એમ વિવિધ સ્તરના પરિવારો સમૂહ જીવનથી સંસ્થાના નિવાસોમાં રહેતા હતા. ગૃહપતિઓ વિદ્યાર્થીઓનું ધ્યાન રાખી શકે એ રીતે છાત્રાલયના ખૂણાના ભાગે રહેતા.

કુંજના મકાનમાં વિદ્યાર્થીઓ પથારીએ રહેતા અને આશ્રમમાં વિદ્યાર્થીઓ લાકડાની પાટ કે લોખંડના પલંગો વાપરતા. ધીરે ધીરે પલંગનો ઉપયોગ બધે વધારેલો.

અમારે પથારીઓ હતી તેથી સાંજસવાર સફાઈ કરાતી. તે વિદ્યાર્થીઓ ટુકડીઓમાં વહેંચાઈને કરતા. મોહનભાઈ આવ્યા પછી તેઓએ વિદ્યાર્થીઓને સાથે રાખી ટુકડીવાર ધ્યાન રખાતું થયેલું.

ઉપરાંત રાતે વિદ્યાર્થીઓ ગૃહકાર્ય શાંતિથી કરે તે જોવાતું. દસ વાગ્યે સુવાનો ઘંટારવ કરાતો અને સવારે પાંચ વાગ્યે જાગવાનો ઘંટારવ થતો.

વિદ્યાર્થીઓ દાતણ અને શૌચકર્મ પતાવી વ્યાયામમાં જતા. ત્યારે ગૃહપતિઓ નિવાસો તપાસી લેતા. અમને એમ થયા કરતું કે નવા સાહેબને બહુ મહેનત ના પડે તે માટે અમે કામ કરવામાં વધારે સહાયક થતા.

સાંજસવારના ભોજન વખતે ભોજનાલયમાં ગૃહપતિ હાજર રહેતા. એમાં મોહનભાઈ થોડાક નોખા પડતા. ઘણું કરીને તેઓ હાથમાં પુસ્તક રાખતા અને ખૂણે ઊભા ઊભા વાચન કરતા. એક વાર અમે પૂછ્યું તો કિશનસિંહ ચાવડાનું 'અમાસના તારા' પ્રસંગ-કથિત વાર્તાઓ બતાવી. તે ૧૯૫૪ના વર્ષનું ગુજરાતીનું શ્રેષ્ઠ પુસ્તક ગણાયું હતું.

રાતની પ્રાર્થના આશ્રમના ઓટલે થતી. સંગીત શિક્ષક ચતુરભાઈ નવાં ભજનો અને ભક્તિગીતો ગાતા-ગવરાવતા.

અવારનવાર સંસ્થાના અતિથિઓ આશ્રમના અતિથિઓ બની રાતવાસો કરતા. કોઈક વાર ટ્રસ્ટીઓ આવી ચડતા. ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રોય આવતા. ત્યારે

સાંજની પ્રાર્થનામાં ભાગ લેતા. દેશવિદેશની વાતો કરતા. ઉપરાંત ગાંધીજનો, સમાજસુધારકો, પદયાત્રિકો આવતા. પ્રવાસી ટુકડીઓ પણ આવતી. બધાએ સંસ્થાદર્શન પછી છાત્રાલયની પ્રાર્થનામાં વાતો કરવા રાત રોકાતા. એ બધા અતિથિઓ સાથેના સંબંધોમાં મોહનભાઈનો વ્યવહાર અનોખો રહેતો. તેઓ લેખક સ્થાને ચૂપ રહેવાના પ્રયત્ને રહેતા જોવા મળતા એટલે જરૂરી મુદ્દે વાતે વળતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મળવા આવે તો રાતે રોકાવાનો આગ્રહ કરતા.

મોહનભાઈસાહેબ પોતાને લખવા-વાંચવાનો જોઈતો સમય સવારે રાખતા. એટલે વિદ્યાર્થીઓ સમજીજાણીને સાંજના તેઓને મળતા. તેમ છતાં કોઈ જઈ ચડે તો મલકાટ કરી, પછી મળીએ તો એમ સૂચવી દેતા અને જો રસ્તે તે મળે તો શું કામ હતું તેય પૂછી લેતા. વિદ્યાર્થી માટે સદાય ખુલ્લા મને રહેતા.

છાત્રાલયના વિદ્યાર્થી કપડાં જાતે ધોતા. ભોજનનાં વાસણો જાતે સાફ કરી લેતા. એમાંય અવારનવાર ધ્યાન રાખતા મોહનભાઈ જોયેલા. તેઓ વાતવાતમાં વિદ્યાર્થીઓને સમજાવતા રહેતા કે આપણે ત્યાં બૌધિક શિક્ષણ સાથે શ્રમપ્રધાન તાલીમનું મહત્ત્વ સ્વીકારાયેલું છે. તેના ઘડતરનું મૂલ્ય ઓછું આંકવાને રખે બેધ્યાન રહો. એવા એ મોહનભાઈસાહેબ હવે તો સમાજ સમક્ષ સંસ્થાકીય સ્વરૂપમાં હરેફરે છે. તેઓ જાણે કે એક કાળના ઋષિકુમારોનાં ગૃહસ્થી જીવનના માર્ગદર્શક ના હોય! તેમનો આ અમૃત મહોત્સવ બૃહદ્ પરિવાર જીવનનું પર્વ છે એમ કહેવું સાચું છે.

## ૬

અમારી પેઢીને માટે તો તે સમય દેશની આઝાદી પ્રાપ્તિનો હતો. એટલે સર્વ વિદ્યાલયના શિક્ષકો અને વિદ્યાર્થીઓ વર્ષમાં એક વાર ગામડામાં શિબિરો લઈ જતા. સ્વૈચ્છિક ધોરણે તે કામ થતું. વિદ્યાર્થીઓ પોતાની ટુકડીઓ રચે અને સાથે રહેવાને કોઈ એક શિક્ષકને પસંદ કરી લેતા. તેનો સમય વચગાળાની બેચાર દિવસોની રજાઓ સાથે ગોઠવતો. અમે એક વાર ટુકડી રચી મોહનભાઈસાહેબને સાથે લીધા. કામ કરવાનો પ્રદેશ હતો કલોલ તાલુકાનો દંઢાવ્ય પ્રદેશ. મુખ્ય ગામડાં પાનસર, નારદીપુર, સરઢવ, સોજા, રૂપાલ અને છેલ્લે રાંધેજાથી પરત આવેલા.

મોહનભાઈસાહેબે રસ લઈ ગામે ગામે ગ્રામસફાઈ રખાવી. રાતે સંસ્કાર કાર્યક્રમ ગોઠવ્યો. દરેક કામ માટે એક એક નેતા નીમી જવાબદારી સોંપી.

અમે પ્રથમ પાનસર ગામે ગયા. જૈન દેરાસરમાં ઉતારો રાખી ભોજન લીધું. રાતે સંસ્કાર કાર્યક્રમ આપ્યો. એક એકાંકી ભજવી. એમાં મને કેસરીસિંહ બાપુનું પાત્ર તૈયાર કરાવ્યાનું યાદ આવે છે. ભવાઈ ઢબના મુક્ત શૈલીના સંવાદો કરાવ્યા. આમ જ બને, કારણ કે મોહનભાઈ એક સાહિત્યકાર હતા. બીજે દિવસે ટુકડી

નારદીપુર ગામે ગઈ. ગામ થકી મહેમાન થયા. ત્રીજે દિવસે સરઢવ ગામે. ચોથે દિવસે સોજા ગયા. આ ત્રણે ગામના વિદ્યાર્થીઓ અમારી ટુકડીમાં હતા. તેમાં તો ચારામંદિરે ઉતારો અને ઘરે ઘરે બબ્બે જણ જમવાને ગયા. પાછા વળતાં ઓઢવાપાથરવાનાં લઈ આવ્યા અને સવારે જે તે ઘરે જઈ સાધનો પરત કરી ચાપાણી કરી લીધાં.

અમારું ગામસફાઈ કામ પદ્ધતિસર થતું. તેમાં ગામ યુવકોને સાથે લીધા. મહોલ્લાવાર ટુકડીઓ લઈ ગયા. તેમાં ત્રણ ત્રણ ભાગ રાખ્યા. પહેલું જૂથ રસ્તાઓનાં ઠીકરાંઈંટાળા વીણી વીણી ઢગલા કરતું. બીજું જૂથ સાવરણાથી કચરોપૂજો વાળી ઢગલા કરતું. છેલ્લે બધા સાથે રહી ઢગલા ઊપાડી, ખાડાઓ શોધી, પૂરી આવતા. એ જોઈ ગામલોકો અવાક થઈ જોયા કરતા. ઘણાક તો સેવામાં ભાગીદાર થઈ ગયેલા. મોહનભાઈને ગામલોકો કામ કરવા દેતા નહીં એટલે હરતાફરતા રહી લોકો સાથે ચર્ચાવિચારણા કરતા. હું તો એની યાદગીરીથી સભર છું.

૭

અહીંયાં અટકવું ઉચિત માનું છું. આગવું પુસ્તક થાય એટએટલાં સંભારણાં તો ઊભરાઈ આવે છે. કેમ કે એ ઘડતરનો સોનેરી સમય હતો. જોકે હું તો પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ એમ ત્રણે તબક્કાના ગુરુગણના સંબંધોથી અસ્ખલિત એવી ભાગ્યવાન વ્યક્તિ છું. એ મારી અંગત બાબત ગણી બાજુ પર રાખું છું. તો પણ મારા સાહિત્યિક ઘડતરનો પ્રારંભ મોહનભાઈની પ્રેરણા અને માવજતથી થયેલો તેનો સ્વીકાર કરું છું.

મોહનભાઈસાહેબે પ્રારંભે મનોરંજન કાર્યક્રમમાં ભાગ લેવાને વાળેલો. એથી રાસ રમવાનો શોખ વધ્યો એટલું જ નહિ, પણ રાસ લખવા લાગ્યો. જે લખું તે તેઓની પાસે સુધરાવા લઈ જતો. મારામાં ઊર્મિઓ ઉછાળા મારે અને લયાન્વિતા લંગાડાયા કરતી જોઈ મોહનભાઈએ જે ફાવે તે છંદમાં લખવાને કહ્યું. સરવાળે શિખરિણી છંદ ફાવ્યો. પછી તો મેં જે લખાય તે તેઓ પાસે સુધારાવાનું રાખ્યું. હસતા ભાવે મારું કાચું કામ સુધારી આપતા રહ્યા. એમની એ મહેનત તો સાચા અર્થની માવજત હતી તે આજે સ્વીકારું છું.

આજકાલમાં જ્યારે જ્યાં મળાય ત્યારે પહેલું પૂછી લે કે લખવાનું ચાલુ છે ને? કેવુંક લખાય છે? હવે તો લેખન પ્રૌઢતા ધ્યાન ખેંચે છે! બાળકો માટેના લેખનની ખાસ તો કવિતાની હથોટી જોઈ શકાય છે, આદિ આદિ વાતો કરી લે છે. તેઓની પૂછપરછ વખતે હું ગત સમયનો હજી વિદ્યાર્થી હોઉં એમ નીચે નજરે સંકોચાતો છૂટો પડું છું.

બસ, ગુરુજનને આટલી વાતે 'ગુરુનો પ્રતિબોધ સમર્પિત કરી તેઓના દીર્ઘાયુ માટે પ્રભુની પ્રાર્થનામાં ખોવાનું પસંદ કરું છું.'

# શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ
# નિમિત્તે આર્થિક સહયોગ

## (તા. ૧૨-૧૨-૨૦૦૧ સુધી પ્રાપ્ત થયેલી રકમોની યાદી)

| | |
|---|---|
| ૪૬૦૯૯૯=૦૦ | સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી, કડી નાગરિક સહકારી બૅન્ક, કડી, શુભેચ્છકો, સર્વ વિદ્યાલય, કડીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ અમેરિકામાં વસતા નીચે દર્શાવેલા સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ —<br>શ્રી રમણભાઈ કે. પટેલ (સરસાવ, તા. કડી)<br>શ્રી અશ્વિન કે. પટેલ (સરસાવ, તા. કડી)<br>શ્રી પોપટભાઈ એસ. પટેલ (સરસાવ, તા. કડી)<br>શ્રી શામળભાઈ એમ. પટેલ (સરસાવ, તા. કડી)<br>ડૉ. કૃષ્ણકાન્ત એમ. પટેલ (સરસાવ, તા. કડી)<br>શ્રી અજીતભાઈ એ. પટેલ (સરસાવ, તા. કડી)<br>શ્રી વિનુભાઈ એમ. પટેલ (સરસાવ, તા. કડી)<br>શ્રી સાંકળચંદ એન. પટેલ (સૂરજ, તા. કડી) |
| ૨૫૦૦૦=૦૦ | શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ, કડી |
| ૨૫૦૦૧=૦૦ | શ્રી નરોત્તમભાઈ ત્રીકમલાલ પટેલ (ગંગેટ) સુરત |
| ૧૫૦૦૧=૦૦ | શ્રી નરોત્તમભાઈ ઈશ્વરદાસ પટેલ (કંબોઈ) સુરત |
| ૧૧૦૦૦=૦૦ | શ્રી મફતભાઈ ઈશ્વરદાસ પટેલ, લણવા |
| ૧૦૦૦૦=૦૦ | શ્રી બાબુભાઈ ઈશ્વરદાસ પટેલ (કંબોઈ) સુરત |
| ૫૦૦૧=૦૦ | શ્રી ભાઈલાલભાઈ રણછોડદાસ પટેલ (શેરથા) સુરત |
| ૫૦૦૧=૦૦ | શ્રી નારાયણભાઈ ગોવિંદભાઈ પટેલ (ધમાસણ) સુરત |
| ૫૦૦૦=૦૦ | ડૉ. મયંકકુમાર મોહનલાલ પટેલ, અમદાવાદ |

| | |
|---|---|
| ૫૦૦૦=૦૦ | ડૉ. મંગુભાઈ ઈશ્વરદાસ પટેલ (કંબોઈ) સુરત |
| ૫૦૦૦=૦૦ | શ્રી ચીમનભાઈ એન. પ્રજાપતિ, પાટણ |
| ૫૦૦૦=૦૦ | ડૉ. રામભાઈ એમ. પટેલ, કડી |
| ૫૦૦૦=૦૦ | ડૉ. હેમચંદ્ર વી. પટેલ, પાટણ |
| ૫૦૦૦=૦૦ | શ્રી વસંતભાઈ એમ. પટેલ (પીંપળ) ગાંધીનગર |
| ૫૦૦૦=૦૦ | શ્રી વિઠ્ઠલભાઈ ખોડીદાસ પટેલ, સરસાવ, તા. કડી |
| ૫૦૦૦=૦૦ | શ્રી જી. જી. પટેલ (દીગડી, તા. કડી), અમદાવાદ |
| ૩૦૦૦=૦૦ | શ્રી ગણપતભાઈ એ. પટેલ (સેદરડી), અમદાવાદ |
| ૩૦૦૦=૦૦ | ગીતા હાયર સેકન્ડરી સ્કૂલ, અમદાવાદ |
| ૩૦૦૦=૦૦ | શ્રી ગુંગડી પાટી સેવા સહકારી મંડળી, પાટણ |
| ૩૦૦૦=૦૦ | સહજાનંદ ટ્યુબવેલ કૉર્પોરેશન, અમદાવાદ |
| ૨૫૦૦=૦૦ | ડૉ. સુમંતભાઈ જે પટેલ, પાટણ |
| ૨૫૦૦=૦૦ | શ્રી રણછોડભાઈ સોમનાથ, અમદાવાદ |
| ૨૫૦૦=૦૦ | શ્રી માણેકલાલ મ. પટેલ, નાની કડી, તા. કડી |
| ૨૦૦૦=૦૦ | શ્રી મોઘજીભાઈ દેસાઈ, પાટણ |
| ૧૦૦૧=૦૦ | પ્રિ. નટુભાઈ પટેલ, ગાંધીનગર |
| ૧૦૦૦=૦૦ | શ્રી મનુભાઈ જે. પટેલ (ચાણસ્મા), કડી |
| ૧૦૦૧=૦૦ | શ્રી બાબુભાઈ શાંતિલાલ પટેલ, ગાંધીનગર |
| ૧૦૦૧=૦૦ | શ્રી મુકુન્દભાઈ પી. બ્રહ્મક્ષત્રિય, પાટણ |
| ૧૦૦૧=૦૦ | ડૉ. રમેશભાઈ જે. વ્યાસ, પાટણ |
| ૧૦૦૧=૦૦ | શ્રી જયંતીભાઈ પી. પટેલ, પાટણ |
| ૧૦૦૧=૦૦ | ડૉ. અમૃતા પી. પટેલ, ગાંધીનગર |
| ૧૦૦૦=૦૦ | ડૉ. જે. કે. પટેલ, પાટણ |
| ૧૦૦૦=૦૦ | ડૉ. બાબુભાઈ જી. પટેલ, પાટણ |
| ૧૦૦૦=૦૦ | શ્રી મણિભાઈ પ્રજાપતિ, પાટણ |
| ૧૦૦૦=૦૦ | પ્રા. તુલસીભાઈ પટેલ, મહેસાણા |
| ૧૦૦૦=૦૦ | શ્રી નરોત્તમભાઈ બહેચરદાસ (કંબોઈ) પાટણ |
| ૧૦૦૦=૦૦ | શ્રી પ્રહ્લાદભાઈ અંબારામદાસ પટેલ, અમદાવાદ |
| ૧૦૦૦=૦૦ | શ્રી કાન્તિલાલ સેંધાભાઈ પટેલ (દેણપ) અમદાવાદ |
| ૬૦૧=૦૦ | શ્રી વિઠ્ઠલભાઈ છગનદાસ પટેલ (ટુંડાવ) અમદાવાદ |
| ૫૧૫=૦૦ | ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી, કલોલ |
| ૫૦૧=૦૦ | શ્રી જિતુભાઈ વિ. ત્રિવેદી, કડી |
| ૫૦૧=૦૦ | શ્રી રમણભાઈ જોઈતારામ પટેલ (દેણપ) અમદાવાદ |
| ૫૦૦=૦૦ | ડૉ. સુરેશભાઈ ગ. પટેલ (દેણપ) અમદાવાદ |

| | |
|---|---|
| ૫૦૦=૦૦ | શ્રી નરેન્દ્રભાઈ એચ. ગાંધી, પાટણ |
| ૫૦૦=૦૦ | શ્રી બબલભાઈ મગનદાસ પટેલ (કંબોઈ) અમદાવાદ |
| ૫૦૦=૦૦ | પ્રા. કેશુભાઈ આત્મારામ પટેલ, અમદાવાદ |
| ૫૦૦=૦૦ | શ્રી ઈશ્વરભાઈ મણિલાલ પટેલ, અમદાવાદ |
| ૫૦૦=૦૦ | શ્રી નાનુભાઈ મૂળજીભાઈ પટેલ, અમદાવાદ |
| ૫૦૦=૦૦ | પ્રા. નવનીતભાઈ શાહ, પાટણ |
| ૫૦૦=૦૦ | શ્રી હરિભાઈ અરજણદાસ, અમદાવાદ |
| ૫૦૦=૦૦ | શ્રી નારાયણભાઈ દેવજીભાઈ, અમદાવાદ |
| ૫૦૦=૦૦ | શ્રી દ્વારકાભાઈ મનોરદાસ પટેલ, શેરથા |
| ૫૦૦=૦૦ | શ્રી સી. ડી. પટેલ, શેરથા |
| ૧૫૦=૦૦ | રડૉ. જગદીશભાઈ દવે, અમદાવાદ |
| ૫૧=૦૦ | ડૉ. વસુધા કુલશ્રેષ્ઠ, પાટણ |
| ૫૦૦=૦૦ | શિવરામભાઈ રામદાસ પટેલ, અમદાવાદ |
| ૫૦૦=૦૦ | |
| ૨૫૧=૦૦ | |
| ૬,૪૧,૫૭૯=૦૦ | |

with best compliments

Chimanlal N. prajapati

(B.O.B. V.R.S. member) PATAN

Govt. approved agent-

1 National Insurance Co. Ltd.

2 Public Provident Fund

3 Reserve Bank of India Bond

please contact ph. 02766, 33288

શુભેચ્છાઓ સાથે —

## ગાયત્રી સર્જીકલ હૉસ્પિટલ

**ડૉ. હેમચંદ્ર વી. પટેલ**

M.B. D.G.O. M.S. M.R.S.H.(Lon.) F.I.C.S.

**કન્સલ્ટીંગ સર્જન**

**કીડની, પથરી, પેટ, સ્ત્રી રોગ**

**અને**

**લેપ્રોસ્કોપીક સર્જરીના નિષ્ણાત સર્જન**

**લિથોટ્રીપ્સીની સુવિધા ઉલબ્ધ**

**એસ.ટી.સ્ટેન્ડ પાસે, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫**

અમૃતપર્વના શુભ પ્રસંગે પ્રભુને પ્રાર્થના કે અમારા ગુરુજીને નિરામય દીર્ઘાયુ અર્પે. પૂજ્ય ગુરુજીને શત શત પ્રણામ.

વિનમ્ર,

જેઠાભાઈ પટેલ (છત્રાલ)

જયંતિભાઈ પટેલ (બલોલ)

સંચાલક

ગીતા હાયર સેકન્ડરી સ્કુલ

રાણીપ, તા. સીટી, જિ.અમદાવાદ

..............................................................................................................

હાર્દિક શુભેચ્છાસહ,

વાસુદેવ પટેલ

સહજાનંદ ટ્યુબવેલ કૉર્પોરેશન ટ્યુબવેલ કોન્ટ્રાક્ટર

ઑફિસ

૧૨, ગીતાંજલિ શોપિંગ સેન્ટર, નવરંગ હાઈસ્કૂલ પાસે, દર્પણ પાંચ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪

રહેઠાણ : ૨૫, સુદર્શન સો. વિ. -૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩

ઓ : ૭૪૧૪૩૦૨, ઘર : ૭૪૯૩૩૪૨, ગો. : ૭૪૭૨૧૧૩

મોબાઈલ : ૯૮૨૫૦૦ ૬૩૩૪

## પટેલ મંગુભાઈ શંકરભાઈ

ફોન : ૩૦૦૧૪

માજી ચેરમેન

ખેતીવાડી બજાર સમિતિ, પાટણ

ઉપપ્રમુખ

સરસ્વતી ગ્રામ્ય વિકાસ કેળવણી મંડળ, પાટણ

(નાના બાર કડવા પાટીદાર સમાજ હૉસ્ટેલ)

.................................................................................

## ગુંગડી પાટી સેવા સહકારી મંડળી લી.

નાગરવાડા રોડ, પાટણ. ૩૮૪૨૬૫ (ઉ.ગુ.) જિ. પાટણ

પ્રમુખશ્રી : પટેલ મંગુભાઈ શંકરભાઈ

ઉપપ્રમુખશ્રી : પટેલ પરસોત્તમ બબાભાઈ

વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રી

પટેલ કનુભાઈ જેઠાભાઈ પટેલ

પટેલ ગોવિંદભાઈ હીરાભાઈ

પટેલ પરસોત્તમ પ્રભુદાસ

પટેલ રાકેશભાઈ છગનભાઈ

પટેલ સુરેશકુમાર મફતલાલ

પટેલ દિનેશભાઈ મૂળચંદભાઈ

પટેલ બાબુભાઈ પરસત્તોમદાસ

પટેલ ભરતભાઈ નારાયણભાઈ

પટેલ સતીશકુમાર કાન્તિલાલ

મંત્રી : પટેલ જયંતીલાલ ત્રિભોવનદાસ

વિના સહકાર નહિ ઉદ્ધાર

અમારે ત્યાંથી હાજરમાં ખાદ્યતેલો જેવા કે રાની એગમાર્ક, તિરૂપતિ કપાસિયા, નોટબુક, ચોપડા તેમજ દરેક જાતના રાસાયણિક ખાતરો, દિવેલી ખોળ, હાઈબ્રીડ બિયારણો મળશે.

# વિરલ વ્યક્તિત્ત્વ

ભણતો હતો ત્યારે બાલ્યવસ્થામાં-કિશોરાવસ્થામાં જેટલું નથી સમજ્યો એનાથી અનેકગણું વધારે તેમને સમજું છું. તેમનો પ્રેમ, નિર્મળતા, સમભાવ, સરળતાના ગુણો એ જ એમનું વ્યક્તિત્ત્વ છે. એમને મળવાનું ખૂબ જ ઓછું થાય છે, પણ જ્યારે મળું છું ત્યારે તે જ ગુણો મારા સ્મૃતિપટ પર ગહરી છાપ પાડે છે. સાંપ્રત કાળમાં શિત્રણક્ષેત્રે પણ વ્યક્તિમાં 'ક્રાઈસીસ ઑફ કૉન્શ્યસનેસ' પ્રતીત થાય છે ત્યારે આવા સદ્‌ગુણથી અને પ્રેમથી ઊભરાતી વિરલ વ્યક્તિ માટે 'અમૃતપર્વ' ઉજવવાનો નિર્ણય એ યોગ્ય વ્યક્તિનું યોગ્ય સન્માન છે.

-વસંતભાઈ એમ. પટેલ
(તા. ૧૫-૪-૨૦૦૧ના
શ્રી મણિભાઈ પ્રજાપતિ પરના પત્રમાંથી)



કેનેડા, નાયગ્રા ધોધ વિસ્તારમાં



પ્રભાબેન, ધનાભાઈ, મોહનભાઈ, ડેવિડ, હેતલ, જેફરી (ડેવિડનો પુત્ર)